# સ્વાધ્યાય

COMPLIMENTARY COPY

અક્ષયતૃતીયા
અને
જન્માષ્ટમી
વિ. સં. ૨૦૪૫

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

પુસ્તક ૨૬
અંક ૩-૪

NO - 056964 20-12-16

હાથનાં છૂંદણાં
( ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શંકરભાઈ સો. તડવીનો લેખ )

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
રામકૃષ્ણ તુ. વ્યાસ
નિયામક,
પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

# સ્વાધ્યાય

અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી    પુસ્તક ૨૬ : અંક ૩, ૪

વિ. સં. ૨૦૪૫    મે–ઑગસ્ટ ૧૯૮૯

## અનુક્રમ

| | | | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | વેદોમાં રક્ષોઘ્ન-સૂક્ત—જ. ક. ભટ્ટ | ... | ૧૩૭–૧૪૦ |
| ૨ | રુદ્ર તથા તેનાં બે નામરૂપ—ભાલચંદ્ર ભટ્ટ | ... | ૧૪૧–૧૪૬ |
| ૩ | પરાશરોપપુરાણ–એક અપ્રસિદ્ધ પ્રાચીન ઉપપુરાણ—મુકુંદ વાડેકર | ... | ૧૪૭–૧૫૬ |
| ૪ | વૈદિક–જૈન યોગપ્રણાલીઓ—હરનારાયણ ઉ. પંડ્યા | ... | ૧૫૭–૧૬૨ |
| ૫ | ગીતામાં સંન્યાસનું સ્વરૂપ—ગૌતમ પટેલ | ... | ૧૬૩–૧૬૮ |
| ૬ | कर्माऽभिप्रेयः सम्प्रदानम् । सि. हे. श २.२.[illegible] સૂત્રની સમીક્ષા—વસન્તકુમાર મ. ભટ્ટ | ... | ૧૬૯–૧૭૨ |
| ૭ | પ્રાચીન ઉપનિષદોમાં ઉપમાનિરૂપણ—કે. આર. દવે | ... | ૧૭૩–૧૮૬ |
| ૮ | સ્મરણયાત્રા—ભોગીલાલ જ. સાંડેસરા | .. | ૧૮૭–૨૦૦ |
| ૯ | સ્વાતંત્ર્યોત્તર લલિત સંસ્કૃત વાઙ્મયઃ ગુજરાતનું પ્રદાન —રાજેન્દ્ર નાણાવટી | ... | ૨૦૧–૨૧૪ |
| ૧૦ | પ્રાચીન ભારતીય મૂલ્યવિભાવના—અમૃત એમ. ઉપાધ્યાય | ... | ૨૧૫–૨૨૨ |
| ૧૧ | આદિવાસી છૂંદણાં—શંકરભાઈ સો. તડવી | ... | ૨૨૩–૨૨૬ |
| ૧૨ | 'સૌગન્ધિકાહરણમ્'નું સ્વરૂપ—આર. પી. મહેતા | ... | ૨૨૭–૨૩૦ |
| ૧૩ | "श्री कोट्यर्कमाहात्म्यम्"—એક સમીક્ષા—ગોવિંદલાલ શં. શાહ | ... | ૨૩૧–૨૪૨ |
| ૧૪ | દારૂબંધી અને જૂનું ભાવનગર રાજ્ય—ઈન્દ્રજિતકુમાર આર. ત્રિવેદી | ... | ૨૪૩–૨૫૪ |

| | | | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧૫ | નાગપૂજાનું લોકગીત—પુષ્કર ચંદરવાકર | ... | ૨૫૫–૨૫૮ |
| ૧૬ | "મરણોત્તર"—એક અર્થઘટન—હરસિદ્ધ મ. જોશી | ... | ૨૫૯–૨૬૪ |
| ૧૭ | વિવેકાનંદ, ગોવર્ધનરામ, ગાંધીજી અને વિનોબાજી–વિચારવિકાસની દૃષ્ટિએ—હરીશ વ્યાસ | ... | ૨૬૫–૨૮૨ |
| ૧૮ | વિશ્વનાથસિંહરચિત 'સર્વસિદ્ધાન્ત'—એક અપ્રકટ દાર્શનિક ગ્રંથ —હંસાબેન એન. હિંડોચા | ... | ૨૮૩–૨૮૮ |
| ૧૯ | "કવિપ્રતિભા અને કવિની વૈચારિક સૃષ્ટિ"—અરુણા કે. પટેલ | ... | ૨૮૯–૨૯૪ |
| ૨૦ | છાયાસતી અને છાયાસીતા—હંસા બી. ભટ્ટ | ... | ૨૯૫–૩૦૦ |
| ૨૧ | ગ્રન્થાવલોકન | ... | ૩૦૧–૩૧૧ |
| ૨૨ | સાભાર સ્વીકાર | ... | ૩૧૧–૩૧૨ |

# સ્વાધ્યાય

**અક્ષયતૃતીયા-જન્માષ્ટમી વિ. સં. ૨૦૪૫** — પુસ્તક ૨૬

મે ૧૯૮૯–ઑગષ્ટ ૧૯૮૯ — અંક ૩-૪


## વેદોમાં રક્ષોઘ્ન-સૂક્ત


**જ. કૃ. ભટ્ટ***


રાક્ષસોની પ્રકૃતિ બીજાને ત્રાસ ઉપજાવનારી હોય છે. રાક્ષસ એટલે જ પરપીડક, હિંસક તથા અન્યને દુઃખ પહોંચાડીને આનંદ પામનાર[1] તેથીજ વૈદિક પંડિતો ધર્માનુષ્ઠાનમાં 'રક્ષોઘ્નસૂક્તનો'[2] પાઠ કરે છે. આ સૂક્તના પાઠથી ધર્મકાર્યમાં આવતાં અનિષ્ટ તત્ત્વો નાશ પામે છે અથવા તે તત્ત્વો અનિષ્ટ ઉત્પન્ન કરી શકતાં નથી.

અનંતકાળથી માનવી અનિષ્ટ તત્ત્વ ( an evil spirit )થી ડરતો આવ્યો છે. અનિષ્ટથી બચવા મનુષ્ય જાતજાતના ઉપાયો કરે છે તેની પાછળનો આશય 'સ્વસંરક્ષણ'નો છે. **श्रेयांसि बहुविघ्नानि** ( સારા કામમાં સો વિઘ્ન ) એ વાત જગજાહેર છે. આથી શાસ્ત્રકારોએ અનિષ્ટ તત્ત્વોનું વિઘ્ન દૂર થાય તે માટે અનેક ઉપાયો સૂચવેલા છે. 'રક્ષોઘ્નસૂક્ત' પણ આવા જ અનેક ઉપાયો પૈકી એક છે. રાક્ષસ, ભૂત, પ્રેત, પિશાચાદિ યોનિઓથી થતા ઉપદ્રવનું નિવારણ એ તેનો ઉદ્દેશ છે.

શુક્લ યજુર્વેદ સંહિતામાં 'રક્ષોઘ્નસૂક્ત' રૂપે વિનિયુક્ત ચાર મંત્રો છે[3] ૫/૨૩, ૫/૨૫, ૬/૧૬ અને ૨૬/૨૬. આ મંત્રોથી અનિષ્ટ તત્ત્વોનો વિનાશ કરવાનો હેતુ છે.

---


**'સ્વાધ્યાય'**, પુ. ૨૬, અંક ૩-૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૯–૧૯૮૯, ઑગષ્ટ પૃ. ૧૩૭-૧૪૦.



* મહર્ષિ વેદવિજ્ઞાન અકાદમી, અમદાવાદ-૧૫.


१ (खलस्य) शक्तिः परेषां परिपीडनाय ।

૨ રક્ષોઘ્નસૂક્ત. શુ. યજુર્વેદ ૫/૨૩, ૫/૨૫, ૬/૧૬ અને ૨૬/૨૬ ચાર મંત્રોનો વિનિયોગ રક્ષોઘ્નસૂક્તરૂપે થયો છે.

३ (१) रक्षोहणं वलगहनं वैष्णवीमिदमहं तं वलगमुत्किरामि । — યજુ. ૫/૨૩

(२) रक्षोहणो वो वलगहनः प्रोक्षामि वैष्णवान् । — શુ. ય. ૫/૨૫

(३) रक्षसां भागोऽसि निरस्तं रक्षः — શુ. ય. ૬/૧૬

(४) रक्षोहा विश्वचर्षणिः — શુ. ય. ૨૬/૨૬

શુકલ યજુર્વેદનો મૂળ પ્રસંગ એવો છે કે સોમયાગ કરતી વેળા ચાર ખાડા ખોદવામાં આવે છે. ખાડા ખોદવાનાં બે કારણો છે. જે હવિર્ધાન છે તે યજ્ઞનું મસ્તક છે. તે યજ્ઞનારાયણના મસ્તક પર બે કાન અને બે આંખ છે. યજ્ઞના આ ચાર ગર્ત (ખાડા)ને 'ઉપરવ' કહેવામાં આવે છે. શતપથ બ્રાહ્મણ (૧/૫/૪/૬)માં એક વાત આવે છે કે દેવો અને અસુરો એકમેક સાથે સ્પર્ધા કરતા હતા. તેમાં અસુરોનો પરાજય થયો. એટલે દેવોનો પરાજય કરવા માટે અસુરોએ ખાડા (**उपरव**) કરી તેમાં **कृत्या** અથવા **वलग** મૂક્યાં. દેવોએ સ્વપરાક્રમથી વિજય મેળવીને 'કૃત્યા'ને ખાડામાંથી બહાર કાઢી ફેંકી દીધી. તેથી અસુરોની શક્તિનો હ્રાસ થયો. '**कृत्या**'ને ઉખાડીને ફેંકી દેવાથી તેની શક્તિ નાશ પામે છે. તેથી જ બ્રાહ્મણો બોલે છે: રાક્ષસો એ દેવોના વિનાશાર્થે દાટેલી આ 'કૃત્યા' કે 'વલગ'ને હું ખોદી કાઢું છું.[4]

સોમયાગપ્રસંગે ચાર ખાડાઓ કરી તેના પર દર્ભ પાથરી **रक्षोहणो वो वलगहनः** (**शु. य.** ૫/૨૫) મંત્ર ભણી બે વૈકંકત લાકડાનાં અધિષવણ ફલક રાખવામાં આવે છે. **अधि** એટલે જેના આધારે **अभिषूयते** સોમ પીસાય છે તે ફલકને 'અધિષવણ ફલક' કહે છે. આવાં બે અધિષવણ ફલકો ચાર ગર્ત (**उपरव**–ખાડા) પર મૂકી વચ્ચેના ભાગને માટીથી પૂરી દેવામાં આવે છે. સારી રીતે કાપેલા બળદનું લાલ ચામડું **वैष्णवमसिवैष्णवाः स्थ** (૫/૨૫) ભણીને તે ફલક પર બિછાવાય છે. આ બધો વિધિ સોમયાગનો છે પરંતુ રાક્ષસોના વિનાશમાં ઉપર્યુક્ત ચાર મન્ત્રોનો વિનિયોગ થયેલો છે.

આ '**कृत्या**' કે રાક્ષસી શક્તિ '**वलग**' કે જેનો ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ગુપ્ત શક્તિ છે તેનો વિનાશ ન થાય ત્યાં સુધી તે શાંત થતી નથી. '**कृत्या**'ને ભૂમિમાં દાટી રાખવામાં આવતી હતી. શત્રુના વિનાશાર્થે તેને જમીનમાં દાટવામાં આવતી હતી. મોટા અવાજ સાથે અમુક નિયત સમયે તે ફૂટતી હતી અને મોટો ધડાકો થતો હતો. તેથી જ તો તેને શુ. ય. ૫/૨૨માં **बृहद्रवा** કહી છે.[5] એટલે જ કહ્યું કે **रक्षसां ग्रीवा अपि कृन्तामि** (હું આ રાક્ષસોની ડોકને પણ મરડી નાખું છું). ડોકને મરડીને તેનો વિનાશ થતો હતો.

શુકલ યજુર્વેદ ૫/૨૩માં આ '**वलग**' કે '**कृत्या**'ને ઉખાડી નાખવાનું કહ્યું છે. એટલું જ નહિ અપિતુ ઉવ્વટ તો કહે છે સંપત્તિ માટે પુત્ર વગેરે પણ પિતાનો નાશ કરવા તત્પર થાય છે, અમાત્ય પણ ધનલોભથી રાજાનો વિનાશ કરવા તત્પર થાય છે, તો તે લોકોએ ભૂમિમાં દાટેલી '**कृत्या**'ને હું ઉખાડી નાખું છું.

૫/૨૫માં ઉપરવોનું પ્રોક્ષણ થાય છે. ૬/૧૬ સોમયાગમાં હૃષ્ટપુષ્ટ પશુના લોહીનો સ્પર્શ કરીને વપાની શુદ્ધિ અર્થે વપરાયેલ છે. પશુની નાભિ ઉપર આવેલ રક્તનો દર્ભથી સ્પર્શ કરીને તે દર્ભને ખાડામાં નાખતાં બોલવામાં આવે છે **रक्षसां भागोऽसि निरस्तं रक्षः इदमहं**

---

૪ **इदमहं तं वलगमुत्किरामि ।** શુ. ય. ૫/૨૩

૫ **बृहन्नसि बृहद्रवा बृहतीमिन्द्राय वाचं वद ।** યજુ. ૫/૨૨

**रक्षः अभितिष्ठामि** ( હે દર્ભ ! તમે રાક્ષસરૂપે રહેલા રોગોના ભાગરૂપ છો ! તમને હું ફેંકી દઉં છું. પશુને હાનિ પહોંચાડનાર આ રાક્ષસને હું અંધકારની દિશામાં લઈ જાઉં છું. **इदमहं रक्षोऽधमं तमो नयामि ।**

રક્ષોઘ્નસૂક્તના ૪થા મંત્ર ( ૨૬/૨૬ )માં સોમનું વર્ણન કરતાં કહ્યું છે: સોમ રક્ષસનો વિનાશક છે તથા વિશ્વનો દૃષ્ટા છે. '**रक्षोहा**' અને **विश्वचर्षणिः** છો. રક્ષસનાં વિનાશક તત્ત્વ અત્રે સ્થિર થાવ અને વિઘ્નબાધા દૂર થાય.

શુક્લ યજુર્વેદમાં જેમ આ ચાર મંત્રો **રક્ષોઘ્નસૂક્ત** સ્વરૂપે પ્રયુક્ત છે તે રીતે અથર્વવેદ ૧૦/૧માં પણ '**कृत्यादूषण**' અંગે ઘણી ઘણી વાતો લખાયેલી છે જેમકે કૃત્યાને ભયાનક અને પ્રાણઘાતક ગણી છે.[૬] તેને નાક, કાન અને માથાવાળી તથા ઘાતક સાધનોથી સુસજ્જ કલ્પી છે.

અથર્વવેદ ૮/૩/૧માં પણ 'રાક્ષસોનો નાશ કરનાર બળવાન પ્રસિદ્ધ મિત્રને હું મેળવું છું તેમ લખ્યું છે અને 'હે અગ્નિદેવ ! યાતના આપનારની ચામડીને ફાડી નાખો' વગેરે મંત્રોમાં રાક્ષસોના વિનાશની વાત કરી છે.[૭]

અથર્વવેદ પ્રથમકાંડ ૨૮મું સૂક્ત તથા ૫/૨૯ બન્ને સૂક્તો પણ 'રક્ષોઘ્નસૂક્તો' તરીકે ગણાય છે. સામવેદમાં પણ ઉત્તરાર્ચિકમાં ૧/૫/૨માં **रक्षोहा विश्वचर्षणिः** મંત્રનો ઉલ્લેખ છે જે રક્ષોઘ્નમંત્ર છે. ઋગ્વેદ ૪/૧૦૪/૧માં પણ ઇન્દ્ર અને સોમને, રાક્ષસોના નાશ માટે વિનંતી કરેલી છે.[૮]

આમ રક્ષોઘ્નસૂક્તસ્વરૂપે વેદોમાં ભિન્ન ભિન્ન સ્થળે રાક્ષસોના વિનાશાર્થે પ્રયુક્ત મંત્રોનો નિર્દેશ છે.

---

૬ मां कल्पयन्ती वहतो वधूमिव विश्वरूपाम्

७ रक्षोहणं वाजिन माजिघर्मि...अथर्ववेद १०/१/१ मित्रं प्रथिष्ठमुपयामि शर्म । संशिशहयभि यातुधानान् । अर्थववेद ८/३/१

८ इन्द्रासोमा तपतं रक्ष उब्जतम् । ऋ. ४/१०४/१

## પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

| | | રૂ. પૈ. |
|---|---|---|
| ૧ | **પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ | ૧૦=૫૦ |
| | વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ | ૬=૫૦ |
| ૨ | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભો. જ. સાંડેસરા | ૯=૫૦ |
| ૩ | **ભાલણકૃત નલાખ્યાન** (ત્રીજી આવૃત્તિ)—સં. : પ્રો. કે. કા. શાસ્ત્રી | ૧૧=૫૦ |
| ૪ | **ઉદયભાનુકૃતવિક્રમચરિત્રરાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર | ૨=૫૦ |
| ૫ | **ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી (૧૯૭૧) | ૮=૦૦ |
| ૬ | **વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા . | ૧૦=૫૦ |
| ૭ | **પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ | ૨૪=૦૦ |
| ૮ | **સિંહાસનબત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ | ૧૫=૫૦ |
| ૯ | **હમ્મીરપ્રબન્ધ**—સં. : ડૉ. ભો. જ. સાંડેસરા અને ડૉ. સો. પારેખ | ૬=૦૦ |
| ૧૦ | **પંચદંડની વાર્તા**—સં. ડૉ. સોમાભાઈ ધૂ. પારેખ (૧૯૭૪) | ૩૧=૦૦ |
| ૧૧ | **વાગ્ભટાલંકાર બાલાવબોધ**—સં. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા | ૧૨=૦૦ |

## સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

| | | |
|---|---|---|
| ૧ | **વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧** | ૨=૫૦ |
| ૨ | ,, ,, ,, ૨ | ૨=૫૦ |
| ૩ | ,, ,, ,, ૩ | ૬=૫૦ |
| ૪ | **નિરુત્તમા** | ૨=૫૦ |
| ૫ | **વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત) | ૨=૫૦ |
| ૬ | **પ્રવેશકો, ગુચ્છ પહેલો** | ૪=૫૦ |
| ૭ | **પ્રવેશકો, ગુચ્છ બીજો** | ૩=૦૦ |
| ૮ | **અંબડ વિદ્યાધર રાસ** | ૪=૦૦ |
| ૯ | **મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૦ | **આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૧ | **નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ) | ૪=૦૦ |
| ૧૨ | **પ્રો. બ. ક. ઠાકોર ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી | ૨=૦૦ |
| ૧૩ | **પ્રો. બ. ક. ઠાકોર અધ્યયનગ્રન્થ** | ૧૫=૫૦ |
| ૧૪ | **પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૨**—સંપાદક : ડૉ. હર્ષદ ત્રિવેદી | ૬=૭૫ |
| ૧૫ | **વિવેચક**—પ્રો. બલવન્તરાય ઠાકોર | ૨૫=૦૦ |


પ્રાપ્તિસ્થાન : **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧**

# રુદ્ર તથા તેનાં બે નામરૂપ

**ભાલચંદ્ર ભટ્ટ**

રુદ્ર ઋગ્વેદનો પ્રધાન દેવ નથી. તેની પ્રતિષ્ઠા તો શુક્લ યજુર્વેદની માધ્યંદિનીય શાખાની વાજસનેયીસંહિતાના સોળમા અધ્યાયરૂપ શ્રી રૌદ્રાધ્યાય અથવા શતરુદ્રીયમાં પ્રથમ વાર સારી રીતે થયેલી જોવા મળે છે. રુદ્ર શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે આપી શકાય : **रुत् दुःखं द्रावयतीति रुद्रः**; દુઃખને જે ભગાડી મૂકે તે રુદ્ર. વેદોત્તરકાળમાં રુદ્ર શિવ તથા શંકર તરીકે ગણાયા તેની પાછળ મૂલસ્રોત તરીકે આ વ્યુત્પત્તિ રહી હોય એમ સમજાય છે. દુઃખને ભગાડી મૂકનાર એટલે સુખ આપનાર, કલ્યાણ કરનાર એવું સીધું સમજી શકાય એમ છે તે જ રુદ્રનાં શિવ તથા શંકર નામને સાર્થક ઠેરવે છે. રુદ્ર શબ્દની બીજી વ્યુત્પત્તિ આ પ્રમાણે પણ આપી શકાયઃ **रुत् ज्ञानं राति ददातीति रुद्रः**, જે જ્ઞાન આપે તે રુદ્ર. તેની ત્રીજી વ્યુત્પત્તિ પ્રમાણે તેને ઉગ્ર, પ્રચંડ, દંડ દેનારા દેવ તરીકે જોઈ શકાય એમ છે. **पापिनो नरान् दुःखभोगेन रोदयतीति रुद्रः**, પાપી લોકોને દુઃખ આપીને રડાવે તે રુદ્ર. આમ મૂળ ‘ રુદ્ર ’ શબ્દમાં જ તે પરસ્પર વિરોધી અર્થો “ દુઃખ આપનાર ઉગ્ર સ્વરૂપ ” અને “ કલ્યાણકર સૌમ્ય સ્વરૂપ ”નો ભાવ નિહિત છે.

શુક્લ યજુર્વેદની માધ્યંદિનીય શાખાની વાજસનેયી સંહિતાના સોળમા અધ્યાયનો ચોપનમો મંત્રાર્ધ તપાસીએ : **असंखाती सहस्राणि ये रुद्रा अधि भूम्याम्** । આ પૃથ્વી ઉપર અસંખ્ય સહસ્ર રુદ્રો છે. આખાયે અધ્યાયમાં રુદ્રનાં અનેક ચિત્રવિચિત્ર રૂપોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. રૂદ્રનું નામાન્તર ત્ર્યમ્બક પણ યજુર્વેદની એ જ સંહિતામાં મળે છે.

**अव रुद्रमदीमह्यव देवं त्र्यम्बकम्** ( યજુર્વેદ ૩.૫૮ )

મનમાં રુદ્રનું સ્મરણ કરીને તેના અનુગ્રહથી અમે અન્ન ખાઈએ. આ દેવ ત્ર્યમ્બક અથવા ત્રિનેત્ર છે એમ મનમાં જાણીને અમે અન્ન ખાઇએ. આ શ્લોક ઉપરના વેદદીપ નામક મહીધર-ભાષ્યમાં ત્ર્યમ્બક શબ્દ આ પ્રમાણે સમજાવેલો મળે છે :

**त्र्यम्बकं त्रीण्यम्बकानि नेत्राणि यस्य तादृशं देवम्...त्रिनेत्रोऽयं देव इति...**

આ જ અધ્યયના સાઠમા મંત્ર ઉપરના અર્થને પુષ્ટિ આપે છે :

**त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम् ।**
**उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय मामृतात् ।**

---

‘**સ્વાધ્યાય**’, પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે ૧૯૮૯–ઑગસ્ટ ૧૯૮૯, પૃ. ૧૪૧–૧૪૬.

આના ઉપરનું મહીધર ભાષ્ય આ પ્રમાણે છે :

सुगन्धि दिव्यगन्धोपेतं मर्त्यधर्महीनं पुष्टिवर्धनं धनधान्यादिपुष्टेर्वर्धयितारं त्र्यम्बकं नेत्रत्रयोपेतं रुद्रं यजामहे पूजयामः। ततो रुद्रप्रसादान्मृत्योर्मुक्षीय अपमृत्योः संसारमृत्योश्च मुक्तो भूयासम् अमृतान्मा मुक्षीय स्वर्गरूपान्मुक्तिरूपाच्चामृतान्मा मुक्षीय मुक्तो मा भूयासम्। ...अभ्युदयनिःश्रेयसरूपात् फलद्वयान्मम भ्रंशो मा भूदित्यर्थः। मृत्योर्मोचने दृष्टान्तः—उर्वारुकमिव बन्धनादिति। यथोर्वारुकं कर्कन्ध्वादेः फलमत्यन्तपक्वं सत् बन्धनात् स्वस्य वृन्तात् प्रमुच्यते तद्वत्।

દિવ્યગંધવાળા, મર્ત્યધર્મવિહીન, ધનધાન્યાદિને વધારનાર ત્રણ નેત્રવાળા રુદ્રને અમે પૂજીએ છીએ. રુદ્રના પ્રસાદથી અમે અપમૃત્યુ યા સાંસારિક મૃત્યુથી મુક્ત થઈએ, સ્વર્ગરૂપ, મુક્તિરૂપ અમૃતત્વથી મુક્ત ન થઈએ. ઉન્નતિ અને મુક્તિરૂપ ફલદ્વયમાંથી મારો ભ્રંશ ન થાઓ. જેમ બોરડીનું ફળ (બોર) અત્યંત પાકું થાય ત્યારે પોતાના દીંટામાંથી અલગ થઈ જાય તે રીતે (મૃત્યુથી મુક્ત થઈએ).

આના ઉપરથી જોઈ શકાશે કે મહીધરના સમયથી ત્ર્યમ્બક શબ્દ ત્રિલોચનના અર્થમાં રુદ્રના પર્યાય તરીકે પ્રચારમાં આવી ગયેલો. જો કે ઋગ્વેદમાં આ ઋચા અને તેના પરનું સાયણ ભાષ્ય આ પ્રમાણે છે :

त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम्।
उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय मामृतात् ॥ ७.५९.१२

त्रयाणां ब्रह्मविष्णुरुद्राणामंबकं पितरं यजामह इति शिष्यसमाहितो वशिष्ठो ब्रवीतीति। किं विशिष्टमित्यत आह। सुगन्धिं प्रसारितपुण्यकीर्तिं। पुनः किं विशिष्टं। पुष्टिवर्धनं जगद्बीजं उरुशक्तिमित्यर्थः। उपासकस्य वर्धनं। अणिमादि शक्तिवर्धनं। अतस्त्वत्प्रसादादेव मृत्योर्मरणात् संसाराद्वा मुक्षीय। मोचय। यथा बन्धनादुर्वारुकं कर्कटीफलं मुच्यते तद्वन्मरणात्संसाराद्वा मोक्षय। किं मर्यादीकृत्य आमृतात्। सायुज्यतामोक्षपर्यन्तमित्यर्थः।

પુણ્યકીર્તિખ્યાત, ઉપાસકની વિશાળ શક્તિ વધારનારા, બ્રહ્મા વિષ્ણુ અને રુદ્ર એ ત્રણ દેવોના પિતાનું અમે યજન કરીએ છીએ એમ શિષ્યસમુદાયયુક્ત વસિષ્ઠ બોલે છે. તેથી તમારી મહેરબાનીથી જ મને મરણ અથવા સંસારમાંથી મુક્ત કરો. જે રીતે કાકડી તેના વેલાના બંધનમાંથી મુક્ત થાય છે તેમ મને મરણથી અથવા સંસારથી મુક્ત કરો, સાયુજ્યતા અથવા મોક્ષ મળે ત્યાં સુધી.

આના પરથી નોંધવા લાયક વિશિષ્ટ બાબત તો એ છે કે ત્ર્યંબકને બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રના પિતા કહ્યા છે એટલે ત્ર્યંબક કોઈ ત્રણે દેવોના ગુણધર્મો ધરાવતા વિશિષ્ટ અને રુદ્રથી ભિન્ન એવા ત્રિમૂર્તિ મહાદેવ હોવા જોઈએ પણ પાછળથી યજુર્વેદમાં તેનું રુદ્ર સાથે તાદાત્મ્ય સધાયું હોવું જોઈએ.

મહાભારતકારને મતે તો ત્રણ માતાઓને રુદ્ર ભજે છે એટલે તે ત્ર્યમ્બક કહેવાય છે.[1] એ. બી. કીથના મત પ્રમાણે ત્ર્યમ્બક નામ પડવાનું કારણ એ છે કે તેનો સંબંધ ત્રણ લોક–દ્યૌ, અન્તરિક્ષ અને પૃથ્વી સાથે છે.[2]

અપમૃત્યુ, સંસારમૃત્યુને ટાળનાર દેવ મૃત્યુંજયની કલ્પના આ ત્ર્યંબકમંત્રમાંથી જ ઉદ્દભવેલી સમજાય છે. मृत्युं जापयतीति मृत्युंजयः, મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરાવે તે મૃત્યુંજય. વેદોત્તરકાલીન વિધાન તથા તંત્રગ્રંથોમાં દીર્ઘાયુ અને અપમૃત્યુનિવારણ માટે ત્ર્યમ્બકમંત્રના વિવિધ પ્રયોગો દર્શાવેલા મળે છે. શૌનક કહે છે કે ત્રણ રાત વ્રતગ્રહણ કરી, ઉપવાસ કરી દૂધમાં ભાત રાંધવો અને તેની સો આહુતિ મહાદેવ ત્ર્યંબકને ઉદ્દેશીને त्र्यम्बकम् ...( ઋ. ૭.૫૯.૧૨ ) એ ઋચા દ્વારા અગ્નિમાં આપવી. આવાં સો પર્વ કરવાથી માણસ સો વર્ષ પર્યન્ત સુખથી જીવે.[3]

શુક્લ યજુર્વેદની માધ્યંદિનીય શાખાની વાજસનેયી–સંહિતાના ત્રીજા અધ્યાયના સાઠમા શ્લોકના ઉત્તરાર્ધમાં પણ એક પ્રયોગ નિહિત જોઈ શકાય છે. કુંવારી કન્યાઓ ત્ર્યંબક મંત્રનો ઉત્તરાર્ધ બોલતાં બોલતાં ત્રણવાર અગ્નિની દરરોજ પ્રદક્ષિણા કરે તો તેને પતિપ્રાપ્તિમાં સફળતા મળે છે. મંત્રમાં પ્રાર્થના છે કે તે માતાપિતા ભાઈભાંડુઓથી મુક્ત થાય, વિવાહ પછી પતિથી વિયુક્ત ન થાય. પિતૃગૃહ છોડીને પતિગૃહે સર્વદા ત્ર્યંબકકૃપાથી તે રહે.[4]

---

१ तिस्रो देवीर्यदा चैव भजते भुवनेश्वरः ।
द्यामपः पृथ्वीं चैव त्र्यम्बकश्च ततः स्मृतः ॥
महाभारत—द्रोणपर्व–१७३–८९

2 Keith A. B.: The Religion and Philosophy of the Vedas and Upanishads, Cambridge, Massachusetts, Harvard University Press, London: Humphrey Milford, Oxford University Press, 1925, First; The first half, chapters 1-19, p. 149

३ त्रिरात्रं नियतोऽपोष्य श्रपयेत्पायसं चरुम् ।
तेनाहुतिशतं पूर्णं जुहुयात् शंसितव्रतः ॥
समुद्दिश्य महादेवं त्र्यम्बकं त्र्यम्बकेत्यृचा ।
एतत्पर्वशतं कृत्वा जीवेद्वर्षशतं सुखी ॥ ऋग्विधान. २,२७

४ त्र्यम्बकं यजामहे सुगन्धिं पतिवेदनम् ।
उर्वारुकमिव बन्धनादितो मुक्षीय मामुतः ।

यजमानसंबंधिन्यः कुमार्योऽपि......त्र्यम्बकमंत्रेणाग्निं त्रिः परियन्ति । त्र्यम्बकं यजामहे कीदृशं पतिवेदनं पतिं वेदयतीति तं भर्तृलंभयितारं......इतो मुक्षीय इतो मातृपितृभ्रातृवर्गान्मुक्षीय मुक्ता भूयासममुतो मा मुक्षीय विवाहादूर्ध्वं भविष्यतः पत्युर्मुक्ता मा भूयासम् जनकस्य गोत्रं गृहं च परित्यज्य पत्युर्गोत्रे गृहे च सर्वदा त्र्यम्बकप्रसादाद्वसामीत्यर्थः । ( यजुर्वेद ३.६० અને તેના પરનું મહીધર ભાષ્ય )

**શારદાતિલક** નામક તંત્રગ્રંથમાં ત્ર્યંબકમંત્રપ્રયોગ બતાવેલો છે. આ ત્ર્યંબકમંત્રના ઋષિ વસિષ્ઠ છે, તેનો છન્દ અનુષ્ટુપ્ છે, પાર્વતીપતિ ત્ર્યંબક દેવતા છે, ત્ર્યં બીજ છે, બ શક્તિ છે અને કં કીલક છે મંત્ર આ પ્રમાણે લીધેલો છે :

ॐ त्र्यम्बकं यजामहे सुगन्धिम्पुष्टिवर्धनम् ।
उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय मामृतात् ॥

આ મંત્રનું લક્ષાત્મક પુરશ્ચરણ કરવાનું વિધાન બતાવેલું છે. તેની ફલશ્રુતિમાં દર્શાવ્યું છે કે

लाजैर्विशुद्धैर्जुहुयात्कन्याप्त्यै सा वराप्तये ।
स्नात्वा सहस्रं प्रजपेदादित्याभिमुखो मनुम् ।
आधिव्याधिविनिर्मुक्तो दीर्घायुराप्नुयात् किल ॥

કન્યાપ્રાપ્તિ તથા વરપ્રાપ્તિ માટે અનુક્રમે કન્યાર્થી અને વરાર્થીએ શુદ્ધ ડાંગરની ધાણીનો (આ મંત્ર દ્વારા) હોમ કરવો જોઈએ. સ્નાન કરીને સૂર્યસંમુખ થઈ આ મંત્રનો સહસ્ર જપ કરનાર આધિવ્યાધિથી મુક્ત થઈ દીર્ઘ આયુષ્ય મેળવે.

**મન્ત્રમહોદધિ**માં મહામૃત્યુંજયમંત્રપ્રયોગ બતાવેલો છે, તેમાં ધ્યાનમંત્ર આ પ્રમાણે આપેલો છે :

हस्ताम्भोजयुगस्थकुम्भयुगलादुद्धृत्य तोयं शिरः
सिञ्चन्तं करयोर्युगेन दधतं स्वाङ्के सकुम्भौ करौ ।
अक्षस्रङ्मृगहस्तमम्बुजगतं मूर्धस्थचन्द्रस्रवत्
पीयूषोन्नतनुं भजे सगिरिजं मृत्युंजयं त्र्यंबकम् ॥

અને અન્તમાં પુષ્પાંજલિપૂર્વક નમસ્કાર આ મંત્રથી કરવાનું કહેલું છે :

ॐ मृत्युंजय महारुद्र त्राहि मां शरणागतम् ।
जन्ममृत्युजरारोगैः पीडितं कर्मबंधनैः ॥

જપ માટે મંત્રસ્વરૂપ આ પ્રમાણે બતાવ્યું છે :

ॐ ह्रौं ॐ जूं सः भूर्भुवः स्वः त्र्यम्बकं यजामहे सुगन्धिम्पुष्टिवर्धनम् ।

उर्वारुकमिव बन्धनान्मृत्योर्मुक्षीय मामृतात् भूर्भुवः स्वरों जूं सः ह्रौं ॐ ॥

આ મંત્રનું લક્ષાત્મક પુરશ્ચરણ કરવાનું વિધાન છે.

આ રૌદ્રી મૃત્યુવિમોચની ઋક્ પર આધારિત વશિષ્ઠકલ્પોક્ત મહામૃત્યુંજયવિધાન **શાન્તિરત્ન**માં આ પ્રમાણે બતાવ્યું છે :

मृत्युंजयस्त्रिधा प्रोक्त आद्यो मृत्युंजयः स्मृतः ।
मृतसंजीवनी चैव महामृत्युंजयस्तथा ॥

ત્રણેના મંત્રનું સ્વરૂપ નીચે પ્રમાણે બતાવ્યું છે :

(१) ।ॐ भूः ॐ भुवः ॐ स्वः ॐ त्र्यम्बकं यजामहे इति ऋक् । ॐ स्वः ॐ भुवः ॐ भूः ॐ। इत्यष्टचत्वारिंशद्वर्णात्मको केवलमृत्युंजयमन्त्रः ।

(२) ।ॐ हौं जूं सः ॐ भूर्भुवः स्वः ॐ त्र्यम्बकं यजामहे इति ऋक् । ॐ स्वः भुवः भूः ॐ सः जूं हौं ॐ। इति द्विपञ्चाशद्वर्णात्मको मृतसंजीवनीमंत्रः ।

(३) ॐ हौं ॐ जूं ॐ सः ॐ भूः ॐ भुवः ॐ त्र्यम्बकं यजामहे इति ऋक् । ॐ स्वः ॐ भुवः ॐ भूः ॐ सः ॐ जूं ॐ हौं ॐ स्वाहा । इति द्विषष्टिवर्णात्मको महामृत्युंजयः शुक्राराधितो मंत्रः ।

આ રીતે ઋગ્વેદના રુદ્રનો ત્ર્યંબક અને મૃત્યુંજય તરીકે કાલાન્તરે પૌરાણિક, વૈધાનિક અને તાંત્રિક ગ્રંથોમાં વિકાસ થયેલો જોઈ શકાય છે.

## સહાયક ગ્રંથ

1 Dandekar R. N., Vedic Mythological Tracts, Ajanta Publications (India), Delhi, 1979, First, Pages 383.

२ शर्मा चतुर्थीलाल (सं), अनुष्ठानप्रकाशः, खेमराज श्रीकृष्णदास, अध्यक्षः 'श्री वेंकटेश्वर स्टीम प्रेस' बम्बई-४, १९८४, प्रथमावृत्तिः, पृष्ठसंख्या ३६२.

## શ્રી સયાજી સાહિત્યમાળા

| | | રૂ. પૈ. |
|---|---|---|
| ૩૩૩ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૩=૦૦ |
| ૩૩૪ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—(સ્વ.) શ્રી. કનૈયાલાલ ભા. દવે | ૫=૫૦ |
| ૩૩૫ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—(સ્વ.) શ્રી પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૮=૦૦ |
| ૩૩૬ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૧=૦૦ |
| ૩૩૭ | **માનવસર્જિત વસ્ત્રતંતુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૬૪) | ૧૦=૫૦ |
| ૩૩૮ | **ભવાઈના વેશની વાર્તાઓ**—(સ્વ) શ્રી. ભરતરામ ભા. મહેતા | ૩=૦૦ |
| ૩૩૯ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ): ભાગ ૧, સ્કંધ ૧-૩**—(સ્વ.) શ્રી નાગરદાસ અમરજી પંડ્યા (૧૯૬૫) | ૮=૦૦ |
| ૩૪૦ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા, ભાગ ૧** (૧૯૬૫) | ૯=૦૦ |
| ૩૪૧ | **આધુનિક ગુજરાતના સંતો ભાગ ૧**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૬૬) | ૯=૦૦ |
| ૩૪૨ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પ્ર. પુરોહિત (૧૯૬૭) | ૭=૫૦ |
| ૩૪૩ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા (૧૯૬૭) | ૧૫=૫૦ |
| ૩૪૪ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર | ૧૭=૦૦ |
| ૩૪૫ | **ઓખામંડળના વાઘેર**—(સ્વ.) શ્રી કલ્યાણરાય ન. જોશી (૧૯૭૦) | ૧૩=૦૦ |
| ૩૪૬ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ (૧૯૭૦) | ૧૩=૦૦ |
| ૩૪૭ | **પંચદશી તાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી (૧૯૭૧) | ૬=૦૦ |
| ૩૪૮ | **અખો અને મધ્યકાલીન સંતપરંપરા**—(સ્વ.) ડૉ. યો. જ. ત્રિપાઠી | ૧૪=૫૦ |
| ૩૪૯ | **શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—(સ્વ.) નાગરદાસ અ. પંડ્યા (૧૯૭૨) | ૧૧=૫૦ |
| ૩૫૦ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૩) | ૨૬=૦૦ |
| ૩૫૧ | **ગુજરાતનો પૉટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પી. પુરોહિત (૧૯૭૫) | ૮=૭૫ |
| ૩૫૨ | **ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫) | ૧૫=૦૦ |
| ૩૫૩ | **ભારતીય વીણા**—(સ્વ.) પ્રો. રસિકલાલ એમ. પંડ્યા (૧૯૭૮) | ૩૧=૦૦ |
| ૩૫૪ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯) | ૯૬=૦૦ |
| ૩૫૫ | **ચાંપાનેર: એક અધ્યયન**—ડૉ. રમણલાલ ના. મહેતા (૧૯૮૦) | ૩૬=૦૦ |
| ૩૫૬ | **દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ**—(સ્વ.) શ્રી ક. ન. જોષી | ૪૪=૦૦ |
| ૩૫૭ | **આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૭૯) | ૪૫=૦૦ |
| ૩૫૮ | **સૂર્યશક્તિ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ (૧૯૮૧) | ૫૨=૫૦ |
| ૩૫૯ | **કવિ ગિરધર: જીવન અને કવન**—ડૉ. દેવદત્ત જોશી | ૫૧=૦૦ |
| ૩૬૦ | **વનૌષધિકોશ**—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૩૫=૭૫ |
| ૩૬૧ | **સહસ્રલિંગ અને રુદ્રમહાલય**—(સ્વ.) શ્રી કનૈયાલાલ ભા. દવે | ૭૯=૦૦ |
| ૩૬૨ | **વૈષ્ણવતીર્થ ડાકોર**—(સ્વ.) ડૉ. મંજુલાલ ર. મજમુંદાર | ૪૮=૦૦ |
| ૩૬૩ | **વૃદ્ધત્રયી અને લઘુત્રયી**—(સ્વ.) ડૉ. બાપાલાલ ગ. વૈદ્ય | ૩૩=૦૦ |

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,**
**રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧**

# પરાશરોપપુરાણ–એક અપ્રસિદ્ધ પ્રાચીન ઉપપુરાણ*

મુકુંદ લાલજી વાડેકર.**

## પ્રાસ્તાવિક :

સંસ્કૃત ભાષાના ઇતિહાસમાં પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું સર્વાંગીણ દર્શન પુરાણ-વાઙ્મયમાં થાય છે. સમગ્ર પુરાણ વાઙ્મય મહાપુરાણો અને ઉપપુરાણો એમ બે વિભાગોમાં વિભાજિત થાય છે. એમાંથી ૧૮ મહાપુરાણો સર્વવિદિત છે. એમનો અભ્યાસ પણ અનેક વિદ્વાનોએ જુદા જુદા ગ્રંથોમાં કરેલો છે. મહાપુરાણો પ્રમાણે જ ૧૮ ઉપપુરાણોની પણ ગણના અનેક યાદીઓમાં કરવામાં આવી છે.[1] પ્રો. હાઝરાએ એમના બે વિભાગમાં પ્રકાશિત થયેલા વિશાળ અભ્યાસ–ગ્રંથમાં આવાં અનેક સાંપ્રદાયિક ( સૌર, વૈષ્ણવ, શાક્ત ) અને બિન-સાંપ્રદાયિક, પ્રાપ્ય અને લુપ્ત એવાં ઉપપુરાણોનો અભ્યાસ કરેલો છે.[2] છતાંય, એમાં એમણે પરાશર ઉપપુરાણનો અભ્યાસ રજૂ કરેલો નથી, એ એક આશ્ચર્યની વાત છે. ઉપપુરાણોની લગભગ બધી જ યાદીઓમાં જેનો સ્પષ્ટ ઉલ્લેખ છે, એવું પરાશર ઉપપુરાણ અઢાર ઉપપુરાણોમાં મહત્ત્વનું સ્થાન મેળવે છે. ભારતના અનેક ગ્રંથભંડારોમાં આની હસ્તપ્રત ઉપલબ્ધ હોવા છતાં, આ ઉપપુરાણ આજસુધી અપ્રસિદ્ધ, અપ્રકાશિત અને અનભ્યસ્ત રહ્યું છે. એનો પરિચય આપવાનો પ્રસ્તુત શોધપત્રમાં પ્રયત્ન કરેલો છે.

## ઉપપુરાણોની યાદીઓ—

પ્રો. હાઝરાએ ઉપપુરાણોના એમના અભ્યાસના પ્રથમ ખંડમાં અઢાર ઉપપુરાણોની ગણના કરતી ૨૩ યાદીઓ જુદા જુદા ગ્રંથોમાંથી આપેલી છે. એમાંની લગભગ બધીજ ( ૨૧ ) યાદીઓમાં

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે-ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૧૪૭–૧૫૬

* ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ સંસ્કૃત અધ્યાપકમંડળના અમરેલી ખાતેના તેરમા અધિવેશનમાં ( ૧૮ અને ૧૯ જાનેવારી ૧૯૮૮ ) વાંચેલો શોધનિબંધ.

** ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, મ. સ. વિદ્યાપીઠ, વડોદરા

૧. ભટ્ટાચાર્ય રામશંકર (સં.) કૂર્મપુરાણ ( I. i. 17-20 ), ઈન્ડોલૉજીકલ બુક હાઉસ, વારાણસી, ૧૯૬૮.

2 Hazra, R. C. : *Studies in the Upapurāṇas*, Vol. I ( Saura, and Vaiṣṇava upapurāṇas), Sanskrit College, Calcutta, 1958.

: *Studies in the Upapurāṇas*, Vol. II ( Śākta, & non-sectarian Upapurāṇas ), Sanskrit College, Calcutta, reprint, 1979.

પરાશર ઉપપુરાણનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે.[3] જે યાદીઓમાં એનો ઉલ્લેખ મળે છે, એના ગ્રંથનાં નામ અને ઉલ્લેખનો પ્રકાર નીચે નોંધ્યા છે—

(१) कूर्मपुराण I. i. 17–20–पराशरोक्त (२) नित्याचारप्रदीप (नृसिंहवाजपेयिकृत) I. P. 19–उद्धृत कू. पु.-पराशरोक्त.

(३) मलमासतत्त्व (स्मृतितत्त्व I. P. 792–3) (उद्धृत कू. पु.) पराशरोक्तमपरम्

(४) वीरमित्रोदय (मित्रमिश्रकृत)-परिभाषा–PP. 13–14 (उद्धृत कू. पु.)-पराशरोक्तमपरम्.

(५) हेमाद्रिकृत–चतुर्वर्गचिन्तामणि (I PP. 532–3) (उद्धृत कू पु.)-पराशरोक्तं प्रवरम्.

(६) हेमाद्रिकृत–चतुर्वर्गचिन्तामणि–II. i. P. 21 (उद्धृत कू. पु.)-पराशरोक्त प्रथमम्

(७) शब्दकल्पद्रुम (उद्धृत कू. पु.)–पराशरोक्तमपरम्.

(८) स्कन्दपुराण–सौरसंहिता–Eggding, Ind. off. Cat, VI, P. 1382–पाराशर्यम्.

(९) स्कन्दपुराण–V. iii (रेवाखंड). I. 46–52–पाराशर.

(१०) रेवामाहात्म्य–वायुपुराणोक्त–Auprecht, Bod. Cat. P. 65–पाराशर.

(११) स्कन्दपुराण–VII (प्रभासखंड). i. 2. 11–15–पराशरोक्तं परमम्.

(१२) शिवमाहात्म्यखंड (सूतसंहिता–स्कं पु.) I. 13b–18–पाराशर.

(१३) गरुडपुराण–I. 223. 17–20 पराशरोक्तमपरम्.

(१४) पद्मपुराण–पातालखंड–III. 94–98–पाराशर

(१५) देवीभागवत–I. 3. 13–16–पराशरोक्त

(१६) पराशरोपपुराण–I. 28–31, आचारभूषण (त्र्यंबक ओककृत) P. 318, पाराशर समाख्य.

(१७) विन्ध्यमाहात्म्य–(बृहदौशनस पुराणोक्त) IV–पाराशर

(१८) वीरमित्रोदय–परिभाषा–(उद्धृत ब्रह्मवैवर्त)–P. 14–पाराशर्य.

(१९) भक्तिरत्नाकर (गोपालदासकृत) उद्धृत ब्रह्मवैवर्त–पाराशर.

(२०) मधुसूदनसरस्वती (प्रस्थानभेद) P. 10–पाराशर.

(२१) वारुणोपपुराण–I–पराशरेण कथितम्.

---

3 એજન, Vol. I, pp. 4-13.

ઉપર્યુક્ત કેટલીક યાદીઓમાં પરાશર ઉપપુરાણનો **पाराशरोक्त, पाराशर्य, पाराशर, पराशरेण कथितं, पराशर** વગેરે પ્રકારનો સામાન્ય રીતે જે ઉલ્લેખ છે, તેથી સ્પષ્ટ છે, કે એ પરાશરે કહેલું ઉપપુરાણ છે. પણ કેટલીક યાદીઓમાં એનો વિશિષ્ટ ઉલ્લેખ કરેલો છે. **पराशरोक्तमपरम्**–એમાં **अपरं** વિશેષણથી આ ઉપપુરાણનો વિષ્ણુપુરાણથી અને બલ્લાલસેન ઉલ્લિખિત[४] (દાનસાગર પૃ. ૭) પ્રક્ષિપ્ત વૈષ્ણવપુરાણથી આનો ભેદ દર્શાવવા માટે પ્રયોજાયેલું હોય તેમ લાગે છે. તેમ જ આ ઉપપુરાણનો **पराशरोक्तं प्रथमं** અથવા **प्रवरम्** તેમ જ **परमम्**–એવા ઉલ્લેખ એની શ્રેષ્ઠતા સૂચિત કરે છે. આના પરથી એ સ્પષ્ટ છે કે પરાશર ઉપપુરાણ એ એક પુરાણવાઙ્મયમાં પ્રતિષ્ઠા અને યોગ્યતા પામેલું ઉપપુરાણ હતું. એનો ઉલ્લેખ મહાપુરાણોમાં આવતી ઉપપુરાણોની યાદીઓમાં પણ થતો હતો.

## પરાશર ઉપપુરાણનો પરિચય—

ઉપપુરાણોની યાદીઓમાં જેનો ગૌરવથી ઉલ્લેખ થયેલો છે, એ પરાશર ઉપપુરાણ એ એક ૧૮ અધ્યાયોનું આશરે ૧૦૧૨ શ્લોકોવાળું નાનું ઉપપુરાણ છે.[૫] એ પરાશર અને શુકના સંવાદરૂપે છે, અને પરાશરની પુરાણના વક્તા તરીકેની પ્રમુખ ભૂમિકા હોવાથી એને પરાશર ઉપપુરાણ એવું નામ મળેલું છે. બીજા પુરાણોની માફક આમાં પણ લગભગ બધાજ શ્લોકો અનુષ્ટુભ્ છંદમાં આવે છે. પણ કેટલાક અધ્યાયોના અંતિમ શ્લોક અનુષ્ટુભ્વ્યતિરિક્ત અન્ય છન્દમાં આવે છે. આ સાંપ્રદાયિક સિદ્ધાન્તોનું વિવેચન કરતું ઉપપુરાણ છે. એમાં શૈવસિદ્ધાન્તનું મહત્ત્વ અને ગૌરવ બતાવવાનો સવિશેષ પ્રયત્ન કરેલો છે. કુલ શ્લોકસંખ્યા પણ તેથી જ ૧૦૦૮ હોવાનું એમાં કહેલું છે.[૬] એના દરેક અધ્યાયમાં વર્ણિત મુખ્ય વિષય અને દરેકના કુલ શ્લોકો નીચે પ્રમાણે છે—

---

૪ ભટ્ટાચાર્ય ભવતોષ, (સં.) દાનસાગર, બલ્લાલસેનકૃત, બિબલિઓથિકા ઈન્ડિકા, કલકત્તા, ૧૯૫૬, Vol. I p. 7.

त्रयोविंशतिसाहस्रं पुराणमपि वैष्णवम् ।

૫ પ્રસ્તુત શોધપત્રમાં નીચેની હસ્તપ્રતનો ઉપયોગ કર્યો છે.

Oriental Institute of Baroda, Manuscript Acc. No. 347.

૬ એજન, F. 41a–

अष्टोत्तरसहस्रेण श्लोकेनैव विनिर्मितम् ।
इदमष्टादशाध्यायैः शिवोऽत्रैव च दर्शितः ॥

| અધ્યાય | વિષય | શ્લોકસંખ્યા |
|---|---|---|
| १ | उपोद्घातः, उपपुराणानि | ३३ |
| २ | सर्गवर्णनं, सृष्टिक्रमवर्णनम् | ५६ |
| ३ | देवताधिक्यम् | ४१ |
| ४ | देवतालिङ्गं, त्रिपुण्ड्रधारणम् | ४७ |
| ५ | श्रुतीनां अर्थसंग्रहः | ३२ |
| ६ | उत्तमं गुह्यम् | ३१ |
| ७ | ब्राह्मणस्य वैभवम् | ३६ |
| ८ | संसारच्छेदकारणम् | ३१ |
| ९ | आह्निकं, नित्यं नैमित्तिकं कर्म | ९९ |
| १० | निषिध्यम् | ७३ |
| ११ | पापकर्मिणां चरितम् | २० |
| १२ | अभक्ष्यान्नम् | ५३ |
| १३ | प्रायश्चित्तम् | ४० |
| १४ | प्रायश्चित्तम् | ९१ |
| १५ | प्रायश्चित्तं, अविमुक्तप्रशंसा | १०४ |
| १६ | पूजाविधि: | ४३ |
| १७ | परं तत्त्वम् | ४५ |
| १८ | शास्त्रार्थसंक्षेपः | १३७ |
| | | १०१२ |

પ્રસ્તુત ઉપપુરાણના ઉપોદ્‌ઘાતસ્વરૂપ **પ્રથમઅધ્યાય**માં એની રચના કેવી રીતે થઈ એનું વિવરણ છે. મેરુ શૃંગ પર બેઠેલા સર્વજ્ઞ પરાશરની પાસે શુક જઈને આદરભાવથી પ્રણામ કરે છે અને ભવબંધથી મુક્તિ આપનાર પરમ ગુહ્ય તત્ત્વ વિશે પ્રશ્ન કરે છે. પ્રત્યુત્તરમાં પરાશર શુકને જણાવે છે કે સત્યવતીપુત્ર વ્યાસે શિવના પ્રસાદથી સંપૂર્ણ પુરાણની રચના કરી, મુનિઓને બતાવી. મુનિઓ એનાથી અત્યંત પ્રસન્ન થયા, એમણે પરાશરનો સત્કાર કર્યો. એ જ સમયે મહાદેવ મહાદેવીની સાથે ત્યાં આવ્યા, એમને જોઈને મુનિઓએ અભિવાદન કર્યું અને પ્રદક્ષિણા કરીને સ્તુતિ કરી. શિવ પ્રસન્ન થયા અને મુનિઓને એમણે કહ્યું—મારા જ પ્રસાદથી વ્યાસે પુરાણોની રચના કરી છે, એની પાસેથી સમગ્ર પુરાણને સાંભળીને તમે બધા મુનિઓ પણ આવાં બીજાં ઉપપુરાણો તૈયાર કરો. પછી અન્તર્ધાન થયા. શિવની આજ્ઞાનુસાર મુનિઓએ પણ સમગ્ર પુરાણને વ્યાસ મહર્ષિ પાસેથી સાંભળીને બીજાં અનેક ઉપપુરાણોની રચના કરી. આવાં સારરૂપ ઉપપુરાણો ૧૮ છે. એમાંથી આ એક પરાશર નામનું ઉપપુરાણ છે, જે શિવને અત્યંત પ્રીતિકારક છે. આવી રીતે આ ઉપપુરાણની પ્રસ્તાવના કરવામાં આવી છે.

આમ પ્રસ્તાવના થયા પછી ૨ થી ૧૮ અધ્યાયોમાં સાંપ્રદાયિક દૃષ્ટિથી શૈવસિદ્ધાન્તનું જુદાં જુદાં દૃષ્ટિબિન્દુઓથી નિરૂપણ કરવામાં આવેલું છે. શિવજીના શ્રેષ્ઠત્વનું વર્ણન, શૈવાચાર-વિચારનું મહત્ત્વવિવેચન અને સાથે સાથે વૈષ્ણવ વગેરે અન્ય સંપ્રદાયના સિદ્ધાન્તો અને આચારને હીન દર્શાવવાનો પ્રયત્ન આ પુરાણમાં ખાસ દૃષ્ટિગોચર થાય છે. **બીજા અધ્યાય**માં સૃષ્ટિક્રમનું વર્ણન કરવામાં આવ્યું છે. આ સમગ્ર જગત માયાથી અભિન્ન એવા પરમેશ્વરમાં વાસનારૂપથી (આભાસરૂપથી નહીં) પ્રલયકાળમાં રહે છે. કાલકર્મવિપાકથી અને વાસનાના બલથી માયામાં સ્ફુલિંગવત્ મહાન આત્મા ઉત્પન્ન થાય છે. આ મહાન આત્માને સર્જીને શિવ એમાં પ્રવેશ કરે છે. એ જ સત્ત્વ, રજસ્, તમસ્ એ ત્રણ ગુણોથી સ્રષ્ટા, પાલક અને સંહર્તા બને છે એ જ બ્રહ્મ, વિષ્ણુ, મહેશ એ ત્રણ નામો છે. શિવ બધાથી ઉપર અને બધામાં સાધારણ છે. આ જગતની બધી વસ્તુઓમાં જે કારણસ્વરૂપ છે તેના અધિષ્ઠાન તરીકે મહેશ્વર છે અને પરિણામી અથવા કાર્યરૂપ તરીકે માયા અનુસ્યૂત છે. પુણ્ય, પાપ, કાલ અને વાસના આ બધાં સૃષ્ટિ, સ્થિતિ અને લયમાં સહાયક બને છે. ત્રિમૂર્તિઓના સર્ગ પછી માયાથી શબ્દપૂર્વિકા ભૂતસૃષ્ટિ નિર્માણ થાય છે. એ સર્વનું કારણ સાંબ સદાશિવ જ છે, વિષ્ણુ, બ્રહ્મા કે અન્ય કોઈ નથી.

**ત્રીજા અધ્યાય**માં દેવતાધિક્ય એટલે કે શિવ દેવતાનું બીજા બધા દેવતાઓથી આધિક્ય-ઉચ્ચતમ સ્થાન હોવાનું વર્ણવેલું છે. અચેતન, ચેતન, મનુષ્ય, દ્વિજ, બ્રાહ્મણ, કુલીન, મનુષ્યગન્ધર્વ, દેવગન્ધર્વ, પિતર, કર્મદેવ, દેવ, ઇન્દ્ર, બૃહસ્પતિ, પ્રજાપતિ, બ્રહ્મા, વિષ્ણુ, હર, માયી મહેશ્વર આ બધા અનુક્રમે એક કરતાં બીજા વધારે મહાન છે. પણ બધાના ઉપરી તો સનાતન સાંબ શિવ જ છે. બધા ગ્રંથો-પુરાણો, વેદાન્તવાક્યો, સ્મૃતિઓ-શિવ સાંબને જ વિશ્વાધિક તરીકે સર્વશ્રેષ્ઠ સ્થાન આપે છે, અન્યને નહીં. ત્યાર પછી અનેક શ્લોકોમાં શિવનું વિષ્ણુ કરતાં વધારે મહત્ત્વનું અને ઉચ્ચસ્થાન હોવાનું પ્રતિપાદિત કર્યું છે અને વૈષ્ણવ વગેરેના આચારોને હીન લેખેલા છે.

**ચોથા અધ્યાય**માં દેવતાલિંગનું વિવરણ છે. દેવતાઓ શ્રૌત અને અશ્રૌત એમ બે પ્રકારના હોય છે. શ્રૌત દેવતા શિવ છે અને શ્રૌતલિંગ ત્રિપુણ્ડ્ર અને ભસ્મધારણ એ છે. વિષ્ણુએ અશ્રૌત અર્થાત્ તન્ત્રસિદ્ધ દેવતા છે અને ઊર્ધ્વપુણ્ડ્ર અને ત્રિશૂલ વગેરે અશ્રૌતલિંગ છે. શ્રૌતલિંગની પ્રશંસા અને અશ્રૌતલિંગની નિંદા કરેલી છે. બીજાં વર્તુલ, ચતુરસ્ર વગેરે ધારણ કરવા કરતાં ભસ્મથી, વેદમન્ત્ર સાથે ત્રિપુણ્ડ્ર ધારણ કરવું, એ શ્રેષ્ઠ આચાર છે.

**પાંચમા અધ્યાય**માં મહેશ્વર મહાદેવનું ગૌરવ વર્ણવતાં કહેવામાં આવ્યું છે, કે એ જ સર્વ જન્તુઓનો સ્રષ્ટા, ભર્તા અને સંહર્તા છે. એના સરખો કે એનાથી પર કોઈ નથી. એજ વિષ્ણુ વગેરે રૂપોથી રહેલો હોઈ એ બધા દેવોની સૃષ્ટ્યાદિકર્તૃતા અને ભોગમોક્ષપ્રદત્વ શિવના પ્રસાદથી જ છે. મનુષ્ય, જમ્બુદ્વીપનિવાસી, અન્તરાલ, પ્રાતિલોમજ, અનુલોમજ, વર્ણજ, વૈશ્ય, ક્ષાત્રય, એ બધા ક્રમથી એક બીજા કરતાં વરિષ્ઠ છે, એ બધાથી વિપ્ર સર્વશ્રષ્ઠ છે. ભૂદેવ, દેવતા, બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર એ ક્રમથી દેવતાઓમાં શ્રેષ્ઠ છે. રુદ્ર જ પરમેશ્વર સર્વશ્રેષ્ઠ છે. વરિષ્ઠોનો સંબંધ જ યોગ્ય છે, તેથી બ્રાહ્મણના દેવતા શિવ જ છે. ઇતર દેવતાઓ સંકરજાતિના, ઇન્દ્ર શૂદ્ર, પિતામહ વૈશ્ય, હરિ ક્ષત્રિય અને રુદ્ર બ્રાહ્મણ દેવતા છે.

**છઠ્ઠા અધ્યાય**માં ઉત્તમ ગુરુનું વિવરણ છે. શ્રુતિસ્મૃતિસિદ્ધ ધર્મનું આચરણ કરવું જોઈએ. કેટલાક લોકો શૈવાગમ, વૈષ્ણવાગમ અને બ્રહ્મતન્ત્ર અનુસાર તન્ત્રધર્મ કહે છે. પણ વાસ્તવિક શ્રુતિસ્મૃતિસિદ્ધ વર્ણાશ્રમધર્મનું જ આચરણ કરવું જોઈએ. મહાદેવની જ આરાધના કરવી જોઈએ. ત્રિપુણ્ડ્ર, ભસ્મધારણ, રુદ્રલિંગાર્ચન એ મુખ્ય ધર્મકાર્યો છે. કર્ણપાશ, શિખા, કણ્ઠ અને હાથમાં રુદ્રાક્ષ ધારણ કરવાં જોઈએ. વૈદિક આચાર કરનાર લોકો રુદ્રના પ્રસાદથી જ ભવબન્ધથી મુક્ત થયા. બ્રાહ્મણના વૈભવનું વર્ણન કરતા **સાતમા અધ્યાય**માં ત્રણ પ્રકારના બ્રાહ્મણની પ્રથમ વ્યાખ્યા આપવામાં આવી છે. જન્મથી, વેદના માર્ગનું અનુસરણ કરવાથી અને બ્રહ્મવિદ્યાના બલથી એમ બ્રાહ્મણના ત્રણ પ્રકાર–એમાં અનુક્રમે પછીનો વરિષ્ઠ છે. રાજાએ બ્રાહ્મણનું રક્ષણ કરવું જોઈએ–એને તકલીફ આપનારને દણ્ડ દેવો જોઈએ. ત્રણેય પ્રકારના બ્રાહ્મણોનું અપમાન ન કરવું. બ્રાહ્મણ સાક્ષાત્ પરદેવતા છે.

**આઠમા અધ્યાય**માં સંસારચ્છેદક જ્ઞાનનું મહત્ત્વ વર્ણવેલું છે. કર્મ અને જ્ઞાન વેદ અને વેદાન્તોમાં સંસારચ્છેદના કારણ તરીકે પ્રતિપાદિત છે, એમાં જ્ઞાન જ શ્રેષ્ઠ છે. જ્ઞાન બે પ્રકારનું–સાક્ષાત્ પરતત્ત્વ એ જ જ્ઞાન અને અન્ય કારણથી જ્ઞાન થાય તે બીજું. તત્ત્વાવેદક–મૃષાર્થવિષયક–જ્ઞાનના બે પ્રકાર–વેદાન્તવાકયોથી પ્રાપ્ત બ્રહ્મજ્ઞાન પ્રથમ પ્રકારનું–બીજા જ્ઞાનને વ્યાવહારિક દશામાં મિથ્યાજ્ઞાન કહેવામાં આવે છે. પરમવિજ્ઞાન માટે નિત્યકર્મો આવશ્યક છે. વેદમૂલક મન્વાદિશાસ્ત્રો, અને પુરાણોનો આદરભાવથી કાયમ આશ્રય કરવો. અક્ષપાદ, કણાદ, સાંખ્યયોગમાંથી શ્રુતિવિરુદ્ધાંશનો ત્યાગ કરવો. બૌદ્ધ, અર્હોદિત, લોકાયતિક, પાખંડ શાસ્ત્રોનો ત્યાગ કરવો. પાણિનીય મહાશાસ્ત્ર, તેમજ જૈમિનિ અને વ્યાસનાં શાસ્ત્રોમાં શ્રુતિ-વિરુદ્ધાંશ નથી, તેથી તે સમગ્ર ગ્રાહ્ય છે.

**નવમા અધ્યાય**માં બ્રાહ્મમુહૂર્તમાં શિવના ધ્યાનથી પ્રારંભ કરી, દન્તધાવન, સ્નાન, સંધ્યા, શિવલિંગાર્ચન, જપ, બ્રહ્મયજ્ઞ, તર્પણ ઈત્યાદિ સર્વ નિત્યકર્મોનું વિસ્તારપૂર્વક વિવેચન છે. નિત્યકર્મોથી ચિત્તશુદ્ધિ અને ક્રમશઃ બ્રહ્મવિજ્ઞાન થાય છે.

**દશમા અધ્યાય**માં ઉપનીત દ્વિજે ગુરુ પાસેથી આચારનું શિક્ષણ લેવું જોઈએ એમ જણાવી, નિષિદ્ધ આચારોનો પરિત્યાગ કરવાનું કહેલું છે. અધ્યયનના અને આચારના નિયમો સાથે જ, બીજાં વર્જ્ય કૃત્યોનું વર્ણન–છત્ર પાદુકાદિ ન ધારણ કરવાં, હર્ષ, શોક, આલસ્ય વગેરેનો ત્યાગ, અષ્ટમી વગેરે પર્વોએ અને વિશિષ્ટ વારોએ અભ્યંગ વગેરે વર્જ્ય.

**અગિયારમા અધ્યાય**માં પાપકર્મીઓનું આચરણ કેવું હોય છે તે વર્ણવેલું છે. તેઓ મહાદેવ, વિષ્ણુ, બ્રહ્મા વગેરે દેવોની નિન્દા કરે છે. બીજા દેવોને મહાદેવના સરખા માને છે. શિવને સર્વશ્રેષ્ઠ અને ચેતનાચેતનના મૂલકારણ તરીકે માનતા નથી. આત્મજ્ઞાનની નિન્દા, શાન્ત્યાદિસાધનોનો અસ્વીકાર, યજ્ઞોનો અને ત્રિપુણ્ડ્ર, ભસ્મધારણાદિ કૃત્યોનો ત્યાગ કરે છે અને ઊર્ધ્વપુણ્ડ્ર, ત્રિશૂલ, વર્તુલ, ચતુરસ્રક વગેરે ધારણ કરે છે, શંખચક્ર વગેરેથી અંકિત થાય છે. અવિમુક્તક, કુરુક્ષેત્ર, પુણ્ડરીકપુરનો આશ્રય કરતા નથી, કીકટ પ્રદેશમાં રહે છે અને વશીકરણ, મારણાદિ કૃત્યો કરે છે.

**બારમા અધ્યાય**માં અભક્ષ્યાન્નનું વિવરણ છે. અભક્ષ્યભક્ષણથી ચિત્તકાલુષ્ય જન્મે છે. ધર્મ દેખાતો નથી. અધર્મ ધર્મરૂપે ભાસે છે. સ્વયંપ્રકાશ પરબ્રહ્મ ભાસમાન થતું નથી તેમ લાગે છે. બ્રહ્મવિદ્યાની ઇચ્છા થતી નથી. આ બધું અન્નનું પરિણામ. કેટલાક પ્રકારનું અન્ન પરબ્રહ્મના જ્ઞાનને પ્રતિબંધક છે. કેટલુંક અન્ન બ્રહ્મહત્યા, સુરાપાનાદિનું કારણ અને જનક હોય છે. કોનું અન્ન વર્જ્ય છે તે અને વૃન્તાક-ગૃંજન ઇત્યાદિ નિષિદ્ધ પદાર્થો છે. ભક્ષ્યભક્ષણથી ચિત્તશુદ્ધિ, ક્રમથી જ્ઞાનપ્રાપ્તિ, અજ્ઞાનગ્રંથીનો ભેદ થાય છે.

**તેરમા અધ્યાય**માં મહાપાતકો અને અગમ્યાગમનના પ્રાયશ્ચિત્તનું વિવરણ છે. સર્વપાપવિશુદ્ધિ માટે ध्यायेद्देवं त्र्यम्बकम्.

**ચૌદમા અધ્યાય**માં પ્રસિદ્ધ અને ગુપ્ત એવાં બધાં પાપોના પ્રાયશ્ચિત્તસાધન તરીકે જ્ઞાનાગ્નિની પ્રશંસા, તત્ત્વજ્ઞાનનિરૂપણ, શ્રવણમનનનિદિધ્યાસનથી અને શાંત્યાદિપ્રાપ્તિ થયા પછી શિવના પ્રસાદથી બ્રહ્મજ્ઞાન થતાં અજ્ઞાનનિવૃત્તિ, કર્તૃતાભોક્તૃતાનિવૃત્તિ, ઘટાકાશ, મઠાકાશાદિ ભેદ દૂર થવા, એકત્વની પ્રતીતિ, જલના હલનચલનથી સૂર્યનું હલનચલન થતું નથી, તેમ અક્રિય આત્મામાં કર્તૃત્વ દેખાતું નથી એવી પ્રતીતિ, વર્ણાશ્રમ-વયોવસ્થાદિ ભેદ દૂર થવા વગેરે. આ અદ્વૈતવિજ્ઞાન જ બધાં પાપોના નાશ માટે સમર્થ છે. જ્ઞાન જેવું અન્ય પાપપ્રક્ષાલક નથી.

**પંદરમા અધ્યાય**માં શિવ અને પાર્વતીના સંવાદદ્વારા સર્વપાપોનાં પ્રાયશ્ચિત્ત માટે તીર્થયાત્રાનું વિધાન, સંસારવિષવૃક્ષ માટે કુઠારરૂપ અવિમુક્ત ક્ષેત્રની પ્રશંસા, સંસારવિષદગ્ધ અગતિક લોકો માટે મહૌષધ, સર્વપાપોનું નિવર્તક, ત્રિવિધ અવિમુક્તક ક્ષેત્ર—આધિભૌતિક આધિદૈવિક અને આધ્યાત્મિક, વરણા અને નાસા વચ્ચે ( ભ્રૂ અને નાકની સંધીનો ભાગ ) વારાણસી, અવિમુક્તક ક્ષેત્ર અથવા પુણ્ડરીકપુરનો આશ્રય કરવો વ. વિષય છે. શ્રી કાલહસ્તીશ્વર, સેતુતીર્થ વગેરે પણ પાપવિનાશક છે.

**સોળમા અધ્યાય**માં શિવની બે પ્રકારની પૂજાવિધિનું વર્ણન, આવાહન-વિસર્જનાદિ ક્રિયાકલાપ અને કર્તૃતારહિત **પરાપૂજા** પ્રમાતા, પ્રમાણ, પ્રમેય, પ્રમિતિ એ બધું પરાચિદ્દ્જ છે એ જ્ઞાન પરાપૂજા છે. આ બધું વિશ્વ ( ચર અને અચર ) શિવજીનુંજ વિગ્રહરૂપ છે એ જ્ઞાન શિવની પરા પૂજા છે. સામાન્ય લોકોએ લિંગમાં શિવાર્ચન કરવું. પૂજાનો ક્રમ—પ્રણવ, પંચાક્ષર મન્ત્ર અથવા ત્ર્યંબક મંત્રથી પૂજા. સારાંશ જ્ઞાન કે ક્રિયાથી શિવની પૂજા કરવી વગેરેનું નિરૂપણ છે.

**સત્તરમા અધ્યાય**માં પરતત્ત્વનું વિવેચન અદ્વૈત તત્ત્વજ્ઞાન અનુસાર કરવામાં આવ્યું છે. દ્વૈત માયામાત્ર છે. પરમાર્થતઃ અદ્વૈત જ છે. દૃશ્ય જગત્ શુક્તિકારજતવત્ અજ્ઞાનથી કલ્પિત છે. સત્ય-જ્ઞાન-આનંદ એ પરવસ્તુનું સ્વરૂપ છે, ગુણો નથી. જે સામ્બ સદાશિવની પરામૂર્તિનું ધ્યાન બ્રહ્મા, વિષ્ણુ, વગેરે નિરંતર કરે છે, એ પરતત્ત્વને જાણ્યા પછી ગુરુના અનુગ્રહ અને ભવાનીશંકરના પ્રસાદથી મુક્તિ મળે છે. પ્રથમ મૂર્તિધ્યાન અને ક્રમશઃ પરવિદ્યાની પ્રાપ્તિ યોગ્ય છે. ભોજન વિના ક્ષુધાનિવૃત્તિની ઇચ્છા વ્યર્થ છે, તેમ સાધન વિના ફલ શક્ય નથી.

**અંતિમ અઢારમા અધ્યાય**માં શાસ્ત્રાર્થસંક્ષેપ એ મુખ્ય વિષય પણ અહીં અદ્વૈત તત્ત્વજ્ઞાનનું સારગર્ભ પણ વિસ્તૃત વિવેચન છે. શાસ્ત્ર શાસનાત્ અથવા શંસનાત્ બને છે. શાસન દ્વિવિધ–વિધિ અને નિષેધશંસન ભૂતવસ્તુપર હોય છે, ક્રિયાપર નહીં. બ્રહ્મવિદ્ માટે ભેદમૂલક શાસ્ત્ર આવશ્યક નથી બંધ અને મોક્ષ મોહથી આત્મામાં કલ્પિત છે. બધાં શાસ્ત્રો સૂત્ર, વ્યાખ્યા, ભાષ્ય, વાર્તિક વગેરે શિવજીની કૃપાથી મુનિઓ રચે છે. ભેદ એ દશ્યધર્મ છે. બિમ્બપ્રતિબિમ્બભાવ–જીવ અને બ્રહ્મ વચ્ચે ઐક્યવિજ્ઞાનથી અજ્ઞાન નષ્ટ થાય છે.–જીવનમુક્ત પુણ્યપાપથી પર થાય છે, કેવલ પ્રારબ્ધકર્મનો ભોગ રહે છે. પછી માયાનું વિવેચન કરી પુરાણનો ઉપસંહાર કરેલો છે.

પ્રસ્તુત પુરાણમાં આવતાં નીચેના ગ્રંથો–ગ્રંથકારો, દર્શનદાર્શનિકોના ઉલ્લેખો નોંધપાત્ર છે. **आथर्वणीश्रुति:** ( II. 53 ). **जाबालोपनिषत** ( XV. 29 ), **जाबाला:** ( IX. 66 ), **अष्टादश पुराणानि** ( III. 16 ), **वैष्णवानि पुराणानि** ( III. 14, 17 ), **माहेश्वराणि पुराणानि** ( III. 11 ), **भारतादि:** ( II. 34, 38, 44, III. 9, X. 61 ), **द्वे ब्राह्मे** ( III. 15 ), **आग्नेयं पुराण** ( III. 15 ), **पावकस्य पुराणे** ( III. 22 ), **सौरं पुराणम्** ( III. 15, 22 ), **उपपुराणानि** ( I. 28-31 ), **अक्षपाद:, कणाद:, सांख्ययोग, पाणिनीयं महाशास्त्रं, जैमिनीयं, वैयासकं, बौद्धं, अर्होदित, लोकायतिकं, पाषण्डशास्त्रं** ( VIII. 28-31 ), **पांचरात्र** ( III. 30, X. 65, XI. 14 ), **कापालिक–पाषण्डमतं** ( XI. 14 ), **भागवततंत्र** ( III. 30 ), **शैवागमं** ( VI. 4 ), **वैष्णवागमं** ( VI. 4 ), **ब्रह्मतन्त्रं** ( VI. 4 ).

નીચેનાં સ્થળોનો આ ઉપપુરાણમાં ઉલ્લેખ આવે છે.

**अविमुक्त** ( XI. 5, 15, 31 ), **वाराणसी** ( XVI. 36 ), **भागीरथी** ( XV. 16, 18, ), **व्याघ्रपुरं** ( XVI. 37 ), **पुण्डरीकपुरं** ( XV. 82, XI. 15 ), **रामेश्वरं** ( XV. 86-87 ), **सेतुतीर्थ** ( XV. 86-87 ), **कालहस्तीश्वरं** ( XV. 85, XVI. 37 ), **गन्धमादनपर्वत:** ( XV. 86 ), **मेरुपर्वत:** ( I. 2 ) **कुरुक्षेत्रं** ( XI. 15 XV. 11 ), **कीकटं** ( XI. 16 ).

પ્રસ્તુત શોધપત્રમાં પ્રથમ આપણે જોયું કે અનેક પુરાણો, ઉપપુરાણો અને ગ્રંથોમાં આવતી ઉપપુરાણોની યાદીઓમાં પરાશર ઉપપુરાણનો સ્પષ્ટ નિર્દેશ છે એ આ ઉપપુરાણની પ્રાચીનતાનું દ્યોતક છે. પણ આ પુરાણના સમયનિર્ધારણ માટે એક અત્યંત મહત્ત્વનો પુરાવો મળે છે. માધવાચાર્યની ( 1300–1380 A. D. ) પરાશરસ્મૃતિની ટીકામાં ( II. II. ch. 12 PP. 276–277 ) પરાશર ઉપપુરાણમાંથી એક ૨૬ લીટીનું લાંબું ઉદ્ધરણ આવે છે.[૭] એ શ્લોકો પ્રસ્તુત ઉપપુરાણમાં ( અ. ૧૮ શ્લોક. ૭૮–૯૦ ) મળે છે. એના પરથી એ સિદ્ધ થાય છે કે પ્રસ્તુત ઉપપુરાણ માધવાચાર્યના સમયમાં ઉપલબ્ધ હતું અને એટલે જ **તેની રચના ૧૩મી સદી પહેલાં** નિશ્ચિતરૂપથી થઈ હતી.

---

૭ ઈસ્લામપુરકર પંડિત વામનશાસ્ત્રી ( સં. ) પરાશરસ્મૃતિ—માધવાચાર્યકૃત વ્યાખ્યાસહિત, મુંબઈ, ૧૯૦૬, પ્રાયઃ કાં. ૨, દ્વાદશોઽધ્યાયઃ Vol. II, Part II pp. 276–277.

### ઉપસંહાર—

આવા આ મહત્ત્વના પ્રાચીન ઉપપુરાણની ૬ હસ્તપ્રતો વડોદરાના પ્રાચ્યવિદ્યા મંદિરમાં ( Acc. No. 347, 1036, 2043, 6781, 11334, 12702 ) ઉપલબ્ધ છે. ભારતમાં બીજા અનેક ગ્રંથભંડારોમાં પણ આની હસ્તપ્રતો ઉપલબ્ધ છે. આ લેખક આ ઉપપુરાણ અંગે અભ્યાસ, સંશોધન અને સંપાદન કરવાનો પ્રયત્ન કરે છે.

**લેખકોને :**

૧ પાનની એક જ બાજુએ, ટાઈપ કરેલા અને એ શક્ય ન હોય તો શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા. ટાઈપ નકલમાં ટાઈપકામની ભૂલોને સુધાર્યા પછી જ લેખ મોકલવો. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણે જોડણી રાખવી આવશ્યક છે. લેખની મૂળ પ્રત જ મોકલવી. લેખની કાર્બન નકલ મોકલો ત્યારે તે અંગેનું સ્પષ્ટ કારણ જણાવવું.

૨ લેખમાં અવતરણો, અન્ય વિદ્વાનોનાં મંતવ્યો ટાંકવામાં આવે તો તે અંગેનો સંદર્ભ પૂરેપૂરી વિગત સાથે આપવો અનિવાર્ય છે. પાદટીપમાં એ સંદર્ભની વિગત આપતાં લેખક અથવા સંપાદક/સંશોધક (અટક પહેલી), ગ્રંથ, પ્રકાશક, પ્રકાશનવર્ષ, આવૃત્તિ, પૃષ્ઠ, એ ક્રમ જાળવવો જરૂરી છે.

૩ 'સ્વાધ્યાય'માં છપાયેલ સર્વ લેખોનો કૉપીરાઈટ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા હસ્તક છે. લેખકે અથવા અન્ય કોઈએ લેખમાંનો કોઈ અંશ લેખિત પરવાનગી વગર પુનર્મુદ્રિત કરવો નહીં.

૪ સંક્ષેપશબ્દો પ્રયોજતા પહેલાં એ શબ્દો અન્ય સ્થાને પૂરેપૂરા પ્રયોજેલા હોવા જોઈએ.

૫ પાદટીપોનો ક્રમ સળંગ રાખી જે તે પૃષ્ઠ ઉપર તે તે પાદટીપોનો નિર્દેશ જરૂરી છે.

---

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક : **રામકૃષ્ણ તુ. વ્યાસ**

વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

**લવાજમ :**

—ભારતમાં...રૂ. ૨૦ = ૦૦ પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં...યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે...૬ ડૉલર (ટપાલખર્ચ સાથે)

—યુરોપ અને અન્ય દેશો માટે...પૌં. ૨.૫૦ (ટપાલખર્ચ સાથે)

આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા ગ્રંથ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમવર્ષ નવેમ્બરથી ઑક્ટોબર સુધીનું ગણાય છે, જે આ સરનામે મોકલવું—**નિયામકશ્રી, પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨.**

**જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મંદિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨

# વૈદિક–જૈન યોગપ્રણાલીઓ

**હરનારાયણ ઉ. પંડ્યા***

√**युज्** ધાતુમાંથી નિષ્પન્ન થયેલા યોગ શબ્દના પચાસ કરતાં વધુ **અર્થો** છે, જેમાં જોડવું અને સમાધિ એ અર્થો પ્રાચીન છે. પાણિનીય વ્યાકરણમાં √**युज्** યોગે [ ग. 7 ] અને √**युज्** સંયમને [ ग 10 ] **संयमो बन्धनमिति दुर्गोदासः** ] ધાતુ જોડાણપરક **અર્થ**માં **અને** √**युज्** સમાધૌ [ **समाधिश्चित्तवृत्तिनिरोधः** ] [ ग. 4 ] ધાતુ સમાધિપરક અર્થમાં છે. આ બે અર્થોમાંથી જોડાણપરક **અર્થ** પ્રાચીન છે, જ્યારે સમાધિપરક અર્થ ઉપનિષદ્કાળમાં સ્થિર થયો.

ઉપનિષદોમાં નિરૂપાયેલી વિવિધ યોગપ્રણાલીઓ જોતાં એવું અનુમાન કરી શકાય કે વૈદિક કાળમાં અનેક યોગમાર્ગો હતા. પાતંજલયોગદર્શનમાં યોગનું અત્યંત સુવ્યવસ્થિત નિરૂપણ થયું છે. અહીં યોગકુંડલી આદિ ૧૦ ઉપનિષદો, પાતંજલયોગદર્શન [ પા. યો. ], અને ભગવદ્ગીતા [ ગીતા ]ના પરિપ્રેક્ષ્યમાં હરિભદ્રરચિત યોગદૃષ્ટિસમુચ્ચય અને યોગવિંશિકા તેમજ હેમચન્દ્ર-રચિત યોગશાસ્ત્ર [ યો. શા. ]ની પ્રણાલીની સ્થૂળ તપાસ અભિપ્રેત છે.

યોગશિખાઉપનિષદ્માં પ્રાણ–અપાન; રજ–રેતસ્; સૂર્ય-ચન્દ્ર અને જીવાત્મા–પરમાત્માના સંયોગને યોગ કહ્યો છે [ 1–68; 69 ]. ગીતામાં કર્મની કુશળતા અને સમત્વને યોગ કહ્યો છે.[1] પાતંજલયોગદર્શનમાં ચિત્તવૃત્તિના નિરોધને યોગ કહ્યો છે. હરિભદ્ર મોક્ષથી જોડનાર પરિશુદ્ધ સર્વ ધર્મવ્યાપારને યોગ કહે છે અને હેમચન્દ્ર યોગને જ્ઞાનદર્શનચારિત્રરૂપ માને છે.[2] આ વ્યાખ્યાઓમાં ઉપર્યુક્ત બન્ને અર્થો છે, અલબત્ત ગીતામાં દુઃખસંયોગના વિયોગને પણ યોગ કહ્યો છે ખરો.[3] અહીં સંયોગનો અભાવ એવો અર્થ છે. આમાંની કેટલીક વ્યાખ્યાઓ ઉપાયનું સૂચન કરે છે તો કેટલીક વ્યાખ્યાઓ લક્ષ્યાંકનું સૂચન કરે છે.

યોગતત્ત્વ ઉપ.માં મંત્ર, લય, હઠ, રાજ, આરંભ, ઘટ, પરિચય, અને નિષ્પત્તિ એમ વિભિન્ન યોગમાર્ગોનો ઉલ્લેખ છે [ 19; 20 ]. ગીતામાં ૧૮ કરતાં વધારે માર્ગોનું નિરૂપણ છે. પછીના કાળમાં વિભિન્ન યોગમાર્ગોનો સમન્વય કરવાનો પ્રયાસ થયો છે, એવું અનુમાન યોગશિખા

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે–ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૧૫૭–૧૬૨.

*૧૫ આમ્રકુંજ સોસાયટી, કૉલેજ સામે, કલોલ [ ઉ. ગુ. ] 382 721.

૧ ગીતા = ભગવદ્ગીતા ૨.૪૮;૫૦

૨ યોગવિંશિકા = [ યો. વિ. ] ૧; યોગશાસ્ત્ર [ યો. શા. ] ૧.૧૫.

૩ ગીતા ૬.૨૩

ઉપનિષદ્‌ના આધારે કરી શકાય, કારણ કે ત્યાં મંત્ર, હઠ, લય અને રાજયોગને યોગની અભ્યંતર ભૂમિકાઓ તરીકે નિરૂપ્યા છે.[૪]

શાંડિલ્ય ઉ.માં ચિત્તનાશ માટેના યોગ અને જ્ઞાન એમ બે માર્ગો બતાવ્યા છે.[૫] જ્યારે યોગતત્ત્વઉ., મંડલબ્રાહ્મણ અને યોગશિખાઉ.માં જ્ઞાન તેમ જ યોગ બન્નેને અનિવાર્યરૂપે એકબીજાના સહાયક માન્યા છે.[૬] યોગશિખાઉ માં યોગ>જ્ઞાન>યોગ એમ બન્નેને એકબીજાના કાર્યકારણરૂપે માન્યા છે છતાં જ્ઞાનપ્રાપ્તિ કરતાં યોગપ્રાપ્તિને વિશેષ દુષ્કર કહી છે.[૭] ગીતામાં વિવિધ યોગોમાં જ્ઞાન પણ એક યોગ છે. તેથી જ્ઞાન અને યોગ અભિન્ન છે. જૈન પરંપરામાં કેવલજ્ઞાનનું કારણ ધ્યાન છે તે રીતે જ્ઞાનનું કારણ યોગ છે, જ્યારે બીજી તરફ હેમચંદ્ર યોગને જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ કહે છે તે રીતે યોગ અને જ્ઞાન અભિન્ન છે.

કેટલીક યોગપ્રણાલીઓ યોગનાં આઠ અંગો સ્વીકારે છે, જ્યારે કેટલીક યોગપ્રણાલીઓ ૭ કે તેથી ઓછાં અંગો સ્વીકારે છે:—જેમ કે, મંડલબ્રાહ્મણ, શાંડિલ્ય, યોગતત્ત્વ અને પાતંજલયો. આઠ અંગો સ્વીકારે છે, જ્યારે ધ્યાનબિંદુ અને યોગચૂડામણિ યમ–નિયમ સિવાયનાં ૬ અંગો સ્વીકારે છે, યોગશિખા અને યોગકુંડલી આસન, પ્રાણાયામ અને ધ્યાન સ્વીકારે છે, બ્રહ્મબિંદુ, મૈત્રેયી અને અદ્વયતારક માત્ર ધ્યાનનો જ સ્વીકાર કરે છે. આ બધી યોગપ્રણાલીઓમાં પાતંજલયો.ની અષ્ટાંગપ્રણાલી એટલી સુવ્યવસ્થિત અને સુનિરૂપિત હતી કે જેથી તેનો સવિશેષ પ્રચાર–પ્રસાર થયો, પરિણામે યોગતત્ત્વઉ.માં હઠયોગનું નિરૂપણ પણ યમ–નિયમાદિ આઠ અંગોના સંદર્ભમાં થયું. જૈનપરંપરામાં પણ હરિભદ્રે યોગદૃષ્ટિસમુચ્ચયમાં અને હેમચન્દ્રે યોગશાસ્ત્રના ૧થી ૧૧ અધ્યાયોમાં અષ્ટાંગપ્રણાલી સ્વીકારી, અલબત્ત, બીજી તરફ હરિભદ્રે યોગવિંશિકામાં અને હેમચન્દ્રે યોગશાસ્ત્રના બારમા અધ્યાયમાં ધ્યાનને સીધા જ સ્પર્શતા સરળ અને વ્યવહારુ યોગમાર્ગનું પણ નિરૂપણ કર્યું.

મંડલબ્રાહ્મણમાં યમની સંખ્યા ચારની છે જેમ કે:—ઠંડી, ગરમી, આહાર અને નિદ્રા એ ચાર ઉપર વિજય, સદાશાન્તિ, નિશ્ચળતા અને ઈન્દ્રિયનિગ્રહ.[૮] પાતંજલયોગદર્શનમાં ઈન્દ્રિયનિગ્રહ એ પ્રત્યાહાર છે. જૈનપરંપરામાં ઠંડી, ગરમી પરિષહ છે. શાંડિલ્યઉ.માં યમની સંખ્યા ૧૦ની છે જેમ કે:—અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, દયા આર્જવ, ક્ષમા, ધૃતિ, મિતાહાર અને શૌચ. પાતંજલયો.માં પ્રથમના ચાર ઉપરાંત અપરિગ્રહ એમ પાંચ યમ છે.

---

૪ યોગશિખા ઉ. ૧.૧૨૯. પૃ. ૨૩૦.

૫ શાંડિલ્ય ઉ. ૧.૨૪; ૩૪. પૃ. ૭૨.

૬ યોગતત્ત્વ ઉ. ૧૪;૧૫. મંડલબ્રાહ્મણ ૧–૧ પૃ. ૧૭૬; યોગશિખા ૧.૧૨ થી ૧૪

૭ जन्मान्तरैश्च बहुभिः योगो ज्ञानेन लभ्यते ।
ज्ञानं तु जन्मनैकेन योगादेव प्रजायते ॥ યોગશિખા ઉ. ૧.૫૨; ૫૩

૮ મંડલબ્રાહ્મણ ૧.૧ પૃ. ૧૭૬.

શૌચનો અંતર્ભાવ નિયમમાં કર્યો છે.[૯] પા. યો. સંમત યમ જૈનપરંપરામાં પાંચ મહાવ્રત છે. આમ પછીના કાળમાં યમની સંખ્યા પાંચની સ્થિર થઈ જે સર્વથા યોગ્ય અને પર્યાપ્ત હતી.

મંડલબ્રાહ્મણમાં નિયમો આઠ છે જેમ કે :—ગુરુભક્તિ, સત્યમાર્ગમાં અનુરાગ, અનાયાસે મળેલી વસ્તુથી સંતોષ, અનાસક્તિ, એકાન્તવાસ, મનસંયમ, ફળની અનાકાંક્ષા અને વૈરાગ્ય. ગીતામાં આમાંની ઘણી બાબતો સ્વીકારાઈ છે. શાંડિલ્યઉ.માં નિયમો ૧૦ છે :—તપ, સંતોષ, આસ્તિકય, દાન ઈશ્વરપૂજન, સિદ્ધાન્તશ્રવણ લજ્જા, મતિ(શ્રદ્ધા), જપ અને વ્રત. પાતંજલયો.માં નિયમો પાંચ જ સ્વીકારાયા છે જેમકે શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય [શાંડિલ્યસંમત સિદ્ધાન્તશ્રવણ અને જપ] અને ઈશ્વરપ્રણિધાન.[૧૦] યોગદૃષ્ટિ સમુચ્ચયમાં અનુદ્વેગ, જિજ્ઞાસા, યોગકથામાં પ્રીતિ આદિ નિયમો છે. યોગશાસ્ત્રમાં સંતોષ, શૌચ, સ્વાધ્યાય અને તપનો ઉલ્લેખ છે.[૧૧] શાંડિલ્યસંમત મતિ જૈનસંમત શ્રદ્ધાનુરૂપ દર્શન છે.

યોગકુંડલી શાંડિલ્ય આદિ કેટલાંક ઉપનિષદોમાં પદ્મ, વજ્ર, સ્વસ્તિક આદિ આસનોનો ઉલ્લેખ છે.[૧૨] મંડલબ્રાહ્મણમાં સુખાસન વૃત્તિ ઉપરાંત **ચીરવાસ** [ફાટેલાં વસ્ત્ર પહેરવાં] અથવા [વલ્કલ] ધારણને પણ આસન કહ્યું છે. પાતં.યો.માં સુખાસનનો સ્વીકાર થયો છે. હરિભદ્ર અને હેમચંદ્ર પણ એનું જ સમર્થન કરે છે.[૧૩]

બધી જ વૈદિક પ્રણાલીઓ એક યા બીજી રીતે પ્રાણાયામનો સ્વીકાર કરે છે. હઠયોગમાં પ્રાણાયામના માધ્યમથી જ સિદ્ધિના શિખરે પહોંચાય છે.[૧૪] પરંતુ જૈનપરંપરા પ્રાણાયામ તરફ અરુચિ ધરાવે છે.[૧૫] જો કે હેમચંદ્ર પૂર્વાચાર્યોના મતનું સમર્થન કરતાં કહે છે કે, પ્રાણાયામથી મનની સ્વસ્થતા રહેતી નથી. ઊલટાનું ચિત્તમાં વિક્ષેપ અને પીડા થાય છે. આમ છતાં તેઓ પદસ્થ-ધ્યાનના નિરૂપણમાં કુંભકનો સ્વીકાર કરે છે ખરા. પોતાની અનુભૂત યોગપ્રણાલીમાં પણ વાયુની સ્થિરતાનો સ્વીકાર કરે છે.[૧૬]

---

૯ શાંડિલ્ય ઉ. ૧.૧; પાતંજલયોગદર્શન [પા. યો.] ૨.૩૦; ૩૨.

૧૦ મંડલબ્રાહ્મણ ૧.૧; શાંડિલ્ય ૧.૨; પા. યો. ૨.૩૨

૧૧ યોગદૃષ્ટિસમુચ્ચય ૪૧ થી ૪૮; યોગશાસ્ત્ર સંતોષ ૨.૧૧૪; શૌચ ૩.૧૨૨; સ્વાધ્યાય ૩.૧૨૯; તપ ૪,૮૮ થી ૯૦

૧૨ યોગકુંડલી ૧.૪ થી ૬; શાંડિલ્ય ૧.૩;

૧૩ **सुखासनवृत्तिश्चीरवासाश्चैवमासननियमो भवति ।मण्डल ब्रा. १-१;**
પા. યો. ૨.૪૬; યોગદૃષ્ટિસમુ. ૪૯. યોગશાસ્ત્ર ૧૨.૨૨.

૧૪ યોગતત્ત્વ ઉ. ૨૫ થી ૧૨૮.

૧૫ **असासं ण णिरुंभई आ. नि. १५१०, उद्धृत योगविंशिका.** ૨.૫૫ લેશવ્યાખ્યા

૧૬ યોગશાસ્ત્ર ૬.૪; **सर्वावयवसंपूर्णं कुंभकेन विचिन्तयेत्** । યો. શા. ૮.૨૨; **कुंभकेन महामंत्रं प्रणवं परिचिन्तयेत्** । યો. શા. ૮.૩૦ **रेचकपूरककुंभककरणाभ्यासक्रमं विनाऽपि खलु । स्वयमेव नश्यति मरुत्** । યો. શા. ૧૨.૪૪; ૪૫.

પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ વિષે ખાસ તાત્ત્વિક મતભેદ નથી. પાતંજલ-સંમત સંપ્રજ્ઞાત સમાધિ જૈનસંમત પૃથકત્વ વિતર્ક અને એકત્વવિતર્ક ધ્યાન છે અને અસંપ્રજ્ઞાત સમાધિ કેવલજ્ઞાન છે.[૧૭]

મંડલબ્રાહ્મણ અને અદ્વયતારકમાં અરૂપીધ્યાનનું નિરૂપણ છે, જ્યારે યોગવિંશિકામાં પણ સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને અનાલંબન ગત અનાલંબન ઉપર ખાસ ભાર દીધો છે.[૧૮] આમ યોગવિંશિકાના નિરૂપણમા ઉપર્યુક્ત ઉપનિષદોની અસર જોઈ શકાય.

બ્રહ્મબિંદુ, મંડલબ્રાહ્મણ અને અદ્વયતારક ઉ.માં અમનસ્ક યોગનું નિરૂપણ છે. ઉ.મની-ભાવની પ્રાપ્તિ માટે વિષયોની આસક્તિ ત્યજી હૃદયમાં મનને એકાગ્ર કરવાનો ઉપાય બતાવે છે, મંડલબ્રાહ્મણ ભાવ–અભાવ આદિ દ્વન્દ્વોથી રહિત થવાનો ઉપાય સૂચવે છે, જ્યારે હેમચંદ્ર વિષયો સાથે જોડાયેલી ઇન્દ્રિયો અને ભટકતા મનની ઉપેક્ષા કરવાનો સરળ તેમ જ વ્યવહારુ ઉપાય બતાવે છે. અહીં ઇન્દ્રિય અને મનને પ્રવૃત્ત પણ કરવાનાં નથી અને નિવૃત્ત પણ કરવાનાં નથી[૧૯] ગીતામાં પણ વિષયેન્દ્રિયસંયોગ વખતે અનાસક્તિ રાખવાની વાત છે.[૨૦] અલબત્ત, હેમચન્દ્રે અનુભવસિદ્ધ આ યોગપ્રણાલીમાં ગીતા અને પાતંજલયોગસંમત અભ્યાસ અને વૈરાગ્યરૂપ ઉપાય[૨૧] ( ચિત્તને વશ કરવા માટેનો ) સ્વીકાર્યો નથી.

મંડલબ્રાહ્મણ અને હેમચંદ્રસંમત આ વિશિષ્ટ યોગપ્રણાલી બન્નેમાં ( ૧ ) શ્વાસોચ્છ્-વાસનું ઉન્મૂલન અર્થાત્ વાયુની સ્થિરતા ( ૨ ) ઇન્દ્રિયોની નિરર્થકતા, ( ૩ ) મનની પરમતત્ત્વમાં લીનતા અર્થાત્ મનોનાશ ( ૪ ) અને મનોનાશ થતાં તત્ત્વજ્ઞાનના ઉદયની વાત સમાનપણે નિરૂપાઈ છે. આવો યોગી ( ૫ ) જાગ્રત અને સુષુપ્તિ અવસ્થાથી રહિત બને છે. અને ( ૬ ) અખંડ આનંદ પ્રાપ્ત કરે છે.[૨૨]

આથી એમ સ્વીકારવું પડે કે આ અનુભવસિદ્ધ યોગપ્રણાલીનું મૂળ મંડલબ્રાહ્મણ આદિ ઉપનિષદો છે. આમ છતાં હેમચન્દ્રની આ પ્રણાલી અન્ય પ્રણાલીઓના મુકાબલે અત્યંત સરળ અને વ્યવહારુ છે. તેમનું નિરૂપણ સરળ, સુસ્પષ્ટ અને સામાન્ય જનતા સમજી શકે તેવું છે કારણ કે, તેમાં શાસ્ત્રીયતાની જટીલતા નથી. ઉપેક્ષારૂપ ઉપાય અને સરળ નિરૂપણ તેમનું પ્રદાન છે.

---

૧૭ પા. યો. ૧.૧૮ ઉપરની યશોવિજયકૃત લેશવ્યાખ્યા.

૧૮ મંડલબ્રાહ્મણ ૧.૩; અદ્વયતારક ૧૩; યોગવિંશિકા ૧૯.

૧૯ બ્રહ્મબિંદુ ૪; મંડલબ્રાહ્મણ ૩.૧; યોગશાસ્ત્ર ૧૨.૨૬ થી ૩૫

૨૦ ગીતા ૩.૭; ૫.૨૧; ૬.૪;

૨૧ ગીતા ૬.૨૬; ૩૫; પાત: યોગ ૧.૧૨.

૨૨ निश्वासोच्छ्वासाभावात्...मनः प्रचारशून्यं परमात्मनि लीनं भवति । ...मनोनाशो भवति तदेवामनस्कम् ।...अखंडानंद पूर्णः ।...मण्डलब्राह्मण ३-१; ...तुरीयातीतब्रह्मभूतो योगीभवति मण्डल ब्रा. २.५; योगशास्त्र १२.२६ थी ५१.

## સંદર્ભગ્રંથો

૧ જોશી ગિરિજાશંકર મ. (અનુ.) 'યોગકુંડલી ઉપનિષદ અને બીજાં નવ ઉપનિષદો', પ્ર. સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, ૧૯૭૫, આ. ૧.

૨ દીક્ષિત કે. કે. (સંપા.) 'યોગદૃષ્ટિસમુચ્ચય', પ્ર. એલ. ડી. ઈન્સ્ટિટયૂટ ઑફ ઈન્ડોલૉજી, અમદાવાદ, ૧૯૭૦.

૩ પટેલ વામનરાવ પ્રા. (અનુ.) 'ભગવદ્ગીતા (શાંકરભાષ્ય), પ્ર. સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, સં. ૨૦૦૫, આ. ૧.

૪ પંડિત સુખલાલજી (સંપા.). 'યોગદર્શન-યોગવિંશિકા', પ્ર. આત્માનંદ સભા, ભાવનગર, ૧૯૨૨.

૫ મુનિ બ્રહ્મલીન (સંપા.), 'પાતંજલયોગદર્શન'-વ્યાસભાષ્ય, ચૌખમ્બા પ્રકાશન, ૧૯૭૦.

૬ મુનિ નેમિચંદ્ર (સંપા.), 'યોગશાસ્ત્ર', નિર્ગ્રંથસાહિત્યપ્રકાશન, દિલ્હી, ૧૯૭૫.

## OUR LATEST MONUMENTAL PUBLICATIONS

**RAJPUT PAINTING : 2 Vols.**—ANAND K. COOMARASWAMY,
—with a Foreword by KARL J. KHANDALAVALA
*pp.* 108 *text.* 7 *Multi-coloured plates,* 96 *plates, Delhi,* 1976 *Cloth Rs.* 500
A valuable guide to understand Rajput Painting of the 14th Century A.D.; the book portrays the popular religious motifs and offers information on Hindu Customs, Cstumes and Architecture.

**A HISTORY OF INDIAN PHILOSOPHY : 5 Vols.**—S. N. DASGUPTA
*pp.* 2,500: *Delhi,* 1975: *Rs.* 200
A comprehensive study of Philosophy in its historical perspective. The author traces the origin and development of Indian Philosophy to the very beginnings, from Buddhism and Jainism, through monistic dualistic and pluralistic systems that have found expression in the religions of India.

**THE HINDU TEMPLE : 2 Vols.**—STELLA KRAMRISCH
*pp.* 308, 170 ( *text* ) + 81 *plates, Delhi,* 1976, *Cloth Rs.* 250
The work explains the types of the spiritual significance of the Hindu Temple architecture, traces the origin and development of the same from the Vedic fire altar to the latest forms, discusses the superstructure, measurement, proportion and other matters related to temple architecture.

**TAXILA : 3 Vols.**—SIR JOHN MARSHALL
*pp.* 420, 516, 246 *plates, Delhi,* 1975, *Cloth Rs.* 400
The book records the political and cultural history of N. W. India ( 500 B.C.—A.D. 500 ), the development of Buddhism, the rise and fall of political powers—Aryans, Greeks, Sakas etc. and illustrates the archaeological remains by 246 photographs.

**JAIN AGAMAS : Volume 1 Acaranga and Sutrakrtanga ( Complete )**
Ed. by MUNI JAMBU VIJAYAJI, *pp.* 786: *Delhi,* 1978, *Cloth Rs.* 120
The volume contains the Prakrit Text of the two agamas, Exposition by Bhadrabahu in Prakrit, the Sanskrit Commentary by Śilāṅka, Introduction Appendices etc. by Muni Jambu Vijayaji Maharaja.

**ANCIENT INDIAN TRADITION AND MYTHOLOGY** ( in English translation ) ( Mahāpurāṇas )—General Editor: PROF. J. L. SHASTRI. *App. In Fifty Volumes Each Vol. Rs.* 50 *Postage Extras pp.* 400 *to* 500 *each Vol.: Clothbound with Gold Letters and Plastic Cover.* In this series 12 Vols. have been published: Clothbound with Gold letters. Vols. 1-4 Śiva Purāṇa; Vols. 5-6 Liṅga Purāṇa, Vols. 7-11 Bhāgavata Purāṇa, Vol. 12 Garuda Purāṇa ( Part I ).

**INDIA AND INDOLOGY:** Collected Papers of PROF. W. NORMAN BROWN—Ed. by PROF. ROSANE ROCHER: *pp.* 38 + 304, *Cloth Rs.* 190
The book contains important contributions of Prof. W. Norman Brown to Indology: Vedic Studies and Religion, fiction and folklore, art and philology, the book contains a biographical sketch of Prof. Norman Brown and a bibliography of his writings.

**ENCYCLOPAEDIA OF INDIAN PHILOSOPHIES:** Ed. KARL H. POTTER *Vol. I Bibliography. pp.* 811, *Rs.* 80, *Vol. II Nyāya Vaiseṣika, pp.* 752, *Rs.* 150
This is an attempt by an international team of scholars to present the contents of Indian Philosophical texts to a wider public. Vol. I contains the Bibliography of the works on Indian Philosophies. Vol. II gives a historical resume, nature of a philosophical system and summaries of works beginning from Kāṇāda.

**SERINDIA :** *Demy Quarto, Vols. I-III Text, Appendices, Indices, Illustrations* 545, (*pp.* 1-1580): *Vol. IV Plates* 175, *Vol. V Maps* 94 ( Shortly )
This book is based on a report of explorations carried out by Sir Aurel Stein in Central Asia and Western most China and contains scholarly analysis of the finds by experts in their respective fields.

PLEASE WRITE FOR OUR DETAILED CATALOGUE
MOTILAL BANARSIDASS
*Indological Publishers and Booksellers*
**Bungalow Road, Jawahar Nagar, DELHI-110007 ( INDIA**

# ગીતામાં સંન્યાસનું સ્વરૂપ

ગૌતમ પટેલ*

સંન્યાસ શબ્દના શબ્દકોષગત અર્થો નીચે પ્રમાણે છે :

Putting or throwing down, laying aside, resignation, abandonment of (gen. or comp.) MBh; R; Sarvad. renunciation of the world, profession of asceticism; Mn; MBh.; etc. abstinence from food. L.; giving up the body, sudden death, W.; complete exhaustion, Suśr.; deposit, trust. R.; Mṛicch. compact, agreement, Kathās.; stake, wager MBh.; Indian spikenard, L.;[1]

ભારતીય સાહિત્યમાં પ્રાચીનતમ મનાતા અમરકોશમાં સંન્યાસ શબ્દ ઉપલબ્ધ થતો નથી. ત્યાં ભિક્ષુ, પરિવ્રાટ્, કર્મનંદી, પારાશરી, મસ્કરી તેમ જ યતિ જેવા શબ્દો મળે છે જે સંન્યાસી શબ્દથી વાચ્ય છે તે અર્થની નજીકના છે એમ કહી શકાય.[૨] હલાયુધકોશમાં 'સંન્યાસ'નો અર્થ ભોજનત્યાગ આપ્યો છે.[3] શબ્દચંદ્રિકા અનુસાર 'સંન્યાસ'નો અર્થ જટામાંસી (એક વનસ્પતિ) થાય છે. વામનપુરાણમાં, અને એને અનુસરીને બીજાં ઘણાં પુરાણોમાં, સંન્યાસનો અર્થ ચતુર્થ–આશ્રમ એવો પ્રાપ્ત થાય છે

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સંન્યાસ અને સંન્યાસયોગ એ શબ્દનો એકથી વધુ વખત ઉપયોગ થયો છે. પરંતુ ત્યાં 'કામ્ય કર્મોનો ન્યાસ' એ અર્થમાં સંન્યાસ શબ્દ પ્રયોજાયો છે.[૪] કર્મના ફળનો આશ્રય લીધા વિના કાર્ય–કર્મ કે કર્તવ્યકર્મો એટલે નિયત કર્મો (?) જે કરે તે સંન્યાસી

---

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે–ઓગષ્ટ ૧૯૮૯, પૃ. ૧૬૩–૧૬૮.

*એમ-૪, ૬૭/૫૨૧, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

1 A Sanskrit–English Dictionary by Sir Monier Monier-williams, 1960, Delhi, P. 1148

૨ જુઓ : भिक्षुः परिव्राट् कर्मनन्दी पाराशर्यपि मस्करी । अमर. ૨-૭-૪૧
ये निर्जितेन्द्रियग्रामा यतिनो यतयश्च ते । अमर. ૨-૭-૪૩

३ प्रायः स्याद्भोजनत्यागः संन्यासोऽनशनं स्मृतम् । हलायुध ७६०

४ काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।
ગીતા (સં. એસ. કે. બેલવેલકર, વારાણસી, ૧૯૬૨) ૧૮-૨

અને તે જ યોગી એમ ગીતા માને છે.[૫] મત્સ્યપુરાણ આગળ વધીને કૃત અને અકૃત કર્મોનો કુશલ અને અકુશલ કર્મોની સાથે ત્યાગ તે સંન્યાસ એમ માને છે.[૬]

'સંન્યાસ'નો આશ્રમ તરીકે ઉલ્લેખ કે સ્વીકાર ગીતા કરતી નથી. એટલું જ નહિ ગીતામાં 'આશ્રમ' શબ્દ જ નથી. વળી બ્રહ્મચર્ય આશ્રમ, ગૃહસ્થાશ્રમ કે વાનપ્રસ્થ આશ્રમનો ઉલ્લેખ પણ નથી. મનુસ્મૃતિ તો આશ્રમવ્યવસ્થા અને તેમાંય ગૃહસ્થાશ્રમનાં પેટ ભરીને વખાણ કરે છે એ સુવિદિત છે.

આ 'સંન્યાસ'ની બાબતમાં પૂર્વપક્ષ છે. **प्रजातन्तुं मा व्यवच्छेत्सी** એ સુવિદિત સુવચન અનુસાર ગૃહસ્થી બનવું એ સર્વને માટે આવશ્યક છે. પ્રજાને જન્મ આપવો એ તો ઉત્તમ કહેવાય છે એમ ગૌતમસ્મૃતિ કહે છે.[૭] વળી આ સ્મૃતિ તો પ્રત્યક્ષવિધાનને કારણે કેવળ ગૃહસ્થાશ્રમને જ એક માત્ર આશ્રમ માને છે.[૮]

ઋગ્વેદના પ્રથમમંત્રમાં પુરોહિત, યજુર્વેદના પ્રથમમંત્રમાં અધ્વર્યુનું કર્મ અને સમગ્ર સામવેદમાં ઉદ્‌ગાતાની આવશ્યક્તા દર્શાવાઈ છે. આ ત્રણે પ્રકારના બ્રાહ્મણો ગૃહસ્થી હતા. **यावज्जीवमग्निहोत्रं जुहोति**–જ્યાં સુધી જીવે ત્યાં સુધી અગ્નિહોત્રમાં હોમ કરે છે. અથવા **तं यज्ञपात्रैर्दहन्ति**–તેને યજ્ઞપાત્રોની સાથે બાળે છે. આવાં વિધાનો સ્પષ્ટપણે આજીવન ગૃહસ્થાશ્રમની-અગ્નિહોત્રની અનિવાર્યતા દર્શાવે છે. આ બ્રાહ્મણયુગના સમાજનું દર્શન છે.

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ કે અથર્વવેદ આ ચારે વેદોની સંહિતાઓનું ધ્યાનપૂર્વક અધ્યયન કરવાથી સ્પષ્ટ જણાશે કે '**संन्यास**' એવો કોઈ શબ્દ પણ આ સંહિતાઓમાં પ્રયુક્ત થયો નથી. વળી બ્રાહ્મણગ્રંથોમાં કે આરણ્યકોમાં પણ આ શબ્દ વપરાયેલો મળતો નથી. પ્રાચીન ગણાતા ઉપનિષદોમાં પણ **संन्यास**–ચતુર્થ આશ્રમના અર્થમાં નથી. વળી ધ્યાનથી જોતાં કેવળ મુંડકોપનિષદમાં **संन्यासयोगात्**[૯] શબ્દનો પ્રયોગ છે. જાબાલ મૈત્રી કે કૌષીતકિ ઉપ.માં સંન્યાસ શબ્દ છે પણ તે પાછળનાં ઉપનિષદો છે અને ત્યાં પણ ચતુર્થ આશ્રમ એ અર્થમાં આ શબ્દ નથી પ્રયોજાયો એ નિશ્ચિત છે.

---

૫ अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
स सन्यासी च योगी च — એજન, ગીતા. ૬-૧

૬ संन्यासः कर्मणां न्यासः कृतानामकृतैः सह ।
कुशलाकुशलाभ्यां तु प्रहाणं न्यास उच्यते ॥ મત્સ્યપુરાણ, द्र. वाचस्पत्यम् પૃ. ૫૨૧૯

૭ तस्मात् प्रजाजननं परमं वदन्ति ।
ગૌતમ સ્મૃતિ द्र. શ્રૌતમુનિચરિતામૃત, સ્વામી ગંગેશ્વરાનંદજી મહારાજ, પૃ. ૪

૮ एकाश्रम्यन्त्वाचार्याः प्रत्यक्षविधानात् गार्हस्थ्यस्य — એજન પૃ. ૪

૯ જુઓ: संन्यासयोगाद्यतयः शुद्धसत्त्वाः ।
મુ. ઉપ. ૩-૨-૬; મહાનારાયણ ૧૦-૬ કૈવલ્ય. ૩

બૌધાયન ધર્મસૂત્ર મુજબ કેવળ એક જ આશ્રમ છે અને તે ગૃહસ્થાશ્રમ છે. વળી તે મુજબ પ્રહ્લાદના પુત્ર અને નામે કપિલ એવા એક અસુરે દેવો સાથે સ્પર્ધામાં ઉતરીને જે કેવળ એક જ ગૃહસ્થાશ્રમ હતો તેના અનેક ભેદો કર્યા. આમ આ ધર્મસૂત્રે નોંધેલ મત મુજબ 'ડાહ્યા માણસે તે ભેદોનો આદર ન કરવો જોઈએ.'[૧૦]

ધર્મસૂત્રોમાં આપસ્તંબ ધર્મસૂત્રમાં ચાર આશ્રમોનો સ્પષ્ટ ઉલ્લેખ છે.[૧૧] આમાંય જે ચતુર્થાશ્રમી હોય તે **अनग्निः** અગ્નિ ન રાખે એટલે અગ્નિહોત્ર ન રાખે અને અગ્નિને સ્પર્શે નહિ, **अनिकेतनः** નિવાસસ્થાન વિનાના, અર્થાત્ ઘર, આશ્રમ કે મઠ વગેરે વિનાનો હોય અને **अशर्मा**–સાંસારિક કે વિષયોના સુખોથી પર હોય.[૧૨]

બૃહદારણ્યક ઉપનિષદમાં સંન્યાસ શબ્દનો પ્રયોગ નથી. પરંતુ પુત્રૈષણા અને વિત્તૈષણાથી પર થઈને આ સંસાર ત્યજીને કેવળ ભિક્ષાટન કરનારા હોય છે તેવાઓનો, એક અર્થમાં સંન્યાસીનો નિર્દેશ છે.[૧૩]

ઉપનિષદોમાં ચતુર્થ આશ્રમવાળા માટે, કહોને સંન્યાસી માટે કોઈ વેશ, સ્થાન, ક્રિયા વગેરેનો નિર્દેશ કે વિગતે ચર્ચા નથી. બૌધાયન ધર્મસૂત્ર,[૧૪] વસિષ્ઠ ધર્મસૂત્ર[૧૫] અને ગૌતમ ધર્મસૂત્રમાં[૧૬] આવી ચર્ચા છે.

---

૧૦ एकाश्रम्यन्त्वाचार्या: अप्रजनत्वादितरेषाम् । બૌ.ધ.સૂ. ૨-૬-૨૯; तत्रोदाहरन्ति प्राह्लादिर्ह कपिलो नामासुर आस, स एतान् भेदाँश्चकार देवैः सह स्पर्धमानस्तान् मनीषी नाद्रियेत । બૌ.ધ.સૂ. ૨-૬-૩૦

૧૧ चत्वारह आश्रमा गार्हस्थ्यमाचार्यकुलं मौनं वानप्रस्थम् । આ.ધ.સૂ. ૨-૧૧-૫-૧

૧૨ अनग्निरनिकेतः स्याद अशर्माऽशरणो मुनिः । આ.ધ.સૂ. ૨-૯-૨૧-૧૦ ( शर्म वैषयिकं सुखं तदस्य नास्तीत्यशर्मा )

૧૩ ते ह स्म पुत्रैषणायाश्च वित्तैषणायाश्च लोकैषणायाश्च व्युत्थायाथ भिक्षाचर्यं चरन्ति । બૃ.આ.ઉપ. ૪-૪-૨૨

૧૪ परिव्राजक: परित्यज्य बन्धून्परिग्रहः परिव्रजेद्यथाविधि । कौपीनाच्छादनः । वर्षास्वेकस्थानः कषायवासः । બૌ.ધ.સૂ. ૨-૬-૧૮, ૨૧,૨૨ ૨૩

૧૫ परिव्राजकः सर्वभूताभयदक्षिणां दत्त्वा प्रतिष्ठेत । एकशाटीपरिहितः।...स्थण्डिलशायी अनित्यां वसतिं वसेत् । ... ग्रामान्ते देवगृहे शून्यागारे वा वृक्षमूले वा । अरण्यनित्यः । વ.ધ.સૂ. ૧૦-૧,૯,૧૧,૧૨,૧૩,૧૫

૧૬ अनिचयो भिक्षुः । ... ऊर्ध्वरेता ... ध्रुवशीलो वर्षासु ... भिक्षार्थी ग्राममियात्... निवृत्ताशीः ... वाग्चक्षुः कर्मसंयतः । ગૌ.ધ.સૂ. ૧-૩-૧૦,૧૧,૧૨,૧૩,૧૫,૧૬

આપસ્તંબ ધર્મસૂત્ર મુનિને વિધિનિષેધોથી પણ પર થવાનું વિધાન કરે છે[૧૭] અને પ્રો. પી. વી. કાણે મુજબ યતિ કે સંન્યાસી વિધિનિષેધોથી પર હોય છે એ વિચાર ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદી પહેલાં પ્રસ્થાપિત થઈ ગયો હતો.[૧૮]

સંન્યાસીએ એકલા જ રહેવું જોઈએ. જો બે થાય તો દ્વંદ્વ બની જાય, ત્રણ તો ગ્રામ અને ત્રણથી વધે તો નગર બની જાય. સંન્યાસીએ દ્વંદ્વ, ગ્રામ કે નગર ન બનાવવું જોઈએ. એ બધી વાતો પ્રો. કાણેએ વિગતે નોંધી છે.[૧૯]

મનુસ્મૃતિ તેમ જ અન્ય સ્મૃતિઓમાં અને પાછળથી પુરાણોમાં સંન્યાસની વિગતે ચર્ચા છે. આ સહુમાં જે ચતુર્થ આશ્રમ તરીકે સંન્યાસની વાત છે તેને અને ગીતામાં જે સંન્યાસ છે તે બન્ને વચ્ચે અનેક કિલોમીટરનું અંતર છે. અગ્નિને અડકવું નહીં અને કર્મોનો ત્યાગ કરી દેવો જેને ધર્મસૂત્રો અને મનુ વગેરેએ સંન્યાસ ગણ્યો છે તેને ગીતા સાચો સંન્યાસ માનતી નથી. તે તો સ્પષ્ટપણે કહે છે કે—

> अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः ।
> स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः ॥[२०]

અહીં છેલ્લા પાદમાં '**न निरग्निर्न चाक्रियः**' એમ સહેતુક વિધાન કરવામાં આવ્યું છે. એ મનુ વગેરેએ દર્શાવેલ સંન્યાસનો સ્પષ્ટ વિરોધ કરવા માટે છે એ કહેવાની ભાગ્યે જરૂર રહે છે. ગીતા જ્ઞાન મળ્યા પછી પણ કર્મ કરવાની વાત કરે છે. લોકસંગ્રહ માટે જનક વગેરેએ કર્મો કર્યાં હતાં એવું સ્પષ્ટ વિધાન કરે છે અને ભગવાન પોતે પણ કર્મત્યાગમાં માનતા નથી. પોતાને કાંઈ જ કરવાનું નથી, પ્રાપ્તવ્ય નથી કે અનવાપ્ત નથી છતાં કર્મો કરે છે એમ જણાવે છે.

તો પ્રશ્ન થાય કે ગીતા જો મનુના સંન્યાસનો નિષેધ કરતી હોય તો કયા સંન્યાસને માન્ય રાખે છે? ગીતાની સંન્યાસની વ્યાખ્યા પોતાની છે. તેના મુજબ

> काम्यानां कर्मणां न्यासं संन्यासं कवयो विदुः ।[२१]

કામ્ય કર્મોનો ન્યાસ એ સંન્યાસ. કર્મમાત્રનો ત્યાગ એ સંન્યાસ નહીં કારણ યજ્ઞ, દાન, તપ જેવાં કર્મો માણસને પવિત્ર કરનાર હોવાથી તે ત્યાગવાં જોઈએ નહિ પણ અવશ્ય કરવાં

---

૧૭ सत्यानृते सुखदुःखे वेदानिमं लोकममुञ्च परित्यज्य आत्मानमन्विच्छेत् । આ.ધ.સૂ. ૨-૨૧-૧૧, સર: निस्त्रैगुण्ये पथि विचरताम् को विधिः को निषेधः ।

18 Kane, P. V. 'ascetic was beyond *Vidhi* and Niṣedha-injunction to do a thing or pohibition seems to be laid down at least before six century before christ *A History of Dharmaśāstra*, p. 940

૧૯ એજન પૃ. ૯૩૩.

૨૦ ગીતા. ૬-૧.

૨૧ ગીતા. ૧૮-૧.

જોઈએ.[૨૨] કારણ નિયત કર્મનો મોહથી કરેલો ત્યાગ એ સંન્યાસ નથી.[૨૩] કારણ કે દેહધારી (શબ્દપ્રયોગ ખાસ નોંધપાત્ર છે) માટે સંપૂર્ણપણે (**अशेषत:**) કર્મનો ત્યાગ શક્ય નથી. માટે કર્મના ફળનો ત્યાગ કરનાર સાચો ત્યાગી છે.[૨૪] અરે, એક સ્થળે તો ગીતા સ્પષ્ટ કહે છે કે કર્મ કર્યા વિના કોઈની એક ક્ષણ પણ પસાર થઈ શકતી નથી.[૨૫]

આ સહુ પરથી સિદ્ધ થાય છે કે ગીતાનું સંન્યાસની બાબતમાં પોતાનું આગવું દર્શન અને પ્રદાન છે. ગીતા સંન્યાસ માટે બાહ્ય ઉપકરણો, કષાયવસ્ત્ર, દંડ, વગેરેની વાત સર્વથા ટાળે છે. ટીલાં–ટપકાંનો તો નિર્દેશ જ નથી ચતુર્થ આશ્રમ તરીકે 'સંન્યાસ' એ ખ્યાલની નોંધ પણ ગીતા લેતી નથી. 'સંન્યાસી' થવા માટે જંગલમાં જવું જોઈએ એમ પણ ગીતા કહેતી નથી. તેને તો કર્મ કરતા રહેવું અને કર્મના ફળની આશાનો ત્યાગ કરવો એ સંન્યાસ અથવા કર્મસંન્યાસ છે. ગીતાનો સંન્યાસી કર્મત્યાગી નહિ, કર્મયોગી છે તે 'કર્મનો' ત્યાગ કરતો નથી 'કર્મમાં' ત્યાગ કરે છે.

આજના પ્રસંગે જે સંન્યાસીઓ સમાજમાં મઠ વગેરે બાંધી, આશ્રમો વસાવી, સંપત્તિ એકઠી કરી, સંપ્રદાયો ચલાવે છે કે શહેરની વચ્ચે રહે છે તે સહુ મનુસ્મૃતિ કે ધર્મશાસ્ત્રાનુસાર સંન્યાસી નથી, કારણ સંન્યાસીને તો ગોદોહનકાલથી વધુ એક સ્થળે રહેવાની છૂટ નથી. વળી એ અક્રિય, અનગ્નિ, અનિકેતન હોય એ સ્મૃતિઓ મુજબ અનિવાર્ય શરતો છે. તો બીજી બાજુ ગીતાએ દર્શાવેલ સંન્યાસની વ્યાખ્યામાં આજકાલના સંન્યાસી તો આવી શકે તેમ જ નથી. આથી સમાજમાં ભારરૂપ બનનાર, પરોપજીવી બની કર્મત્યાગી સમાજને આળસુ બનાવનાર આજકાલના સંન્યાસીઓ તો તુલસીદાસે કહેલ છે તેવા

**'रांड मूई घरसंपत नासी । मुन्ड मुन्डाये भये सन्यासी'**

હવે પ્રશ્ન થાય કે આવા સંન્યાસીઓ કયાંથી આવ્યા? આદિ શંકરાચાર્યે વિહારો બાંધીને પોતાની ધર્મપ્રચારની પ્રવૃત્તિ ચલાવનાર બૌદ્ધોની સામે પોતાની ધર્મપ્રચારની ઝુંબેશને વેગ આપવા માટે ચાર દિશામાં ચાર મઠોની સ્થાપના કરી અને ધર્મપ્રચારને મહત્ત્વ આપ્યું તેમાંથી ગાદીપરંપરા શરૂ થઈ! અલબત્ત તે માટે કેટલાક કોર્ટે ગયા તે સારું લક્ષણ નથી છતાં શંકરાચાર્યના વખતમાં સમયની એ સાચી માંગ હતી.

શંકરાચાર્યની પરંપરામાં થયેલ મહાન વિદ્વાન મધુસૂદન સરસ્વતીએ મોગલ રાજવીને મળીને ફરિયાદ પણ કરી હતી કે જો મૌલવીઓ અમારી કનડગત કરવાનું નહિ છોડે તો '**हमे लोहा लेना पडेगा**' અને કહે છે જરૂર પડે સંન્યાસીઓને હથિયાર ઉગામવાં પણ પડેલાં[૨૬]

---

૨૨ ગીતા. ૧૮–૫.

૨૩ ગીતા. ૧૮–૭.

૨૪ ગીતા. ૧૮–૧૧.

૨૫ ગીતા. ૩–૫.

૨૬ જુઓ : J. N. Farquhar J.R.A.S., 1925, pp. 479-486

ક્રિશ્ચિયન ધર્મના સંબંધ પછી ભારતમાં મિશનરીપ્રવૃત્તિનો આરંભ થયો અને રામકૃષ્ણ મિશન જેવી સંસ્થાઓ પણ થઈ. આ 'સંન્યાસ'ની ઐતિહાસિક ઉત્ક્રાંતિ છે.

હા, એક વાત અત્યંત આધુનિક સંદર્ભમાં જોઈએ તો એ છે કે જો સંન્યાસી લગ્ન કરે, ભલે પછી ગુરુની આજ્ઞાથી કરે, તેને માટે 'મૃત્યુ' દેહાંતદંડ એજ પ્રાયશ્ચિત્ત છે. કહે છે કે જ્ઞાનેશ્વરના પિતા માટે આવો દંડ તે સમયની ધર્મપરિષદે આપ્યો હતો એ ઐતિહાસિક બાબત છે.

# कर्माऽभिप्रेयः सम्प्रदानम्। सि. हे. श.
# २.२.२५ સૂત્રની સમીક્ષા

વસન્તકુમાર મ. ભટ્ટ*

૧.૦ कर्माऽभिप्रेयः सम्प्रदानम् । (૨.૨.૨૫) આ સૂત્ર દ્વારા સમ્પ્રદાનકારક સંજ્ઞાનું વિધાન કરવામાં આવ્યું છે.

૧.૧ આ સૂત્રનો અર્થ વિશદ કરતાં આચાર્ય શ્રી હેમચન્દ્રસૂરિએ 'સ્વોપજ્ઞબૃહદ્વૃત્તિ' (અપર નામ તત્ત્વપ્રકાશિકા)માં લખ્યું છે કે—

"કરણભૂત એવા વ્યાપ્ય (કર્મ)થી, અથવા કોઈક ક્રિયા વડે જે અભિમત વ્યક્તિ તરફ જવાય છે; અર્થાત્ શ્રદ્ધા-અનુગ્રહ આદિની કામનાથી વ્યાપ્ય (કર્મ) [કે ક્રિયા]ની સાથે જેને જોડવામાં આવે છે તે કર્માભિપ્રેય કારક (અર્થાત્ કર્મના ઉદ્દેશ્ય)ને "સમ્પ્રદાન" કહે છે.[૧]

આ સૂત્રમાંના **कर्म** શબ્દને હેમચન્દ્રસૂરિએ 'કૃત્રિમ'-રૂઢ-પારિભાષિક-ગણીને એકવાર **व्याप्येन (कर्मणा)** 'વ્યાપ્ય એવું કર્મકારક' એવો અર્થ કર્યો છે., અને બીજીવાર તે શબ્દને અકૃત્રિમ-યૌગિક-ગણીને **क्रियया**-"ક્રિયા વડે"-એવો પણ અર્થ કર્યો છે. આ બન્ને પ્રકારના અર્થની સાથે સંગતિ ધરાવતાં દ્વિવિધ ઉદાહરણો તેમણે નીચે પ્રમાણે રજૂ કર્યાં છે:—

(૧) देवाय बलिं ददाति ।
'દેવોને ઉદ્દેશીને બલિ આપે છે.'

(૨) द्विजाय गाम् उत्सृजति ।
'બ્રાહ્મણને ઉદ્દેશીને ગાય આપે છે.'

(૩) याचकाय अर्थं प्रयच्छति ।
'માંગનારને ઉદ્દેશીને ધન આપે છે.'

(૪) शिष्याय धर्मम् उपदिशति ।
'શિષ્યને ઉદ્દેશીને ધર્મનો ઉપદેશ કરે છે.'

(૫) राज्ञे कार्यम् आवेदयति ।
'રાજાને ઉદ્દેશીને કાર્ય જણાવે છે.'

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૬, અંક ૩-૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે-ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૧૬૯-૧૭૨.

*સંસ્કૃત વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

१ कर्मणा व्याप्येन क्रियया वा करणभूतेन यमभिप्रेयते श्रद्धानुग्रहादिकाम्यया यम् अभिसंबध्नाति स कर्माभिप्रेयः कारकं सम्प्रदानसंज्ञं भवति ॥ श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनम् (भाग १), पृ. २३०.

આ પાંચેય ઉદાહરણોમાં 'વ્યાપ્ય' એવું જે કર્મકારક (દા.ત. बलि, गो, अर्थं, धर्म અને कार्यं) છે તેની સાથે જે પદાર્થોને (દા. ત. देव, द्विज, याचक, शिष्य અને राजन्)ને જોડવા અભિમત છે તે (કર્માભિપ્રેય) કારકોને 'સમ્પ્રદાન' ગણવામાં આવ્યાં છે; (અને પરિણામે તે સમ્પ્રદાન કારકોને ચતુર્થી વિભક્તિના પ્રત્યયો લગાડવામાં આવ્યા છે).

આટલાં ઉદાહરણો આપ્યા પછી આ. હેમચન્દ્રસૂરિએ વિશેષમાં જણાવ્યું છે કે આ પ્રકારના સમ્પ્રદાનકારકોમાં ત્રણ અવાન્તર વ્યાપારો જોવા મળે છે. જેમકે, ૧ અનિરાકરણ, ૨ પ્રેરણા ૩ અનુમતિ. ત્યાગાદિની ક્રિયામાં આ ત્રણેય અવાન્તર વ્યાપારોને કરનાર પદાર્થ / વ્યક્તિને "(સમ્પ્રદાન) કારકત્વ" પ્રાપ્ત થાય છે.

હવે कर्मणाનો અર્થ क्रियया કરીએ ત્યારે, "જેને ઉદ્દેશીને ક્રિયા કરવામાં આવે તેને પણ સમ્પ્રદાન કહેવામાં આવે છે"–એનાં ઉદાહરણ આ. હેમ. સૂરિ રજૂ કરે છે:

(૬) पत्ये शेते । 'પતિને માટે શયન કરે છે' (૭) श्राद्धाय निगह्नुते । 'શ્રાદ્ધની (શ્રાદ્ધને ઉદ્દેશીને) નિન્દા કરે છે.' (૮) युद्धाय सन्नह्यते । 'યુદ્ધને માટે તૈયાર થાય છે.' (૯) देवेभ्यो नमति । 'દેવોને માટે નમે છે.' (૧૦) प्रणम्य शितिकण्ठाय । 'શિતિકંઠને માટે પ્રણામ કરીને' (૧૧) निवेद्यतां महाराजाय सुग्रीवाय । 'મહારાજા સુગ્રીવને નિવેદન કરવામાં આવે (કે)–'

આ ઉદાહરણોમાં શયનક્રિયા, નિન્દાક્રિયા, સંનહનક્રિયા, નમનક્રિયા, પ્રણમનક્રિયા અને નિવેદનક્રિયા અનુક્રમે જે પદાર્થોને (દા. ત. પતિ, શ્રાદ્ધ, યુદ્ધ, દેવ, શિતિકંઠ, અને સુગ્રીવને) ઉદ્દેશીને કરવામાં આવી છે, તે તે પદાર્થોને પણ સમ્પ્રદાનકારક ગણીને ચતુર્થી વિભક્તિમાં રજૂ કરવામાં આવ્યા છે.

હવે, આ. હેમ. સૂરિએ ઉમેર્યું છે કે (સૂત્રમાં પ્રયોજેલા अभिप्रेय શબ્દમાં) 'अभि' (એવા ઉપસર્ગ)નું ગ્રહણ કર્યું છે તેથી અમુક અમુક ઉદાહરણમાં (વ્યાપ્ય કર્મકારકની સાથે જોડવા અભિમત ન હોય તેવા સમ્પ્રદાનકારકને) ચતુર્થી વિભક્તિ લાગતી નથી જેમકે,

(૧૨) घ्नतः पृष्ठं ददाति। 'મારનારને પીઠ ધરે છે' (૧૩) रजकस्य वस्त्रं ददाति। 'ધોબીને વસ્ત્ર આપે છે.' (૧૪) राज्ञो दण्डं ददाति। 'રાજાને દંડ ભરે છે.'

આ ત્રણેય ઉદાહરણમાં √दा > ददाति ક્રિયાપદનો પ્રયોગ થયો છે ખરો; પણ (घ्नत, रजक અને राजन् પદાર્થો) "વ્યાપ્ય" એવા કર્મકારકની સાથે જોડવા માટે અભિમત નથી. જેમકે, પહેલા વાક્ય —મારનારને પીઠ આપે છે/ધરે છે'—માં 'પીઠ' એવા કર્મને મારનાર વ્યક્તિની સાથે જોડવી અભિમત ન જ હોય એ સમજી શકાય એવું છે. બીજા વાક્ય--ધોબીને કપડાં આપે છે—માં ધોબીને કપડાં કાયમ માટે આપી દેવામાં આવતાં નથી. આમ કપડાં આપવા માટે 'ધોબી' પણ અભિમત (= અભિપ્રેય) નથી. તથા ત્રીજા વાક્ય—રાજાને દંડ ભરે છે—માં રાજાને અપાતો દંડ પણ સ્વેચ્છાએ તો ન જ અપાતો હોય એ પણ સમજી શકાય

એવું છે. આથી તે राजन् પદાર્થ પણ વ્યાપ્ય એવા કર્મકારક દંડને માટે 'અભિપ્રેય' ગણી શકાય નહીં. આથી આ ત્રણેય પદાર્થોને भ्नतः, रजकस्य અને राज्ञः એમ–ષષ્ઠી વિભક્તિમાં મૂકવામાં આવે છે.

વળી, આ. હેમચન્દ્રસૂરિ ઉમેરે છે કે કેટલાંક એવાં પણ ઉદાહરણ મળે છે કે જેમાં दा ધાતુનો પ્રયોગ થયો છે એટલે કે ત્યાગાદિ ક્રિયાનો નિર્દેશ છે, પણ તેમાં 'અનિરાકરણ, પ્રેરણા અને અનુમતિ' જેવા અવાન્તર વ્યાપારો જોવા મળતા નથી; તથાપિ વ્યાપ્યકર્મકારકની સાથે જોડાયેલા પદાર્થોને 'સમ્પ્રદાનકારક' ગણીને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવે છે જેમ કે,

(૧૫) वाताय चक्षुर्ददाति। 'વાન્વંટાળ માટે ચક્ષુ આપે છે/ફરકે છે'
(૧૬) छात्राय चपेटां ददाति 'શિષ્યને લાફા મારે છે.'

આ. હેમ. સૂરિએ સ્વોપજ્ઞબૃહદ્‌વૃત્તિમાં છેલ્લે જણાવ્યું છે કે આ સમ્પ્રદાનસંજ્ઞાનો જેમાં પ્રયોગ કર્યો છે એવું વિધિસૂત્ર છેઃ—दामः सम्प्रदानेऽधर्म्ये आत्मने च ( सि.हे.श. २-२-५२ )

૨.૦ હવે આપણે આ ઉદાહરણોમાંથી કેટલાંકની સમીક્ષા કરીશું જેમકે, (क) ક્રિયા વડે જે અભિપ્રેય છે તેની જ્યાં સમ્પ્રદાનસંજ્ઞા થાય છે તેનાં ઉદાહરણો ( पत्ये शेते । ૬ થા ૧૧ વગેરે) માં देवेभ्यो नमति । અને (૧૦) प्रणम्य शितिकण्ठाय । માં સમ્પ્રદાનસંજ્ઞાને નિમિત્તે પ્રયોજેલી ચતુર્થી વિભકિત વિવાદાસ્પદ છે. આ બન્ને વાકયોમાં √नम > नमति । એવા સકર્મક ધાતુનો પ્રયોગ થયો છે; એથી देव અને शितिकण्ठ પદાર્થોને नम् ધાતુવાચ્ય ક્રિયાના વ્યાપ્ય 'કર્મ' ગણીને દ્વિતીયા વિભકિતમાં જ મૂકવા જોઈએ. જ્યારે पत्ये शेते । श्राद्धाय निगह्नुते । અને युद्धाय संनह्यते । ઉદાહરણમાં શયન, નિંદા અને સંનહન ક્રિયાઓ અકર્મક છે, તેથી તેવી ક્રિયાઓના અભિપ્રેય પદાર્થને સમ્પ્રદાન ગણી શકાય એમાં શંકા નથી. પણ જો કોઈ વકતા देवेभ्यो नमति । એમ સકર્મક ધાતુવાચ્ય ક્રિયાના વ્યાપ્યકર્મને 'ક્રિયાભિપ્રેય' રૂપે રજૂ કરવા માંગતો હોય તો તેને વ્યાકરણશાસ્ત્રની સમ્મતિ આપી શકાય કે કેમ? તે ચિન્ત્ય છે. કેમકે જો સકર્મક ધાતુના યોગમાં ક્રિયાભિપ્રેયની સમ્પ્રદાન સંજ્ઞા કરવી હોય તો ત્યાં એક પ્રધાનકર્મ first object અને બીજું ગૌણકર્મ—second object—હોવું જોઈએ. જેમકે निवद्यतां महाराजाय सुग्रीवाय ( इदं वाक्यम् ) । એ ઉદાહરણમાં इदं वाक्यम् એ પ્રધાનકર્મ છે અને महाराजाय सुग्रीवाय તે ગૌણ કર્મ છે. જ્યારે देवेभ्यो नमति । માં किम् नमति । એવા પ્રશ્નના ઉત્તરમાં પ્રધાન વ્યાપ્ય કર્મનો કોઈ જ જવાબ મેળવી શકાતો નથી. આથી देवं/देवान् नमति । એવો દ્વિતીયાન્ત પ્રયોગ જ થવો જોઈએ.

(ख) रजकस्य वस्त्रं ददाति । આ ઉદાહરણમાં વ્યાપ્યકર્મ 'વસ્ત્ર'ની સાથે 'રજક'ને જોડવો અભિમત નથી. એટલે કે रजक તે "કર્માભિપ્રેય" નથી એટલે તેને ષષ્ઠી વિભકિતમાં મૂકવામાં આવ્યો છે એમ આ. હેમ.સૂરિ સૂચવે છે.

પરંતુ આવાં ઉદાહરણમાં ( भ्नतः पृष्ठं ददाति । रजकस्य वस्त्रं ददाति । કે राज्ञो दण्डं ददाति । માં ) પણ √दा > ददाति ક્રિયાપદના યોગમાં અપ્રધાન = ગૌણ વ્યાપ્ય–કર્માભિપ્રેયને પણ સમ્પ્રદાન જ ગણવું જોઈએ. કારણ કે 'વ્યાકરણ મહાભાષ્ય'માં खण्डिकोपाध्यायस्तस्मै

=शिष्याय ) **चपेटां ददाति ।** એવા એક વાકયનો પતંજલિએ પ્રયોગ કર્યો છે.[૨] આ ઉદાહરણને જોઈએ તો—ઉપાધ્યાય શિષ્યને જે લાફો ( **चपेटा** ) મારે છે તે ક્રિયામાં સ્વસ્વત્વનિવૃત્તિ અને પરસ્વત્વોત્પત્તિ જેવી કોઈ ક્રિયા થતી નથી, તથાપિ √**दा** ધાતુના યોગમાં ગૌણ કર્મને–**शिष्य** ને–સમ્પ્રદાનકારક ગણીને ચતુર્થી વિભક્તિમાં મૂકવામાં આવેલ છે. એવી રીતે **रजक** જેવા ગૌણકર્મમાં–કે જ્યાં પણ સ્વસ્વત્વનિવૃત્તિપૂર્વક પરસ્વત્વોત્પત્તિરૂપ ક્રિયા થતી નથી ત્યાં–પણ સમ્પ્રદાનસંજ્ઞા થવી જ જોઈએ અને ષષ્ઠીને બદલે ચતુર્થી વિભક્તિ જ વપરાવી જોઈએ.

વળી આ. હેમચન્દ્રસૂરિએ પોતે જ **साधकतमं करणम् ।** ( ( **शि. हे. श. २.२.२४** ) સૂત્રની બૃહદ્વૃત્તિમાં લખ્યું છે કે આ સૂત્રમાં/–तम/પ્રત્યયનું ગ્રહણ કર્યું છે તેનાથી એવું જ્ઞાપિત કરવું છે કે અપાદાન વગેરે સંજ્ઞાઓ પ્રવૃત્ત કરવામાં 'તર'–'તમ' નો યોગ નથી, એટલે કે તારતમ્યનો વિચાર કરવાનો નથી.[૩] દા.ત. **गंगायां घोषः ।** જેવા ગૌણ–ઉપચરિત–આધારમાં પણ અધિકરણસંજ્ઞા થઈને સપ્તમી વિભક્તિનો પ્રયોગ થઈ શકયો છે.

હવે, આ જ્ઞાપકોક્તિને સહારે જ વિચાર કરીએ તો **रजकस्य वस्त्रं ददाति ।** જેવા ગૌણ કર્માભિપ્રેય રજકની પણ સમ્પ્રદાનસંજ્ઞા જ કરવી જોઈએ અને તેને **रजकाय** એમ ચતુર્થી વિભક્તિમાં રજૂ કરવું જોઈએ. અગાઉ કહ્યું છે તેમ 'વ્યાકરણ મહાભાષ્ય'માં પતંજલિએ પણ **खण्डिकोपाध्यायः शिष्याय चपेटां ददाति ।** વાકય દ્વારા આ મુદ્દો સૂચિત કર્યો છે. આમ **रजकस्य वस्त्रं ददाति । घ्नतः पृष्ठं ददाति ।** અને **राज्ञो दण्डं ददाति ।** જેવાં સઘળાં વાક્યોમાં ષષ્ઠી વિભક્તિ નહીં; પણ ચતુર્થી જ વપરાવી જોઈએ એવું નમ્ર નિવેદન છે. અને સાથે સાથે આ. હેમચન્દ્રસૂરિને પોતાને જ પોતાની પૂર્વોક્ત જ્ઞાપકોક્તિ કેમ વિસ્મૃત થઈ હશે એ પ્રશ્ન છે.

## સન્દર્ભગ્રંથો

1 *The Vyākaraṇa Mahābhāṣya of* Patañjali, Vol. I, Edited by F. Kielhorn, Third edition, BORI, Poona, 1962.

२ **श्री सिद्धहेमचन्द्र शब्दानुशासनम्** (स्वोपज्ञ बृहद्वृत्ति तथा न्याससारसमुद्धार संवलितम् ) संपादक-मुनिश्री वज्रसेन विजयजी म. प्रसाशक: भेरुलाल कनैयालाल रिलिजीयस ट्रस्ट, मुंबई–६, भाग १, २, ३ एवं ४ ( संवत २०४२ ).

---

૨ જુઓ : पा.सू. १–१–१ સૂત્ર ઉપરનું કિલહોર્નસંપાદિત 'વ્યાકરણ મહાભાષ્ય' ભાગ-૧, પૃ. ૪૧.

३ साधकतमं करणम् । ( सि. हे. श. २-२-२४ ) तमग्रहणमपादादिसंज्ञाविधौ तरतमयोगो नास्तीति ज्ञापनार्थं तेन कुसूलात् पचति, गंगायां घोष: प्रतिवसतीति व्यवहितोपचरितयोरपि अपादानत्वमधिकरणत्वं च भवति ॥ (स्वोपज्ञबृहद्वृत्तिः) श्री सि. हे. श. शासनम् भाग. १ ( पृ. २२९ ).

# પ્રાચીન ઉપનિષદોમાં ઉપમાનિરૂપણ

કે. આર. દવે*

માનવસંસ્કૃતિના અરુણોદયકાળે રચાયેલા વેદ–ઉપનિષદાદિ ગ્રંથો ભારતીય ધર્મ અને સાહિત્યના ગૌરવમય વારસારૂપ છે. રસમાધુર્યયુક્ત કોમલકાન્તપદાવલીથી શોભતી ઋગ્વેદની કવિતા, તેમાં પ્રયુક્ત ઉપમાદિ અલંકારોની છટાથી આપણને મંત્રમુગ્ધ કરી દે છે. યજ્ઞીય કર્મકાંડપ્રધાનતાના કારણે બ્રાહ્મણગ્રંથોના કર્તાઓ અલંકારવિધાનની બાબતમાં ઝાઝું સામર્થ્ય બતાવી શક્યા નથી. પરંતુ બ્રાહ્મણયુગમાં મુરઝાઈ ગયેલી કાવ્યવાટિકા ઉપનિષદ–યુગના આગમન સાથે જ પૂરબહારમાં મ્હોરી ઊઠતી જોવા મળે છે. સમગ્ર વાતાવરણ ઉપમાપ્રભૃતિ અલંકાર–પ્રસૂનોથી જાણે કે મઘમઘી ઊઠે છે.

ચિંતન અને સાધનાની દિવ્ય ભૂમિકાએ થયેલી રહસ્યમય અને અલૌકિક આત્માનુભૂતિઓને સર્વજનસુગમ બનાવવા અને ગૂઢગંભીર દાર્શનિક સિદ્ધાંતોના પ્રતિપાદન, પુષ્ટિ અને સ્પષ્ટીકરણ માટે ઉપનિષદના કવિને વારંવાર પ્રચલિત દૃષ્ટાંતો, ઉદાહરણો અને ઉપમાઓનો અનિવાર્ય રીતે આધાર લેવો પડે છે. આથી આ ગ્રંથોમાં ઉપમાની આવશ્યકતા અને મહત્તા અનેકગણાં વધી જાય એ તદ્દન સ્વાભાવિક છે. આ કારણે ઉપનિષદોના તત્ત્વજ્ઞાનની શુષ્ક મરુભૂમિમાં કેટલીકવાર ઉપમાઓની અનવરત વૃષ્ટિ થયેલી જોવા મળે તો જરાય આશ્ચર્ય પામવાની જરૂર નથી. વેદઉપનિષદોમાં ઉપલબ્ધ અનેક ઉપમાઓ અને તત્સંબંધી ઉલ્લેખો[1] એવું તો અવશ્ય પુરવાર કરે છે કે તેઓ ઉપમાથી સુપરિચિત હતા જ. હા, કદાચ એ સંભવિત છે કે તેઓ ઉપમાને અલંકાર તરીકે જાણતા ન હોય, પરંતુ 'અલંકાર' શબ્દ અને તેના કાર્યથી તેઓ સુપેરે પરિચિત હતા જ, એ નિઃશંક છે.

સૃષ્ટિનાં અનેક રહસ્યો અને ગહન સિદ્ધાંતોને સ્વાનુભૂતિના નિકષગ્રાવા પર કસીકસીને હૃદયસ્પર્શી અને સરળ શૈલીમાં પરિચિત ઉપમાનોની સહાયથી સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરતી આ

---

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે–ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૧૭૩–૧૮૬.

*સંસ્કૃત વિભાગ, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મુ. વ્યારા, જિ. સૂરત.

૧ વૈદિક કવિઓ ઉપમા, ઉપમાન તથા 'न', 'इव', 'चित्', 'नु', 'वत्', 'यथा', અને 'आ' વગેરે ઉપમાવાચક શબ્દોથી સુપરિચિત હતા. ઋગ્વેદ (૧/૩૧/૧૫); (૧૧૩/૧૫); (૧૨૪/૨); (૬૯.૧૩); (૮/૨૯/૯); આદિમાં 'उपमा', (૮/૯૯/૨)માં 'उपमान', (૧/૧૭/૧); (૪/૫૭/૧); (૬/૪૫.૫) તથા (૬/૬૦/૫)માં 'ईदृश', (૧/૧૨૩/૮); (૩/૫૩/૩)માં 'सदृश', (૬/૨૪/૩)માં 'नु' અને (૧૦/૧૧/૬)માં 'आ' વગેરે ઉપમાવાચક શબ્દોનો પ્રયોગ થયેલો જોવા મળે છે.

ઉપમાઓ સ્વાભાવિક રીતે જ વશ્યવાણી વ્યાસ-વાલ્મીકિ કે કવિકુલગુરુ કાલિદાસની નિસર્ગમનોરમ માધુરીયુક્ત ઉપમાઓની તોલે આવી ન શકે, છતાં અનેક સ્થળે એ ઉત્તમ કવિતાનાં દર્શન તો કરાવે છે જ. ડૉ. ગૌતમ પટેલ[૨] નોંધે છે તેમ આત્માની અનુભૂતિની નક્કરતા અને ભાષાની સાદાઈભરી અકથ્ય અનનુવાદ્ય રમણીયતા બંનેનો સાહિત્યના ઇતિહાસમાં વારંવાર જોવા ન મળે તેવો સુભગ સમન્વય ઉપનિષદોમાં થયો છે. માનવ અને તેના અસ્તિત્વના પ્રશ્નને, સૃષ્ટિનાં અગમ્ય રહસ્યોને, પરમતત્ત્વ સાથે એકરૂપ થવાના માનવજાતના તલસાટને, આ સર્વ ભાષાથી અગ્રાહ્ય એવાં તત્ત્વોને ભાષામાં વ્યક્ત કરવા મથતા ઋષિઓની વાણીમાં ન સમજી શકાય તેવી જાદુઈ મોહકતા છે. ઉપનિષદોની ઉપમાઓ આ 'જાદુઈ મોહકતા'થી જ આપણને મંત્રમુગ્ધ કરી દેવાની ક્ષમતા ધરાવે છે.

ઉપનિષદોની ઉપમાઓ તેની પૂર્વકાલીન ઉપમાઓ કરતાં નવીન અને વિશિષ્ટ અભિગમ દર્શાવતી જોવા મળે છે. વિષયનિરૂપણની દૃષ્ટિએ વિચારીએ તો ઇન્દ્ર-ઉષા જેવાં દેવદેવીઓ, પ્રાકૃતિક તત્ત્વો કે યજ્ઞયાગાદિને કેન્દ્રમાં રાખીને ચાલતી પૂર્વકાલીન ઉપમાઓના સ્થાને કવિત્વ-સંસ્પૃષ્ટ દાર્શનિકતાથી ઓપતી અને રહસ્યમયતાના ઘેરા રંગે રંગાયેલી આ ઉપમાઓની માધુરી જ કંઈક વિલક્ષણ પ્રકારની છે. ઉદાહરણ તરીકે, કઠોપનિષદના દ્વિતીય અધ્યાયની દ્વિતીય વલ્લીમાં ઉપલબ્ધ થતા યમ-નચિકેતાસંવાદમાં પ્રાપ્ત થતી આ મનહર ઉપમા જુઓ :

अग्निर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।
एकस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥

બ્રહ્માંડનાં સર્વ ભૂતોમાં રહેલ આત્માની અદ્વિતીયતાનું નિરૂપણ કરતી પ્રસ્તુત ઉપમામાં ઉપનિષદકારે પોતાને અભિપ્રેત અર્થનું કેવી કુશળતાપૂર્વક અને કલાત્મક રીતે સમર્થન કર્યું છે !

આ જ સંદર્ભમાં મુંડક ઉપનિષદના તૃતીય મુંડકના દ્વિતીય ખંડમાં ઉપલબ્ધ થતી આ ઉપમા જુઓ :

यथा नद्यः स्यन्दमानाः समुद्रेऽस्तं गच्छन्ति नामरूपे विहाय ।
तथा विद्वान्नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम् ॥

આત્મજ્ઞાનીને આત્મદર્શનના પરિણામરૂપે થતી બ્રહ્મપ્રાપ્તિની અવસ્થાનું સચોટ આલેખન કરતી અડધી કવિત્વમય અને અડધી ચિંતનમય એવી આ ઉપમામાં જીવ અને શિવના મિલનનું કેવું મધુર શબ્દચિત્ર આલેખાયું છે ! સુભાષિત જેવી અવતરણક્ષમતા ધરાવતી આ ઉપમાનાં વિચારોન્નતિ, અર્થગાંભીર્ય અને કવિત્વ કેવાં મનોહારી છે !

ઉપનિષદોમાં પ્રયુક્ત અન્ય અલંકારોની સરખામણીમાં ઉપમા અન્ય અલંકારો પર પ્રભુત્વ ધરાવતી જોવા મળે છે. ઋગ્વેદના કવિની જેમ જ ઉપનિષદના કવિને પણ ઉપમાનું અનેરું આકર્ષણ છે. ઈશ, કેન કે માંડૂક્ય ઉપનિષદ જેવા અપવાદો બાદ કરતાં લગભગ તમામ પ્રાચીન ઉપનિષદોમાં ઉપમા-અલંકારનો નોંધપાત્ર રીતે પ્રયોગ થયેલો જોવા મળે છે. છાંદોગ્ય અને

૨ પટેલ (ડૉ.) ગૌતમ વાડીલાલ, 'વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ', યુનિવર્સિટી ગ્રન્થનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, ૧૯૭૮, પ્રથમ આવૃત્તિ, પૃ. ૨૯૧.

બૃહદારણ્યક એ બે જ ઉપનિષદોમાં લગભગ સવાસો જેટલી ઉપમાઓ વેરાયેલી પડી છે. બાકીનાં કઠાદિ ઉપનિષદોમાં પણ આ પ્રમાણ નોંધપાત્ર તો છે જ. એવું વિધાન કરી શકાય કે લગભગ દર છટ્ઠા કે સાતમા શ્લોકે આપણને એક સુંદર ઉપમા પ્રયોજાયેલી જોવા મળે છે.

એક જ શ્લોક કે ગદ્યખંડમાં એકાધિક ઉપમાઓનું નિરૂપણ એ પણ આ ઉપમાઓની એક વિશેષતા છે. ઉપનિષદોમાં પ્રાયઃ ઉપમાઓ ઝૂમખાઓમાં પ્રયોજાયેલી જોવા મળે છે. અલબત્ત, છૂટીછવાઈ ઉપમાઓ પણ પ્રાપ્ત તો થાય છે જ. પણ આવી ઉપમાઓનું પ્રમાણ અલ્પ છે. વળી બે ઉપમાઓ વચ્ચે ઠીક ઠીક અંતર હોય એવું પણ ખાસ જોવા મળતું નથી. ઉપનિષદમાં ઉપમાઓ બે, ત્રણ, ચાર, પાંચ[3] અને કેટલીકવાર તો છ-છનાં ઝૂમખાંઓમાં[4] પ્રયોજાયેલી જોવા મળે છે. કોઈ સિદ્ધાંતના પ્રતિપાદન કે સમર્થન વખતે ઉપનિષદનો કવિ જ્યારે ભાવાવેશમાં આવી જાય છે ત્યારે ઉપમાઓની જાણે શૃંખલા સર્જી દે છે. ઉપનિષદના કવિની આ વિશેષતાનું પરવર્તી સંસ્કૃત સાહિત્યમાં પણ અનુસરણ થયેલું જોવા મળે છે.[5] એક જ વિષયના દૃઢ પ્રતિપાદન માટે ઉપનિષદનો કવિ જ્યારે બેસી જાય છે ત્યારે ઉપમાઓની આવી હારમાળા સર્જાય છે. ઉદાહરણ તરીકે મુંડક ઉપનિષદ (૧/૧/૭)માં અક્ષરબ્રહ્મમાંથી થતી સૃષ્ટિસર્જનની પ્રક્રિયાને સમજાવવા માટે ઉપનિષદકાર કરોળિયા અને તેના તંતુઓ, પૃથ્વી અને તેમાંથી ઊગતી વનસ્પતિઓ તથા જીવિત મનુષ્ય અને ત્વચામાંથી ઉત્પન્ન થતા કેશરોમ, એમ ત્રિવિધ ઉપમાઓ પ્રયોજે છે. આ જ સિદ્ધાંતના પ્રતિપાદન માટે બૃહદારણ્યક ઉપનિષદમાં ઉપનિષદનો કવિ દુંદુભિ, વીણા અને શંખ તથા તેમાંથી ઉત્પન્ન થતા વિવિધ અવાજોનું ઉદાહરણ આપે છે. પણ આનો અર્થ એવો હરગિજ નથી કે ઉપનિષદકાર થોકબંધ ઉપમાઓ આપે છે તેથી ઉપમાઓનું મહત્ત્વ તલભાર પણ ઓછું થાય છે. એથી ઊલટું, ઉપનિષદોની ઉપમાઓ માટે નિઃસંકોચ એવું વિધાન કરી શકાય તેમ છે કે ઉપનિષદોમાં લગભગ બધા જ પ્રસંગે ઉપનિષદકાર માટે જે તે ઉપમાઓનો પ્રયોગ કરવો અનિવાર્ય હતો. આમ ઉપનિષદોમાં યોગ્ય ઉપમાઓનો, યોગ્ય પ્રસંગે, યોગ્ય હેતુસર અને યોગ્ય રીતે પ્રયોગ કરવામાં આવ્યો છે એમ કહી શકાય.

ઉપનિષદોની ઉપમાઓમાં કેટલીકવાર એક જ કથન કે સિદ્ધાંતની બીજા શબ્દો કે સ્વરૂપમાં પુનરાવૃત્તિ[6] થયેલી જોવા મળે છે. ઉપનિષદકાર આવી પુનરાવૃત્તિ બહુધા ચોક્કસ હેતુઓને સિદ્ધ કરવાના આશયથી કરતા જણાય છે. આવી ઉપમાઓમાં ઉપનિષદકાર એક જ સિદ્ધાંતને વિવિધ ઉપમાનો, વિવિધ પ્રતીકો કે વિવિધ દૃષ્ટાંતોની મદદથી સ્પષ્ટ કરવાની મથામણ કરતા જણાય છે. આમ કોઈ મહત્ત્વના સિદ્ધાંતના દૃઢ પ્રતિપાદન માટે કરાયેલી આવી પુનરાવૃત્તિઓ આ ઉપમાઓના

---

૩ બૃ. ઉપ. ૪/૧/૩-૭.

૪ છાં. ઉપ. ૬.૯.૧૦ થી ૧૪. બૃ. ઉપ. ૬/૧/૮ થી ૧૩.

૫ વાલ્મીકિ રામાયણ, સુંદરકાંડ ૧૫/૩૩-૩૪ અને ૩૯માં પુષ્કળ ઉપમાઓ મળે છે. મહાભારતમાં પણ આવાં અનેક ઉદાહરણો પ્રાપ્ત થાય છે.

૬ સરખાવો : મું. ઉપ. ૧/૧/૭ સાથે બૃ. ઉપ. ૨/૪/૭ થી ૯.

સૌંદર્યમાં કે અર્થઘટનમાં જરાય બાધક બનતી નથી ઊલટું, અર્થસાધક અને ઉપકારક બનતી જણાય છે. ઉદાહરણ તરીકે સૃષ્ટિસર્જનની પ્રક્રિયા સમજાવવા માટે ઉપનિષદકારે એક સિદ્ધાંત સ્વીકારેલો છે કે આ વિશ્વ અને તેમાંની તમામ વસ્તુઓ બ્રહ્મમાંથી આપમેળે ઉત્પન્ન થયેલી છે. આ એક જ સિદ્ધાન્તને તેઓ અનેક ઉપમાઓ દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરતા જણાય છે. આથી આવી પુનરાવૃત્તિઓને ઉપનિષદના કવિની સર્જકપ્રતિભાની ખામીની દ્યોતક ગણવી જોઈએ નહિ.

સ્વરૂપની દૃષ્ટિએ વિચાર કરતાં આ ઉપનિષદોમાં **आदित्यवर्णं**[૭] **सुवर्णंज्योति**[૮] કે **हिरण्यदंष्ट्र**[૯] જેવી નાનકડા સમાસોની બનેલી અર્થગર્ભ ઉપમાઓ પ્રાપ્ત થાય છે તો **अन्धेनेव नीयमाना यथान्धा**[૧૦] **मातेव पुत्रान्रक्षस्व**[૧૧] **अरा इव रथनाभौ**[૧૨] જેવી શ્લોકપાદમાં સમાઈ જતી નાનકડી ઉપમાઓ પણ જોવા મળે છે. અલબત્ત, એમનું પ્રમાણ ઓછું છે. સમગ્ર શ્લોકમાં સમાઈ જતી ઉપમાઓનાં તો અસંખ્ય ઉદાહરણો પ્રાપ્ત થાય છે; પરંતુ ઉપનિષદોમાં પ્રયુક્ત ઉપમાઓની આ સંદર્ભમાં જે વિશેષતા છે તે એ છે કે ઋગ્વેદાદિ ગ્રંથોમાં પ્રાપ્ત થતી ઉપમાઓની સરખામણીમાં, પ્રમાણમાં ઠીક ઠીક લાંબી કહી શકાય તેવી ઉપમાઓનાં ઠીક ઠીક ઉદાહરણો ઉપનિષદોમાં ઉપલબ્ધ થાય છે. છાંદોગ્ય ઉપનિષદ ( ૪/૧૭/૮ ), ( ૬/૭/૩ ), ( ૬/૭/૫ ), ( ૬/૮/૨ ), ( ૬/૯/૧ ) વગેરેને આના સમર્થનમાં ટાંકી શકાય. પરંતુ સમગ્ર ઉપનિષદ-સાહિત્યમાં અને કદાચ સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં સૌથી લાંબામાં લાંબી અને વિશાળકાય કહી શકાય એવી ઉપમા પણ છાંદોગ્ય ઉપનિષદ ( ૬/૧૪/૧ )માં જ[૧૩] પ્રાપ્ત થાય છે, જેમાં ગાંધારના પથભૂલેલા પથિકની વાત છે. પ્રસ્તુત ઉપમા વિષે ટીકા કરતાં ઓલ્ડનબર્ગ[૧૪] લખે છે: **This simile is almost a short narration, but the outward appearance of a comparision yathā, yathā, yathā,– evam eva has been maintained.**

ઉપનિષદોમાં પ્રયુક્ત ઉપમાઓનો રચના અને બંધારણના દૃષ્ટિકોણથી અભ્યાસ કરતાં એ સ્પષ્ટ થાય છે કે ઋગ્વેદની જેમ જ ઉપનિષદોમાં પણ પૂર્ણોપમા પ્રકારની ઉપમાઓનો જ સવિશેષ

---

૭ શ્વે. ઉપ. ૩/૮.

૮ તૈ. ઉપ. ૩/૧૦/૫.

૯ છાં. ઉપ. ૪/૩/૬.

૧૦ કઠ. ઉપ. ૧/૨/૫.

૧૧ પ્રશ્ન. ઉપ. ૨/૧૩.

૧૨ બૃ. ઉપ. ૨/૫/૧૫ પ્રશ્ન. ઉપ. ૨/૬ મું. ઉપ. ૨/૨/૬.

૧૩ यथा सोम्य पुरुषं गन्धारेभ्योऽभिनद्धाक्षमानीय तं ततोऽतिजने विसृजेत्स यथा तत्र प्राङ्वोदङ्वाधराङ्वा प्रत्यङ्वा प्रध्मायीताभिनद्धाक्ष आनीतोऽभिनद्धाक्षो विसृष्टः तस्य यथाभिनहनं प्रमुच्य प्रब्रूयोदतां दिशं गन्धारा एतां दिशं व्रजेति स ग्रामाद्ग्रामं पृच्छन्पण्डितो मेधावी गन्धारानेवोपसम्पद्येतैवमेवेहाचार्यवान्पुरुषो वेद तस्य तावदेव चिरं यावन्नविमोक्ष्येऽथ सम्पत्स्य इति ।

14 Prof. Gonda J., ' Remarks on Similes in Sanskrit Literature '; Leiden, Holland; 1949, First edition, P. 88

પ્રયોગ થયેલો છે. આ પ્રકારની ઉપમાઓમાં, ઉપમા માટે આવશ્યક એવાં ઉપમાનાં ચારેય અંગો–ઉપમેય, ઉપમાન, સાધારણ ધર્મ અને ઉપમાપ્રતિપાદક શબ્દ–નો સ્પષ્ટ ઉલ્લેખ થયેલો હોય છે. આ ચારે ય અંગોના ઉલ્લેખને કારણે આ પ્રકારની ઉપમાઓમાં નિરૂપિત વિષયનું સાંગોપાંગ અને સ્પષ્ટ શબ્દચિત્ર વાચક સમક્ષ ઉપસ્થિત થઈ જાય છે. પૂર્ણોપમાની સાથે સાથે ઉપનિષદોમાં લુપ્તોપમા[૧૫] પ્રકારની ઉપમાઓ પણ ઠીક ઠીક પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. આ પ્રકારની ઉપમાઓમાં ઉપમા માટેનાં આવશ્યક ચાર અંગો પૈકી એક કે બે અંગોનો લોપ થયેલો જોવા મળે છે. ઉપનિષદોમાં માત્ર દ્વિલુપ્તા પ્રકારની ઉપમાઓનાં ઉદાહરણો મળે છે, પરંતુ ત્રિલુપ્તા પ્રકારની ઉપમાનાં ઉદાહરણો અહીં પ્રાપ્ત થતાં નથી.

બીજી દૃષ્ટિએ વિચારતાં ઉપનિષદોમાં સાદી ( Simple ) અને મિશ્ર ( compound ) એમ બંને પ્રકારની ઉપમાઓ પ્રયોજાયેલી જોવા મળે છે. સાદી ઉપમામાં એક જ મુખ્ય ઉપમેય અને એક જ મુખ્ય ઉપમાનનો પ્રયોગ થયેલો હોય છે. જ્યારે મિશ્ર ઉપમામાં એક મુખ્ય અને એકાધિક ગૌણ ઉપમેયો સાથે, એક મુખ્ય અને એકાધિક ગૌણ ઉપમાનોનો પ્રયોગ થયેલો હોય છે. પરંતુ ઉપનિષદોમાં એવી મિશ્રોપમાઓ પ્રાપ્ત થાય છે જેમાં એક મુખ્ય ઉપમાનની સાથેનાં એકાધિક ગૌણ ઉપમાનોમાંના કોઈ એક ઉપમાન અથવા ઉપમેયનો લોપ થયેલો જોવા મળે છે.[૧૬] આ પ્રકારની ઉપમાઓને ડૉ. એચ. ડી. વેલણકર[૧૭] 'એકદેશવિવર્તિની સાંગ' એવું નામ આપે છે.

પૂર્ણોપમાના શ્રૌતી અને આર્થી એવા બે પેટાપ્રકારો પડે છે અને આ બંને પ્રકારોનું ત્રણ વિભાગમાં પુનઃ વિભાજન થાય છે, વાક્યગા, સમાસગા અને તદ્ધિતગા. આમ છ પ્રકારની પૂર્ણોપમા થાય છે. આ પૈકી **यथा**, **इव** અને **न** જેવા ઉપમાવાચકોના પ્રયોગથી જેમાં શ્રવણ-માત્રથી પ્રત્યક્ષ રીતે સાધર્મ્યની પ્રતીતિ થાય છે તેવી શ્રૌતી ઉપમાઓ અત્યંત વિપુલ પ્રમાણમાં ઉપનિષદોમાં પ્રયોજાયેલી જોવા મળે છે. પરંતુ '**तुल्य**', '**सदृश**', '**समान**', અને **तुल्य**ના અર્થમાં '**वत्**' દ્વારા સાધર્મ્યની પ્રતીતિ અર્થના બળથી જેમાં થાય તેવી આર્થી ઉપમાઓનાં જૂજ ઉદાહરણો જ[૧૮] પ્રાપ્ત થાય છે.

ઉપનિષદોમાં વાક્યગા અને સમાસગા પ્રકારની ઉપમાઓનાં અસંખ્ય ઉદાહરણો પ્રાપ્ત થાય છે પરંતુ તદ્ધિતગા પ્રકારની ઉપમાનાં ઉદાહરણો બિલકુલ પ્રાપ્ત થતાં નથી. એ જ રીતે કેવળ વ્યાકરણના સિદ્ધાંતો પર આધારિત અને બુદ્ધિનો વ્યાયામ કરાવતી કયઙ્ગા અને ક્યચ્-ગા વગેરે પ્રકારની ઉપમાઓનાં ઉદાહરણો પણ પ્રાપ્ત થતાં નથી. આ સંદર્ભમાં ડૉ. માતૃદત્ત

---

૧૫ બૃ. ઉપ. ૨/૩/૫; ૩/૮/૧૧; ૪/૧/૨. છાં. ઉપ. ૨/૩/૬; ૪/૯/૨; ૪/૧૭/૧૦. શ્વે.ઉપ. ૫/૮ વગેરે.

૧૬ બૃ. ઉપ. ૪/૧/૨–૭; ૪/૧/૧૬ વગેરે.

17 Velankar (Dr.) H. D., 'Ṛgvedic Similes—Similes of Vāmdeva' Journal of the Bombay branch of Royal Asiatic Society, Vol. 14, Bombay, 1938, pp. 5-6

૧૮ બૃ. ઉપ. ૧/૪/૧ શ્વે. ઉપ. ૫/૮, ૬/૨૦ વગેરે.

ત્રિવેદીએ[૧૯] વેદની ઉપમાઓના સંદર્ભમાં કરેલી ટીકા ઉપનિષદોની ઉપમાઓને પણ એટલી જ લાગુ પાડી શકાય તેમ છે. તેઓ યોગ્ય રીતે જ જણાવે છે:

" उपमाका जो वास्तविक उद्देश्य हो सकता है उसकी पूर्ति श्रौती उपमाओंसे हीं हो जाती है। अत: बुद्धिबल से वेदकी उपमाओमें आलन्कारिकों द्वारा बताये गये अनेक भेद-प्रभेदोंको ढूंढना उचित नहीं, क्योंकि उस दिशाकी और ऋषिका कुछ भी अभिप्राय नहीं। यदि हम उपमाके विभिन्न भेदप्रभेदोंकी खोज वैदिक उपमाओमें करने लगेंगे तो अेक प्रकारसे ऋषियों के साथ अन्याय करना होगा।"

ઉપનિષદોની ઉપમાઓ પર દૃષ્ટિપાત કરતાં શ્રૌતી પ્રકારની ઉપમાઓ બલાત્ આપણું ધ્યાન આકૃષ્ટ કરે છે. ઉપનિષદનો કવિ સરલતા, સ્વાભાવિકતા અને અકૃત્રિમતાનો આગ્રહી હોવાથી તે પોતાના કથયિતવ્યને નિરાડંબરી અને સીધેસીધી રીતે રજૂ કરવાનું પસંદ કરે છે. આથી જેમના શ્રવણમાત્રથી જ ઉપમા તદ્દન સ્પષ્ટ થઈ જાય તેવી પ્રાય: **यथा** અને **इव** ઉપમા-પ્રતિપાદકોથી યુક્ત શ્રૌતી પ્રકારની ઉપમાઓ પ્રયોજવાનું તે પસંદ કરે છે. આમાં પણ **यथा** ઉપમાવાચકોથી યુકત ઉપમાઓનું બાહુલ્ય નોંધપાત્ર છે. સામાન્ય રીતે ગદ્યમાં પ્રયોજાયેલી અને વિપુલ કદ ધરાવતી ઉપમાઓમાં **यथा** ઉપમાવાચકનો પ્રયોગ ધ્યાન ખેંચે એ રીતે થયેલો છે. એથી ઊલટું, શ્લોકોમાં પ્રયોજાયેલી અને પ્રમાણમાં ટૂંકી એવી ઉપમાઓમાં **इव** ઉપમાપ્રતિ-પાદકનો થયેલો પ્રયોગ નોંધપાત્ર છે. ઉપનિષદોમાં આ બંને પ્રકારની ઉપમાઓનું ક્ષેત્ર વિશાળ છે. અલબત્ત અપવાદરૂપે એવાં પણ ઉદાહરણો પ્રાપ્ત થાય છે કે જ્યાં ગદ્યમાં **इव**નો[૨૦] પ્રયોગ થયેલો હોય અને પદ્યમાં **यथा**'નો.[૨૧] વળી કેટલીકવાર '**यथा**' શબ્દ '**इव**'ના અર્થમાં પ્રયુક્ત થયેલો પણ જોવા મળે છે. **यथा**ની સાથે સામાન્ય રીતે ઉપમાન વાકય અને **एव, एवा, एवमेव** અને **तथा**ની સાથે ઉપમેય વાકય જોડાયેલું જોવા મળે છે. **यथा**ની સાથે સામાન્ય રીતે **तथा** કે '**एवम्**'નો પ્રયોગ ( દા. ત. બૃ. ઉ. ૧/૪/૧૪ વગેરે ) નોંધપાત્ર રીતે થયેલો જોવા મળે છે. અપવાદરૂપે કેટલીકવાર ફક્ત **यथा**નો જ પ્રયોગ થયેલો હોય તેવાં ઉદાહરણો ( દા. ત. ( બૃ. ઉપ. ૧/૪/૭ ) પણ પ્રાપ્ત થાય છે, જેમાં **तथा** કે '**एवम्**'નો લોપ થયેલો હોય છે. આ ઉપમાઓમાં **यथा** સાથે '**तथा**' નો પ્રયોગ પ્રાયઃ પદ્યાત્મક ઉપમાઓમાં જ જોવા મળે છે. ( ઉદા. તરીકે કઠ. ઉપ. ૨/૨/૯, મુડક ઉપ. ૨/૩/૮ વગેરે )

શ્રૌતી ઉપમાઓમાં '**इव**' ઉપમાવાચકવાળી ઉપમાઓની સરખામણીમાં '**यथा**' ઉપમા-વાચકવાળી ઉપમાઓનું પ્રમાણ અનેકગણું વધારે જોવા મળે છે. આનું સંભવિત કારણ એવું જણાય છે કે એકાદશ પ્રાચીન ઉપનિષદો પૈકી ઈશ, કેન અને માંડૂકય જેવાં ઉપનિષદોમાં

---

૧૯ डॉ. त्रिवेदी मातृदत्त—'अथर्ववेद–एक साहित्यिक अध्ययन', विश्वेश्वरानन्द संस्कृत शोधसंस्थान, होशियारपुर, १९७३; प्रथम संस्करण, पृ. १२२.

૨૦ છાં. ઉપ. ૪/૯/૨; ૫/૧/૭; ૮/૧૩/૧, બૃ. ઉપ. ૨/૩/૬; ૬/૪/૯ વગેરે

૨૧ કઠ. ઉપ. ૨/૧/૧૪; ૨/૨/૯; મું ઉપ. ૨/૧/૧૫; ૨/૩/૫; ૩/૨/૮; બૃ. ઉપ, ૬/૪/૨૨-૨૩ વગેરે

ઉપમા અલંકારનો પ્રયોગ જ થયેલો નથી. જ્યારે બૃહદારણ્યક, છાંદોગ્ય, તૈત્તિ., કૌષીતકિ અને પ્રશ્ન ઉપનિષદ જેવાં ઉપનિષદો ગદ્યાત્મક છે, જેમાં પ્રાયઃ '**यथा**' ઉપમાવાચકથી યુક્ત ઉપમાઓનો પ્રયોગ થયેલો છે. બાકીનાં કઠ, મુંડક, શ્વેતાશ્વતર અને ઐતરેય જેવાં ગણ્યાંગાંઠ્યાં લઘુકાય પદ્યાત્મક ઉપનિષદોમાં જ '**इव**' ઉપમાવાચકથી યુક્ત ઉપમાઓનો પ્રયોગ થયેલો જોવા મળે છે. આ જ કારણે આ ઉપનિષદોમાં '**यथा**' ઉપમાવાચકવાળી ઉપમાઓ કરતાં '**इव**' ઉપમાવાચકવાળી ઉપમાઓનું પ્રમાણ ઓછું જોવા મળે છે. ગદ્યમાં પદ્ય જેવું લાઘવ સિદ્ધ કરવાનું મુશ્કેલ હોવાથી ઉપનિષદનો કવિ પ્રાયઃ '**यथा**' ઉપમાવાચકથી યુક્ત ઉપમાઓનો પ્રયોગ કરવાનું વલણ ધરાવતો જણાય છે. આ ઉપરાંત દાર્શનિક સિદ્ધાંતો, રહસ્યમય અનુભૂતિઓ વગેરેની અભિવ્યકિત માટે છંદના સીમાડા સાંકડા પડવાને કારણે પણ ઉપનિષદનો કવિ પ્રમાણમાં અભિવ્યકિતની વધારે મોકળાશ આપતા ગદ્યનો આશ્રય લેતો જણાય છે. આ જ કારણે બૃ. ઉપ. અને છાં. ઉપ. જેવાં બે જ ઉપનિષદોમાં લગભગ સવાસો જેટલી ઉપમાઓ પ્રાપ્ત થાય છે, અને એ કહેવાની ભાગ્યેજ જરૂર છે કે તેમાંથી મોટાભાગની ઉપમાઓ '**यथा**' ઉપમાવાચકવાળી છે. આ પ્રકારની ઉપમાઓની વિશેષતા દર્શાવતાં પ્રો. લૂઇસ રેનૂ[૨૨] જણાવે છે કે યથાવાચક (વાળી ઉપમાઓ) સાદૃશ્યને અત્યંત વધારે પ્રમાણમાં પ્રગટ કરે છે અને સમાનતાના ભાવને બલપૂર્વક પ્રસ્તુત કરે છે. '**यथा**'ના પ્રયોગના કારણે પ્રથમ અપ્રસ્તુત અને પછી પ્રસ્તુત ચિત્ર પ્રત્યક્ષ થતું હોવાથી કવિના કથયિતવ્યનું સુંદરતા અને સરળતાથી સુગમ પ્રતિપાદન થઈ જાય છે. ઉપનિષદોમાં પ્રયુકત આ પ્રકારની ઉપમાઓની ઊડીને આંખે વળગે એવી વિશેષતા એ જોવા મળે છે કે, આમાંની મોટા ભાગની ઉપમાઓનો પ્રારંભ જ ઉપમાવાચક શબ્દ '**यथा**' થી થયેલો જોવા મળે છે. આવી '**यथा**'થી આરંભાતી ઉપમાઓ ખાસ કરીને એવા સંજોગોમાં પ્રયોજાયેલી જોવા મળે છે જ્યારે ઉપનિષદનો કવિ પોતાના કથયિતવ્યનું ભાવાવેશમાં આવીને દૃઢતાપૂર્વક પ્રતિપાદન કરવા આતુર હોય છે. આ પ્રકારની ઉપમાઓમાં ધ્યાન ખેંચતી બીજી મહત્ત્વની વિશેષતા એ જોવા મળે છે કે એમાં '**यथा**' પછી તરત જ ઉપમાનનો ઉલ્લેખ થયેલો હોય છે. બૃ. ઉપ. ૩.૮.૨ કઠ ઉપ. ૨.૧.૧૪, મુંડક ઉપ. ૩.૨.૮, શ્વે. ઉપ. ૨.૧૪ વગેરેને આના સમર્થનમાં ટાંકી શકાય.

**यथा**ની જેમ '**इव**' ઉપમાવાચક શબ્દથી આરંભાતી ઉપમાઓનાં પણ પર્યાપ્ત માત્રામાં ઉદાહરણો ઉપનિષદોમાં પ્રાપ્ત થાય છે. જેનાં પાદ કે ચરણોનો આરંભ '**इव**'થી થતો હોય તેવાં પણ ઉદાહરણો ઉપલબ્ધ થાય છે. આ પ્રકારની ઉપમાઓમાં પ્રથમ ઉપમાનનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે, પછી **इव** શબ્દનો. ઉદા. તરીકે **मातेव पुत्राग्रक्षस्व** (પ્રશ્ન. ઉપ. ૨–૧૩), તથા છાં. ઉપ. ૮.૧૩.૧, કઠ ઉપ. ૧.૧.૬, શ્વેતા. ઉપ. ૬.૧૦ મુ ઉપ. ૨.૨.૬ વગેરે.

ઉપનિષદોમાં પ્રાપ્ત ઉપમાઓમાં સાધારણ ધર્મ એક જ હોય અથવા ભિન્ન હોય તેવા સંજોગોમાં, એક જ ઉપમેય માટે એકી સાથે બે કે બેથી વધારે ઉપમાનોનો પ્રયોગ કરવામાં આવ્યો હોય તેવી માલોપમા પ્રકારની ઉપમાઓનાં સંખ્યાબંધ ઉદાહરણો પ્રાપ્ત થાય છે. (ઉદા.

---

૨૨ उद्धृत : त्रिवेदी (डॉ.) मातृदत्त–'अथर्ववेद-एक साहित्यिक अध्ययन', विश्वेश्वरानन्द संस्कृत शोधसंस्थान, होशियारपुर, १९७३, प्रथम संस्करण, पृ. १३७.

તરીકે બૃ. ઉપ. ૨.૧.૧૯, છાં. ઉપ. ૬.૧.૪–૬, ૮.૧૩.૧, મું. ઉપ. ૧.૭, શ્વેતા. ઉપ. ૧.૧૫ વગેરે.) કેટલીક વાર ઉપમાની ભિન્ન ભિન્ન વિગતોને વધુ સચોટ રીતે અભિવ્યક્ત કરવાના પ્રયોજનથી ઉપનિષદ્કાર આમ કરતા જણાય છે, તો કેટલીકવાર એક જ ઉપમેય માટે એકાધિક ઉપમાનો પ્રયોજવા પાછળનો ઉપનિષદ્કારનો ખરેખરો આશય સમજવાનું મુશ્કેલ થઈ પડે છે. આવાં પણ કેટલાંક ઉદાહરણો (દા. ત. બૃ. ઉપ. ૨.૩.૬, ૪.૩.૧૯, ૪.૩.૩૬ વગેરે) આ ઉપમાઓમાં પ્રાપ્ત થાય છે.

ઉપનિષદોની ઉપમાઓમાં સામાન્યતઃ ઉપમેય અને ઉપમાન વચ્ચે લિંગ–વચનાદિની સમતુલા બરાબર જળવાયેલી જોવા મળે છે. પરંતુ કેટલીક વખત આ બંને વચ્ચે એકવાક્યતા ન જળવાઈ હોય તેવી ઉપમાઓ પણ જોવા મળે છે. ઉદાહરણ તરીકે બૃ. ઉપ. (૧.૪.૭)માં પ્રાપ્ત એક ઉપમા કે જેમાં આત્મજ્ઞાનથી થતી કીર્તિપ્રાપ્તિ અને કીર્તિપ્રાપ્તિની તુલના 'ઢોરના પદચિહ્નથી થતી ઢોરની પ્રાપ્તિ' સાથે કરવામાં આવી છે, ત્યાં, પદચિહ્ન (**पदेन**) અને આત્મજ્ઞાન (**य एवं वेद**) વચ્ચેનો સંબંધ બરાબર જળવાતો નથી. એજ રીતે જેમાં ઉપમેય–ઉપમાન વચ્ચે લિંગ, વચન, કાળ, વિભક્તિપ્રયોગ વગેરેની બાબતમાં એકરૂપતા જળવાઈ ન હોય તેવી ઉપમાઓ પણ જોવા મળે છે. છાંદોગ્ય ઉપ. ૪.૧૭.૧૦માં લિંગ–વચન અનનુરૂપતા, છાં. ઉપ. ૬.૧૪.૧–૨માં કાળની અનનુરૂપતા, બૃ. ઉપ. ૨.૧.૧૦માં વિભક્તિ પ્રત્યયની અનનુરૂપતા જોવા મળે છે. સ્વાભાવિક રીતે જ આ કારણે ઉપમાના સૌંદર્યમાં ઘટાડો થયા વિના રહેતો નથી.

ઉપનિષદોની ભાષા વૈદિક સંસ્કૃતની સરખામણીમાં શિષ્ટ સંસ્કૃત સાથે સવિશેષ સમાનતા ધરાવતી જણાય છે. તથાપિ પ્રાચીનતાના કેટલાક અવશેષો તેમાં જોવા મળે છે. વૈદિક ઉપમાવાચકો પૈકી **इव**, **यथा**, **वत्**, **उपमा** વગેરેને બાદ કરતાં બાકીના નિપાતો **न**, **चित्**, **आ**, **वर्णः** વગેરેનો ખાસ પ્રયોગ ઉપનિષદોની ઉપમાઓમાં થયેલો જોવા મળતો નથી. અલબત્ત, આમાં કેટલાક અપવાદો પ્રાપ્ત થાય છે ખરા. ઉદાહરણ તરીકે કેનોપનિષદ (૪.૪)માં પ્રાપ્ત થતી એકમાત્ર ઉપમામાં ઉપમાવાચક '**आ**'નો '**इव**'ના અર્થમાં બે વખત પ્રયોગ થયેલો જોવા મળે છે. અહીં પ્રાપ્ત થતા બે શબ્દો **व्यद्युतदा** (**व्यद्युतत् + आ**) = વીજળીના ચમકવા જેવું અને **न्यमीमिषदा** (**न्यमीमिषत् + आ**) = આંખના નિમેષ જેવું–માં '**आ**' નિપાતનો વૈદિક ઉપમાની અસર હેઠળ પ્રયોગ થયેલો જોવા મળે છે. એ જ રીતે તૈત્તિરીય ઉપનિષદ (૩.૧૦.૬)માં પ્રાપ્ત થતી એક ઉપમામાં '**सुवर्णज्योती**' શબ્દ પ્રાપ્ત થાય છે. તે '**सुवः + न + ज्योती**' એ રીતે બનેલો છે. '**सुवः**' એ આદિત્યનું નામ છે. અને '**न**' નિપાત વૈદિક ઉપમાવાચકના અર્થમાં (**न** = ના જેવું) પ્રયુક્ત થયેલો છે. વિષયનિરૂપણની દૃષ્ટિએ વિચાર કરતાં, અથર્વવેદની પરિપાટી પર ખાસ કરીને બૃહદારણ્યક અને કૌષીતકિ ઉપનિષદમાં, મેલી વિદ્યા, વશીકરણ, મંત્રતંત્ર, જાદુવિદ્યા અને એતદ્વિષયક પ્રયોગવિધિનું નિરૂપણ કરતી કેટલીક ઉપમાઓ પ્રાપ્ત થાય છે, જેમાં વિષ લગાડેલા બાણથી ઘાયલ થયેલી હરિણીની જેમ પત્નીને પોતાના વિષે ઉન્મત્ત બનાવવા માટે વીર્યને કરવામાં આવેલી પ્રાર્થના નિરૂપતી ઉપમા (બૃ. ઉપ. ૬.૪.૯), આસન્નપ્રસવા સ્ત્રીની સદ્યઃપ્રસૂતિ માટેનો મંત્રપ્રયોગ (૬.૪.૯) કે પોતાની વ્યભિચારિણી

પત્નીના જારના સર્વનાશ માટેનો વિચિત્ર પ્રયોગ (બૃ. ઉપ. ૬.૪.૧૨) વગેરે નોંધપાત્ર છે. અથર્વવેદકાલીન કેટલાક રિવાજોનો અધઃપાત દર્શાવતી આ ઉપમાઓ કોઈ રીતે ઉપનિષદોની ઉપમાઓને માટે કલંકરૂપ નથી. ઊલટું ડૉ. આર. ડી. રાનડે[23] કહે છે તેમ, 'Instead of marring the beauty of Upanishadic thought like spots on the face of the moon, they only heighten the beauty of the philosophical reflection. "मलिनं अपि हिमांशोर्लक्ष्म लक्ष्मीं तनोति।'

ઉપનિષદોમાં પ્રયુક્ત ઉપમાઓમાંની મોટાભાગની ઉપમાઓ સ્વતઃ આવિર્ભૂત ઉપમાઓ છે. તે એટલી બધી સાદી, સરળ અને સુસ્પષ્ટ હોય છે કે વાંચતાંની સાથે જ તરત સમજાઈ જાય છે. એટલું જ નહીં જેણે મૂળ ઉપનિષદગ્રંથો વાંચ્યા પણ ન હોય તેમની સમજમાં પણ ઝટ આવી જાય છે. ઉદાહરણ તરીકે આત્મા અસ્ત્રાની પેટીમાં રહેલા અસ્ત્રાની જેમ અને કાષ્ઠમાં છુપાયેલા અગ્નિની જેમ રહેલો છે. (બૃ. ૧.૪.૭) અથવા જેમ અગ્નિમાંથી તણખા નીકળે છે તેમ આ આત્મામાંથી બધા પ્રાણ, દેવો, ભૂતો વગેરે ઉત્પન્ન થાય છે. (બૃ. ૨.૧.૨૦) સાદી સરળ હોવા છતાં પ્રભાવશાળી રીતે પ્રતિપાદ્ય વિષયનું સચોટ અને રોચક ચિત્ર પ્રસ્તુત કરતી આ ઉપમાઓની તાજગી અને નિર્વ્યાજ મનોહારિતા અનવદ્ય છે.

પરંતુ ઉપનિષદોમાં એવી પણ કેટલીક ઉપમાઓ પ્રાપ્ત થાય છે જેને સમજવા માટે પ્રયત્ન કરવો પડે છે એટલું જ નહીં, આવી ઉપમાઓની રજૂઆત જ એવી રીતે થયેલી હોય છે કે જેનાથી સ્પષ્ટ સૂચન મળે છે કે અહીં ઉપનિષદકારે ઉપમાની રચના કરવાનો સભાન પ્રયત્ન કરેલો છે. બૃહદારણ્યક ઉપનિષદ (૩.૮.૨)માં પ્રાપ્ત આ ઉપમામાં[24] ગાર્ગી યાજ્ઞવલ્ક્યને કહે છે:

'હે યાજ્ઞવલ્ક્ય, જેવી રીતે કાશી અથવા વિદેહમાં વસનારો અથવા વીરવંશજ ઉતારી નાંખેલી પણછવાળા ધનુષ્યને પણછ ચડાવીને, શત્રુઓને પીડા આપનારાં બે બાણોને હાથમાં લઈને (શત્રુની) બાજુમાં આવીને ઊભો રહે, એવી જ રીતે હું તમારી સમક્ષ બે પ્રશ્નો લઈને ઊભી છું.'

ઉપમાનપસંદગી, ભાષા, ભાવ અને નિરૂપણ એ તમામ દૃષ્ટિએ પાણીદાર મોતી જેવી સિદ્ધ થયેલી આ રોચક ઉપમા વિષે પ્રો. ગજેન્દ્રગડકર[25] લખે છે: 'The choice of the adjectives is proper and significant. The two parts correspond properly. Adjectives like उग्रपुत्र, बाणवन्तौ, सपत्नातिव्याधिनौ are significant. They are

---

23 Ranade (Dr.) R. D.—'A constructive Survey of Upanishadic Philosophy'; Oriental Book Agency, Poona, 1958, First edition, pp. 5-6.

૨૪ यथा काश्यो वा वैदेहो वोग्रपुत्र उज्ज्यं धनुरधिज्यं कृत्वा द्वौ बाणवन्तौ सपत्नातिव्याधिनौ हस्ते कृत्वोपोत्तिष्ठेदेवमेवाहं त्वा द्वाभ्यां प्रश्नाभ्यामुपोदस्थाम्।

25 Prof. Gajendragadakar—'Decorative style of Alaṃkāras in Bṛhadāraṇyaka Upaniṣad', Journal of the Bombay Branch of Royal Asiatic Society, 1954, Bombay, p. 56

intended to indicate that the question of Gargi will be equally dangerous to याज्ञवलक्य who is looked upon as an adversary.' આવાં અન્ય ઉદાહરણો પણ બૃ. ઉપ. ૧.૪.૧૫, ૨.૨.૩, શ્વે. ઉપ. ૨.૫ વગેરેમાં પ્રાપ્ત થાય છે.

આ ઉપમાઓની એક અન્ય નોંધપાત્ર વિશેષતા તેની ઉપદેશપ્રધાનતા છે. ઉપનિષદોમાં ધર્મપ્રધાનતા અને નૈતિકતાનું મહાન સામ્રાજ્ય હોવાથી આ સ્વાભાવિક જ છે. પરંતુ વિશેષ નોંધપાત્ર બાબત તો એ છે કે બોધ યા ઉપદેશ આ ઉપમાઓમાં એવો તો સમરસ અને એકરૂપ થઈને આવે છે કે પાઠકને ખ્યાલ સુદ્ધાં આવતો નથી કે ઉપનિષદકારે અહીં ઉપદેશ આપવાનો પ્રયત્ન કરેલો છે. 'કાન્તાસંમિત ઉપદેશ' આપતી આવી કેટલીક ઉપમાઓમાં બૃ. ઉપ. ૧.૪.૧૪, ૧.૪.૧૦ છાં. ઉપ. ૬.૧૬, ૫.૨૪.૩ વગેરેને ગણાવી શકાય. પ્રખર કર્મકાંડીઓની છાં. ઉપ (૧.૧૨ ૪)માં કૂતરાઓ' સાથે કે કઠ ઉપ. (૧.૨.૫)માં 'આંધળાઓ વડે દોરાતા આંધળાઓ' સાથે તુલના કરી તેમના ઉપહાસ દ્વારા કર્મકાંડની નિરર્થકતાનો જ બોધ આપવામાં આવ્યો છે. પણ આવાં ઉદાહરણોને આધારે એ. બી. કીથ[૨૬] જેવા વિદ્વાનો ઉપનિષદોની ઉપમાઓને માત્ર ઉપદેશાત્મક અને ઉદાહરણાત્મક માને છે તે પણ યુક્તિસંગત નથી.

ઉપનિષદોમાં પ્રયુક્ત ઉપમાઓની કેટલીક વિશેષતાઓ સ્પષ્ટ કરતાં ઓલ્ડનબર્ગ[૨૭] લખે છે કે ઉપનિષદોમાં ઉપમાઓનો પ્રયોગ કલાત્મક રીતે અને ખૂબીપૂર્વક કરવામાં આવ્યો છે. આ ઉપમાઓ બહુધા જટિલ અને રોચક છે. તેમને નિર્ણયાત્મક તર્કના રૂપમાં રજૂ કરવામાં આવી છે જો કે આ ઔપનિષદિક ઉપમાઓનું સાદૃશ્ય બહુધા કલ્પિત રહે છે અને જો તેમના અર્થઘટન માટે મગજને બરાબર કસવામાં આવે તો કેટલીકવાર તેઓ પ્રબંધના મૂળ અર્થને પણ આચ્છાદિત કરી દે છે, અને આથી તેઓ પ્રાયઃ પ્રાચીન અને અર્વાચીન બંને પ્રકારના વ્યાખ્યાકારોને સંદેહમાં નાંખતી રહે છે. (ઉદા. તરીકે બૃ. ૨/૪/૭–૧૨ વગેરે.)

'આત્માને જ સમજવાથી સર્વ જગત સમજાય છે' એવા સિદ્ધાંતનું સ્પષ્ટીકરણ કરતી ઓલ્ડનબર્ગે ઉપર નિર્દેશેલી ઉપમાઓ એટલી તો સરળ છે કે ઓલ્ડનબર્ગે તેની કરેલી ટીકા અપ્રસ્તુત જણાય છે અને તેમાં કદાચ સત્ય હોય તો પણ ગણીગાંઠી એવી ઉપમાઓના આધારે આવું આત્યંતિક વિધાન કરવું ઉચિત નથી. એથી ઊલટું ઉપનિષદોની ઉપમાઓના અભ્યાસીઓએ તેની સાદગી, સરળતા અને સુગમતાની ભૂરિભૂરિ પ્રશંસા કરી છે. સંસ્કૃત સાહિત્યની ઉપમાઓના પ્રખર અભ્યાસી અને એ વિષય પર સ્વતંત્ર ગ્રંથ લખનાર પ્રો. જે ગોન્ડા[૨૮] આ સંદર્ભમાં લખે છેઃ

---

२६ कीथ ए बी. (अनुवादकः सूर्यकान्त) 'वैदिक धर्म एवं दर्शन', मोतीलाल बनारसीदास, देहली–वाराणसी–पटना, १९६२, प्रथम आवृत्ति, पृ. ६३०

૨૭ ઉદ્ધૃત. એજન. પૃ. ૬૩૧-૬૩૨

28 Prof. Gonda J.—'Remarks on similes in Sanskrit literature', Leiden, Holland, 1949, First edition, p. 88

'××A good many of them are known even to many people who are not able to read the originai texts ( BĀU. 1.4.7; Ch.U. 7.15.1; BAU 2.5.15; 2.1.20; 2.4.7–12 etc. ) Most of the similes to be found in these texts belong to this kind, although now and then also quite natural expressions make clear to us that not only difficult lessons and doctrines, but also simpler things are explained by means of a simile ( e.g.ch.U. 5.1.8 ) and on the other hand human feelings and magic seem to play a part too; ( ch.U. 1.2.7 ). આ સંદર્ભમાં ડૉ. મધુસૂદન પાઠકનો[૨૯] મત પણ વિચારણીય છે. તેઓ લખે છે કે 'The similes in the Upanishads are more refined than those Rgved. We have examples like 'a blind man being led by another blind person.' such similes also mark a range of clearer thinking and observation of actual life and aim at more of realism.

આ ઉપમાઓમાં ઉપનિષદકારે જે ઉપમાનોનું ચયન કર્યું છે તે ખૂબ જ નોંધપાત્ર છે. સમગ્રતયા જોતાં એમ વિધાન કરી શકાય કે આ ઉપમાનો વાસ્તવિકતાપૂર્ણ અને ઘરેલુ છે. તેઓ એક યા બીજી રીતે માનવજીવનના કોઈ એક અથવા બીજા પાસાને સ્પર્શ કરતાં જણાય છે. ગાય અને અશ્વ, મધમાખી સર્પ અને રથ, યજ્ઞીય ઉપકરણો અને તપોવનસંસ્કૃતિનાં અનેક પ્રતીકો વારંવાર જુદા જુદા સંદર્ભોમાં આ ઉપમાઓમાં ડોકિયાં કરતાં જણાય છે. આ ઉપમાનો પ્રભાવશાળી અને અત્યંત ગુણસામ્યતાવાળાં હોવાના કારણે પાઠક સરળતાથી પરિચિત સુગમના આધારે અપરિચિત દુર્ગમને સમજી શકે છે. પારસના સ્પર્શે જેમ કથીરનું કાંચન બની જાય તેમ સાવ ક્ષુદ્ર કે ક્ષુલ્લક જણાતાં ઉપમાનો પણ આ ઉપમાઓમાં ઉપનિષદના કવિની સમર્થ સર્જક-પ્રતિભાનો કલાસ્પર્શ પામી ઉત્તમ કાવ્યાંશો બની ગયાં છે.

ઉપનિષદોની ઉપમાઓની એક આકર્ષક વિશેષતા એ પણ જણાય છે કે તદ્દન ગંભીર અને દાર્શનિક પ્રકારના વિષયોના નિરૂપણમાં પણ એના કવિની પર્યુત્સુક અન્વેષણવૃત્તિ વિષયના બહિરંગ સુધી જ સીમિત ન રહેતાં વસ્તુના અંતસ્તલને સ્પર્શવાની મથામણ કરતી જણાય છે અને આમ કરવામાં ઉપનિષદનો કવિ પોતાના નિરૂપણમાં પ્રસંગોપાત કવિત્વનો ઢોળ ચડાવી દે છે. જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં આત્માની ગતિ-અગતિને નિરૂપતી ઉપમાઓને[૩૦] આના ઉદાહરણમાં ટાંકી શકાય. આ ઉપમાઓના આધારે એવું વિધાન કરી શકાય કે ઉપનિષદનો કવિ પોતાની અનુભૂતિઓને ઉપદેશોક્તિઓ કે કોરાં ઉદાહરણો દ્વારા સિદ્ધ કરવાનો પ્રયત્ન કરતો નથી, પરંતુ રસથી ભરીભરી મધુર અને ગંગાના નિર્મળ નીર જેવી, પ્રસન્નતાથી પ્રફુલ્લિત કરી દેતી કવિતાનો પદે પદે અનુભવ કરાવી જાય છે. બૃહદારણ્યક ઉપનિષદ ( ૪/ ૩–૪ ) અને અન્ય આવી ઉપમાઓની મુગ્ધકરતા પર શોપનહોવર અને ડોયસને જે પ્રશંસાનાં પુષ્પો વેર્યાં છે તે જ

29 Pathak (Dr.) M. M.,—' Similes in Rāmāyaṇa ', Maharaja Sayajirao University of Baroda, 1966. First edition, pp. 10-11

૩૦ બૃ. ઉપ ૪/૩/૧૯; ૪/૪/૩. છાં. ઉપ. ૬/૮/૨; ૬/૧૦/૧-૨.

તેમની સાહિત્યિક ઇયત્તાના દસ્તાવેજરૂપ છે. આવી રમણીય ઉપમાઓથી સુશોભિત એક પરિચ્છેદ વિષે ડૉયસન[31] લખે છે કે આવો પરિચ્છેદ ભારતીય સાહિત્યમાં અન્યત્ર ઉપલબ્ધ થઈ શકે તેમ નથી. સ્વાનુભવની એ ભવ્યતા, એ સહૃદયતા, સંવેદનાની એ સંક્રમણશક્તિ ભારતમાં જ નહીં, વિશ્વસાહિત્યમાં પણ અપૂર્વ છે. આ જ સંદર્ભમાં મૅકડોનલના[32] શબ્દો પણ ધ્યાનાર્હ છે. તેઓ લખે છેઃ "સચોટ દૃષ્ટાંતોની સુખકર સમૃદ્ધિ તરફ જોતાં, દૃઢ શ્રદ્ધાની ઊછળતી ઊર્મિઓ તરફ જોતાં, વિચારની સુંદરતા તથા પ્રૌઢતા તરફ જોતાં ઉપનિષદોનો આ વિભાગ બીજાં સઘળાં ઉપનિષદોના કરતાં, એટલું જ નહિ પણ હિંદુસ્તાનના સાહિત્યના બીજા કોઈ પણ ગ્રંથના કરતાં ચડી જાય તેવો છે, એવું આપણે દૃઢતાથી કહી શકીશું." વળી આ ઉપમાઓમાંથી ગહન, મૌલિક અને ઉદાત્ત વિચારોની સરવાણી સતત વહેતી જોવા મળે છે. આ વિચારોમાં રહેલા આનંદ, ઉત્સાહ અને આડંબરહીનતાને લીધે વિલક્ષણ સૌંદર્યવાળી બનેલી આ ઉપમાઓ ખરેખર સાહિત્યના ઉત્તમ નમૂનાઓ જેવી છે.

ઉપનિષદોની ઉપમાઓ એનાં જીવંત, હૂબહૂ શબ્દચિત્રોથી આપણને મંત્રમુગ્ધ કરી દે છે. ઉપનિષદના કવિ પાસે રમણીય શબ્દચિત્રો આલેખવાની જબરી હથોટી છે. આવાં શબ્દચિત્રો સમર્થ સર્જકપ્રતિભા વિના શક્ય નથી. જનકના દરબારમાં મહર્ષિ યાજ્ઞવલ્ક્યને શાસ્ત્રાર્થમાં પડકારતી સિંહણ જેવી ગૌરવવંતી ગાર્ગીનું શબ્દચિત્ર[33] જેટલું જીવંત અને પ્રભાવશાળી છે તેટલું જ લોમહર્ષણ પણ છે. અવિદ્યામાં રાચનારાઓની કેવી દુર્ગતિ થાય છે તે આંધળાથી દોરાતા અને પદે પદે ઠોકર ખાતા આંધળાનું શબ્દચિત્ર[34] આલેખીને કેવી વેધક અને સચોટ રીતે દર્શાવી દેવામાં આવ્યું છે! ગોધૂલિટાણે પોતાના માળામાં પાછાં ફરતાં પંખીઓનું એક નખશિખ સુંદર અને ભાતીગળ સંશ્લિષ્ટ શબ્દચિત્ર આપણને પ્રશ્નોપનિષદ (૨/૭)માં પ્રાપ્ત થાય છે. આ અને આવી કેટલીક હૃદયાવર્જક ઉપમાઓ કવિકુલગુરુ કાલિદાસની ઉપમાઓની સ્પર્ધા કરી શકવાનું સામર્થ્ય ધરાવે છે એમાં બે મત નથી. આ શબ્દચિત્રો એટલાં તો સુંદર અને આકર્ષક છે કે તેઓ વિષયનિરૂપણમાં ચોંટાડેલાં થીંગડાં જેવાં લાગતાં નથી, પરંતુ ભાતીગળ ડિઝાઈન જેવાં કલાત્મક લાગે છે અને પાઠકના માનસપટ પર અમીટ છબી અંકિત કરી અનોખાં સૌંદર્યબિંદુઓ તરીકે યાદ રહી જાય છે.

આ ઉપમાઓમાં ક્યારેક ઉપનિષદકાર ધ્વનિસૌંદર્યનો પુટ આપીને તેમને અધિક પ્રભાવશાળી બનાવવાનો પ્રયત્ન કરતા હોવાની છાપ પડે છે. છતાં સમર્થ સર્ગશક્તિને કારણે આવું અનાયાસ જ બનતું અનુભવાય છે. વર્ણવિન્યાસ, ભાવવ્યંજના, શબ્દચિત્રાત્મકતા આદિની મદદથી ઉપનિષદકાર ધાર્યું નિશાન લે છે અને ઉપમાને શબ્દશઃ અને અર્થશઃ ધ્વનિકાવ્યની કોટિએ પહોંચાડે છે. ઉદા. તરીકે બૃ. ઉપ. (૪/૩/૧૯)માં પ્રયુક્ત આ ઉપમા જુઓઃ

---

३१ उद्धतः–विंटरनित्स (अनुवादकः–लाजपतराय) 'प्राचीन भारतीय साहित्य', मोतीलाल बनारसीदास, देहली–वाराणसी–पटणा, १९५८; प्रथम आवृत्ति पृ. २०१

૩૨ મૅકડોનલ, એ. (અનુ. દવે મોહનલાલ પાર્વતીશંકર), 'સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ', પોપ્યુલર પબ્લિશીંગ હાઉસ, સુરત, ૧૯૬૮, દ્વિતીય આવૃત્તિ, પૃ. ૨૯૮.

૩૩ બૃ. ઉપ. ૩/૮/૨.

૩૪ કઠ. ઉપ. ૧/૨/૫.

'यथाऽस्मिन्नाकाशे श्येनोवा सुपर्णो वा विपरिपत्य श्रान्तः संहृत्य पक्षौ संलयायैव ध्रियत एवमेवायं पुरुष एतस्मा अन्ताय धावति यत्र सुप्तो न कंचन कामं कामयते न कंचन स्वप्नं पश्यति ।

આત્મજિજ્ઞાસુ જનક અને આત્મવિદ્ યાજ્ઞવલ્ક્ય વચ્ચેના દાર્શનિક સંવાદમાં પ્રાપ્ત પ્રસ્તુત ઉપમામાં સુષુપ્તિ અવસ્થામાં આત્માની સ્થિતિનું આબેહૂબ નિરૂપણ કરવા ઉપનિષદકારે, આકાશમાં ઊડવામાં સૌથી વધુ ઝડપ ધરાવતા શ્યેનસુપર્ણની ઉપમાન તરીકે કરેલી સચોટ અને સમુચિત પસંદગીની સાથે સાથે આ ઉપમા એની પ્રસન્નમધુર કોમલકાન્તપદાવલિ અને વર્ણ-સગાઈ અલંકારથી ઉત્પન્ન થતા મુગ્ધકર શબ્દસંગીતથી આપણને મંત્રમુગ્ધ કરી દે છે. 'न कंचन कामयते न कंचन..'। 'अस्मिन् आकाशे श्येनो वा सुपर्णो वा' અને श्रान्तः संहृत्य पक्षौ संलयायैव' વગેરે શબ્દસમૂહોમાં ક્રમશઃ क અને स – श વર્ણોની પુનરાવૃત્તિથી કેવી કર્ણમધુરતાનો અનુભવ થાય છે ! એ જ રીતે બૃ. ઉપ. (૬/૧/૧૩)માં પ્રાપ્ત એક ઉપમા જુઓઃ

अथ ह प्राण उत्क्रमिष्यत् यथा महासुहयः सैन्धवः पड्वीशशंकून् संवृहेदेव हेवेमान् प्राणान् संववर्ह ।

અહીં 'संववर्ह' શબ્દના ઉચ્ચારણની સાથે જ હણહણાટી કરતો અશ્વ આંચકો મારીને પગના ખીલાઓને ઉખાડી નાખતો ન હોય એવો અનુભવ પ્રત્યક્ષ થતો જણાય છે. આ ઉપરાંત 'सुहयः सैन्धवः पड्वीशशङ्कुन् संवृहेदेवं...संववर्ह..' ઈત્યાદિ શબ્દોમાં 'स' વર્ણની પુનરુકિતને કારણે ઊપજતી એક જાતની સંગીતમય ભૂરકી આપણને પ્રબલ સંમોહનથી વશ કરી દેવાની ક્ષમતા ધરાવે છે.

કહેવતો અને રૂઢિપ્રયોગ જેવી સચોટતા, સુભાષિતો જેવી સાર્વત્રિકતા અને અવતરણ-ક્ષમતાને પણ આ ઉપમાઓની એક લાક્ષણિકતા ગણાવી શકાય. એ જ રીતે હૃદયના અંતસ્તલ-માંથી નીકળેલા પ્રબળ ભાવોદ્ગારો કે અનુભવના નિષ્કર્ષરૂપ મનોહર સૂકિતઓ આપણું ધ્યાન ખેંચ્યા વિના રહેતાં નથી. 'अन्धेनैव नीयमाना यथान्धाः[३५] કે 'क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गं पथस्तत्कवयो वदन्ति કે 'सस्यमिव मर्त्यः पच्यते सस्यमिवाजायते पुनः'[३६] જેવી અનેક સૂકિતઓ કહેવતો–સુભાષિતોની હરોળમાં બેસવાની શકિત અને સામર્થ્ય ધરાવે છે. એ જ રીતે 'अरा इव रथनाभौ,[३७] मातेव पुत्रान्रक्षस्व'[३८] ज्योतिरिवाधूमकः[३९] 'क्षीरे सर्पिरिवार्पितम्'[४०] કે 'दग्धेन्धनमिवानलम्'[४१] જેવા શબ્દપ્રયોગો રૂઢપ્રયોગોની ગરજ સારે તેવા સચોટ અસરકારક અને ઉપયોગી છે.

---

૩૫ એજન.

૩૬ કઠ. ઉપ. ૧/૧/૬.

૩૭ પ્રશ્ન. ઉપ. ૨/૬, મુ. ઉપ. ૨/૨/૬, બૃ. ઉપ. ૨/૫/૧૫.

૩૮ પ્રશ્ન. ઉપ. ૨/૧૩

૩૯ કઠ. ઉપ. ૨/૧/૧૩

૪૦ શ્વે. ઉપ. ૧/૧૬

૪૧ શ્વે. ઉપ. ૬/૧૯

આપણે અત્યાર સુધી જોયું તેમ ઉપનિષદોની, આ ઉપમાઓ પૈકીની કેટલીક ‘ કલાના ઉત્તમોત્તમ નમૂના ’ જેવી, તો કેટલીક ‘ માનવીય જ્ઞાનના ઉત્તમોત્તમ આવિર્ભાવ ’ જેવી છે. કેટલીક ઉપમાઓ માત્ર ઉપનિષદ–સાહિત્યમાં જ નહિ, પરંતુ સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં ‘ અપૂર્વ ’ છે. આમ આ ઉપમાઓ ખરેખર સાહિત્યિક અને ભવ્યતાપૂર્ણ છે, છતાં વિંટરનિત્સ[૪૨] લખે છે તેમ સરોવરમાં ફક્ત કમળો જ નથી હોતાં, કાદવ પણ હોય છે, તેમ ઉપનિષદોના આ ભવ્ય અને ઉદાત્ત કલ્પનાલોકમાં પણ ઘણી ઉપમાઓ એવી છે કે જેનું દાર્શનિકતા કે સાહિત્યિકતાની દૃષ્ટિએ કાંઈ જ મૂલ્ય નથી. આ ઉપમાઓ અશુદ્ધ, ઢંગધડા વગરની અને ‘ સરખામણી ’ કે ‘ તુલના ’ શબ્દને જ સાર્થક કરતી જણાય છે. આવી ઉપમાઓમાં કાવ્યાત્મકતા, ધ્વનિસૌંદર્ય, ચમત્કૃતિ જેવાં કાવ્યતત્ત્વોનો તદ્દન અભાવ હોવાથી તેમને ભાગ્યે જ સાચા અર્થમાં ઉપમા શબ્દથી ઓળખાવી શકાય. આ ઉપમાઓ કેટલીક વાર માત્ર ‘ **यथा** ’ શબ્દના પ્રયોગના કારણે જ ઉપમાઓની પરંપરાગત પંગતમાં બેસી જતી જોવા મળે છે. બૃ. ઉપ. ( ૧.૪.૩ )માં પ્રયુક્ત એક ઉપમાને આના ઉદાહરણ તરીકે ટાંકી શકાય, જેમાં આત્માની સરખામણી ‘ ગાઢ ભેટેલાં દંપતી ’ સાથે કરવામાં આવી છે. પ્રો. ગજેન્દ્રગડકર[૪૩] કહે છે તેમ “It is hardly an Upamā, It is merely an illustration.” આવી ઉપમાઓ અલબત્ત જૂજ પ્રમાણમાં પણ ઉપલબ્ધ તો થાય છે જ.

‘ Best thought in best order ’ ને જો ઉત્તમ કવિતાના માનદંડ તરીકે સ્વીકારવામાં આવે તો ઉપનિષદોની ઉપમાઓ નિઃશંક રીતે આ પદની અધિકારિણી બનવાની ક્ષમતા ધરાવે છે, જેમાં ઉપનિષદનો કવિ ઉપમિતિની પદ્ધતિ દ્વારા તત્ત્વજ્ઞાનના ભવ્યાતિભવ્ય વિચારોને ઉત્તમમાં ઉત્તમ શબ્દોમાં અભિવ્યક્ત કરવામાં સફળ થયો છે. અલબત્ત, ઉપનિષદોની તમામ ઉપમાઓને સ્વાભાવિક રીતે જ આ વિધાન લાગુ પાડી શકાય તેમ નથી. તેમ છતાં, જે સુદૂર પ્રાચીનકાળમાં આ મહાન ગ્રંથોની રચના થઈ છે તે જોતાં અને તત્ત્વાચતન જેવા ગહન વિષયનું પ્રતિપાદન જેનો પ્રતિપાદ્ય વિષય છે તેવા ઉપનિષદ–ગ્રંથોમાં પ્રાપ્ત થતી કવિત્વસંસ્પૃષ્ટ દાર્શનિકતાથી શોભતી, સ્વાનુભૂતિના નિકષગ્રાવા પર કસાઈને આવતી, ક્યારેક કર્ણમધુર ધ્વનિસૌંદર્યથી મંત્રમુગ્ધ કરતી ક્યારેક શ્યેન–સુપર્ણ પક્ષીની જેમ કવિતાના ઊંચા ગગનને આંબવા મથતી, ક્યારેક મૈત્રેયીની જેમ નિર્વ્યાજ મનોહારિતાથી અહોભાવ જન્માવતી તો ક્યારેક ગરવી ગાર્ગીની જેમ એની રજૂઆત અને હિંમતભર્યા વિચારોથી આપણને હતપ્રભ કરી દેતી આ પાણીદાર ઉપમાઓ કશાયે આડંબર વિના આપણા માનસપટ પર ચિરસ્થાયી પ્રભાવ મૂકી જવાની ક્ષમતા ધરાવે છે. ઉપમાપ્રયોગ જેને માટે અશ્રુ કે નિઃશ્વાસ જેવી સાહજિક પ્રવૃત્તિ છે તેવો ઉપનિષદનો કવિ આ માટે આપણા અભિનંદનનો અધિકારી છે.

---

૪૨ विंटरनित्स ( अनुवादक : लाजपतराय ), ‘ प्राचीन भारतीय साहित्य ’, मोतीलाल बनारसीदास, देहली–वाराणसी–पटणा १९५८, प्रथमावृत्ति, पृ. १९३.

43 Prof. Gajendragadakar—‘ Decorative Style of alaṃkārās ’, in the Bṛhadāraṇyak Upanisad ’, Journal of the Bombay branch of Royal Asiatic Society, 1954 Issue, Bombay. P. 56.

# સ્મરણયાત્રા

ભોગીલાલ જ. સાંડેસરા*

૧. **અનામી**–ભોગીભાઈ! તમારી સાથે ગોષ્ઠિ કરવાનો આ અવસર મળ્યો છે; તો થોડાક પ્રશ્નો પૂછું. પહેલો, પણ બહુ સાધારણ પ્રશ્ન એ કે તમારી અટક સાંડેસરા છે...સંદેસર કે સંડેર સાથે એને કોઈ સંબંધ ખરો?

**સાંડેસરા**–ના; પાટણ પાસે સાંડેસર નામે એક ગામ હતું. અત્યારે તો તે ત્યજાયેલું છે; ત્યાંનાં પડેલાં મકાનોના પાયા 'સાંડેસરનાં કોટડાં' તરીકે ઓળખાય છે. સાંડેસર ગામમાંથી જે પાટીદારો પાટણમાં રહેવા આવ્યા તેઓ સાંડેસરા તરીકે ઓળખાય છે.

૨. **અ.**–પ્રત્યેક વ્યક્તિના વિકાસમાં કૌટુમ્બિક વારસો કંઈ ભાગ ભજવે છે. તમારી બાબતમાં કૌટુમ્બિક વારસાનું પ્રદાન કેટલું?

**સાં.**–મારા પિતાશ્રી તો ૩૪ વર્ષની તરુણ વયે ગુજરી ગયા હતા. પણ મારાં ફોઈબા કાશીબહેને અમને ભાઈઓને ઉછેર્યા અને અમારામાં ધાર્મિક અને વ્યાવહારિક સંસ્કારોનું જે સિંચન કર્યું, તે જિંદગીભરનું ભાથું બની રહ્યું છે. આથી, મારા પ્રથમ લેખસંગ્રહ 'ઇતિહાસની કેડી'નું અર્પણ મેં તેમને કરેલું છે. મારા પિતાશ્રી પણ ભજનો લખતા, એમ જૂના કાગળો ફંફોસતાં મારી જાણમાં આવેલું.

૩. **અ.**–તમારા પ્રાથમિક શિક્ષણનાં કોઈ સંસ્મરણો કહેશો?

**સાં.**–અમારા વખતમાં ગુજરાતી પહેલી ચોપડી પહેલાં એકડિયાનો વર્ગ હતો. એકડિયાથી બીજી ચોપડી સુધીનો અભ્યાસ મેં અમદાવાદમાં કરેલો. મારા પિતાશ્રીની તબિયત સારી નહોતી, તેથી અમે સૌ પાટણ રહેવા ગયાં ત્યારે હું ત્રીજી ચોપડીમાં હતો. હું ત્રીજીમાં હતો ત્યારે જ મારા પિતાશ્રીનું અવસાન થયું. પાટણમાં, ત્રીજીની પરીક્ષામાં હું બીજે નંબરે પાસ થયો ત્યારે 'ઉપનિષદોની વાતો' (લેખક પાંડુરંગ વિઠ્ઠલ વળામે) એ પુસ્તિકા મને ઇનામમાં મળી હતી

---

'**સ્વાધ્યાય**', પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક મે–ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૧૮૭–૨૦૦.

* ૬, શ્રેયસ સોસાયટી, 'સંવાદ', રેસકોર્સ સર્કલ (પશ્ચિમ) વડોદરા–૩૯૦ ૦૦૭.

[ અમદાવાદ-વડોદરા રેડિયો સ્ટેશન ઉપરથી, ડૉ. ભોગીલાલ સાંડેસરાની, ડૉ. રણજિત પટેલ 'અનામી'એ લીધેલી કુલ એક કલાકની મુલાકાત તા. ૧૪–૧૨–૮૮ અને તા. ૨૮–૧૨–૮૮ના રોજ-એમ બે વિભાગમાં પ્રસારિત થઈ હતી. સાહિત્ય અને સંશોધનના અભ્યાસીઓને તે રસપ્રદ અને ઉપયોગી હોઈ, આકાશવાણીના સૌજન્યથી તે આખી મુલાકાત અમે અહીં પ્રગટ કરીએ છીએ–સંપાદક ].

અને મેં તે અનેક વાર વાંચેલી. વર્ષો બાદ મને ખબર પડી કે પાંડુરંગ વિઠ્ઠલ વળામે તે પછીના સમયના શ્રી રંગ અવધૂત. તેમની આ પુસ્તિકાના, મારા મન ઉપર પડેલા ઊંડા સંસ્કારની વાત, વર્ષો પછી, વડોદરામાં શ્રી રંગ અવધૂતને મેં કરેલી. ગુજરાતી ચોથીની પરીક્ષા વખતે મને ટાઈફોઈડ થયેલો; ઘોડાગાડીમાં બેસાડી પરીક્ષા આપવા માટે મને લઈ ગયેલા. મને પહેલા નંબરે પાસ થવાની આશા હતી, પણ ડેપ્યુટી સાહેબે જે પ્રશ્નો પૂછયા, એમાંના એક પ્રશ્નનો ઉત્તર હું આપી શકયો નહોતો. એટલે ઘેર આવીને મેં કહ્યું કે "હું બીજે નંબરે પાસ થઈશ." અને થયું પણ તેમ જ. ૧૯૨૫માં મહારાજા સયાજીરાવ ગાયકવાડના રાજ્યારોહણનો સુવર્ણમહોત્સવ વડોદરા રાજ્યમાં દમામભેર ઉજવાયો હતો, પાટણમાં. ચતુર્ભુજ બાગમાં યોજાયેલા સમારંભમાં, અમદાવાદી પાઘડી પહેરીને, એક કંજૂસ વાણિયાનો અભિનય મેં કરેલો; તેથી લોકો ખૂબ હસ્યા હતા, અને મને ઈનામ પણ મળેલું. ગુજરાતી છઠ્ઠીમા હું હતો ત્યારે પાટણમાં મહારાજાના જન્મ-દિવસ નિમિત્તે મળેલી સભામાં મેં એક ટૂંકું ભાષણ આપેલું, અને તે અમારા શિક્ષકોએ વખાણ્યું હતું.

અહીં, શૈક્ષણિક દૃષ્ટિએ, એક હકીકત કહેવાનું મને મન થાય છે. અમે ગુજરાતી ચોથા ચોપડીમાં ભણતા ત્યારે મહિને આઠ આનાની ફી સાથે, અંગ્રેજીના વૈકલ્પિક વર્ગો નિશાળમાં ચાલતા અને ઘણા વિદ્યાર્થીઓ એનો લાભ લેતા. મેં 'પ્રાઈમર'નો અભ્યાસ એમાં કર્યો હતો.

૪. અ.–ગિલ્લીદંડા રમવાની વયે તમે કલમ પકડી; તો આ છંદનું રહસ્ય શું?

સાં.–મારે મન પણ એ રહસ્ય જ છે. પૂર્વસંસ્કારમાં હું માનું છું. કદાચ તે પણ હોય.

૫. અ.–પાટણની કઈ વિભૂતિઓ અને સંસ્થાઓએ તમારા વિકાસમાં શો અને કેવો ભાગ ભજવ્યો છે?

સાં.–સંશોધન આદિમાં મને રસ તો હતો અને પાટણનાં સમૃદ્ધ પુસ્તકાલયોમાંથી હાથ આવે તે વિવિધ વિષયની ચોપડીઓ અને સામયિકો તેમજ સામયિકોની જૂની ફાઈલો હું વાંચતો હતો. પણ મારી પ્રવૃત્તિને નવીન પ્રેરણા અને ઉત્તેજન મળ્યાં તે શ્રી. રામલાલ ચુનીલાલ મોદીના સહવાસથી. અંગ્રેજી ત્રીજા ધોરણમાં (અત્યારના સાતમા ધોરણમાં) તેઓ અમારા વર્ગશિક્ષક હતા. તેઓ કેવળ મેટ્રિકયુલેટ હતા, પણ આજન્મ પ્રતિભાશાળી સંશોધક અને બહુશ્રુત વાચક હતા. તેમના સંપર્ક અને વાર્તાલાપમાંથી હું ઘણું શીખ્યો. એ પછી મુનિશ્રી જિનવિજયજીએ પાટણમાં મુનિશ્રી પુણ્યવિજયજી સાથે મારો પરિચય કરાવ્યો તથા શિષ્ય તરીકે તેમને મારી સોંપણી કરી. હું પાંચમા ધોરણમાં (અત્યારના નવમામાં) હતો ત્યારે મુનિશ્રી પુણ્યવિજયજી પાસે હેમચન્દ્રકૃત 'પ્રાકૃત વ્યાકરણ' શીખ્યો, અને ત્યારપછી અમારો ગુરુશિષ્યસંબંધ એમના જીવન પર્યંત ચાલુ રહ્યો. પાટણના સંસ્કારસંગમ સમા ડૉ. પંડ્યા અભ્યાસગૃહના સેવાભાવી સંચાલક અને પાટણ હાઈસ્કૂલના શિક્ષક શ્રી. મણિલાલ માધવલાલ દવેના કાર્યની અને જીવનદૃષ્ટિની ઠીક ઠીક અસર મારા ઉપર થઈ. પાટણ ઐતિહાસિક શહેર હોવાથી દેશ-વિદેશના અનેક વિદ્વાનો પુણ્યવિજયજી અને તેમના ગુરુઓ પાસે આવતા–ખાસ કરીને પાટણના ગ્રંથભંડારોના

ઉપયોગ માટે. એ વિદ્વાનોના સંપર્કમાં પણ હું અનાયાસે આવ્યો, એની વાત મેં અન્યત્ર કરી છે. એક મોટો લાભ એ ગણુવો જોઈએ કે પાટણમાં અનેક સમૃદ્ધ પુસ્તકાલયો છે અને એમાનાં ત્રણેકમાંથી તો એક સાથે હું પુસ્તકો લાવતો. ગ્રન્થસંપર્ક દ્વારા વિશ્વસંપર્કનો આ લાભ જેવો-તેવો ન હોતો.

૬. **પ્ર**–તમે મેટ્રિક થયા એટલે કે અંગ્રેજી ધોરણ સાત પસાર કર્યાં એ પહેલાંનાં, કહેવા જેવાં કોઈ સ્મરણો જણાવશો ?

**સાં.**–મારો પ્રથમ લેખ 'બુદ્ધિપ્રકાશ'માં પ્રગટ થયો ત્યારે હું પાંચમા ધોરણમાં હતો. ૧૯૩૩માં હું મેટ્રિકની પરીક્ષામાં બેઠો અને ૧૯૩૫માં પાસ થયો ત્યાર પહેલાં 'બુદ્ધિપ્રકાશ' ઉપરાંત 'કૌમુદી', 'પ્રસ્થાન' 'સાહિત્ય' 'શારદા', 'ગુણસુંદરી' 'ગુજરાતી'ના દીપોત્સવી અંકો ફાર્બસ ગુજરાતી સભા 'ત્રૈમાસિક'માં અને પાટણ વિદ્યાર્થી મંડળની નાનકડી 'અભ્યાસગૃહ-પત્રિકા'માં મારા લેખો છપાયેલા. ૧૯૩૩માં ગણિતની મુશ્કેલીને કારણે મેટ્રિકમાં હું પ્રથમવાર નાપાસ થયો. એ પછી ૧૯૩૪માં, ફાર્બસ ગુજરાતી સભા તરફથી, માધવકૃત 'રૂપસુન્દર કથા'–રચના સંવત ૧૭૦૬–નું મારું સંપાદન પ્રગટ થયું. ૧૯૩૪માં હું બીજીવાર નાપાસ થયો. એ પછી હું પરીક્ષા આપવાનો ન હોતો, પણ મારા મિત્ર શ્રી યશવંત શુક્લના અત્યાગ્રહથી ૧૯૩૫માં ત્રીજી વાર બેઠો, અને ગણિતના પરીક્ષકની પ્રશ્નપત્ર કાઢવામાં થયેલી ભૂલને કારણે, એ વિષયમાં થોડા વધારે ગુણ મળતાં, પાસ થઈ ગયો !

સ્કૂલના મારા અભ્યાસકાળ દરમિયાન જેમનો મારા ઉપર પ્રભાવ પડ્યો હોય એવા બીજા કેટલાક શિક્ષકોની વાત કરું. અમારા એ સમયના હેડમાસ્તર શ્રી કલ્યાણરાય જોષીની અનેકદેશીય વિદ્વત્તા, સંસ્કારિતા અને સાદાઈની મારા ઉપર ઊંડી છાપ પડી હતી. બીજા શિક્ષકોમાં શ્રી મોતીલાલ અલમૌલા, જેમની નોકરી અમદાવાદની મહિલા કૉલેજના પ્રિન્સિપાલ તરીકે વડોદરા રાજ્યે ઉછીની આપી હતી, તેઓ અમને ઘેર બોલાવીને ભણાવતા. કેટલાં નામ આપું ? પણ પશ્ચાદવલોકન કરતાં લાગે છે કે અમારા શિક્ષકો અત્યારની કોઈ કૉલેજના શિક્ષકો કરતાં ચઢિયાતા હતા.

સ્કૂલના મારા સહાધ્યાયીઓમાં જેમની સાથે આજીવન મૈત્રી રહી એવા વિદ્વાન મિત્રોનો અહીં ઉલ્લેખ કરું. શ્રી ચંપકલાલ શુક્લ, જેઓએ મિશીગન યુનિવર્સિટીમાંથી, પુસ્તકાલય-વિજ્ઞાનમાં પીએચ. ડી.ની ડીગ્રી મેળવી, તેઓ વડોદરા યુનિવર્સિટીમાં મુખ્ય લાયબ્રેરિયન નિમાયા હતા. શ્રી મણિલાલ મૂળચંદ મિસ્ત્રી, જેઓ ઈજનેર તેમ જ કલાકાર થયા—કૉલેજકાળમાં એમણે દોરેલાં, ભારતપ્રસિદ્ધ વ્યક્તિવિશેષોનાં રેખાચિત્રોનું પ્રદર્શન, થોડા સમય પહેલાં, વડોદરા મ્યૂઝિમ સમેત ગુજરાતમાં અનેક સ્થળે યોજાઈ ગયું. વડોદરા સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ શ્રી હરિપ્રસાદ મહેતા પણ સ્કૂલમાં અમારાથી બે એક વર્ષ આગળ હતા. સંસ્કૃતનો અભ્યાસ, પાટણમાં, એમના પિતાશ્રીની પાઠશાળામાં મેં શરૂ કરેલો.

૭. **પ્ર.**–મેટ્રિક પછી કૉલેજમાં જવાને બદલે 'ગુજરાત સમાચાર' અને 'પ્રજાબંધુ'ના તંત્રીમંડળમાં તમે કેમ જોડાયા ?

**સાં.**–૧૯૩૫ના એપ્રિલમાં મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષા મેં પસાર કરી, પણ કૉલેજમાં જવાનો વિચાર નહોતો, કેમ કે કૉલેજના પ્રથમ વર્ષમાં આર્ટ્સના વિદ્યાર્થીઓ માટે પણ ગણિત અને ભૌતિકવિજ્ઞાન ફરજિયાત હતાં, જેમાં મને ફાવે તેમ નહોતું. આથી, અનુકૂળતા મળતાં, પત્રકારત્વમાં હું જોડાયો.

૮. **અ**.–ત્યાંની તમારી કામગીરી અને તંત્રીમંડળના અન્ય મહાનુભાવો વિષે કૈંક કહેશો ?

**સાં.**–'ગુજરાત સમાચાર'માં દરરોજના તંત્રીલેખો હું લખતો તથા સાપ્તાહિક 'પ્રજાબંધુ'માં અગ્રલેખો સિવાયની કેટલીક તંત્રીનોંધો લખતો. વળી એ સમયે ફિલ્મો જોવાનો મને ઘણો શોખ હતો; આથી 'પ્રજાબંધુ'માં 'ચિત્રપટ–બોલપટ' એ અઠવાડિક કૉલમ પણ લખતો. એ સિવાય 'પ્રજાબંધુ'નાં અવારનવાર બદલાતાં 'ફિચર્સ'માં પણ મને સૂચવવામાં આવે તે પ્રમાણે હું લેખન કરતો. પરન્તુ વધારે મહત્ત્વનું એ છે કે પત્રકારત્વમાં મારો બે વર્ષનો કાર્યકાળ એ અગત્યનો શિક્ષણકાળ હતો. સમસ્ત દુનિયામાં બનતી ઘટનાઓ, ભારતભરનાં વૃત્તપત્રો દ્વારા, દરરોજ ટેબલ પર આવે ને એ વિષે રોજ કંઈ લખવાનું થાય; તેથી કલમ મુક્તપણે વિહરતી થઈ. કાચું લખાણ તૈયાર કરી, પછી સાફ નકલ કરવાની જરૂર રહી નહિ. વિચારો અને હકીકતો મનમાં તત્કાળ ગોઠવીને લખવાની ટેવ પડી. દેશ અને દુનિયાના વિવિધ પ્રશ્નોમાં રસ પેદા થયો. હું માનું છું કે મારો કૉલેજનો અભ્યાસ તેજસ્વી બન્યો, એમાં પત્રકારત્વના મારા ટૂંકા અનુભવનો સારો ફાળો છે.

પત્રકારત્વના ક્ષેત્રમાં બે મહાનુભાવોનો મારે અવશ્ય નિર્દેશ કરવો જોઈએ. એક, 'પ્રજાબંધુ'ના હકીકતે સંપાદક શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ ('સાહિત્યપ્રિય') અને બીજા, 'ગુજરાત સમાચાર' અને 'પ્રજાબંધુ'ના તંત્રી શ્રી ઈન્દ્રવદન બળવંતરાય ઠાકોર. ચુનીભાઈ માટે એમ કહી શકાય કે તેઓ પત્રકારત્વની, લાક્ષણિક અર્થમાં, એક 'શાળા' ચલાવતા હતા. મારી નિમણૂંકમાં પણ કારણભૂત તેઓ હતા.

બીજા કાર્યસાથીઓમાં મારા કાર્યકાળ દરમિયાન સર્વશ્રી નીરુભાઈ દેસાઈ, ગુણવંતરાય આચાર્ય, યશવંતભાઈ શુકલ, રણજિત પટેલ ('અનામી'), કે. કા. શાસ્ત્રી, અશોક હર્ષ, કપિલપ્રસાદ દવે, પ્રભાતકુમાર ગોસ્વામી, ઠાકોર ચોકસી વગેરે હતા.

તંત્રીશ્રી ઈન્દ્રવદન ઠાકોર એ સમયે ૩૧ વર્ષના નવયુવાન હતા–નખશિખ સરલ અને સૌજન્યશીલ. મારા જેવા નાજુક પ્રકૃતિના માણસને કામ કરવાની ઘણી સરળતા તેમણે કરી આપેલી. મેં નોકરી છોડીને કૉલેજમાં જવાનો નિર્ણય કર્યો ત્યારે તેમણે મને ભાવપૂર્વક વિદાય આપેલી, એટલું જ નહિ, પણ 'તમે પત્રકારત્વ છોડો છો એ પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત છે' એમ પણ કહેલું.

૯. **અ.**–વિદ્યાર્થીકાળમાં તમે નવલિકા–નવલકથા–નાટક જેવું કંઈ લખવા પ્રયત્ન કરેલો ?

**સાં.**–વિદ્યાર્થીકાળમાં મેં બે નવલકથાઓ લખી હતી; બે ત્રણ નાટકો અને થોડાંક કાવ્યો પણ લખ્યાં હતાં. પરન્તુ એ બધું કાં તો ખોવાઈ ગયું અથવા પાટણમાં જે કબાટમાં હું લખાણો મૂકતો તેમાં ઉધઈનો ભક્ષ્ય બની ગયું. મને લાગે છે કે એ ઠીક થયું.

૧૦. **અ.**–પાટણથી તમે અમદાવાદ આવ્યા ત્યારે બંને શહેરો માટેનો તમારો પ્રતિભાવ કેવોક હતો ?

**સાં.**–અમદાવાદમાં દરિયાપુરમાં અમારું પોતાનું ઘર હતું; પણ ત્યાં તો હું બાલ્યાવસ્થામાં રહેલો. ૧૯૩૪માં અમે લગભગ કાયમ અમદાવાદ રહેવા આવ્યાં પછી સૌથી વધારે તો મને **Book–starvation**–પુસ્તકોની ભૂખ સાલવા લાગી. પાટણમાં હું પુસ્તકો અને હસ્તપ્રતોની વચ્ચે રહેતો હતો. અમદાવાદમાં અમારા નિવાસથી થોડે દૂર એક લાયબ્રેરી હતી, પણ એમાં ઘણાંખરાં પુસ્તકો જૂનાં હતાં. 'ગુજરાત સમાચાર' અને 'પ્રજાબંધુ'માં હું જોડાયો ત્યારે પુસ્તકોની ભૂખ કંઈક ભાંગી અને થોડા સમય બાદ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (ગુજરાત વિદ્યાસભા)નો આજીવન સભ્ય થયો ત્યારપછી એ તદ્દન દૂર થઈ ગઈ. સોસાયટીના પ્રમુખ શ્રી. કેશવલાલ ધ્રુવ અને આસિસ્ટન્ટ સેક્રેટરી શ્રી. હીરાલાલ પારેખને વારંવાર મળવાનું થતું. શ્રી. પારેખ 'બુદ્ધિપ્રકાશ'માં મારા લેખો સામેથી માગીને લેતા. 'કુમાર' કાર્યાલયમાં શ્રી. બચુભાઈ રાવત, શ્રી. સુન્દરમની અધ્યક્ષતામાં, દર બુધવારે, કાવ્યગોષ્ઠિ ચલાવતા; એમાં અનેક સાહિત્ય-રસિક મિત્રોનો પરિચય થતો અને તાજો રહેતો. પાટણમાં આવો સતત લાભ નહોતો.

૧૧. **અ.**–કયા સંજોગોમાં તમે કૉલેજમાં દાખલ થયા ? કૉલેજના તમારા અભ્યાસ દરમિયાન જે પ્રોફેસરોના નિકટના સંપર્કમાં તમે આવ્યા એમને વિષે કંઈ કહેશો ?

**સાં.**–હમણાં કહ્યું તેમ, સને ૧૯૩૫થી ૧૯૩૭–બે વર્ષ હું પત્રકારત્વમાં રહ્યો. એ. જી. ચેરિટિઝમાં રહીને કૉલેજમાં ભણતા કેટલાક મિત્રોએ, ૧૯૩૭ની શરૂઆતમાં, મને કહ્યું કે એ વર્ષ જૂન માસથી કૉલેજમાં 'બાઈફરકેશન' દાખલ થાય છે–એટલે કે કૉલેજના પ્રથમ વર્ષમાં–એફ. વાય. આર્ટ્સમાં દાખલ થનાર વિદ્યાર્થી માટે ગણિતનો વિષય વૈકલ્પિક બની જાય છે અને ભૌતિક વિજ્ઞાન દૂર થઈ જાય છે. અર્થાત્ બસો ગુણના ગણિતને બદલે જગતનો ઇતિહાસ અથવા ભૂગોળ લઈ શકાય. મેં નોકરી છોડીને કૉલેજમાં જવાનું નક્કી કર્યું અને પ્રથમ વર્ષમાં, બસો ગુણનો જગતનો ઇતિહાસ લીધો. યોગાનુયોગ એવો બન્યો કે એ વર્ષે ગણિતના કોઈ વિદ્યાર્થી કરતાં પણ, જગતના ઇતિહાસમાં મને વધારે ગુણ મળ્યા. એ વખતે પ્રથમ વર્ષની પરીક્ષા કૉલેજ લેતી. ગુજરાત કૉલેજમાં એ પરીક્ષામાં પ્રથમ વર્ગ લાવનાર હું એકલો જ હતો. ત્યાંના અભ્યાસકાળ દરમિયાન ગુજરાતીના પ્રોફેસર અનંતરાય રાવળ, અર્થશાસ્ત્રના પ્રોફેસર કે. ટી. મરચંટ, સંસ્કૃતના પ્રોફેસર કે. વી. અભ્યંકર અને અંગ્રેજીના પ્રોફેસર એસ. એસ. ભાંડારકરના નિકટના સંપર્કમાં હું આવ્યો તથા એમના સદ્‌ભાવને પાત્ર બન્યો. જગતનો ઇતિહાસ અમને પ્રો. મરચંટ શીખવતા. એમની ઇતિહાસની વિભાવનાએ રાષ્ટ્રિય અને પ્રાદેશિક ઇતિહાસને પણ જાગતિક સન્દર્ભમાં જોવાની દૃષ્ટિ અને વૃત્તિ મને આપી.

૧૨. **અ.**–તમે મેટ્રિક પણ થયા ન હોતા તે પૂર્વેનું તમારું સંપાદન, માધવકૃત 'રૂપસુન્દર કથા' એમ. એ.માં પાઠ્ય પુસ્તક તરીકે નિયત થયું, એનું કારણ શું હશે? એ પુસ્તક એમ. એ.માં ભણતાં તમારા મનમાં કેવોક પ્રતિભાવ જાગેલો?

**સાં.**–'રૂપસુન્દર કથા' એમ. એ.માં પાઠ્યપુસ્તક તરીકે નિયત થઈ, એમાં મહત્ત્વ કૃતિનું હતું. શ્રી. નરસિંહરાવ દિવેટિયાએ પ્રેમાનંદનાં નાટકોનું કર્તૃત્વ શંકાસ્પદ ઠરાવતા નિબંધમાં એક પ્રમાણ એવું પણ આપેલું કે પ્રેમાનંદના સમયના તથા એની પૂર્વેના ગુજરાતી સાહિત્યમાં અક્ષરમેળ વૃત્તોનો પ્રયોગ નહોતો. નરસિંહરાવનું આ વિધાન બરાબર નથી, કેમકે પ્રેમાનંદની તુરત પૂર્વે, સં. ૧૭૦૬માં રચાયેલી 'રૂપસુન્દર કથા' આખી યે વૃત્તોમાં છે. એની પૂર્વે પણ ગુજરાતી સાહિત્યમાં અનેક વૃત્તબદ્ધ કાવ્યો મળે છે; એ વિષેની મારી પુસ્તિકા–'પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના'–૧૯૪૧માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ પ્રગટ કરી હતી. મૂળ તો, ૧૯૩૩માં વડોદરામાં મળેલી સાતમી પ્રાચ્યવિદ્યા પરિષદમાં મેં રજૂ કરેલા નિબંધનો એ વિસ્તાર છે. 'રૂપસુન્દર કથા' એમ. એ.માં નિયત થઈ, એટલે આ પુસ્તિકા પૂરક અભ્યાસ તરીકે વિદ્યાર્થીઓના ઉપયોગમાં આવી. ગુજરાત કોલેજમાં પ્રો. અનંતરાવ રાવળ અમને 'રૂપસુન્દર કથા' સરસ રીતે ભણાવતા. મારો પ્રતિભાવ એ સમયે કેવળ એક જિજ્ઞાસુ વિદ્યાર્થીનો હતો. એ પછી બે વર્ષ સુધી એમ. એ.ના વિદ્યાર્થીઓને એ જ કૃતિ મારે ભણાવવાની આવી.

૧૩. **અ.**–તમે બી. એ.ના વિદ્યાર્થી હતા, તે સમયે વિખ્યાત ભાષાવિદ્ ડૉ. સુનીતિકુમાર ચેટરજીનાં વ્યાખ્યાનો વર્નાક્યુલર સોસાયટીમાં યોજાયાં હતાં ત્યારે પરિચયવિધિમાં પ્રો. રસિકભાઈ પરીખે તમારે માટે કહેલું કે '**He is a student, yet he is a scholar**'–એ સમયે તમારો મનોભાવ કેવો હતો?

**સાં.**–રસિકભાઈ જેવા પ્રકાંડ વિદ્વાને અનેક વિદ્યારસિકો સમક્ષ મારો પરિચય, આ રીતે આપ્યો એથી મને આનંદ થયો. પણ તે સાથે મારી ભાવી જવાબદારીનું મને ભાન થયું. પરન્તુ પછી યોગાનુયોગ એવો બન્યો કે ડૉ. ચેટરજીનાં વ્યાખ્યાનો, **Indo-Aryan & Hindi**નું ભાષાન્તર કરવાનું બે વર્ષ બાદ મારે માથે આવ્યું. ભાષાન્તરમાં મેં યોજેલી ભાષા વૈજ્ઞાનિક પરિભાષા, પુસ્તક છાપવા આપતાં પહેલાં ડૉ. ચેટરજીને જોવા મોકલી હતી. એ જોઈને તેમણે શ્રી. રસિકભાઈને લખ્યું હતું કે–**Prof. Sandesara who has done the translation has a thorough grasp of the subject.**

૧૪. **અ.**–એમ. એ. થયા પછી તમે કઈ સંસ્થામાં જોડાયા? ત્યાંની તમારી કામગીરી અંગે કૈંક ખ્યાલ આપશો?

**સાં.**–૧૯૪૩માં એમ.એ.ની પરીક્ષામાં હું બેસવાનો હતો એના કેટલાક માસ પહેલાં ગુજરાત વિદ્યાસભાના સંશોધનવિભાગના અધ્યક્ષ શ્રી રસિકભાઈ પરીખે મને કહ્યું હતું કે "તમે ફર્સ્ટ ક્લાસ મેળવવા પ્રયત્ન કરજો. અમારે તમને રાખી લેવા છે." સદ્ભાગ્યે ફર્સ્ટ ક્લાસમાં પણ હું પ્રથમ આવ્યો અને દી. બ. કેશવલાલ ધ્રુવ સુવર્ણચંદ્રક મને મળ્યો. પરિણામના

પંદરેક દિવસ પછી વિદ્યાસભાના અનુસ્નાતક અને સંશોધનવિભાગમાં અધ્યાપક-સંશોધક તરીકે મારી નિયુક્તિ થઈ. ગુજરાતી, અર્ધમાગધી અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અનુસ્નાતક વર્ગો મારે લેવાના હતા. મને સોંપાયેલું મુખ્ય સંશોધનકાર્ય 'જૈન આગમ સાહિત્યમાં ગુજરાત' વિષેનું હતું, જે પછીથી ગ્રન્થાકારે પ્રગટ થયું છે. વાચન, અધ્યયન અને સંશોધનની વિરલ તકો વિદ્યાસભામાં હતી; વહીવટની જંજાળ કે જવાબદારી કશીય નહિ. વિદ્યાસભામાં મેં ગાળેલાં આઠ વર્ષ એ, ખરા અર્થમાં, મારો 'ફોર્મેટિવ પીરિયડ'—ઘડતરનો સમય હું ગણું છું. સર્વશ્રી રસિકભાઈ, પાઠકસાહેબ અને ઉમાશંકર ઉપરાંત અનેક વિદ્વાન અને સહૃદય મિત્રોનો સહકાર અને સહવાસ કોઈપણ વિદ્યાસંસ્થાને ભૂષણરૂપ ગણાય એવો ત્યાં હતો.

૧૫. **પ્ર.**–તમે પીએચ. ડી. કયા વિષયમાં કર્યું અને તેમાં પ્રેરક બળ કયું?

**સાં.**–એમ. એ. થયા પછી પીએચ. ડી. થવાનો મારો મુદ્દલ વિચાર નહોતો. પણ પાંચ વર્ષ બાદ, ૧૯૪૮માં રસિકભાઈએ મને કહ્યું કે "તમે પીએચ. ડી. માટે નામ નોંધાવો. ગુજરાતી વિષયમાં તમે એમ. એ.માં ફર્સ્ટ કલાસ મેળવ્યો છે. અને અર્ધમાગધીમાં અનુસ્નાતક અધ્યાપક તરીકે મુંબઈ યુનિવર્સિટીએ તમને માન્યતા આપી છે. આથી, સંસ્કૃતમાં તમે પીએચ. ડી. થાઓ તો 'ઑલરાઉન્ડ' કવોલિફિકેશન પ્રાપ્ત થાય." પણ મેં વધુ એક પરીક્ષા આપવાની અનિચ્છા દર્શાવી, ત્યારે એમણે કહ્યું કે "નામ તો નોંધાવો; કામ ન કરવું હોય તો ન કરશો." એટલે મેં નામ નોંધાવ્યું. એક વર્ષ બાદ તેમણે આ કામની યાદ આપી. મેં પણ કંઈક વાંચી રાખ્યું હતું અને વિષય પણ તેમની અનુમતિથી મેં જ નક્કી કર્યો હતો. એ પછી **Literary Circle of Mahamatya Vastupala and Its Contribution to Sanskrit Literature** એ વિષેનો મહાનિબંધ વેગપૂર્વક લખાયો. યુનિવર્સિટીના નિયમ પ્રમાણે, નામ નોંધાવ્યા બાદ, બે વર્ષ પહેલાં 'થીસસ' રજૂ થઈ શકે નહિ. ૨૦મી ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ મેં નામ નોંધાવ્યું હતું અને ૨૦મી ફેબ્રુઆરી ૧૯૫૦ના રોજ યુનિવર્સિટી ઉપર 'થીસિસ' રવાના કર્યો; જો કે ત્રણેક માસ પહેલાં તે તૈયાર હતો. મૂળ અંગ્રેજી 'થીસિસ' ભારતીય વિદ્યાભવન તરફથી પ્રગટ થયો છે. એનો મેં કરેલો ગુજરાતી અનુવાદ ગુજરાત વિદ્યાસભાએ છાપ્યો અને તે નર્મદ સુવર્ણચંદ્રકને પાત્ર ગણાયો છે. અંગ્રેજી 'થીસિસ'નાં હિન્દી અને તેલુગુ ભાષાન્તર પણ થયાં છે.

૧૬. **પ્ર.**–તમારા બી.એ.–એમ. એ.ના પ્રધાન-ગૌણ વિષયો, વિદ્યાસભામાં શિખવવાના વિષયો અને પીએચ.ડી.નો વિષય—આમાં ઘણુંબધું વૈવિધ્ય છે. તો આ વૈવિધ્ય પાછળ કોઈ આશય ખરો?

**સાં.**–આશય કશો નહિ; વિદ્યાની વિવિધ શાખાઓમાં કેવળ રસ. હું ગમે તે વિષયનો અધ્યાપક હોઉં, પણ હૃદયપૂર્વક જે માનું છું એ ફ્રાન્સિસ બેકનના શબ્દોમાં કહું તો, **All knowledge is my province.** પણ મારે કૃતજ્ઞતાપૂર્વક કહેવું જોઈએ કે આમાં મારી પ્રેરણાનું મૂળ, મારા પૂર્વોક્ત શિક્ષક શ્રી રામલાલ મોદીનું વ્યક્તિત્વ છે. એમના વાચનવૈવિધ્યને કોઈ સીમા નહોતી. પ્રાયઃ એ જ કારણે, એમના સંશોધનલેખો સંક્ષિપ્ત, પણ વિશદ અને મુદ્દાસર લખાતા.

**૧૭. પ્ર.**–૧૯૫૧માં અમદાવાદ છોડીને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે વડોદરા આવ્યા ત્યારે તમારો મનોભાવ કેવો હતો ?

**સાં.**–વડોદરા આવ્યો ત્યાર પહેલાંની થોડી વાત કરું. આપણો દેશ સ્વાતંત્ર્યયુદ્ધ લડતો હતો ત્યારે હું વિદ્યાસભામાં જૂના ગ્રન્થોનું સંશોધન કરતો હતો અને વિવિધ વિષયોનું યથેચ્છ વાચન કરતો હતો. પણ મને આ ખટકયાં કરતું હતું. શ્રી. રવિશંકર મહારાજ વિદ્યા-સભામાં વારંવાર આવતા. એમને એક વાર મેં કહ્યું, "મહારાજ ! અત્યારના સમયે નથી હું સ્વાતંત્ર્યસંગ્રામમાં જોડાઈ શકતો કે નથી કોઈ રચનાત્મક કામ કરી શકતો, એ મને ખટકે છે." મહારાજે તુરત ઉત્તર આપ્યો, "તમારે ખટકો રાખવો ન જોઈએ. તમે જે કામ કરો છો એ દેશની જ સેવા છે."

હવે, તમે પૂછી તે વડોદરાની વાત કરું. વડોદરામાં ગુજરાતીના પ્રોફેસર તરીકે ૧૯૫૧માં મારી નિમણૂંક થઈ, તે ગુજરાતની યુનિવર્સિટીઓમાં પહેલી જ પ્રોફેસરશીપ હતી. વળી એમાં યે, ગુજરાતીના પ્રોફેસર માટે તો લોકસંપર્ક પણ જરૂરી. આથી હું કંઈક સંકોચ અનુભવતો હતો. મહારાજ ફરી વાર વિદ્યાસભામાં આવ્યા ત્યારે મારો આ સંકોચ એમને મેં જણાવ્યો. એમણે સહજ ભાવે ઉત્તર આપ્યો, "તમારે જરા યે સંકોચ ન રાખવો. ઈશ્વર દરેક માણસ ઉપર એટલો જ બોજો મૂકે છે, જેટલો એ ઉપાડી શકે." મેં પાઠકસાહેબને કહ્યું કે "તમારા લાંબા અનુભવમાંથી મને કંઈ સલાહ આપો." એમણે અંગ્રેજીમાં આપેલો ઉત્તર શબ્દશઃ આમ હતો, "I have no advice to give. I trust that you will rise to the occasion." મારા અનુભવમાં આ બંને મહાનુભાવોની વાણી સદ્‌ભાગ્યે સાચી પડી છે.

**૧૮. પ્ર.**–વડોદરા યુનિવર્સિટીમાં આવીને શિક્ષણ–સંશોધનની પ્રવૃત્તિને તમે કેવુંક સ્વરૂપ આપ્યું ?

**સાં.**–હું વડોદરા આવ્યો ત્યાર પહેલાં વડોદરા કોલેજમાં શિક્ષણ તો ચાલતું જ હતું. મેં એને–ખાસ કરી અનુસ્નાતક શિક્ષણને–વધારે નિયમિત અને કાર્યક્ષમ બનાવવાનો પ્રયત્ન કર્યો. યુનિવર્સિટી–પ્રોફેસરનું કામ શિક્ષણ–સંશોધન ઉપરાંત સંશોધન–પ્રવૃત્તિને આયોજિત કરવાનું છે; એ દૃષ્ટિએ મેં 'પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા'નો આરંભ કર્યો. શરૂઆતમાં તો, તે One–man show હતી. પણ પછી મારા પીએચ. ડી.ના વિદ્યાર્થીઓનાં અને કોઈક બહારના સંશોધકોનાં કામો પણ એમાં ઉમેરાયાં. મારો મુખ્ય આશય પ્રેમાનંદ પૂર્વેના જૂના ગુજરાતી ગદ્યસાહિત્યનું તેમજ કથાસાહિત્યનું સંપાદન અને પ્રકાશન કરવા–કરાવવાનો હતો. એમાં એક ઉદ્દેશ, ગુજરાતીના ભવિષ્યમાં થવા જોઈતા, ઐતિહાસિક પદ્ધતિના મહાકોશ માટે સામગ્રી એકત્ર કરવાનો પણ હતો. આથી, આ ગ્રન્થમાલાના પ્રત્યેક ગ્રન્થ સાથે, વ્યુત્પત્તિ અને અર્થસંક્રાન્તિ દર્શાવતી શબ્દસૂચિઓ જોડવામાં આવી છે. મારા કાર્યકાળ દરમિયાન તેર જૂના ગુજરાતી ગ્રન્થો પ્રગટ થયા છે; એમાંના 'પ્રાચીન ફાગુસંગ્રહ'ની ત્રણ આવૃત્તિઓ થઈ છે અને ભાલણકૃત 'નલાખ્યાન' તથા 'ભાલણ : એક અધ્યયન'ની બે આવૃત્તિઓ થઈ છે.

પ્રો. બ. ક. ઠાકોરનું પુસ્તકાલય તથા એમની પ્રગટ–અપ્રગટ કૃતિઓ યુનિવર્સિટીને ૧૯૫૨માં ભેટ મળ્યાં. ઠાકોરની અનેક અપ્રગટ કૃતિઓ અને લેખસંગ્રહો તથા વ્યાખ્યાનાદિ ત્યાર પછી ગુજરાતી વિભાગ દ્વારા છપાયાં હતાં. ૧૯૬૯માં ઠાકોરની જન્મશતાબ્દીના દિવસે જ, 'પ્રો. બ. ક. ઠાકોર અધ્યયનગ્રન્થ'નો અને એમની ડાયરીના પ્રથમ ખંડનો પ્રકાશનવિધિ એક ભરચક સમારંભમાં શ્રી ઉમાશંકર જોશીના હસ્તે થયો હતો.

**૧૯. અ.**–૧૯૫૮થી ૧૯૭૫ સુધી તમે પ્રાચ્યવિદ્યા મન્દિરના ડિરેક્ટર તરીકે રહ્યા. એ સમયની તમારી વિશિષ્ટ કામગીરીનો ખ્યાલ આપશો ?

**સાં.**–એ સત્તર વર્ષ દરમિયાન ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે પણ મને ચાલુ રખાયો હતો. અધ્યક્ષનું કામ પણ હું સુપેરે કરી શક્યો, એનું શ્રેય, ૧૯૫૮માં ગુજરાતી વિભાગમાં રીડર તરીકે તમે નિમાયા અને વિભાગની રોજ–બ–રોજની કામગીરી તમે સંભાળી લીધી, એ હકીકતને છે.

પ્રાચ્યવિદ્યા મન્દિરમાં મારી નિયુક્તિ થતાં, રામાયણની સમીક્ષિત વાચનાના કાર્યને વેગ મળે એ સારુ એ વિભાગને જુદો કરવામાં આવ્યો. એ વિભાગની સામાન્ય દેખરેખ ઉપરાંત, ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝ, જેને કારણે પ્રાચ્યવિદ્યા મંદિર અને વડોદરાનું નામ, જગતભરનાં ભારતીય વિદ્યાનાં કેન્દ્રોમાં વિખ્યાત થયેલું છે, એને વધારે કાર્યક્ષમ, અને નિયમિત બનાવવાનો મેં યથાશક્તિ પ્રયત્ન કર્યો. મેં તથા ડેપ્યુટી ડિરેક્ટર ડૉ. ઉમાકાન્ત શાહે, સિરીઝમાં સંપાદન માટે આયોજિત કરેલા ગ્રન્થો, આજે; અમારી નિવૃત્તિનાં લગભગ ચૌદ વર્ષ બાદ પણ પ્રકાશિત થયાં કરે છે.

પણ મારે વિશેષ ભાવે એ કહેવું જોઈએ કે પ્રાચ્યવિદ્યા મન્દિરમાં મને સંપૂર્ણ કાર્યસંતોષ ('જોબ સેટિસ્ફેકશન')ની પ્રાપ્તિ થઈ, કેમકે જે વિષયોમાં મને પ્રત્યક્ષ રસ છે તે તમામ વિષયોનું કામ કરવા–કરાવવાનો ત્યાં સંપૂર્ણ અવકાશ હતો તેમ જ એ વિષયોમાં જગતભરમાં થતાં પ્રકાશનાદિ સીધાં મારા ટેબલ ઉપર જ આવતાં હતાં. મારા કાર્યસાથીઓના સહકારથી 'જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટયૂટ'ને હું વિકસાવી શક્યો અને વિદેશોના પણ અનેક વિદ્વાનોના સંશોધન–લેખો એમાં પ્રગટ થયા. ગુજરાતીમાં સંશોધન–સામયિકનો અભાવ હતો, એ ખોટ પૂરી કરવા માટે 'સ્વાધ્યાય' ત્રૈમાસિકનો આરંભ ૧૯૬૩માં કર્યો, જે હવે પચીસ વર્ષ પૂરાં કરશે.

**૨૦. અ.**–સંપાદન, સંશોધન, વિવેચન અને અનુવાદ–એમાંથી તમારી કઈ કૃતિ માટે તમને વિશેષ પક્ષપાત છે ?

**સાં.**–છેલ્લાં સત્તાવન વર્ષમાં મેં સેંકડો ગુજરાતી–અંગ્રેજી લેખો લખ્યા છે તથા સંખ્યાબંધ ગ્રન્થો, સંપાદનો અને લેખસંગ્રહો પ્રગટ કર્યા છે. પરન્તુ મને સૌથી વિશેષ આનંદ 'પંચતંત્ર'નો અનુવાદ અને સંશોધન–સંપાદન કરતાં થયો છે.

૨૧. અ.–સંશોધકની સજ્જતાના સન્દર્ભમાં તમારો શો મત છે ?

સાં.–સંશોધક બે પ્રકારે હોય–પરીક્ષાર્થી અને બિનપરીક્ષાર્થી. પરીક્ષાર્થી સંશોધક એમ. ફિલ. કે પીએચ ડી જેવી પદવી માટે કામ કરતો હોય; બિનપરીક્ષાર્થી સંશોધક નિજાનંદ માટે કે નવું જ્ઞાન મેળવવા કામ કરતો હોય; અથવા પીએચ. ડી.ને ઉચ્ચ સંશોધનનું પ્રવેશદ્વાર સમજીને, પીએચ. ડી. થયા બાદ નવાં નવાં કામો કરવા ઇચ્છતો હોય. આ બંનેમાં ઉચ્ચ પ્રકારની સજ્જતા અપેક્ષિત છે. પણ અહીં હું વિશેષ ભાવે માનવવિદ્યાની વાત કરીશ. ધારો કે ગુજરાતી વિષયમાં કોઈ સંશોધન કરવા ઇચ્છે છે, તો તેણે વૈદિક સમયથી માંડી પ્રશિષ્ટ સંસ્કૃત, પ્રાકૃત ભાષાઓ, અપભ્રંશ અને ભારતની નિદાન એક–બે ભગિની ભાષાઓના સાહિત્ય અને ઇતિહાસનું ખપ પૂરતું જ્ઞાન મેળવવું જોઈએ. અર્વાચીન ગુજરાતીમાં સાહિત્ય કે વિવેચનમાં કોઈ સંશોધન કરવા ઇચ્છે તો, તે માત્ર પાશ્ચાત્ય વિવેચનથી પરિચિત હોય એટલું પર્યાપ્ત નથી; અત્રત્ય વારસાનું પણ એને જ્ઞાન હોવું જોઈએ. સંસ્કૃતની વાત કરીએ તો, સંસ્કૃતના કેટલાક અનુભવી અધ્યાપકો પણ ભાસ, કાલિદાસ, ભવભૂતિ અને હર્ષનો રાજમાર્ગ બરાબર જાણે છે, પણ એ રાજમાર્ગની બંને બાજુએ લલિત વાઙ્મય અને શાસ્ત્રના વિવિધ પ્રકારોનું જે અડાબીડ જંગલ છે એમાં પ્રવેશ તો શું, એ તરફ દૃષ્ટિ કરવાનું સાહસ પણ ભાગ્યે કોઈ કરે છે. સંસ્કૃત નાટકોમાંના પ્રાકૃત સંવાદોનો અભ્યાસ સંસ્કૃત છાયા મારફત જ થાય છે. વસ્તુતઃ એ પ્રાકૃત સંવાદો સંસ્કૃત નાટકોનો જ અંશ છે. પશ્ચિમના દેશોમાં તો, સંસ્કૃતનો કોઈ પણ વિદ્યાર્થી કે અભ્યાસી પાલિ અને પ્રાકૃત જાણે નહિ ત્યાં સુધી સંસ્કૃતજ્ઞ ગણાતો જ નથી. સંશોધકની સજ્જતા વિષેનું મારું કથન આ બે ઉદાહરણોથી કંઈક સ્પષ્ટ થશે એમ માનું છું.

૨૨. અ.–ગુજરાતની અને ભારતની અનેક શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તમે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા છો; એનો આછો ખ્યાલ આપશો ?

સાં.–ભારતના વિવિધ પ્રદેશોની યુનિવર્સિટીઓ અને સંશોધનસંસ્થાઓ સાથે, એમની વિવિધ કામગીરીઓમાં, તથા ગુજરાત રાજ્યની અનેક સમિતિઓમાં હું જોડાયેલો હતો અને હજી પણ છું તેમ જ એમનાં કાર્યોમાં બનતી સહાય અને સહકાર આપું છું.

૨૩. અ.–" હિન્દમાં સંસ્કૃતમાંથી વ્યુત્પન્ન થતી ભાષાઓમાં, આટલી શાસ્ત્રીય અને વિશાલ દૃષ્ટિથી ' પંચતંત્ર 'નું આ પહેલું જ સંપાદન થાય છે "—ચાર દાયકા પૂર્વેનો પ્રો. રામનારાયણ પાઠકનો આ અભિપ્રાય આજે કેટલે અંશે સાચો છે ?

સાં.–મને લાગે છે કે આજે પણ પ્રો. પાઠકનો આ અભિપ્રાય વાસ્તવિક છે.

૨૪. અ.–' ત્રિભાષી વહીવટી શબ્દકોશ ' એ એક મોટું કામ તમારે હાથે થયું ? એ વિષે કંઈક કહેશો ?

સાં.–ત્રિભાષી વહીવટી શબ્દકોશ તૈયાર કરવાનો વિચાર વસ્તુતઃ ગુજરાત રાજ્યના ભાષાવિભાગનો હતો. એ માટે સલાહકાર સમિતિના અધ્યક્ષ થવાનું નિમંત્રણ મારા ઉપર આવ્યું

અને કોશકાર્યમાં રસ હોવાથી, તે મેં સ્વીકાર્યું. આ પરિશ્રમભર્યું કામ કરતાં મને અને સમિતિના બીજા સભ્યોને ખરેખર આનંદ થયો છે.

ગુજરાત રાજ્યનો વહીવટ ગુજરાતીમાં કરવા માટે અને કેન્દ્ર સાથેનો વ્યવહાર હિન્દી દ્વારા ચલાવવા માટે આ શબ્દકોશ એ સૌથી મહત્ત્વનું ઓજાર છે, અને એ તૈયાર કરવામાં લગભગ સાત વર્ષ વીત્યાં છે. એમાં આશરે પાંત્રીસ હજાર, વહીવટ-ઉપયોગી અંગ્રેજી શબ્દોના ગુજરાતી અને હિન્દી પર્યાયો આપવામાં આવ્યા છે; અને હું આશા રાખું છું કે આવતા કેટલાક દાયકા સુધી એનો ઉપયોગ થઈ શકશે.

૨૫. **પ્ર.**–ગુજરાતી સાહિત્ય પરિષદના તમે પ્રમુખ છો. પરિષદની રાબેતા મુજબની કામગીરી ઉપરાંત કંઈક નવું કરવાની તમારી યોજના છે ?

**સાં.**–હા; ગુજરાતી ભાષાના થવા જોઈતા ઐતિહાસિક શબ્દકોશની જરૂરિયાત અને એ માટેની યોજના, અનેક આનુષંગિક વિગતો સાથે, પ્રમુખ તરીકેના મારા વ્યાખ્યાનમાં મેં રજૂ કરી હતી. પણ આ એક મહાભારત કામ છે. અનેક વિદ્વાનો અને બહુસંખ્ય સાહિત્યરસિકોના સહકારથી તેમજ રાજ્ય સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન આદિની સહાયથી જ તે થઈ શકે. એ માટે અનેક ભૂમિકારૂપ કામો થવાં જોઈએ. ગુજરાતીમાં પીએચ.ડી. ઘણા થયા છે અને થાય છે, પણ સંશોધન માટેની વ્યુત્પત્તિ એટલા પ્રમાણમાં વધી જણાતી નથી. એ વધે તો આ કાર્યને વેગ મળે.

૨૬. **પ્ર.**–તમે અમેરિકામાં ઠીકઠીક સમય રહ્યા છો. ત્યાં સાહિત્ય અને ઇતિહાસક્ષેત્રે થતી સંશોધનપ્રવૃત્તિનો કંઈક ખ્યાલ આપી શકશો ? ત્યાં હસ્તી ધરાવતી સંશોધન-રીતિના એવા કોઈ ઉત્તમાંશો તમારા ધ્યાનમાં આવ્યા છે, જે આપણે ત્યાં પણ ઉપયોગી થાય ?

**સાં**–૧૯૫૬–૫૭માં રૉકફેલર ફાઉન્ડેશનના સ્પેશિયલ ફેલો તરીકે મેં વિશ્વપ્રવાસ કર્યો હતો અને યુરોપ-અમેરિકા અને જાપાનમાં ભારતીય વિદ્યા વિષે થતાં કામોનો પરિચય મેળવ્યો હતો; એના અનુભવો મારા પ્રવાસ-પુસ્તક 'પ્રદક્ષિણા' માં મેં આલેખ્યા છે. એ કંઈક જૂની વાત થઈ. પણ ૧૯૮૨ પછી કેટલાંક વર્ષ હું અમેરિકામાં રહ્યો છું અને વિશેષતઃ ભારતીય સંસ્કૃતિના વિષયમાં હાલ કામ કરતા કેટલાક વિદ્વાનો અને સંશોધકોના નિકટના પરિચયમાં આવ્યો છું. ફિલાડેલ્ફિયા ખાતેની પેન્સિલ્વેનિયા યુનિવર્સિટીમાં બુઝર્ગ વિદુષી સ્ટેલા ક્રામરિશ ભારતીય શિલ્પ-સ્થાપત્ય વિષે હજી મૂલ્યવાન કામ કરે છે. ડૉ. જ્યોર્જ કાર્ડોના; જેમણે વડોદરા પ્રાચ્યવિદ્યા મન્દિરમાં એક વર્ષ ગાળ્યું હતું, તેઓ ગુજરાતી અને સંસ્કૃત વ્યાકરણ ઉપર વિશિષ્ટ કોટિનું કામ કરી રહ્યા છે. ડૉ. અર્નેસ્ટ બેન્ડર, જેઓ 'જર્નલ ઑફ ધી અમેરિકન ઓરિયેન્ટલ સોસાયટી' ના સંપાદક છે, તેમણે જૂની ગુજરાતી કાવ્યોનું સંપાદન કર્યું છે તથા હિન્દી અને ઉર્દૂ વિષે શિક્ષણગ્રન્થો લખ્યા છે. બ્રાઉન યુનિવર્સિટીના 'હિસ્ટરી ઑફ મેથેમેટિકસ 'ના પ્રોફેસર ડેવીડ પિન્ગ્રી ભારતીય જ્યોતિષ વિષે સંશોધન કરે છે; તેમણે સંપાદિત કરેલ 'યવનજાતક', અને સિરાકયુઝ યુનિવર્સિટીના 'પ્રોફેસર ઑફ રિલિજીયન' એચ. ડેનિયલ સ્મિથે તૈયાર કરેલ

પાંચરાત્ર આગમના ગ્રન્થોની વર્ણનાત્મક સૂચિ એ બંને પુસ્તકો ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝમાં પ્રગટ થયાં છે.

ટુસાન ખાતે એરિઝોના યુનિવર્સિટીમાં અંગ્રેજીના પ્રોફેસર સુરેશ રાવલ પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય વિવેચનશાસ્ત્રનો તુલનાત્મક અભ્યાસ કરે છે અને એ વિષે એમણે કેટલુંક પ્રકાશન કર્યું છે. હાવાઈ ટાપુઓમાંની હોનોલુલુ યુનિવર્સિટીના પ્રો. વૉલ્ટર મોરરે 'મેઘદૂત' ઉપરની એક જૈન ટીકાનું સંપાદન કરીને પીએચ. ડી.ની પદવી મેળવી છે અને હમણાં તેમણે વૈદિક દેવતાઓ વિષે પુસ્તક પ્રગટ કર્યું છે. યુનિવર્સિટી ઑફ કૅલિફોર્નિયા (બાર્બરા) ખાતે પ્રો. (શ્રીમતી) એલિનોર ગેડન લીલાશુકદેવકૃત 'બાલગોપાલસ્તુતિ'ની હસ્તપ્રતોમાંનાં ચિત્રોનો અભ્યાસ કરે છે. હાર્વર્ડ યુનિવર્સિટીમાં હિસ્ટરી ઑફ રિલિજ્યન' વિભાગના જહોન કોર્ટ, પાટણમાં જૈન આચારોના અધ્યયન અને સંશોધન માટે થોડા સમય પહેલાં ગુજરાતમાં આવી ગયા હતા. આમાંના કેટલાક વિદ્વાનો ગુજરાતી સાહિત્ય પરિષદના આજીવન સભ્યો પણ છે. આવાં વધુ ઉદાહરણ આપી શકાય. પણ અમેરિકાની સંશોધન-રીતિનો ઉત્તમાંશ એ છે કે વિષય ભલે નાનો, એક ખૂણાનો હોય, પણ એને અખિલાઈમાં જોવો.

શિલ્પ-સ્થાપત્યનો અભ્યાસી પણ સાહિત્યવિદ્યાથી પરિચિત હોય. ગુજરાતના, પાટણ જેવા એક નગરમાં જૈન આચારોનો અભ્યાસ કરનાર, ગુજરાતના ઇતિહાસની તેમજ જૈન અને બૌદ્ધ ધર્મની તથા ભારતના શ્રમણ સંપ્રદાયોની જાણકારી ધરાવતો હોય. આ વિગતો ઉદાહરણ રૂપ છે, પણ તે એટલા માટે જણાવું છું કે આપણે ત્યાં ગુજરાત અને ગુજરાતી વિષે અભ્યાસ કરતાં,-ખાસ કરીને પીએચ. ડી. માટેના ઉમેદવારોમાં, ઘણુંખરું, ગુજરાતીની બહાર નજર નહિ કરવાની વૃત્તિ વ્યાપક બનતી જાય છે, તે ઇષ્ટ નથી. એથી ડીગ્રી મળે છે, પણ વિદ્યાવિકાસ રુંધાય છે, ખરું જોતાં, સંશોધન એ જ્ઞાનાર્જનની વ્યાપક પ્રવૃત્તિનો ભાગ છે. આથી, અમેરિકાની સંશોધનરીતિના પ્રસ્તુત ઉત્તમાંશો સ્વીકારવા એ આપણા અભ્યાસીઓના હિતમાં છે.

૨૭. **અ.**-તમે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં આજીવન અધ્યાપન, સંશોધન અને વહીવટનું કામ કર્યું-કરાવ્યું છે; તો આપણા દેશમાં યુનિવર્સિટીશિક્ષણના આદર્શો વિષે કંઈ કહેશો ?

**સાં.**-યુનિવર્સિટીનાં બે મુખ્ય કર્તવ્યો છે-જ્ઞાનનું વિતરણ અર્થાત્ શિક્ષણ અને જ્ઞાનનો વિસ્તાર અર્થાત્ સંશોધન. આ બંને કાર્યો વચ્ચે કશો વિરોધ નથી, એટલું જ નહિ, પણ બંને એકબીજાને ઉપકારક છે. કોઈ પણ વિષયનું ઉચ્ચ શિક્ષણ એને લગતા સંશોધનથી અલગ પડી શકે નહિ. અધ્યાપક-પક્ષે, સંશોધનકાર્ય એના જ્ઞાનની મર્યાદા વિસ્તારીને, એને એક પ્રકારની તાઝગી અર્પીને, અભ્યાસ-વિષય પ્રત્યે સદા અભિમુખ રાખે છે, અને વિદ્યાર્થીઓને પણ આ નાવીન્યનો લાભ મળે છે. વળી એ રીતે, જ્ઞાનની જે શાખાનો પોતે અભ્યાસી હોય એના સંદર્ભમાં, અનેક સંબંધ ધરાવતા વિષયોને તે વ્યાપક દૃષ્ટિએ જોઈ શકે છે. સંશોધનનું કાર્ય, આમ, શિક્ષણને પરિશુદ્ધ કરે છે.

યુનિવર્સિટીમાં વિદ્યાર્થીને માત્ર માહિતી આપવાની નથી; પણ એના ચિત્તને સ્વતંત્ર રીતે વિચાર કરતું બનાવવાનું છે. વિદ્યાર્થીનું ચિત્ત ત્યારે જ કાર્યશીલ બની શકે, જ્યારે શિક્ષકનું ચિત્ત કાર્યશીલ હોય. પોતાના ક્ષેત્રના સતત અન્વેષણ દ્વારા જ આ થઈ શકે, અને વિદ્યાર્થીઓમાંના થોડાકને પણ એનો ચેપ લગાડી શકાય તેમજ ભવિષ્યની પેઢીને જુદાં જુદાં ક્ષેત્રોમાં આશાસ્પદ સંશોધકો તથા અન્વેષકો પૂરા પાડી શકાય, જેઓ પોતાના ગુરુજનોથી સવાયા બનીને દેશના ભૌતિક કે બૌદ્ધિક જીવનના વિકાસમાં પોતાથી બનતો ફાળો આપે.

ઉચ્ચ અભ્યાસ અને સંશોધનમાં પૃથક્કરણની સાથે સમન્વયાત્મક દૃષ્ટિનું સંયોજન થવું જોઈએ. અર્થાત્ વિદ્યાર્થી જે વિષયનો નિષ્ણાત બને તે વિષયનું જ્ઞાન અને એનું મૂળભૂત સામાન્ય જ્ઞાન—એ બંને વચ્ચે એક પ્રકારની સમતુલા રહેવી જોઈએ, જેને પરિણામે પોતાના વિષયનો વિદ્વાન અથવા નિષ્ણાત બનવા સાથે એ સારો નાગરિક અને સજ્જન બને તથા એનું જ્ઞાન કેવળ એકાંગી ન રહે.

ભાષાસાહિત્યમાં હો, ઇતિહાસ અને પુરાતત્ત્વમાં હો, સામાજિક કે ભૌતિક વિજ્ઞાનોમાં હો, અથવા ગણિત અને તત્ત્વજ્ઞાન જેવાં અમૂર્ત શાસ્ત્રોમાં હો—ગમે તે વિષયમાં હો—પણ સંશોધન એ વૈજ્ઞાનિક પર્યેષક બુદ્ધિનો વ્યાપાર છે. એ રીતે જોતાં, સર્વ વિષયો અને સર્વપ્રકારનું સંશોધન તત્ત્વતઃ એક જ છે. સત્યશોધનની માનવપ્રવૃત્તિનો એ એક આવશ્યક ભાગ છે. માટે જ, માત્ર હકીકતો એકત્ર કરવી અથવા વ્યવસ્થિત કરવી એમાં સંશોધનની પર્યાપ્તિ નથી. અલબત્ત, એ પણ સંશોધનનું પ્રાથમિક મહત્ત્વનું અંગ છે. એ શ્રમભર્યા પ્રારંભિક કામમાંથી જ્યારે સામાન્ય સિદ્ધાન્તો અથવા કોઈ અર્થદર્શનો નિષ્પન્ન થાય છે ત્યારે એની પાછળ લેવાયેલો શ્રમ સાર્થક બને છે તથા આપણા સંચિત જ્ઞાનમાં એટલો ઉમેરો થાય છે.

૨૮. **પ્ર.**—Poets are born, not made—એમ કહેવાય છે; જન્મજાત સારસ્વતો માટે તમારું કેવુંક મંતવ્ય છે?

**સાં.**—હું માનું છું કે સંશોધકો અને વિદ્વાનો માટે પણ આ કથન ઘણે અંશે સાચું ગણાવું જોઈએ.

૨૯. **પ્ર.**—તમારાં કુટુંબીજનોએ તમારાં કામોમાં કેવોક સહકાર આપ્યો છે?

**સાં.**—મારાં સદ્દગત ફોઈબા, મારા નાના ભાઈ ઉપેન્દ્રભાઈ, પશ્ચાદ્દભૂમાં રહીને સદા મને સંપૂર્ણ સાથ આપનાર મારી પત્ની અને મારાં પ્રેમાળ સંતાનોએ મારાં કાર્યોમાં પ્રેરણા અને સહકાર આપ્યાં છે.

૩૦. **પ્ર.**—સંપત્તિ, સત્કીર્તિ અને સંતતિનો સુયોગ વિરલ હોય છે; એ બાબતમાં તમે સદ્દભાગી છો, ખરું ને?

**સાં.**—હા; પરમાત્માની દયા છે.

# JOURNAL
# OF THE
# ORIENTAL INSTITUTE

## M. S. UNIVERSITY OF BARODA, BARODA

*Editor :* **R. T. Vyas**


The JOURNAL OF THE ORIENTAL INSTITUTE, BARODA is a Quarterly, published in the months of September, December, March and June every year.

SPECIAL FEATURES :

Articles on Indology, Vedic studies, textual and cultural problems of the Rāmāyaṇa, Epics & Purāṇas, notices of Manuscripts, reviews of books, survey of contemporary Oriental Journals and the rare works forming the Maharaja Sayajirao University Oriental Series, are some of the special features of this Journal.

CONTRIBUTORS TO NOTE :

1. Only typewritten contributions will be accepted. A copy should be retained by the author for any future reference, as no manuscript will be returned.
2. In the body of the article non-English stray words/Sanskrit/Prakrit line/verse must be written either in *Devanāgari* or in transliteration with proper diacritical marks.
3. The source of citations/statements of any authority quoted should be invariably mentioned in the footnotes which must be written in the following order : (1) surname, initials of the author or editor, (2) title of the work, (underlined), (3) publisher, (4) place and year of publication and (5) page No.
4. Whenever an abbreviation is used in an article, its full form should be stated at the first occurrence and should not be repeated.
5. Give running foot-note numbers from the beginning to the end of the article.
6. The copyright of all the articles published in the Journal of the Oriental Institute will rest with the M. S. University of Baroda, Baroda.

SUBSCRIPTION RATES : ANNUAL :

Inland Rs. 30/- ( Post-free ), Europe £ 3.00 ( Post-free )
U.S.A. $ 10.00 ( Post-free )

Subscription is always payable in advance. The yearly subscription is accepted from September to August every year. No subscription will be accepted for less than a year. Subscription/Articles may be sent to :—

**The Director, Oriental Institute, Tilak Road, Opp. Sayajigunj Tower, Vadodara-390 002, Gujarat, India.**

# સ્વાતંત્ર્યોત્તર લલિત સંસ્કૃત વાઙ્મય: ગુજરાતનું પ્રદાન

રાજેન્દ્ર નાણાવટી*

સંસ્કૃત આજે ભાગ્યેજ વ્યવહારભાષા રહી છે, મોટે ભાગે એ અભ્યાસ ભાષા જ બનીને રહી છે એ સત્યનો સ્વીકાર કરવો પડશે. થોડીક વિદ્વદ્ગોષ્ઠીઓ કે કવિસંમેલનો સિવાય વ્યવહારમાં સંસ્કૃત ભાષાના પ્રયોગ કરાતો નથી. કદાચ સંસ્કૃતની આવી જ અવસ્થા કેટલીયે સદીઓથી આ દેશમાં રહી છે. એ જ કારણે સદીઓ સુધી સંસ્કૃત સાહિત્યની ભાષાશૈલીનો વિકાસ એક જ પ્રકારનો રહ્યા કર્યો–પ્રાયઃ શબ્દચમત્કૃતિપ્રધાન અને વિષયવસ્તુ, કલ્પનાવિધાન, અર્થચમત્કૃતિ વગેરેમાં પરંપરાનુસારી. તેમ છતાં સંસ્કૃત ભાષામાં ઉત્તમ રચનાઓ થતી રહી કેમકે એ આ સમગ્ર વિશાળ દેશની વિદ્વદ્ભાષા હતી અને અનેક શતાબ્દીઓના સમયકાળ દરમ્યાન આ વિશાળ ઉપખંડમાં સંસ્કૃતમાં રચના કરવા પ્રવૃત્ત થનાર અનેકોમાંથી થોડાક તો એવા સર્જકો અવશ્ય થયા જેમની રચના કાલજયી સાબિત થઈ.

વર્તમાન સમયમાં પણ સંસ્કૃતની આવસ્થા લગભગ એવી જ છે. કેવળ, અપેક્ષા કરતાં વિદ્વાનોનો અલ્પ સમુદાય આજે સંસ્કૃત ભાષા-સાહિત્યના અભ્યાસ પ્રત્યે આકર્ષાય છે. આજે પણ સંસ્કૃતમાં લલિત સાહિત્યનું સર્જન થાય છે, જો કે એવું સાહિત્ય અલબત્ત અલ્પ માત્રામાં હોય છે, એમ હોવું સ્વાભાવિક પણ છે. તો પણ આપણે એવી આશા જરૂર રાખી શકીએ કે આ રચનાઓમાંની થોડીક તો એવી હશે જ જે કાલજયી સિદ્ધ થાય કે પછી કાળના પ્રવાહમાં ડૂબી જવા પૂર્વે એમાં થોડેક સુધી તો વહે ! સ્વાતંત્ર્યોત્તર ગુજરાતની લલિત સંસ્કૃત રચનાઓના આ સર્વેક્ષણમાં પણ યથામતિ એવી થોડીક વિશિષ્ટ રચનાઓ પ્રત્યે ધ્યાન ખેંચવાનો પ્રયાસ છે.

પુસ્તકપ્રકાશનની સમસ્યા અર્વાચીન ભારતીય ભાષાઓમાં પણ દુર્ઘટ છે, ત્યારે સંસ્કૃત ભાષામાં પુસ્તકપ્રકાશનની અવસ્થા દયનીય હોય એ સ્વાભાવિક છે. સંસ્કૃત રચનાઓ મોટે ભાગે તો સામયિક પત્રિકાઓમાં જ પ્રકાશિત થતી રહે છે. ગુજરાતમાં આવી પત્રિકાઓ ત્રણ છે–બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ, અમદાવાદથી, પ્રકાશિત વાર્ષિક 'साम्मनस्यम्', સંસ્કૃત મહા° વિદ્યાલય, વડોદરાનું વાર્ષિક મુખપત્ર 'सुरभारती' તથા ભારતીય વિદ્યા ભવન, મુંબઈથી પ્રકાશિત ત્રૈમાસિક 'संवित्'. संवित्‌ને ગુજરાતની પત્રિકા કહેવાનું કારણ એ છે કે ગુજરાતના કેટલાક

---

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે–ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૨૦૧–૨૧૪

* સંસ્કૃત વિભાગ, કલાસંકાય, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા.

સંસ્કૃત ભાષાના લેખકોની રચનાઓ મોટે ભાગે નિયમિત રૂપે એમાં પ્રકાશિત થતી રહે છે. થોડાંક વર્ષો પર અમદાવાદથી એક સંસ્કૃત દૈનિક પ્રગટ કરવાનો પ્રયાસ થયો હતો પણ એ લાંબુ ટકી શકયો નહીં.

સંસ્કૃત લેખકોને આકાશવાણી ( અને કયારેક કયારેક દૂરદર્શન ) તરફથી પ્રોત્સાહન જરૂર પ્રાપ્ત થાય છે. આકાશવાણીની જરૂરતને લીધે રેડિયો–નાટકનું નવું સાહિત્યસ્વરૂપ નિષ્પન્ન થયું છે અને કેટલાક લેખકોએ આકાશવાણીના આમંત્રણથી લઘુ રેડિયો–નાટિકાઓ લખી છે અને આકાશવાણી પર પ્રસારિત થયા પછી એમને સામયિકોમાં ( કે વિરલ કિસ્સામાં ગ્રન્થરૂપે પણ ) પ્રકાશિત કરી છે.

પરંતુ આકાશવાણી અને પત્રિકાઓમાં પ્રસારિત–પ્રકાશિત થયેલા કેટલાય લેખકોની ઠીક ઠીક મહત્ત્વપૂર્ણ સાહિત્યરચનાઓ હજુ ગ્રન્થસ્થ થઈ નથી. એવા થોડાક લેખકોનો નામનિર્દેશ અહીં અસ્થાને નહીં ગણાય. સ્વર્ગસ્થ અનન્તકૃષ્ણ દવેનાં બે દીર્ઘકાવ્યો–રામાયણ–મહાભારતની કેટલીક મહત્ત્વની ઘટનાઓને વર્ણવતું સો ઉપજાતિ શ્લોકોનું **भारतगौरवगाथा** તથા વેદાન્તના સિદ્ધાન્તોને નિરૂપતું **तत्त्वनिरूपणम्** **संवित्**ના અંકોમાં પ્રકાશિત થયા છે. જયન્તકૃષ્ણ દવેએ શિવમહિમ્નઃ સ્તોત્રની ધાટીએ રચેલું **सोमराजस्तवः** તથા સ્વ. કનૈયાલાલ મુન્શીની વિખ્યાત કથા 'કૃષ્ણાવતાર'ના થોડાક અંશોના કરેલા અનુવાદ '**संवित्**'ના અંકોમાં છે. વડોદરાના પ્રો. અરુણોદય જાનીનું '**शर्मण्यदेशप्रवासः**' નામે પ્રવાસવર્ણન તથા **विवाहः**, **सूर्योदयः** વગેરે નાટિકાઓ પણ **संवित्**માં જ પ્રકાશિત થઈ. સૂરતના ડૉ. અરુણચંદ્ર શાસ્ત્રીનું **हास्यशतकम्** કટાક્ષપૂર્ણ પદ્યોનું શતક–**साम्मनस्यम्**માં પ્રકાશિત થયું છે. વડોદરાના ડૉ. જયદેવ જાની 'રસરાજ' કાવ્ય–લઘુકથા–રેડિયોનાટિકા આદિ અનેક સાહિત્યસ્વરૂપોમાં રચનાઓ કરે છે જે પ્રાયઃ **संवित्**નાં પૃષ્ઠો પર પ્રકાશિત થાય છે. સામ્પ્રતકાલીન ગુજરાતના પ્રમુખ સંસ્કૃત કવિ હર્ષદેવ માધવની અનેકાનેક કાવ્યરચનાઓ **संवित्** તથા **साम्मनस्यम्**માં પ્રસિદ્ધ થઈ છે. સૂરતના સ્વ. ગજેન્દ્રશંકર લાલશંકર પંડ્યાનાં ઘણાં પ્રહસનો **संवित्**માં પ્રકટ થયાં. સૂરતના જ સ્વ. જનક દવેએ **शंकरविजयः**, **पूर्णं सप्तर्षिमण्डलम्**, **महावीरनिर्वाणम्** જેવાં અનેકાંકી અને કથાવસ્તુમાં ગંભીર અર્થ સમાવી લેતાં નાટકો રચ્યાં છે, પણ એમની આ ત્રણે નાટ્યરચનાઓ **संवित्**ના જ અંકોમાં ક્રમશઃ પ્રકાશિત થઈ છે, અને કદાચ જ ગ્રન્થરૂપને પામે. આચાર્યશ્રી ભાઈશંકર પુરોહિત તો **संवित्**ના સંપાદક જ છે. એમણે રચેલાં કેટલાંક સંક્ષિપ્ત જીવનચરિત્રોનો એક સંગ્રહ **अभिनवज्योतिर्धराः**[1] ગયે વર્ષે જ ગ્રન્થરૂપે પ્રકાશિત થયો.

આકાશવાણીને માટે લઘુ રેડિયોનાટિકાઓનું સર્જન કરનારાઓમાં વડોદરાના ડૉ. જયદેવ જાની, પ્રો. અરુણોદય જાની, ડૉ. મધુસૂદન પાઠક, પં. લક્ષ્મીશંકર શુક્લ પાદરા ( જિ. વડોદરા )ના ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, અમદાવાદના ડૉ. શાન્તિકુમાર પંડ્યા, પ્રો. કૃષ્ણચન્દ્ર શાસ્ત્રી, ડૉ. લક્ષ્મેશ જોશી, શ્રી ઘનશ્યામ ત્રિવેદી, પ્રા. વાસુદેવ પાઠક, પ્રા. સુરેશ દવે, રાજકોટના આ. જયાનંદ દવે

---

૧ લે. આચાર્ય પુરોહિત ભાઈશંકર अभिनवज्योतिर्धराः પ્ર. ભારતીય વિદ્યાભવન, મુંબઈ–૭, આવૃત્તિ પહેલી, ૧૯૮૮

વગેરે કેટલાયનાં નામો ગણાવી શકાય. પ્રા. વાસુદેવ પાઠકની બે દીર્ઘ ગીતિનાટ્યરચનાઓ **'मा भूदेवम्'** તથા **'आराधना'** આકાશવાણી પરથી પ્રસારિત થયેલી. આમાંના ઘણાખરાની નાટિકાઓ રેડિયોપ્રસારણ પછી **संवित्** કે **साम्मनस्यम्**માં કે કદાચિત **सुरभारती**માં પણ પ્રકાશિત થઈ છે.

વડોદરાની સંસ્કૃત વિદ્વત્સભા તથા અમદાવાદની બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ તેમના વાર્ષિકોત્સવોમાં સંસ્કૃત નાટિકાઓનું મંચન તથા સંસ્કૃત ગરબાઓની રજૂઆત કરે છે. આ હેતુથી પણ થોડીક એકાંકી નાટિકાઓ રચાઈ, તથા સંસ્કૃતમાં ગરબા રચાયા. ગરબાને માટે અહીં **मण्डलगान** શબ્દ પ્રચલિત થયો છે, અને આવાં મણ્ડલગાનોના સંગ્રહો પણ પ્રકાશિત થયા છે. વિદ્વત્સભા દ્વારા પ્રકાશિત **संस्कृतमण्डलगानानि**[2]માં પંડિત-પંચાનન બદરીનાથ શાસ્ત્રી, વિદ્યા-ભાસ્કર મણિશંકર ઉપાધ્યાય, પં. લક્ષ્મીશંકર શુક્લ, ડૉ. જયનારાયણ પાઠક, પ્રો. અરુણોદય જાની તથા શ્રી પ્રદ્યુમ્ન શુક્લની રચનાઓ સંગ્રહાઈ છે. ચાણોદના પં. છગનલાલ ધનેશ્વર શાસ્ત્રીની રચનાઓનો સંગ્રહ **मण्डलगानवल्ली** તથા વાસુદેવ પાઠકનો ગરબાસંગ્રહ[3] પણ પ્રકાશિત થયાં છે.

આ સિવાય પણ પં. કેશવરામ કા. શાસ્ત્રી, ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા, પં. દાનીદત્ત ઝા, ડૉ. ગૌતમ પટેલ, જયદત્ત શાસ્ત્રી, ડૉ. એમ. વી. જોશી, કાલિકાપ્રસાદ શુક્લ, અમીરચંદ શાસ્ત્રી, હરિપ્રસાદ મહેતા, પ્રભાકર ડોંગરે, રમેશ શાહ, ડૉ. શ્રીમતી ઉમા દેશપાંડે, ઋષિરાજ અગ્નિહોત્રી, મોહિની આચાર્ય આદિ લેખકો પ્રસંગોપાત સંસ્કૃત રચનાઓ કરતાં રહ્યાં છે અને તેમને અત્રતત્ર પ્રકાશિત પણ કરતાં રહ્યાં છે.

કેટલાક એવા પણ લેખકો છે જેમની સ્વરચિત મૌલિક કૃતિઓ અપ્રકાશિત રૂપમાં કોઈક ઉદ્ધારકની રાહ જોઈ રહી છે. વડોદરાના સંન્યાસમઠના વર્તમાન આચાર્ય શ્રી નિરંજન-દેવતીર્થજીની નાટ્યરચના **'द्रौपदीस्वयंवरम्'** અદ્યાવધિ અપ્રસિદ્ધ છે.

વડોદરાના પંડિતપંચાનન બદરીનાથ શાસ્ત્રીની કેટલીક સુન્દર નાટિકાઓ સંસ્કૃત વિદ્વત્સભાના વાર્ષિકોત્સવોની પુસ્તિકાઓમાં છપાયેલી વેરવિખેર પડી છે. એમાં **राधाविनोदः** ( ? ) **मालिनी** ( ૧૯૫૯ ) **रत्नावली** ( ૧૯૬૨ ), **मिथ्यावासुदेवः** ( ૧૯૬૬ ) વગેરેનો સમાવેશ થાય છે. આ નાટિકાઓના સંવાદોની ભાષા ખૂબ માંજેલી, પ્રશિષ્ટ સંસ્કૃત નાટકોની ભાષા જેવી, છતાં સરળ, પ્રવાહી અને કયાંક શાસ્ત્રનિર્દેશ ( allusions )વાળી તો કયાંક લૌકિક કહેવતદાર પણ હોય છે. હળવા પ્રસંગોનું એવી જ સહજ રમતિયાળ ગતિએ નિર્વહણ તથા અચાનક પણ સૂચક વ્યંજનાપૂર્ણ સમાપન આ નાટિકાઓના સંવિધાનની વિશેષતા છે.

---

૨ પારેખ કંચનલાલ હીરાલાલ, સંકલન संस्कृतमण्डलगानानि : પ્ર. સંસ્કૃત વિદ્વત્સભા, વડોદરા, આવૃત્તિ ત્રીજી, ૧૯૮૩

૩ પાઠક વાસુદેવ, ગરબાસંગ્રહ ( ૪૦ ગુજરાતી અને ૨૨ સંસ્કૃત ગરબાઓનો સંગ્રહ ) શ્રી પુસ્તક મંદિર, તિલકમાર્ગ અમદાવાદ-૧, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૯.

**रत्नावली** નાટિકામાં કૃષ્ણની વિષાદયુક્ત અવસ્થાથી ચિંતાતુર મિત્ર શ્રીદામા નારદના સૂચનથી કૃષ્ણ સાથે મળીને રાધાની નવગ્રહરત્નાવલી ચોરાવે છે પણ અંતમાં રાધાની સખીઓ કૃષ્ણની ચોરી જાણી જાય છે. નાટક આમ સમાપ્ત થાય છે :

राधा—इयं मे रत्नावली ।
कृष्णः—इयं मे रत्नावली ।

**मिथ्यावासुदेवः**માં પૌણ્ડ્રકના પાત્રના નિરૂપણમાં શકારના પાત્રાલેખનનું સમર્થ અનુકરણ છે. એના રાજ્યમાંથી કવિઓ ભાગી જવાને કારણે એ પોતે પ્રતિહારી સમક્ષ પોતાનું વર્ણન આમ કરે છે :

वात्योत्थितो रेणुस्तम्भ इवास्मि भूमौ
व्योम्न्यस्मि सधूम इव धूमकेतुः ।
पाताले च तक्षक इवास्मि धृतकालकूटः
लोकत्रयेऽपि प्रथितोऽस्मि जनैर्नरैश्च ॥
प्रतिहारिन्, वद कीदृशं काव्यम् ।

प्रतिहारी:—अहं किं वर्णयिष्यामि । एतत् श्रुत्वा सर्वेऽपि कवयः श्येनभीता विहङ्गा इव पक्षान् कडकडायिष्यन्ते । न यत्र वृत्तं चिन्तनीयं, न शुद्धिः, न ह्रस्वः, न दीर्घः, न च पुनरुक्तिः ।

पौण्ड्रक:—साधूक्तम्, सर्वेऽपि कवय एवमेव काव्यं कुर्वन्ति । इयमेव स्वतन्त्रता काव्यस्य ।

प्रतिहारी:—लोकस्यापि इत्यपि वक्तव्यम् ।

શાસ્ત્રીજીએ નાટયરચના તરફ પૂરતું ધ્યાન ન આપ્યું તેમ જ એમની રચનાઓનો કોઈ સંગ્રહ અત્યાર સુધી થઈ શક્યો નથી એ બંને બાબતો ખેદજનક છે.

ગ્રન્થરૂપે જેમની રચનાઓ પ્રસિદ્ધ થઈ નથી એવા લેખકોમાં મહત્ત્વપૂર્ણ નામ છે સૂરતના શ્રી જનક દવેનું. શ્રી દવે નિવૃત્ત શિક્ષક છે. નિવૃત્તિ પછી એમણે હિન્દીભાષાના પ્રચારને માટે પણ કાર્ય કર્યું. એમનાં ત્રણ નાટકો છે. ત્રણે संवित्માં ક્રમશઃ પ્રકાશિત થયાં છે. **पूर्णसप्तर्षिमण्डलम्** પૌરાણિક કથાવસ્તુનું નાટયરૂપાંતર છે. **महावीरनिर्वाणम्**નાં અત્યાર સુધીમાં ચૌદ દશ્યો પ્રકાશિત થયાં છે અને નાટક હજી અપૂર્ણ છે. **शंकरविजयम्** આદ્ય શંકરાચાર્યના જીવનના પ્રસંગોનું સાત અંકોમાં રચાયેલું નાટક છે. શ્રી દવે ગંભીર પ્રકૃતિની વ્યક્તિ છે, અને એમની નાટ્યરચનાઓ પણ ગંભીર વિચારોને નાટયાયિત કરવાનો પ્રયાસ કરે છે. જેમ કે, **शंकरनाटकम्**માં મુગ્ધા કુમારિકાઓનું અપહરણ કરી જતા દુષ્ટ કાપાલિકોની પશ્ચાદભૂમિમાં આચાર્યનો જન્મ એમના જીવનકાર્યનો નિર્દેશ કરે છે, સાત વર્ષના બાળકના ચિત્તમાં मोहमुद्गरसूक्तની પંક્તિઓ ઊગી ઊઠવી તે એમની ભાવિ સર્જનાત્મક પ્રતિભાને સૂચિત કરે છે, પરકાયાપ્રવેશ દ્વારા રતિ-ક્રીડાની મહત્ સર્વતોવ્યાપી એકાત્મતાનો યુગલ અનુભવ આચાર્યને शिवः केवलोऽहंના

અસ્મત્પ્રત્યયની જેમ જ યુષ્મત્પ્રત્યયની સત્યતાનો પણ સ્વીકાર કરવા બાધ્ય કરે છે. આજન્મ બ્રહ્મચારીને માટે આ અનુભવ નિષિદ્ધ છે, તેથી આચાર્યનું જ્ઞાન એ દૃષ્ટિએ અપૂર્ણ હતું, તેઓ **एकदेशिन्** હતા અને **एकदेशज्ञानिन् आचार्यपदवी न युक्ता ।** પરકાયાપ્રવેશના અનુભવોની સાર્થકતા આચાર્યના વ્યક્તિત્વની આ અપૂર્ણતાને પૂરા કરવામાં રહેલી છે એમ શ્રી દવે બતાવે છે, અને એ રીતે આચાર્યના કંઈક વિશૃંખલ દેખાતા જીવનપ્રસંગોની સૂક્ષ્મ એકાગ્રતા અને એમાં અન્તર્નિહિત ભારતીય જીવનદર્શન પ્રત્યે આપણું ધ્યાન આકર્ષે છે. આવાં ગંભીર અર્થઘટનો, લેખકનું પોતાની સામગ્રી ઉપર પ્રભુત્વ અને સૂક્ષ્મ જીવનદર્શન એમનાં નાટકોની મહનીય વિશેષતાઓ છે અને એમનાં નાટકોની ગ્રન્થરૂપે અનુપલબ્ધિ સંસ્કૃત સાહિત્યને માટે ખોટ સમાન છે.

સૂરતના જ સ્વ. ગજેન્દ્રશંકર લાલશંકર પંડ્યાનું એક **विषमपरिणयम्**[४] નામનું પંચાંકી નાટક વૃદ્ધ પુરુષ સાથે તરુણ કન્યાના લગ્નના સામાજિક દૂષણનું વિષયવસ્તુ કરુણાન્ત નાટકરૂપે રજૂ કરે છે. આ નાટક ૧૯૩૨માં પ્રકાશિત થયું હતું. પરંતુ એમનાં આઠ પ્રહસનો– **नियमन्, सुभगमातिथ्यम्, वेदोत्तमः, कस्त्वम्, कस्य दोषः, कः श्रेयान् प्रचुरबुद्धिमत्ता** અને **बुद्धिप्रभावम्**–૧૯૭૦ પછી 'સંવિદ્'ના અંકોમાં છપાયાં. સમકાલીન સમાજજીવનનાં દૂષણોને વિષયવસ્તુ બનાવવાં એ આ નાટકોનો ગુણપક્ષ છે. પણ એમાંનું હાસ્ય કોઈ સ્તર સિદ્ધ કરી શકતું નથી અને નાટક પણ ક્યાંક તો કેવળ ઉપરછલ્લા સંવાદો જ બનીને રહી જાય છે.[૫]

થોડાંક નાટકો ગ્રન્થસ્થ થયાં છે પણ ખરાં. શ્રી નાગરદાસ અમરજી પંડ્યાનું અવસાન સ્વાતંત્ર્ય પછી થયું. એમનું એકમાત્ર પંચાંકી નાટક **श्रीरुक्मिणीहरणम्** ૧૯૨૩માં વઢવાણ શહેરથી પ્રકાશિત થયેલું. ગુજરાતના વિખ્યાત નાટકકાર વડોદરા સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રથમ આચાર્ય શ્રી મૂળશંકર માણેકલાલ યાજ્ઞિક ૧૯૬૫ સુધી જીવિત હતા પણ એમનાં ત્રણે પ્રસિદ્ધ નાટકો–સપ્તાંકી **संयोगितास्वयंवरम्** (૧૯૨૮), દશ અંકોનું **छत्रपतिसाम्राज्यम्** (૧૯૨૯), અને નવ અંકોનું **प्रतापविजयम्** (૧૯૩૧) સ્વાતંત્ર્ય પૂર્વે જ વડોદરાથી પ્રકાશિત થયેલાં. અમદાવાદનાં શ્રી ગિરજાશંકર નાથુજી દ્વિવેદીએ ૧૭ નાટ્યસંવાદોને **संवादसंग्रहः** નામે ગ્રંથસ્થ કર્યા છે.[૬] અમદાવાદના જ શ્રી ઘનશ્યામ ત્રિવેદી આકાશવાણી પરથી તથા વાર્ષિકોત્સવોમાં રજૂ કરવા માટે એકાંકીઓ લખે છે. એમના બે નાટ્યસંગ્રહો **नूतननाट्यप्रस्थानम्** (૧૯૭૭) તથા

---

૪ પંડ્યા (આ.) (સ્વ.) ગજેન્દ્રશંકર લાલશંકર विषमपरिणयम्ः પ્ર. પોતે, આમલીરાન, સૂરત, પ્રથમ આવૃત્તિ, ૧૯૩૨

૫ સ્વ. ગજેન્દ્રશંકર પંડ્યાને વિશે જુઓ: *Sanskrit Prahasanas,* by Prof. Chitra Shukla, Vallabh Vidyanagar, 1987. (૨) 'ગજેન્દ્રશંકર લા. પંડ્યાનાં સંસ્કૃત નાટકો' (એમ. ફીલ.નો થિસિસ) કુ. નીના સી. ભાવનગરી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. (૩) 'Some Twentieth Century Sanskrit works from surat'—by R. I. Nanavati in Chunilal Gandhi Vidyabhawan Bulletin (Surat) No. 20-21, 1977

૬ દ્વિવેદી ગિરજાશંકર નાથજી, संवादसंग्रह : સંસ્કૃત પાઠશાળા, રાયપુર, અમદાવાદ, ૧૯૫૬

**नूतननाटयकौमुदी** ( ૧૯૮૨ )[૭] પ્રકાશિત થયા છે. એમનાં એકાંકીઓમાં સંવાદો અને પ્રસંગો હોય છે, ભાષામાં લોકબોલીનું પ્રતિબિંબ પણ મળે છે પરંતુ સંવિધાનની શિથિલતા, સંવિધાનમાં કોઈક દૃષ્ટિનો અભાવ અને સાહિત્યિકતાની કમી અનુભવાય છે. ભાવનગરના પ્રા. જયન્તીલાલ અ. ભટ્ટની બે લઘુનાટિકાઓ **मानसशाकुन्तलम्** ( ૧૯૮૦ ) અને **गीतामानसमङ्गलम्**[૮]( ૧૯૮૩ ) પ્રકાશિત થઈ છે. એમાં લેખક નવા દૃષ્ટિકોણ તથા નવી ટેકનીકોનો પ્રયોગ કરવાની ચેષ્ટા કરે છે.

સ્વાતંત્ર્યોત્તર કાળનાં નાટકોમાં આચાર્ય જીવનલાલ પરીખની એક માત્ર નાટિકા **छायाशाकुन्तलम्** ( ૧૯૫૩, ૧૯૮૬ )[૯]ની એની પોતાની વિશેષતાઓ છે. શીર્ષકમાં જ સ્પષ્ટ છે તેમ 'ઉત્તરરામચરિતમ્'ની છાયાસીતાની ટેકનીકનો પ્રયોગ 'શાકુન્તલ'ના કથાનકમાં કરીને આ નાટિકામાં એક સુન્દર પરિણામ સિદ્ધ કરવામાં આવ્યું છે. દુર્વાસાના શાપની માહિતી લેખકે કેવળ પ્રિયંવદા પૂરતી જ મર્યાદિત રાખી છે. પછી શાપમુક્ત પશ્ચાત્તાપયુક્ત બનેલો દુષ્યન્ત રાક્ષસોનો પરાજય કરીને કણ્વાશ્રમમાં પોતાના પૂર્વપ્રણયનાં સ્થાનોની સંભાવના કરવા આવે છે, શકુન્તલા પણ ત્યાં કોઈક બહાને છાયારૂપે ઉપસ્થિત છે અને આ સ્થાનોના પુનર્દર્શનથી દુષ્યન્તને થતી પીડા સ્વયં જુએ છે. ભવભૂતિની વાસન્તીની જેમ અનસૂયા પણ રાજા દુષ્યન્તને કઠોર પ્રશ્નો કરે છે. પછી પ્રિયંવદા આવીને દુર્વાસાના શાપની વાત પ્રગટ કરે છે ત્યારે શકુન્તલાનું અપમાનશલ્ય દૂર થાય છે. દુષ્યન્તની પીડા અને મૂર્ચ્છાને માટે પણ અહીં શકુન્તનો સ્પર્શ જ ઉપાય છે. કણ્વાશ્રમની પ્રકૃતિ પણ પંચવટીની પ્રકૃતિના જેવું જ કાર્ય કરે છે. નાટિકાના સંવિધાનમાં ઉત્તરરામચરિતના છાયાદૃશ્યનો પ્રભાવ હોવો અનિવાર્ય છે પણ લેખકની શૈલી કાલિદાસની શૈલી જેવી નિર્મળ પ્રસાદયુક્ત અને કોઈ પણ જાતના અતિરેકથી મુક્ત છે. શકુન્તલના કેટલાક પ્રસંગોનું 'ઉત્તરરામચરિતમ'ની યોજનામાં થતું દર્શન નાટિકામાં મધુર આસ્વાદ પ્રેરે છે, જેમકે—

अनसूया :—देव पश्य पश्य । इदं तद्लतसगृहम्
यत्र त्वया विरहतापविदह्यमाना
शय्यां श्रिता शिशिरलेपनमादधाना ।
संवीजिता कमलिनीदलवृन्तवातै—
र्दृष्टा तदा मदनलेखपरा सखी मे ॥

અથવા

देव इतः पश्य—
अस्मिन्नेव शकुन्तलासहचरः कुञ्जे त्वमासीस्तदा
दीर्घापाङ्गमृगेण तेऽपरिचयात् पीत न हस्ताज्जलम् ।
तस्मिन्नेव जले पुनः स्वकरयोः सख्या गृहीते स्वयं
पानाय प्रणयः कृतः कमलिनीपत्रस्थिते सत्वरम् ॥

---

૭ બંનેના પ્રકાશક : બૃહત્ ગુજરાત સંસ્કૃત પરિષદ, અમદાવાદ

૮ બંનેના પ્રકાશક : શ્રીમતી પ્રભાવતી ભટ્ટ ( ૬૬૯, 'પરિજાત', આનંદપુરા ) ભાવનગર-૫

૯ પરીખ (પ્રિ.) જીવનલાલ ત્રિ., छायाशाकुन्तलम् : અનુવાદ-સંપાદન ડૉ. રાજેન્દ્ર નાણાવટી, પ્ર. સંસ્કૃત સેવા સમિતિ, અમદાવાદ-૧૩, બીજી આવૃત્તિ, ૧૯૮૬

'છાયાશાકુન્તલમ્' આધુનિક એકાંકી નાટચરચનાનાં તમામ લક્ષણો પ્રકટ કરતું હોવા છતાં પારંપરિક લક્ષણોને પણ જાળવે છે અને એક પ્રશિષ્ટ નાટયકૃતિ બનવા પામી છે.

ગદ્યમાં–નવલકથા, નવલિકા, ચિન્તનાત્મક ગદ્ય, પ્રવાસકથા, આત્મકથા ઈત્યાદિમાં–બહુ ઓછું લખાયું છે. જયંતકૃષ્ણ દવેએ અનુવાદેલા શ્રી કનૈયાલાલ મુન્શીની કથા 'કૃષ્ણાવતાર'ના થોડાક અંશો **संवित्**માં પ્રકાશિત થયા. વડોદરાના શ્રી બદરીનાથ શાસ્ત્રીએ ચૂનીલાલ વર્ધમાન શાહની નવલકથા '**अवन्तिनाथ**'નો લગભગ આખીનો અનુવાદ કર્યો પણ તેનો થોડાક જ અંશ પ્રકાશિત થયો છે. ડૉ. જયદેવ જાની 'રસરાજ' ગદ્યમાં લઘુકથાઓ લખે છે, અત્યારે એક નવલકથા લખવાનો પ્રયાસ કરી રહ્યા છે. વાસુદેવ પાઠકનું **रसबोधः**[१०] પંચતંત્રના પ્રકારની ૨૫ વાર્તાઓનો સંગ્રહ છે. શ્રી લલિતકુમાર શાસ્ત્રીના ચિન્તનપ્રધાન લઘુનિબંધોના શ્રી વિષ્ણુદેવ પંડિતે કરેલા અનુવાદોનો સંગ્રહ '**अमृतधारा**' (૧૯૭૯) શીર્ષકથી અમદાવાદની બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ્ દ્વારા પ્રકાશિત થયો છે.

સ્વ. પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા સંસ્કૃતના વિદ્વાન પ્રાધ્યાપકોમાં પણ આદરપાત્ર હતા. એમની કેટલીક કાવ્યરચનાઓ, થોડાક ગદ્યનિબંધો તથા ત્રણ નાટિકા–સંવાદ એમના અવસાન (૧૯૭૧માં) પછી **सुषमा**[११] (૧૯૮૧) શીર્ષક સાથે સંગ્રહસ્થ અને પ્રકાશિત થયાં છે. આમાં **बटुदिग्विजयम्** નાટિકા સારી કૉમેડી છે. કાવ્યોમાં પણ એમનું શબ્દચયન રસાનુરૂપ અને પ્રશિષ્ટ છે.

વડોદરાના પંડિતપંચાનન બદરીનાથ શાસ્ત્રીની કાવ્યરચનાઓ પણ અત્રતત્ર મળે છે. એમની કર્ણમધુર પદાવલીને કારણે એમને 'અભિનવ જયદેવ'નું બિરુદ મળેલું. એમની એક યશોદાયી રચના **गोपाल-अष्टपदी**ની થોડીક પંક્તિઓ—

रञ्जितमञ्जुलकञ्जसहोदरपदयुगलेन समारूढम् ।...
प्राकृतधिक्कृतिमात्रफलाकृतिहीनमशेषाकृतिलोलम् ।...
सव्येतरकरकररुहचन्दिरकरनिकराञ्चितकाञ्चीकम् ।...
कुन्तानन्दनसान्द्रानन्दसरित्पतिमिन्दुशताभासम् ।
निजभाभासितभुवनं प्रणमत गोपालं जगतीपालम् ॥

એમની કેટલીક મંડલગાન રચનાઓમાં પણ આ વર્ણમાધુર્ય અને પ્રાસાદિકતા જણાઈ આવે છે.

---

૧૦ પાઠક વાસુદેવ, रसबोधः, પ્ર. પાર્શ્વ પ્રકાશન, નિશાપોળ, ઝવેરી વાડ, તિલક માર્ગ, અમદાવાદ-૧, આવૃત્તિ પહેલી, ૧૯૮૭.

૧૧ ઝાલા ગૌરીપ્રસાદ, सुषमा, સં. રાજેન્દ્ર નાણાવટી, પ્ર : ઝાલા સ્મારક સમિતિ, ૯ મધુવન સોસાયટી, નાનપુરા, સૂરત, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૧.

कवलित–नव–नवनीत–भरित–मुखपङ्कजमखिलेशम्
वन्देमहि बल्लवललनानां मधुमयहृदयेशम् ॥
मन्दसमीरसमीरितकुसुमावलिपरिमलजटिले...
मुग्धस्मितपरिदृश्यदशनरुक्छादितबिम्बाधरे...
गोपवधूटीकिञ्चित्कुञ्चितनयनार्चितमीशम् ॥

અથવા

जय जय गिरिवरधारिन् रासविहारिन्
मञ्जुरणन्नवकिङ्किणिकाखमुखरं पादयुगम्
चन्द्रशतादुद्धतरुचिसारविनिर्मितमिव ते वदनम् ॥

વડોદરાની પાસે નારેશ્વરના તીર્થધામમાં આ સદીના સંત શ્રી રંગ અવધૂત મહારાજનો નિવાસ હતો. ૧૯૬૮માં એમનું દેહાવસાન થયું. એમણે રચેલાં સ્તોત્રો, કાવ્યો આદિનો એક સંચય **रंगहृदयम्**[૧૨] નામે પ્રકાશિત થયો છે. એમણે **सद्बोधशतकम्** પણ લખ્યું.

શ્રી રંગ અવધૂતજીની સ્તુતિઓના પણ કેટલાક સંગ્રહો થયા છે. એમાં શ્રી ભવાનીશંકર શાસ્ત્રીનો સ્તોત્રસંગ્રહ **अवधूतप्रशस्तिः**, શ્રી કાશીશંકર મ. અગ્નિહોત્રીનો **रंगप्रशस्तिः**[૧૩] અને પ્રો. અરુણોદય જાની સંપાદિત **श्रीरंगगुणगरिमा**[૧૪] એટલાં ગણાવી શકાય.

સૂરતના કબીરપંથી સંત સ્વામી શ્રી બ્રહ્મલીનમુનિજી પણ સંસ્કૃતના વિદ્વાન હતા. એમની બે કાવ્યરચનાઓ પ્રસિદ્ધ થઈ છે. **सद्गुरुश्रीकबीरचरितम्**[૧૫] ત્રણેક હજાર પ્રાયઃ અનુષ્ટુભ્ પદ્યોમાં, પચાસ અધ્યાયોમાં સંતકબીરના જીવન અને કાર્યનું તથા કબીરોપરાન્ત સંપ્રદાયના વિસ્તરણનું નિરૂપણ કરતું પુરાણશૈલીનું વિશાળ કાવ્ય છે. કાવ્યનો કથનપ્રવાહ સરળ અને નિર્વિઘ્ન ગતિએ વહે છે. કેટલાક મુસ્લીમ નામો કાવ્યના શબ્દચયનમાં જુદાં તરી આવે છે. જેમ કે—

तदा स्मशानचित्तोड़ोऽलाउद्दीनेन हस्तितः ।
અથવા पश्चात् फिरोजशाहोऽपि कांगडां प्राप्य हेतितः ।
અથવા शेखतकी गुरुः प्रोचे ઇત્યાદિ
ક્યાંક न हि भानूदयं कश्चिच्छादयितुं क्षमो भुवि—

---

૧૨ રંગ અવધૂત મહારાજ, **रङ्गहृदयम्**, પ્ર. અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વર, ત્રીજી આવૃત્તિ, ૧૯૭૯

૧૩ અગ્નિહોત્રી કાશીશંકર મ., रङ्गप्रशस्तिः, પ્ર. અમૃતલાલ મોદી, મોદી સાંથ, નડિયાદ, પહેલી આવૃત્તિ, ૧૯૫૩.

૧૪ જાની અરુણોદય, (સં.) श्रीरङ्गगुणगरिमा, પ્ર. અમૃતલાલ નાથાભાઈ મોદી, નડિયાદ, પહેલી આવૃત્તિ, સં. ૨૦૧૭.

૧૫ સ્વામી શ્રી બ્રહ્મલીન મુનિ, सद्गुरुश्रीकबीरचरितम्, લે. તથા પ્ર. કબીર મંદિર, હાલગિયા મહોલ્લોમહીધરપુરા, સૂરત, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૦.

જેવી સુંદર પંક્તિઓ પણ મળે છે. સ્વામી શ્રી બ્રહ્મલીનનું શ્રીસદ્ગુરુસ્તુતિશતકમ્ પણ ૧૦૩ દ્રુતવિલમ્બિત પદ્યોમાં સંત કબીરની સ્તુતિનું સુન્દર કાવ્ય છે. એની છન્દોરચના તથા શબ્દચયન જગન્નાથનાં લહરીકાવ્યોનું સ્મરણ કરાવે છે. આખાયે શતકમાં કવિએ થોડાં થોડાં પદ્યો સુધી ચાલતી ધ્રુવપંક્તિઓ ( refrains )નો પ્રયોગ કર્યો છે જેમ કે–शरणवत्सल पाहि भवाम्बुधेः, सदय नाथ! समादिश सत्पथम्, त्वदपरः शरणं न हि विद्यते, मदपराधमशेषमपाकुरु, भजत रे मनुजा मनसा गुरुम्, जगदिदं सुसुखीकुरु सद्गुरो —ઇત્યાદિ.

જગન્નાથની 'ગંગાલહરી'ના આદર્શને દૃષ્ટિ સમક્ષ રાખીને નવસારીના ડૉ. રસિકલાલ કે. પટેલે નવસારીની પાસે વહેતી પૂર્ણાનદીની પ્રશસ્તિ ૫૭ પદ્યોની पूर्णालहरी[૧૬]માં કરી છે. આરંભ, મધ્ય અને અંતમાં સાતેક પદ્યો સિવાય આખું કાવ્ય શિખરિણી છન્દમાં રચાયેલું છે. શબ્દચયન સરળ, પ્રવાહી અને મધુર છે. 'ગંગાલહરી'ની જેમ જ આ કાવ્યમાં પણ નદીનું કંઈક અતિશયોક્તિપૂર્ણ વર્ણન, આત્મનિન્દા, મુક્તિ માટે નદીને શરણે જવું વગેરે ભાવો ગૂંથાયેલા છે. થોડાંક પદ્યો જોઈએ.

जगल्लीलां प्रेक्षे विमलसलिलौघे भगवति
तवाभोगं मन्ये सुररमणभूमिं सुपुनिताम् ।
स्थितं हि ब्रह्माडं जननि तव मूर्तौ विलसति
विना भक्त्या रूपं परमरमणीयं न लभते ॥
अहं सुव्यापारे भगवति कदापीह न रमे
चलं चित्तं मातर्भ्रमति सततं हेयविषये ।
श्ववृत्तिं सेवेऽहं दुरितमथ भोग्यं भवति मे
विना त्वां त्रातुं को जननि विगुणं मां विजयते ॥

સૂરતના શ્રી ભૂપેન્દ્ર દવે ગયે વર્ષે અવસાન પામ્યા. તેઓ ઘણી ભાષાઓ જાણતા હતા. એમનું રચેલું उपमेशशतकम्[૧૭] ઉપમાસ્વામી કાલિદાસની સ્તુતિ કરતા વિવિધ છંદોનાં સો પદ્યોનો સંચય છે. આ પદ્યોનું શબ્દચયન અને કલ્પનાવૈવિધ્ય તો આકર્ષક છે જ સાથે જ એમની રચનાશૈલી allusive છે, એટલે કે ઠેકઠેકાણે કાલિદાસ, જગન્નાથ આદિ પ્રશિષ્ટ કવિઓનાં પ્રસિદ્ધ પદ્યોનું સ્મરણ કરાવે એવી શબ્દાવલી એમની શૈલીની વિશેષતા છે. કયારેક તો કવિ મૂળ પદ્યોના કેટલાક શબ્દો જ બદલીને નવી પદ્યરચના સિદ્ધ કરે છે. આવી રચનાઓનો પણ એનો પોતીકો એક વિશિષ્ટ આસ્વાદ હોય છે. થોડાંક પદ્યો જોઈએ—

अर्थो हि युक्तश्च कवेः स्वकीयः
व्यक्तं च निर्दिश्य परिग्रहीतुः ।
तव प्रकामं विशदोऽन्तरात्मा
स्वकार्यसिद्धिं ननु मन्यसे त्वम् ॥

૧૬ પટેલ (ડૉ.) : રસિકલાલ, पूर्णालहरी , પ્ર. પોતે, એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૮

૧૭ દવે ભુપેન્દ્ર વી, उपमेशशतकम्, પ્ર. પોતે, હવાડિયા ચકલા, સૂરત, પહેલી આવૃત્તિ, ૧૯૭૮

रम्यां साधु विचिन्त्य यो रसघनामुच्चैः कलां चात्मनः
सामिख्यां ननु यो निसर्गजनितां काव्यप्रवृत्तिं च ताम् ।
सामान्यप्रतिपत्तितो रचितवान् यो नाटकान्यून्नतः
लोकायत्तमिदं च तत्, न खलु तद्वाच्यं हि विद्वज्जनैः ॥
कश्चित् कान्तः कविजनगुरुः स्वाधिकारेऽप्रमत्तः
यक्षः सष्टेर्जनकतनयाज्ञानपूज्यः कविर्यः ।
काव्यं वृद्धिगमितमहिमा लोकभोग्यं सिसृक्षुः
स्निग्धश्चक्रे विरह–रसवन्मेघदूतं च पूतम् ॥

ભુજની સ્વામીનારાયણ સંસ્કૃત પાઠશાળાના આચાર્ય વિદ્વાન પં. કસ્તૂરિરંગાચાર્યના પુરાણશૈલીના વિશાળ કાવ્ય भारतराष्ट्रीयपुराणम्‌ના[૧૮] છએક હજાર શ્લોક પ્રમાણના બે ખંડો તાજેતરમાં જ, ૨૬ જાન્યુઆરી ૧૯૯૦ના દિને પ્રકાશિત થયા. લેખકનો હેતુ ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના ઇતિહાસરૂપે આપણા સ્વાતંત્ર્યસંગ્રામનો, ૧૮૫૭ના પ્રથમ નિષ્ફળ સંગ્રામ પછીના ૧૯૪૭ સુધીના સ્વાતંત્ર્યપ્રાપ્તિ સુધીના સમયનો ઇતિહાસ આલેખવાનો છે. એના ઉપોદ્દઘાત ઉદય અને ઉત્થાન નામનાં ત્રણ પ્રકરણોમાં હજુ તો ૧૮૫૭ પછીની પશ્ચાદ્દભૂમિકા, કોંગ્રેસની સ્થાપનાનાં પ્રથમ દસ વર્ષ, અને લોર્ડ કર્ઝનના દમનકાળના દસ વર્ષનો ૧૯૦૪ સુધીનો સમય આલેખાયો છે. લેખકે ગ્રન્થની દસ્તાવેજી પ્રમાણભૂતતા જાળવવા પુષ્કળ શ્રમ લીધો છે, અને ત્રીજા પ્રકરણના અંતમાં વેદકાળથી માંડીને અર્વાચીન સમય સુધીના ભારતના સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક ઉત્થાનની રૂપરેખા પણ આલેખી છે. એમાં માત્ર રાજકીય જ નહીં પરંતુ સામાજિક–સાંસ્કૃતિક પ્રવાહોના પણ આલેખનથી ઇતિહાસનું દર્શન સંપૂર્ણ બને છે એવી ઇતિહાસના સ્વરૂપ અંગેની માન્યતાનો સ્વીકાર છે. સમગ્ર કાવ્યમાં કર્તાએ અનુષ્ટુપ છંદનો પ્રયોગ કર્યો છે, અને એમની રચનાશૈલી પુરાણોના જેવી જ મુખ્યત્વે કથનાત્મક, સરળ, પ્રવાહી અને ક્યાંક કાવ્યત્વના ચમકારાવાળી છે.

કાવ્યોના અનુવાદોના બે સંચય પ્રકાશિત થયા છે. મુંબઈનાં ડૉ. જશવંતી દવેનો વિવિધ ગુજરાતી કાવ્યોના સંસ્કૃત અનુવાદોનો સંગ્રહ सेतुबन्धः[૧૯] નામથી પ્રકાશિત થયો છે. આ અનુવાદોમાં કાવ્યતત્ત્વની અપેક્ષાએ શબ્દશઃ અનુવાદનું લક્ષ્ય વધારે સિદ્ધ થતું હોવાનું પ્રતીત થાય છે. અમદાવાદના શ્રી ઘનશ્યામ ત્રિવેદીના કાવ્યસંગ્રહ नूतनगीताञ्जलिः[૨૦] (૧૯૮૮)માં મુખ્યત્વે એમણે ગુજરાતનાં વિવિધ લોકગીતોના કરેલા અનુવાદ તથા થોડીક એમની સ્વતંત્ર રચનાઓ સંગૃહીત કરેલી છે. લોકગીતોના અનુવાદ એમણે મૂળના જ લયોમાં માત્રાઓમાં કરવાનું લક્ષ્ય રાખ્યું છે, એ લક્ષ્યમાં તેઓ બહુધા સફળ થયા છે, પણ સંસ્કૃત ભાષામાં આ લોકભાવ

---

૧૮ વિદ્વાન કસ્તુરિરંગાચાર્ય કે., भारतराष्ट्रीयपुराणम्, (બે ખંડોમાં) આચાર્યશ્રી સ્વામીનારાયણ સંસ્કૃત પાઠશાળા, ભુજ, પહેલી આવૃત્તિ, ૧૯૮૯.

૧૯ દવે (ડૉ), જશવંતી, सेतुबन्धः, મુંબઈ, ૧૯૮૨

૨૦ ત્રિવેદી ઘનશ્યામ, પ્ર. બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ, અમદાવાદ, આવૃત્તિ પહેલી, ૧૯૮૮

ઘણીયેવાર અપરિચિત જેવા લાગે છે. એમણે કેટલાક મજાના પ્રયોગો કર્યા છે, ફિલ્મીગીતો, બાલગીતો, લગ્નગીતો, દુહાઓના અનુવાદ કર્યા છે, 'सेवकजनं तु एनं ब्रूमः यः परपीडां न जानाति रे' જેવાં પ્રતિકાવ્યો પણ રચ્યાં છે. એક રીતે એમના અનુવાદોની ભાષા તેમ જ અભિવ્યક્તિ સરળ હોવી અનિવાર્ય હતી, પણ કવિએ કદાચ કેટલાક સરળ છંદોનો પ્રયોગ કર્યો હોત તો તે સંસ્કૃત ભાષામાં વધારે જચત.

અમદાવાદની ગુજરાત કૉલેજની શતાબ્દીનિમિત્તે એ જ કૉલેજના વાર્ષિક મુખપત્રોમાંથી સંચય કરેલી કવિતાઓનો સંગ્રહ **संस्कृतकाव्यप्रतिभा**[21] શીર્ષકથી પ્રગટ થયો છે. એમાં પ્રિ. જે. ટી. પરીખ, બાંભણિયા, પ્રો. એ. જી. ભટ્ટ, ઉમાશંકર જેવા ધુરંધરોની કૉલેજકાળની સંસ્કૃતરચનાઓ સંગ્રહાઈ છે.

અમદાવાદના પ્રા. વાસુદેવ પાઠક સાતત્યપૂર્વક સ્તોત્રો, ગીતો, છંદોબદ્ધ કાવ્યો, મુક્તકો આદિની રચના કરતા રહે છે. પણ એમના તરફથી હજી એક વ્યવસ્થિત કાવ્યસંગ્રહ મળવો બાકી છે.

થોડીક કાવ્યરચનાઓમાં મહાત્મા ગાંધીજીના વ્યક્તિત્વ તથા કાર્યનો પ્રભાવ પણ નિમિત્ત બન્યો છે. અમદાવાદના સ્વામીનારાયણ સંપ્રદાયના આચાર્ય સ્વામી ભગવદાચાર્યજીએ ગાંધીજીના જીવન પર ત્રણ દીર્ઘ કાવ્યો લખ્યાં છે–**भारतपारिजातम्, पारिजातापहारः** અને **पारिजातसौरभम्**.[22] કપડવંજના શ્રી નરોત્તમ મોતીલાલ શાસ્ત્રીએ પણ ગાંધીજીના જીવન ઉપર એક સુદીર્ઘ કાવ્યરચના કરી છે.

અહીં એક કવિવિશેષનો પરિચય કરવો આવશ્યક છે. શ્રી જગદીશચંદ્ર આચાર્ય ગુજરાતના છે. એમનો જન્મ હળવદ (સૌરાષ્ટ્ર)માં ૧૯૧૧માં, એમનો શાલેય અભ્યાસ રાજકોટમાં થયો. ત્યારબાદ નોકરીને કારણે તેઓ જોધપુર ગયા અને ત્યાં જ રહ્યા. નોકરીની સાથે એમણે અભ્યાસ ચાલુ રાખ્યો અને સંસ્કૃત મુખ્ય વિષય લઈ તેજસ્વિતાપૂર્વક એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી. એમની દીર્ઘ કાવ્યરચનાઓ સ્વાતંત્ર્યપૂર્વે તેમ જ પછી પ્રગટ થઈ છે. એમના ઘણા કાવ્યગ્રન્થો પ્રકાશિત થયા છે. એમાં **पद्मपरागः, स्तोत्ररत्नसमुच्चयम्, संगीतलहरी, ऋतुविलासः, मन्दाकिनीमाधुरी, सुधन्वाख्यानम्, सत्यमेव जयते, अमरभारती, प्रभापञ्चदशी, समर्थरामदासम्, गोविन्दगीताञ्जलिः, उपेन्द्रनक्षत्रम्** ઇત્યાદિનો સમાવેશ થાય છે. એમની રચના **वासुदेवचरितम्** (૧૯૮૩)ને રાજસ્થાન સરકારનો માઘ પુરસ્કાર પ્રાપ્ત થયો છે, અને એમની ગદ્યકથા **मकरन्दिका**ને ઉત્તર પ્રદેશ સાહિત્ય અકાદમીનો બાણભટ્ટ પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

---

૨૧ કંસારા (ડૉ). એન. એમ., સં પ્ર. પ્રિ. વી. જે. ત્રિવેદી, ગુજરાત કૉલેજ, અમદાવાદ, (ગુજરાત કૉલેજ મોનોગ્રાફ સિરીઝ નં. ૭)

૨૨ ત્રણેના લેખક મ. મ. સ્વામી શ્રી ભગવદાચાર્યજી, પ્ર. શ્રી રાવજીભાઈ મેઘજીભાઈ, મોમ્બાસા (આફ્રિકા) રોહિત મહેતા, થિયોસોફિકલ સોસાયટી, વારાણસી, ૧૯૬૯.

આ બધા કવિઓમાં, આ લખનારના મતે, વધુ મહત્ત્વપૂર્ણ અને વિશિષ્ટ કવિ છે શ્રી હર્ષદેવ માધવ. સંસ્કૃત કાવ્યરચનાની આખી પરંપરાને આગ્રહપૂર્વક વાળવાનો સબળ પ્રયાસ હર્ષદેવની કવિતામાં છે. હર્ષદેવ યુવાન કવિ છે, ગુજરાતીમાં પણ કાવ્યો રચે છે, અને આધુનિક વિશ્વકવિતાના પ્રવાહો સાથે સતત સંપર્ક જાળવી રાખે છે. આથી એમની ગુજરાતી અને સંસ્કૃત બંને કવિતાઓમાં આધુનિકતાનાં બધાં લક્ષણો પ્રબળ રીતે ઉપસે છે અને સંસ્કૃતમાં આ પ્રકારની રચનાઓ કરનાર કવિ કદાચ હર્ષદેવ એકલા જ છે.

પોતાની કવિતામાં હર્ષદેવે સંસ્કૃત ભાષા સિવાય પરંપરામાંથી કશું જ જાળવ્યું નથી. એના વિષયો, કાવ્યસ્વરૂપો, બિંબો-કલ્પનો, શબ્દચયન-બધામાં નવીનતા, પ્રત્યગ્રતા, આધુનિકતા છે. એનો માત્ર એક જ કાવ્યસંગ્રહ અદ્યાવધિ પ્રસિદ્ધ થયો છે; **रथ्यासु जम्बूवर्णानां शिराणाम्**.[२३] પુસ્તકના શીર્ષકમાં યે નાવીન્ય છે. શિરાઓને માટે ગલીઓનું કલ્પન અને जम्बूवर्ण દ્વારા થંકેલા રક્તનો ધ્વનિ વિષાદના ભાવની વ્યંજના પ્રકટાવે છે. સંગ્રહની એક પણ કવિતા પરંપરાગત વર્ણમેળ કે માત્રામેળ છંદોમાં રચાયેલી નથી. કાવ્યના સ્વરૂપોમાં ય કયાંય પરંપરાનુસરણ નથી. સ્વરૂપદૃષ્ટિએ આ કાવ્યો ચાર પ્રકારનાં છે-અછાંદસ, ગઝલો, ગીતો અને કલ્પનકાવ્યો. અછાંદસ અને કલ્પનકાવ્યોમાં કલ્પનવિધાનનું નાવીન્ય એકદમ ચમત્કારક અને આકર્ષક છે.

> सिकतानां नूपुरं/नदति शङ्खोदरे ।
> ततुं मिच्छतां मनुष्याणां/वासना घनीभूत्वा/भवति द्वीपः ॥
> समुद्राख्यतन्तुनाभस्य/लालाजले बद्धोऽयं द्वीपः कीटवत् ।
> कदाचित्/जालरेखायाश्छविः सिकतासु दृश्यते ॥

વિવિધ ભૌગોલિક સ્થાનોને આલેખતી કેટલીક કવિતાઓ થોડીક ભૌગોલિક સામગ્રીથી તે તે સ્થાનોના વિશિષ્ટ 'મૂડ'નો અનુભવ કરાવવામાં પણ સફળ થાય છે. એમના **मिस्रदेशे** કાવ્યની થોડીક પંક્તિઓ જુઓ—

> सुल्तानहसनमस्जिदात् प्रसृतो निमाज़स्वरः ।
> स्फिंक्साकृतिः पुनर्जागृता स्वकेसरपुच्छं चालयन्ती ।
> पिरामीडवायुरुत्थितः सिकतानां तन्तुनाभजालेभ्यः ।...
> दीपशिखासमी राज्ञी नेफरतरी ।...

આવી સ્થળકવિતાઓનો પણ એક ગુચ્છ છે-**टेम्सनदी, चेरापुञ्जी, कालीघाटे** ઇત્યાદિ.

આ કવિ નિર્દેશો-allusionsમાં પણ સમૃદ્ધ છે. આ નાની અમથી કવિતા જુઓ—

---

૨૩ માધવ હર્ષદેવ, रथ्यासु जम्बूवर्णानां शिराणाम्, પ્ર. સંસ્કૃત સેવા સમિતિ, એલ ૧૧૧, સ્વાતંત્ર્ય સેનાની નગર, અમદાવાદ-૧૩. આવૃત્તિ પહેલી, ૧૯૮૫.

सूचिरन्ध्राद् उष्ट्रोऽपि
निर्गच्छेदिति बाईबिलवचनं
श्रुत्वा मया दृष्टं
तदा
उष्ट्रः सूचिरन्ध्रान्
मम नेत्रयोः प्रविष्टः ॥

આ પ્રકારની allusive રચનાશૈલી સંસ્કૃત કવિતામાં વૈશ્વિક સંદર્ભો આણે છે. **चोपाई, टयूबलाइट, क्रिसेन्थेमम, झीब्रा, हम्बैला,** उग्वीसु, **मस्जिद, कब्र** અને એવા બીજા કેટલાય શબ્દો આ કવિતાઓમાં પ્રવેશી જઈને આવા વિશ્વસંદર્ભના સૂચક અને નિદર્શક બની રહે છે. વિશ્વસંસ્કૃતિની કેટલી સામગ્રીનો આ શબ્દચયનમાં સરળતાથી અને અવિરોધ સમાવેશ થઈ ગયો છે! સંસ્કૃત ભાષા અહીં એક અપૂર્વ પ્રકારનું લવચીકપણું, એક નવી જાતની અર્થસભર નિર્મળતા ધારણ કરતી દેખાય છે. આધુનિક વિશ્વકવિતાનાં આ લક્ષણો સંસ્કૃત કવિતામાં બિલકુલ નવાં, તાજાં છે. આ કાવ્યોમાં જે ભાવ અને નિરૂપણની આધુનિક સંવેદનશીલતા પ્રગટે છે તે જ સમકાલિક સંસ્કૃત કવિતાનું વિશિષ્ટ લક્ષણ છે.*

---

*આ લખાણ ડૉ. હરિસિંહ ગૌર વિશ્વવિદ્યાલય, સાગર (મ. પ્ર.)ના સંસ્કૃત વિભાગ દ્વારા આયોજિત અર્વાચીન સંસ્કૃત સાહિત્ય વિશેના પરિસંવાદ (તા. ૫, ૬, ૭, જાન્યુઆરી ૧૯૯૦) માટે મૂળ હિન્દીમાં તૈયાર થયેલું. આ સર્વેક્ષણમાં અનેક મુરબ્બીઓ–મિત્રોનો સવિશેષે પ્રા. ઉદયન શુકલ, આ. જયાનંદભાઈ દવે, ડૉ. શાંતિકુમાર પંડ્યા, પ્રો. સુરેશ જ. દવે, પ્રો. વાસુદેવ પાઠક, ડૉ. અજિત ઠાકોર, પ્રા. ભગવતપ્રસાદ પંડ્યા, ડૉ. જયદેવ જાની વગેરેનો સહકાર સાંપડ્યો છે. તે સૌ પ્રત્યે ઋણસ્વીકાર તથા આભારની લાગણી વ્યક્ત કરું છું.

## OUR NEW RELEASES

| Title | Rs | |
|---|---|---|
| Discipline : The Canonical Buddhism of the Vinayapitaka—John C. Holt | 50 | |
| Encyclopedia of Indian Philosophies—Karl H. Potter | | |
| Vol. I : Bibliography 2nd rev. edn. | 250 | |
| Vol. II : Introduction to the Philosophy of Nyaya Vaisesika | 150 | |
| Vol. III : Advaita Vedanta. Part I | 175 | |
| Fragments from Dinnaga—H. N. Randle | 40 | |
| Fullness of the Void—Rohit Mehta | 85 | (Cloth) |
| | 60 | (Paper) |
| Global History of Philosophy 3 Vols—John C Plott. | 195 | |
| Hindu Philosophy—Theos Bernard | 50 | (Cloth) |
| | 30 | (Paper) |
| History and the Doctrines of the Ajivikas—A. L. Basham | 75 | |
| History of the Dvaita School of Vedanta—B. N. K. Sharma | 200 | |
| History of Indian Literature Vol. I—M. Winternitz | 100 | |
| History of Pre-Buddhistic Indian Philosophy—B. Barua | 125 | |
| Indian Sculpture—Stella Kramrisch | 60 | |
| J. Krishnamurti and the Nameless Experience—Rohit Mehta | 55 | (Cloth) |
| | 45 | (Paper) |
| Language and Society-Michael C. Shapiro and Harold F. Schiffman | 130 | |
| Life of Eknath—Justin E. Abbott. | 50 | (Cloth) |
| | 35 | (Paper) |
| Madhyamaka Buddhism: A Comparative Study—Mark Macdowell | 50 | |
| Nyaya Sutras of Gotama—Tr. by Nand Lal Sinha | 80 | |
| Peacock Throne : The Drama of Mogul India—Waldemar Hansen | 120 | |
| Philosophy of Nagarjuna—K. D. Prithipaul | 65 | |
| Prapancasara Tantra—Ed. by Arthur Avalon | 100 | (Cloth) |
| | 75 | (Paper) |
| Select Inscriptions. Vol. II—D. C. Sircar | 200 | |
| Serindia 5 Vols—Sir Aurel Stein | 3000 | |
| Sexual Metaphors and Animal Symbols in Indian Mythology—Wendy Doniger O'Flaherty | 100 | |
| Siksha Samuccaya : A Compendium of Buddhist Doctrine—Cecil Bendall & W.H.D. Rouse | 60 | |
| Suresvara on Yajnavalkya—Maitreyi Dialogue ( Brhadaranyakopanisad 2 : 4 and 4 : 5 )—Shoun Hino | 125 | |
| Tantraraja Tantra—Ed. by Arthur Avalon & Lakshaman Shastri | 120 | (Cloth) |
| | 100 | (Paper) |
| Vedic Mythology, 2 Vols—Alfred Hillebrandt; tr. by Sreeramula Rajeswara Sarma | 220 | |

*For Detailed Catalogue, please write to :—*

**MOTILAL BANARSIDASS**

Bungalow Road, Jawahar Nagar, Delhi-110007 (India)

# પ્રાચીન ભારતીય મૂલ્યવિભાવના*

અમૃત એમ. ઉપાધ્યાય

'આંતરિક રીતે સારું શું છે?' અથવા 'સ્વતઃ મૂલ્યવાન શું છે?' એ પ્રશ્નના વિવિધ દૃષ્ટિબિંદુથી ઉત્તરો અપાય છે. સુખ અથવા આનંદને જ સર્વસ્વ માનનારા વિચારકો ('હેડોનિસ્ટ્સ') કહે છે કે સુખ ('પ્લેઝર') એ સ્વતઃ મૂલ્યવાન છે. જગતના વહેવારને જ સર્વોપરિ ગણનારા વિચારકો (પ્રેગ્મેટિસ્ટ્સ) માને છે કે જીવનમાં સંતોષ, વિકાસ અને સંવાદ એ સ્વતઃ સારાં છે, મૂલ્યવાન છે. પ્રસિદ્ધ દાર્શનિક કેન્ટને અનુસરનારા વિચારકોના મતે સત્સંકલ્પ અથવા સદિચ્છા એ જ સારામાં સારી અને સ્વતઃ મૂલ્યવાન વસ્તુ છે. માનવતાવાદી વિચારકો માને છે કે સંવાદી આત્મભાવના એ જ મહામૂલ્યવાન બાબત છે. ધાર્મિક ભક્તિભાવનાથી પ્રભાવિત માણસો કહે છે કે પ્રભુનો પ્રેમ સ્વતઃ મૂલ્યવાન છે. આ દરેક મતમાં કોઈ ને કોઈ એક જ બાબતને સ્વતઃ મૂલ્યવાન તથા સર્વોપરિ મહત્ત્વની ગણી છે. પણ મૂલ્યોની બહુવિધતામાં માનનારા વિવેચકો–('પ્લુરાલિસ્ટ્સ')ની દલીલ એવી છે કે જગતમાં ઘણીબધી વસ્તુઓ આંતરિક રીતે સારી છે અને તેથી મૂલ્યવાન છે. ઈ. સ. ૧૯૨૬માં 'મૂલ્યનો સર્વસાધારણ સિદ્ધાન્ત' એ શીર્ષકવાળો, શકવર્તી ગ્રંથ પ્રકાશિત કરનાર રાલ્ફ બાર્ટન પેરી નામના વિચારકે કહ્યું છે કે 'મૂલ્ય' એ 'રસ પડતી કોઈપણ બાબત' છે અને આવાં મૂલ્યોના આઠ જુદા જુદા વિષયો કે પ્રદેશો છે: નીતિ, ધર્મ, કળા, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર રાજકારણ, કાનૂન અને રીત-રિવાજ. બીજા એક પ્રભાવશાળી પાશ્ચાત્ય વિચારક જી. ઈ. મૂરે પ્રતિપાદન કર્યું છે કે જગતમાં અનેક વસ્તુઓ સ્વતઃ મૂલ્યવાન છે પરંતુ એ બધી વસ્તુઓ આપસમાં એકબીજા સાથે કેવી રીતે સંબદ્ધ છે તેના પર એમનું મૂલ્ય આધાર રાખે છે.

ઉપર દર્શાવેલા સર્વ વિચારકો દાર્શનિક દૃષ્ટિબિંદુથી 'મૂલ્ય'ની વ્યાખ્યા કરે છે. સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, માનવશાસ્ત્ર અને તુલનાત્મક ધર્મ જેવાં વર્ણનાત્મક સામાજિક શાસ્ત્રો, હકીકતોને આધારે, જે ખરેખર મૂલ્યવાન ગણાયું છે તેનાં વર્ણનો પ્રસ્તુત કરે છે ત્યારે દાર્શનિકો જ વસ્તુઓની ખરી મૂલ્યવત્તા અથવા કિંમતની તાત્ત્વિક તપાસ આદરે છે. દાર્શનિક પૂછે છે કે શું કોઈ વસ્તુ ઈચ્છિત છે એટલા માટે જ મૂલ્યવાન છે? કે પછી એ વસ્તુ મૂલ્યવાન છે માટે તેની ઈચ્છા થાય છે? આ બે પ્રશ્નો મૂલ્યવિચારણાના બે અભિગમોનો નિર્દેશ કરે છે. સવાલ એ છે કે માનવીના રસથી સ્વતંત્ર રીતે, પદાર્થના ગુણધર્મરૂપે, મૂલ્યનું અસ્તિત્વ છે ખરું?

---

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૩-૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે-ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૨૧૫-૨૨૨.

* દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ ઈન્ડોલૉજિકલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ (દ્વારકા) દ્વારા આયોજિત અને યુ. જી. સી. પ્રેરિત 'વેલ્યુ ઓરિએન્ટેશન ઈન એજ્યુકેશન' એ વિષય પર તા. ૫-૨-૮૬ થી તા. ૯-૨-૮૭ દરમિયાન ચાલેલા પરિસંવાદમાં રજૂ થયેલો નિબંધ.સંસ્થાના સૌજન્યથી પ્રકાશિત.

+ બી/૨૨, કૃપા એપાર્ટમેન્ટ્સ, લાવણ્ય સોસાયટી પાસે, વાસણા, અમદાવાદ ૩૮૦૦૦૭.

અર્થાત્ વસ્તુમાંની આપણી ઈચ્છાથી સ્વતંત્ર રીતે વસ્તુનું મૂલ્ય છે કે નહીં ? ટૂંકમાં, 'મૂલ્ય' એ ભૌતિક બાબત છે કે માત્ર ભાવનાત્મક ('ઈમોટિવ') બાબત છે ! કે પછી 'મૂલ્ય' એ નર્યા વિધિનિષેધોની ('પ્રિસ્ક્રિપ્ટિવ') બાબત છે ? પ્રખર અસ્તિત્વવાદી દાર્શનિક જ્યાઁ પોલ સાર્ત્ર, પોતાનાં મૂલ્યોની વ્યક્તિગત પસંદગી ઉપર ભાર મૂકે છે અને મૂલ્ય તથા હકીકત વચ્ચે કશો જ સંબંધ–તાર્કિક કે અસ્તિત્વમૂલક કોઈ જ સંબંધ–માન્ય રાખતા નથી.

છેક પ્રાચીન કાળથી ભારતીય દાર્શનિકોએ પણ માનવીની જન્મજાત સારપ અંગે ચિંતન કર્યું છે. આપણા ઋષિમુનિઓએ માનવીને સહજ રીતે જ સારો, મૂળભૂત રીતે દિવ્ય તત્ત્વની નિકટનો ('અમૃતસ્ય પુત્રાઃ') માન્યો છે અને જ્યાં જ્યાં માનવીમાં રહેલા અનિષ્ટની વાત કરી છે ત્યાં ત્યાં સંદર્ભને અગત્યનો ગણ્યો છે. આ સંદર્ભ છે સામાજિક–બલ્કે, વૈશ્વિક પરિવેશગત. કેમકે સમાજમાં જ નૈતિક મૂલ્યો ઊપજે છે અને દરેક વ્યક્તિમાં તે મૂલ્યોનું સમાજની અંદર જ સંક્રમણ થાય છે જેથી દરેક વ્યક્તિને યોગ્ય અથવા અયોગ્ય ઈચ્છાઓ અથવા કાર્યોનું જ્ઞાન થાય.

બૃહદારણ્યક ઉપનિષદ (૧. ૩. ૧)ના ઋષિના મતે દેવ અને અસુર એ સંજ્ઞાઓ એક જ વ્યક્તિને તેના માનસિક વલણ અનુસાર લાગુ પડી શકે છે : **द्वया ह प्राजापत्याः देवाश्चासुराश्च ।** આપણું મન, વાણી, ઈન્દ્રિયો આદિ કલ્યાણકારી બાબતોમાં મગ્ન હોય તો આપણે 'દેવ' છીએ અને, એથી ઊલટું, જો, આપણી વૃત્તિઓ માત્ર સ્થૂળ વસ્તુઓમાં રમમાણ હોય તો આપણે 'અસુર' છીએ. આ સંદર્ભમાં શ્રી શંકરાચાર્ય કહે છે કે જ્યારે આપણી ઈન્દ્રિયો, વાણી તથા મન, શાસ્ત્રોપદેશથી પ્રભાવિત વિચારો અને કાર્યોથી પ્રકાશે છે ત્યારે આપણે 'દેવ' બની જઈએ છીએ; પણ એ જ ઈન્દ્રિયો, મન, વાણી આદિ, કેવળ લૌકિક હેતુઓને પામવાના ઉદ્દેશથી, પ્રત્યક્ષજ્ઞાન તથા અનુમાનપ્રમાણ પર આધાર રાખતા વિચારો અને કાર્યોથી પ્રભાવિત થાય છે ત્યારે આપણે 'અસુર' બની જઈએ છીએ. આમ, 'દેવ' અને 'અસુર' એ સંજ્ઞાઓ જીવન જીવવાની બે રીતો બતાવે છે–દેવ અને અસુર એવી બે પ્રાણીજાતિઓ દર્શાવતી નથી.

'દેવ' અને 'અસુર'ની આ વ્યાખ્યા જોતાં, વાસ્તવિક દૃષ્ટિથી 'દેવ'નો ખ્યાલ, 'અસુર'ના ખ્યાલથી જુદો ઠરે છે અને આથી, છેક પ્લેટોના સમયથી, આદર્શવાદીઓ તેમજ ભૌતિકવાદીઓ વચ્ચે જે વિવાદ ચાલે છે તેનું કારણ સમજાય છે. બૃહદારણ્યક ઉપનિષદના જ એક પરિચ્છેદ (૧.૩.૨)માં આ મુદ્દાની સ્પષ્ટતા મળે છે. યજ્ઞમાં 'ઉદ્ગીથ'નું ગાન કરવાથી 'અસુરો' ને પરાજિત કરી શકાય છે. પણ શરીરનાં બધાં જ અંગો 'ઉદ્ગીથ'નું ઉચ્ચારણ કરવામાં અસમર્થ નીવડે છે કેમકે એ સર્વ અંગો પોતાને ખાતર જ પ્રવૃત્તિ કરવાની ટેવવાળાં હતાં ! આંખ સારી રીતે જોતી હતી, પણ પોતાને ખાતર. કાન સારી રીતે સાંભળતા હતા, પણ પોતાને ખાતર. આમ પોતાને ખાતર–માત્ર ભૌતિક ક્રિયા તરીકે જોવાનું, સાંભળવાનું ઈત્યાદિ કાર્ય એ આપણી ઈન્દ્રિયોની ખરી પ્રવૃત્તિ નથી. પણ આત્મકલ્યાણ માટે જોવાની, સાંભળવાની ઈત્યાદિ પ્રવૃત્તિઓ થવી ઘટે. આથી જ કેવળ સ્થૂળ, સપાટી પરની પ્રવૃત્તિઓ કરીને, આત્મકલ્યાણની પ્રવૃત્તિને અવગણનાર મનુષ્યને ઈશોપનિષદ્ (૧.૩)માં 'આત્મહન્' એટલે કે આત્માનો નાશ કરનાર કહ્યો છે અને એ પ્રકારના માણસને–તામસ લોકના અંધકારમાં નિવાસ કરનારને–

'અસુર્યા' નામના લોકનો નિવાસી કહ્યો છે. દરેક કાર્યમાં અર્થતૃષ્ણા કે પાર્થિવ લાભને જોઈને જ પ્રવૃત્ત કરનારને 'પુરુષ-પશુ' જ કહેવો પડે કેમકે એવો મનુષ્ય પોતાનાં પ્રિય મિત્ર, સગાં, પત્ની, પુત્ર, પુત્રી, માબાપ, ભાઈભાંડુ આદિ સૌને કેવળ સ્વાર્થની નજરે જ જુએ છે.

આ રીતે જીવનમાં બે દૃષ્ટિઓ નીપજે છે. કેવળ પ્રત્યક્ષ જ્ઞાન તેમ જ અનુમાનપ્રમાણથી પ્રેરિત જીવનદૃષ્ટિને ઉપનિષદકારે અવિદ્યાદૃષ્ટિ કહી છે જ્યારે શાસ્ત્રોપદેશથી પ્રેરિત જ્ઞાન-કર્મવાળી દૃષ્ટિને વિદ્યાદૃષ્ટિ કહી છે. આવી વિદ્યાદૃષ્ટિવાળાને માટે કેનોપનિષદનો ઋષિ કહે છે કે—

**विद्यया विन्दतेऽमृतम्** । (કેન. ૨.૧૨) અર્થાત્ 'વિદ્યાથી અમૃતત્વ મળે છે'. ઈશોપનિષદકાર પણ આનું સમર્થન કરે છે. (ઈશ. ૧.૧૧) 'વિદ્યાથી અમૃત મળે છે.'

આ વાત દાર્શનિક દૃષ્ટિથી ઘણી જ સચોટ છે. જડ પ્રકૃતિ કે નરી ક્રિયાની ઉપાસના એ અવિદ્યા છે. આવી ઉપાસનાને ઈશોપનિષદમાં **અસંભૂતિ** (જડ પદાર્થજગત)ની ઉપાસના કહી છેઃ

**अन्धं तमः प्रविशन्ति येऽसंभूतिमुपासते ॥** (ઈશ. ૧.૧૨)

આવા લોકો પોતાની જાતને કેવળ પંચભૂતોનું પૂતળું માનીને ચાલે છે. આ છે જડ-પ્રકૃતિના ઉપાસકોનું 'મૂલ્ય'!

આવી અસંભૂતિપૂજક જીવનદૃષ્ટિની સામે જ ઉપનિષદકારે—કઠોપનિદકારે નચિકેતાની ઊર્ધ્વગામી જીવનદૃષ્ટિ રજૂ કરી છે. નચિકેતાનું જીવન—મૂલ્ય જુદું જ છે. યમરાજા પાસેથી મળેલાં ત્રણેત્રણ વરદાનોમાં એણે શું માગ્યું? પહેલા વરદાનમાં માગી પિતાની પ્રસન્નતા. માતા-પિતાની પ્રસન્નતા એ માનવજીવનનું બહુ જ મહત્ત્વનું 'મૂલ્ય' છે. પછી, બીજા વરદાનમાં, અગ્નિવિદ્યા માગી જે યજ્ઞના સંદર્ભથી દેવત્વ આપે છે. પણ નચિકેતા માટે ખરી કસોટી તો છેલ્લા વરદાનપ્રસંગે ખડી થાય છે. એક તરફ જગતનાં સઘળાં પ્રલોભનો છે—ઇન્દ્રિયસુખો અને અહંકેન્દ્રી વૈભવો છે; માનવમન જેની જેની કલ્પના કરી શકે તેવાં તમામ ઐહિક સુખો છે. અને બીજી તરફ, શરીર, ઇન્દ્રિયો, મન અને બુદ્ધિથી ભિન્ન તેમ જ આ દેહ જતાં અન્ય દેહ સાથે સંબંધ પામનારો **આત્મા** છે. આ બેમાંથી કોનું તર્પણ કરવું ઇષ્ટ છે? કોનું જ્ઞાન તારનારું છે? કોની ઉપાસના શ્રેયસ્કર છે?

નચિકેતા પસંદગી કરવામાં, નીરક્ષીરવિવેકમાં એક્કો છે. એનામાં, જ્યાઁ પોલ સાર્ત્રની અસ્તિત્વવાદી પરિભાષામાં કહીએ તો, પોતાનાં મૂલ્યોની વ્યક્તિગત પસંદગી કરવાની આવડત છે. યમરાજા જેવા ગુરુ મળે તો, નાશવંત ઇન્દ્રિયસુખો કે ઐહિક સુખ—ભોગની નહીં પરંતુ આત્મ-વિદ્યાના ઉપદેશની માગણી કરવી જોઈએ એ વાતથી નચિકેતા વાકેફ છે. એટલે જ એ પ્રત્યક્ષ પ્રમાણથી કે અનુમાનપ્રમાણથી પ્રમાણી ન શકાતા આત્મવિદ્યાના પાઠો, યમરાજા પાસે ભણવા માગે છે નચિકેતા યમરાજાને કહે છેઃ "તમારા જેવો આ વિષયનો ગુરુ મને બીજો કોણ મળશે? અને આત્મજ્ઞાન જેવું બીજું વરદાન કયું છે?"

**वक्ता चास्य त्वादृगन्यो न लभ्यो**
**नान्यो वरस्तुल्य एतस्य कश्चित् ॥** (કઠ. ૧.૧.૨૨)

આ વરદાન નિત્યફળવાળું છે, એને છોડીને અનિત્યફળવાળાં બીજાં વરદાનોને મારે શું કરવાં છે? નચિકેતા સ્પષ્ટ કહે છે કે—

न वित्तेन तर्पणीयो मनुष्यः ॥ (કઠ. ૧.૧.૨૭)

માણસને ધનદોલતથી સુખ ન મળે! Man does not live by bread alone. પુત્ર-પૌત્ર, ધનધાન્ય, સો વરસનું આયુષ્ય, અલભ્ય લાભપ્રાપ્તિ-આ બધાંથી કંઈ મનુષ્યત્વ સિદ્ધ થાય છે?

માનવજીવનની મહત્તા શ્રેય અને પ્રેયનો ભેદ સમજવામાં રહેલી છે. કઠોપનિષદકાર (૧.૨.૧) કહે છે કે શ્રેય એ જુદી જ વસ્તુ છે જ્યારે પ્રિય લાગે તે (પ્રેય) એથી જુદી જ વસ્તુ છે. આમાંથી જે મનુષ્ય કલ્યાણકારક વસ્તુ કે માર્ગ પસંદ કરે છે તેનું ચિરસ્થાયી કલ્યાણ થાય છે; પરંતુ જે માત્ર મનને ગમતી બાબતો (પ્રિય વસ્તુઓ)માં મગ્ન રહે છે તે પોતાના જીવનનું ધ્યેય ચૂકી જાય છે. આ જોતાં, માનવજીવનનો સૌથી મહત્ત્વનો પ્રશ્ન એ શ્રેય અને પ્રેય એ બે વચ્ચે વિવેક કરવાનો છેઃ

श्रेयश्च प्रेयश्च मनुष्यमेतस्तौ संपरीत्य विविनक्ति धीरः। (કઠ. ૧.૨.૨)

આવો વિવેક એ નચિકેતાનું–બલ્કે, આપણા સૌનું મોટામાં મોટું 'મૂલ્ય' છે. જીવનમાં પ્રિય લાગતી વસ્તુઓને અને પ્રિય લાગતી મનોકામનાઓને ઊંડા ચિંતન અને ડહાપણથી છોડી દેવી એ 'વિદ્યા' છે. એ 'વિદ્યા'નો ધનલોભ, સત્તાલોભ વગેરેથી વિરોધ છે કેમકે એવી લાલસા એ 'અવિદ્યા' છે. આમ, એકબીજાથી તદ્દન વિપરીત એવી વિદ્યા અને અવિદ્યા વચ્ચેનો ફરક જાણવામાં જ, એ બે વચ્ચે 'વિવેક' કરવામાં જ મનુષ્યત્વ રહેલું છે એની કોણ ના પાડશે?

આવો વિવેક એ મનુષ્યત્વની કેળવણીનો પાયો છે. આવી કેળવણી પામેલા મનુષ્યમાં વિનય સહજ રીતે જ હોય છે. અને ઘમંડનો, અહંકારનો સ્વાભાવિક અભાવ હોય છે. કેનોપનિષદ (૩)માં આનું સચોટ દૃષ્ટાન્ત નિરૂપાયું છે. દેવો અને અસુરો વચ્ચેના વિગ્રહમાં બ્રહ્મની કૃપાથી વિજેતા બન્યા હતા, છતાં અહંકેન્દ્રી દેવોને લાગ્યું કે–

अस्माकमेवायं विजयोऽस्माकमेवायं महिमेति ।

અર્થાત્ 'આ વિજય અમારો જ છે; આ મહાનતા અમારી જ છે.' દેવોના પક્ષે આ અવિવેક હતો, અવિનય હતો. આથી બ્રહ્મે અગ્નિ, ઈન્દ્ર આદિ દેવોની પરીક્ષા કરી. એક તણખલું તેમની સામે ધરીને બ્રહ્મે અગ્નિને એ તણખલું બાળવાનું અને વાયુને એ તણખલું ઉડાડવાનું કહ્યું. પણ બ્રહ્મની મદદ વિના અગ્નિ એ તણખલાને બાળી ન શક્યો અને વાયુ એ તણખલાને ઉડાડી ન શક્યો. ઈન્દ્રનો વારો આવ્યો ત્યાં સુધીમાં તો એ વાત સ્પષ્ટ થઈ ગઈ હતી કે દેવોનો વિજય એ ખરેખર તો બ્રહ્મનો જ વિજય હતો અને દેવોના પરાક્રમ પાછળ ખરી મહત્તા બ્રહ્મની જ હતી. તાત્પર્ય એ કે આપણી પરાક્રમશક્તિ એક પરમ ચૈતન્યને આભારી છે જે—

'श्रोत्रस्य श्रोत्रं मनसो मनो यद् वाचो ह वाचं'

છે—અર્થાત્ 'કાનનોય કાન, મનનું ય મન, વાણીનીય વાણી' છે.

આ ખરું જ્ઞાન છે, મૂલ્ય છે, જીવનદષ્ટિ છે—લાક્ષણિક રીતે ભારતીય જીવનદષ્ટિ છે, મૂલ્ય-વિભાવના છે. આવો 'વિવેક' કે વિનય જ્ઞાનીને સહજ છે: विविनक्ति धीरः ।

આ જ 'વિદ્યા' છે, 'શ્રેય' છે અને એની ઉપાસના કરનાર શ્રેયઃસાધક એ જ ખરો 'વિદ્યાર્થી' છે. નચિકેતા આવો વિદ્યાર્થી છે, શ્રેયઃસાધક છે. જે મનુષ્ય દ્રવ્યલાલસા, સ્વસામર્થ્યનો ઘમંડ, સ્થાનાદિનું અભિમાન વગેરે વળગણોથી મુક્ત ન થઈ શકે તે શ્રેયોમાર્ગનો પ્રવાસી ન બની શકે. શ્રેયોમાર્ગથી ભ્રષ્ટ કરે તેવા મનોરથોની જાળમાં ફસાયેલો માણસ જ્ઞાની નથી, શ્રેયઃ સાધક નથી, વિદ્યાર્થી નથી. આથી જ, નચિકેતાને પોતાની કસોટીમાં ઉત્તીર્ણ થયેલો જાહેર કરતાં યમરાજા કહે છે (કઠ ૧. ૨. ૪): 'હે નચિકેતા, તું વિદ્યાની ઈચ્છાવાળો છે એમ હું માનું છું કારણ કે તને ઘણીઘણી લાલચો લલચાવી શકી નથી'--

विद्याभीप्सिनं नाचिकेतसं मन्ये न त्वा कामा बहवोऽलोलुपन्त ॥

આજે આપણે જે રાષ્ટ્રીય ચારિત્ર્યની કટોકટી નિહાળીએ છીએ તેના મૂળમાં છે વ્યક્તિના તથા સમાજના, એટલે જ રાષ્ટ્રના, સ્તરે રહેલી અનેકવિધ લાલસાઓ-ધનલાલસા, સત્તાલાલસા, પદલાલસા, વર્ચસ્વલાલસા...આવી લાલસાઓથી, લાલચોથી મુક્તિ અપાવે તે વિદ્યા અને એવી વિદ્યાની વિવેકપૂર્વક ઉપાસના કરવી એ 'વિદ્યાર્થીપણું'. શિક્ષણમાં ચારિત્ર્યઘડતરનો, સંસ્કાર-સિંચનનો, આદર્શસિંચનનો જે ઉદ્દેશ રહેલો છે તે આ છે–અનેક પ્રલોભનો સામે મક્કમ રહીને, આત્યંતિક કલ્યાણની સાધના કરવી; ખરા, પૂર્ણ મનુષ્ય બનવું; આત્મબળ અને આત્મજ્ઞાન હાંસલ કરવું; ચારિત્ર્યપ્રાપ્તિ કરવી. માનવકેળવણીનો કયો ઉપદેશક આ 'મૂલ્ય'ની ઉપેક્ષા કરી શકશે? સ્પષ્ટ છે કે ભારતીય મૂલ્યભાવના સંસ્કારી રીતભાત, બાહ્ય ટાપટીપ, સુઘડતા, ટેબલ–મૅનર્સ ઈત્યાદિ ઔપચારિક શિષ્ટાચારથી ભિન્ન એવી, આપણા મનુષ્યત્વના પ્રકટીકરણ પર ભાર મૂકતી, મન, હૃદય અને આત્માની કેળવણી પર આધાર રાખતી, અનોખી, મૌલિક, વ્યક્તિત્વઘડતરની વિદ્યા છે. કુશળ ગુરુઓથી આ વિદ્યા શીખવાય છે અને એ ગુરુપરંપરાનું જતન કરનાર, એ પરંપરા પ્રમાણે વિદ્યા પ્રાપ્ત કરનાર સર્વ આપણા બહુમાનના અધિકારીઓ છે.

आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धाऽश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः। (કઠ. ૧.૨.૭)

પ્રાચીન ભારતમાં વિદ્યાપ્રાપ્તિ એ માત્ર અક્ષરજ્ઞાનની પ્રાપ્તિ ન હતી; પરંતુ મનુષ્યત્વના, પૂર્ણ મનુષ્યત્વના 'સંસ્કાર'ની પ્રાપ્તિ હતી. માનવકેળવણીની સૂઝબૂઝ ધરાવતા પ્રાચીન ભારતીય આચાર્યો અને મનીષીઓએ, માનવઘડતર, માનવશિક્ષણ વ્યક્તિત્વવિકાસ આદિ શૈક્ષણિક-મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓ માટે અનોખી 'સંસ્કારશ્રેણી'નું આયોજન કર્યું છે. અહીં 'સંસ્કાર' એ સંજ્ઞા અનેકવિધ અર્થો ધરાવે છે. તેમાંથી શૈક્ષણિક દૃષ્ટિએ પ્રસ્તુત ગણાય તેવો મહત્ત્વનો અર્થ છે: આદર્શોનું સિંચન કરવું તે.

માનવવ્યક્તિ એ પંચતત્ત્વનું પૂતળું નથી, પણ આંતરિક ચેતનાથી પ્રપૂર્ણ 'અસ્તિ' છે, અસ્મિતા છે. આથી પેટિયું રળવા ઉપરાંત બીજી પણ કેટલીક, મન–હૃદય–આત્માની તૃપ્તિ માટેની, મનુષ્યત્વને પોષક, ગતિ–પ્રવૃત્તિ માનવવ્યક્તિને માટે આવશ્યક છે, અનિવાર્ય છે અને આવી ગતિપ્રવૃત્તિને પ્રેરનારી–પોષનારી આંતરિક આધ્યાત્મિક શ્રી માનવવ્યક્તિમાં સહજ, જન્મજાત હોય છે. માનવીની આ આંતરિક આધ્યાત્મિક શ્રીનું બાહ્ય, દર્શનીય પ્રકટીકરણ એ, ભારતીય પ્રણાલીમાં, 'સંસ્કાર' છે. જન્મથી માંડીને જીવનના અંતિમ શ્વાસ સુધી, મનુષ્યને, જીવનમાં વિવિધ ભૂમિકાઓ ગ્રહણ કરવા માટે યોગ્ય બનાવવા માટે તથા એ મનુષ્યની સહજ પ્રતિભાને–આંતરિક આધ્યાત્મિક ચેતનાને પૂર્ણપણે પ્રગટવાની મોકળાશ આપવા માટે જ પ્રાચીન ઋષિઓએ શ્રેણીબદ્ધ સંસ્કારોનું આયોજન કર્યું છે. આ સંસ્કારોનું સૂક્ષ્મ, મનોવૈજ્ઞાનિક અધ્યયન બતાવે છે કે એ સંસ્કારો સર્વાંગી શિક્ષણનો સર્વકાલીન, સર્વદેશીય પાયો છે.

આ સર્વ સંસ્કારોમાં ઉપનયનસંસ્કારનું ચારિત્ર્યઘડતર તથા વિદ્યાકીય સજ્જતા એ બંને દૃષ્ટિથી અનોખું મહત્ત્વ છે. ઊગતી પેઢીને સમાજમાં સમ્મિલિત કરવા માટે તથા સમાજના ઉત્કર્ષમાં સક્રિય ભૂમિકા ગ્રહણ કરવા માટે, ઊછરતો કિશોર ક્રમેક્રમે સમાજનું પૂર્ણ નાગરિકત્વ પામે તે માટે તેને આપવાની દીક્ષાની જે અનોખી પ્રણાલી ભારતીય મનીષીઓએ સ્થાપી છે તે જ ઉપનયનસંસ્કાર. છેક પ્રાચીન કાળથી ભારતીય પ્રજા સંસ્કારપ્રેમી પ્રજા હતી અને એ પ્રજાના બૌદ્ધિકોનો સામાજિક આદર્શ સંસ્કારલક્ષી હતો. આથી સમાજમાં સ્થાન પામવા માટે દરેક વ્યક્તિને ચોક્કસ સદ્ગુણો, મનોવલણો, જ્ઞાનસંચય, શીલ, સંયમ આદિથી વિભૂષિત સાંસ્કૃતિક સજ્જતા, વ્યક્તિગત યોગ્યતા પ્રાપ્ત કરવી પડતી હતી અને સમાજનું પૂરેપૂરું સભ્યપદ તથા ગૌરવ તેને જ મળતું જે સંસ્કારસંપન્ન હોય–જે સંસ્કારો પામીને 'દ્વિજ' બન્યો હોય. આમ પ્રાચીન ભારતીય સમાજમાં, સંસ્કૃતિમાં મનુષ્ય તેમજ ગૃહસ્થ બનવા માટેની શિક્ષા–દીક્ષા એ પણ એક 'મૂલ્ય' હતું.

ઉપનયન એ દીક્ષાની સાથે સાથે શિક્ષણનો સંસ્કાર પણ છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં સાર્વત્રિક શિક્ષણ એ સમાજજીવનની આવશ્યક બાબત ગણાતું હતું. ઉપનયન સંસ્કાર માનવીની જન્મજાત વૃત્તિઓના રૂપાંતર તથા ઊર્ધ્વીકરણની ચાવી હોવાથી એ માનવવ્યક્તિત્વ ઘડવાનું ઉત્તમ માધ્યમ ગણાયું છે કેમકે માનવજીવનને વધારે સુયોગ્ય, સમૃદ્ધ અને ઉદાત્ત બનાવવાનું ધ્યેય એ સુપેરે ચરિતાર્થ કરે છે. ઉપનયનસંસ્કારની અંગભૂત બાબતોનો અભ્યાસ કરતાં જણાય છે કે એ આત્મસુધારણા, આત્મશુદ્ધિ, આત્મોન્નતિ અને આત્મવિકાસને પ્રેરનાર, અપૂર્વ શૈક્ષણિક–સાંસ્કૃતિક સંસ્કાર છે. મનુષ્યજીવનમાં ઉપનયનથી આરંભાતી ગાયત્રીપ્રાર્થના અને સંધ્યાકર્મની પ્રવૃત્તિઓ અત્યંત આત્મવિકાસલક્ષી છે અને આજના ભૌતિકવાદના તથા વલણોના યુગમાં મન, હૃદય તથા આત્માના 'સ્વાસ્થ્ય' માટે પ્રસ્તુત છે.

'શીલ' એ, આપણી સંસ્કૃતિનો પાયો છે. આ શીલ એ વ્યક્તિના વિચારો તથા કાર્યોમાં ગૃહીત તરીકે પ્રવૃત્ત થતા અનેકવિધ, ઉચ્ચ આદર્શોનું સંયોજન જ છે. સ્મૃતિકારોએ 'શીલ' અથવા સાધુઓના આચારનું વર્ણન કરતાં કહ્યું છે કે વેદનું નિષ્ઠાપૂર્ણ અધ્યયન, દેવ તથા પિતૃઓની તર્પણ વડે ભક્તિ, સ્વભાવની સૌમ્યતા, સર્વ તરફ મિત્રતાભર્યું વલણ, કૃતજ્ઞતા,

મીઠાબોલાપણું, બીજાને મુશ્કેલીમાં પ્રાણના ભોગે પણ શરણ આપવાની તત્પરતા, અન્યને દુઃખ પહોંચાડવાની અનિચ્છા, ઈર્ષ્યા તથા દ્વેષનો અભાવ, હૃદયની કોમળતા, કઠોરતાનો અભાવ, દયાર્દ્રતા અને મનની શાંતિ આ તેર બાબતો ભારતીય માનવવર્તણૂંક કે આચારધર્મના પ્રાણરૂપ છે.

વ્યક્તિત્વઘડતર કે આદર્શોનું અથવા મૂલ્યોનું યથોચિત સિંચન કરવું એ પ્રાચીન ભારતીય શિક્ષણપ્રણાલીનું હાર્દ છે. એ શિક્ષણપ્રણાલીનો આધારસ્તંભ ગુરુ કે આચાર્ય છે. એ કાળે શિક્ષણસંસ્થાઓ ગુરુના નામથી ઓળખાતી અને શિક્ષણનાં સ્થાનો 'ગુરુકુલ' કહેવાતાં. અપરિપક્વ બાળકને શિક્ષણ માટે સ્વીકારીને, ક્રમે ક્રમે તેનું ઘડતર કરીને, તેને સંપૂર્ણ લાયકાતવાળો નાગરિક બનાવનાર ગુરુને ભારતીય પ્રજા, સ્વાભાવિક રીતે જ, અત્યંત ઉચ્ચ, વિશિષ્ટ માનમોભાનો અધિકારી ગણતી આવી છે કેમકે આચાર્ય કે ગુરુ આપણા પુનર્જન્મનું, આપણામાં રહેલી સુષુપ્ત માનવચેતનાના પ્રકટીકરણનું કારણ છે. આવા ગુરુઓનો સંસ્કારો, આદર્શો અને મૂલ્યોના સિંચનમાં અમૂલ્ય ફાળો હતો એટલું જ નહીં પણ પ્રતાપી ગુરુઓએ, પ્રાચીન સમાજમાં, એકએકથી ચઢિયાતા, પ્રખર બૌદ્ધિકો–દાર્શનિકો, વૈયાકરણો, સાહિત્યકારો, શાસ્ત્રકારો અને આચાર્યો ઉત્પન્ન કર્યા હતા એની આપણો પ્રાચીન વિદ્યાવારસો સાક્ષી પૂરે છે.

વસ્તુતઃ વિદ્યા અથવા જ્ઞાનની નૈષ્ઠિક ઉપાસના એ આપણું એક આગવું મૂલ્ય છે, આપણો સાંસ્કૃતિક આદર્શ છે. વૈદિક યુગથી શિક્ષણને પ્રકાશ માનવાની પ્રણાલી ચાલી આવે છે. આજે પણ કવિઓ વિદ્યાને–જ્ઞાનને પ્રકાશનું રૂપક આપે છે. કવિ કાલિદાસ, રાજા રઘુની પાસે ગુરુદક્ષિણા મેળવવા ગયેલા કૌત્સ નામના ઋષિશિષ્યને માટે 'શ્રુતપ્રકાશઃ' એટલે કે 'જ્ઞાન-પ્રકાશથી ઝળહળતો' એવો શબ્દપ્રયોગ કરે છે તે આપણી પરંપરામાં જ્ઞાનતેજને અપાતા મહત્ત્વનો દ્યોતક છે. મહાભારતકાર કહે છે કે વિદ્યા જેવું ચક્ષુ નથી અને સત્ય જેવું તપ નથી. માનવજીવનમાં વિદ્યા અતિ મૂલ્યવાન છે કેમકે આત્મવિકાસની દૃષ્ટિએ વિદ્યા અથવા જ્ઞાન આપણને અજ્ઞાનમાંથી મુક્તિ અપાવે છે અને સમાજજીવનના ક્ષેત્રે આપણી સર્વતોમુખી પ્રગતિ સાધી આપે છે. આથીય જરા વધારે સૂક્ષ્મ રીતે જોઈએ તો જણાશે કે વિદ્યા અથવા શિક્ષણ એ જ્ઞાનનો પ્રકાશ, ઊંડાણવાળી દૃષ્ટિ, જીવનવિકાસ માટે જરૂરી સૂઝબૂઝ પૂરાં પાડી, માણસનું સર્વાંગીણ રૂપાંતર સાધી આપે છે. એક વેદમંત્રમાં જણાવ્યા મુજબ, એક વ્યક્તિ બીજી વ્યક્તિથી જો ચડિયાતી લાગતી હોય તો તે એટલા માટે નહીં કે ચડિયાતી વ્યક્તિ પાસે એક હાથ કે એક આંખ વધારે છે; પરંતુ એટલા માટે કે શિક્ષણથી એની બુદ્ધિ તથા મન વધારે તીક્ષ્ણ અને કાર્યદક્ષ બનેલાં છે (ઋ. ૧૦. ૭૧. ૭). આમ શિક્ષણ એ ઊંડા સંસ્કારસિંચનથી મનુષ્યને પરિપૂર્ણ બનાવવાનો કીમિયો છે. શિક્ષણ એ સંસ્કારનો પર્યાય છે, માનવજીવનનું મૂલ્ય છે. એનાથી આપણી બુદ્ધિ અને ગ્રહણશકિત જ નહીં પરંતુ આપણી વિવેકશકિત કે સારાનરસાનો ભેદ કરવાની શકિત વિકસિત થાય છે; આપણી નૈતિક બુદ્ધિ દૃઢ બને છે જેથી જીવનમાં પ્રલોભનો સામે ટકી રહેવાની મક્કમતા આવે છે અને આપણે ભૂલો તેમજ ભ્રાંતિઓથી બચી શકીએ છીએ.

આમ શિક્ષણ મનુષ્યને વિદ્વાન કે જ્ઞાની બનાવવા ઉપરાંત 'સજ્જન' પણ બનાવે છે એ એનું વિશિષ્ટ મૂલ્ય છે. વિચારશીલ અને નીતિનિષ્ઠ; કર્તવ્યપરાયણ અને જાગૃત; સત્ય, સંયમ

અને ત્યાગના આદર્શોને વરેલો, સુવિકસિત વ્યક્તિગત ચારિત્ર્યથી સંપન્ન મનુષ્ય જ પોતાનું સામાજિક, રાષ્ટ્રીય તથા વૈશ્વિક ઉત્તરદાયિત્વ પૂર્ણ કરી શકે એ સત્ય ભારતીય મનીષીઓને પહેલેથી જ પરિચિત છે. આવા મનુષ્યો દ્વારા જ ભારતીય જીવનશૈલી અને સંસ્કૃતિનું સંવર્ધન થઈ શકે એ સ્વાભાવિક છે. તૈત્તિરીય ઉપનિષદ (૧.૧૧)માં રજૂ થયેલા પ્રાચીન ભારતીય દીક્ષાન્તપ્રવચનમાં શિષ્યને અપાયેલા ઉપદેશમાં સત્યદૃષ્ટિ, ધર્મદૃષ્ટિ, સ્વાધ્યાયદૃષ્ટિ, દાનદૃષ્ટિ, ગૃહસ્થદૃષ્ટિ, આત્મદૃષ્ટિ, સત્કાર્યદૃષ્ટિ, વિવેકદૃષ્ટિ જેવા ચારિત્ર્ય-આદર્શો પર જે ભાર મૂકવામાં આવ્યો છે તે, પ્રાચીન ભારતીય શિક્ષણપ્રણાલીમાં જીવનમૂલ્યોનું કેવું કેન્દ્રવર્તી સ્થાન હતું તેના પર સરસ પ્રકાશ પાડે છે.

# આદિવાસી છૂંદણાં

શંકરભાઈ સોમાભાઈ તડવી

આપણા લોકજીવનમાં છૂંદણાંનું સ્થાન પુરાણકાળથી મહત્ત્વનું રહ્યું છે. શરીરના સૌંદર્યને આકર્ષક બનાવતાં છૂંદણાં આભૂષણ મનાય છે. તે છતાં તેની ઉપયોગિતાને લીધે વિકાસ પામ્યાં છે.

પોતાની ટોળીના માણસોને ઓળખવાની નિશાનીરૂપે શરૂ થયાં હશે આ છૂંદણાં. પછી શરીરમાં રોગ ન થાય તે માટે એની ઉપયોગિતા વધી હશે. અને દેહને શણગાર પૂરો પાડતાં છૂંદણાં લોકોમાં માનીતાં બની ગયાં. આરોગ્યવર્ધક છૂંદણાં શરીરના ચોક્કસ ભાગમાં નસોને ઓળખીને પાડવામાં આવે છે, જેથી રસોળી–હીમચા જેવા રોગ ન થાય.

છૂંદણાંથી જાતિ અને પ્રદેશ ઓળખાય છે. બાળપણથી કુટુંબમાંથી છૂટી પડી ગયેલી વ્યક્તિને છૂંદણાં વડે ઓળખી શકાય છે.

આપણા આખા ગુજરાતમાં છૂંદણાં પ્રચલિત હતાં. આજથી પચાસ વરસ પહેલાંની વ્યક્તિ પોતાની જાતિનાં છૂંદણાં ધરાવતી હોય છે. આજે રબારી, ભરવાડ અને કોળી જાતિની બહેનો, પછાતવર્ગની જાતિઓ અને આદિવાસીઓમાં છૂંદણાં પ્રચલિત છે.

આદિવાસીઓ ભભકભર્યા રંગોવાળાં કપડાં પહેરે છે. આભૂષણોથી દેહને શણગારે છે. તે છતાં યે પોતાના ગોરા રંગ ઉપર કાળાં છૂંદણાંનું કામણ મહાવે છે.

આદિવાસી છૂંદણાં જાતિ, પ્રદેશને પણ ઓળખાવે છે. આદિવાસી જીવન અને લોકજીવનના અભ્યાસીઓને પણ ઉપયોગી થાય તે હેતુથી અહીં વડોદરા જિલ્લાનાં આદિવાસી છૂંદણાંનો પરિચય આપવા પૂરતી મર્યાદા સ્વીકારી છે.

વડોદરા જિલ્લાના સંખેડા, તિલકવાડા, નસવાડી, જેતપુરપાવી અને છોટાઉદેપુર તાલુકામાં સૌથી વધારે આદિવાસીઓની વસ્તી છે.

સંખેડા, તિલકવાડા અને નસવાડી તાલુકામાં નાયક, તડવી, ભીલ જાતિની વસ્તી છે. આ જાતિઓની સ્ત્રીઓ કપાળે એક ટપકું, બીજ અને ચંદ્ર છૂંદાવે છે. બંને ગાલે, હડપચીએ અને આંખના ખૂણે એકેક ટપકાનું છૂંદણું છૂંદાવે છે. હાથે વીંછી, મોર, પોતાનું કે બહેનપણીનું

---

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે–ઑગષ્ટ ૧૯૮૯ પૃ. ૨૨૩–૨૨૬.

આદિવાસી સંગ્રહાલય, છોટાઉદેપુર, ૩૯૧ ૧૬૫, જિ. વડોદરા.

નામ અથવા ટપકાંની ચોરસ-ગોળ ભાત પડાવે છે. હાથની આંગળીઓ ઉપર એકેક ટપકું છૂંદાવે છે. પગે અને લમણા ઉપર છૂંદણાં પડાવતી નથી.

નસવાડી, જેતપુરપાવી અને છોટાઉદેપુર તાલુકામાં તડવી, નાયક અને રાઠવા જાતિની વસ્તી છે. જેતપુરપાવી તાલુકામાં બધી જાતિઓમાં ગાલે ત્રણ છૂંદણાં, આંખના ખૂણે ત્રણ કે એક છૂંદણું છૂંદાવે છે. કોઈ કપાળે એક છૂંદણું પડાવે છે. હાથની આંગળીઓ ઉપર ટપકાં છૂંદાવે. હાથના પંજા ઉપર ગોળ કે ચોરસ ટપકાંની ભાત છૂંદાવે. હાથ ઉપર મોર, વીંછી, ફૂલ, પોતાનું કે બહેનપણીનું નામ છૂંદાવે. પુરુષો ગાલે ત્રણ ટપકાં છૂંદાવે. હાથે મોર, વીંછી, નામ, ફૂલ, ઘડિયાળ વગેરે છૂંદાવે છે.

છોટાઉદેપુર તાલુકાના ચાર વિભાગ પડે છે. તેજગઢ-પુનિયાવાંટનો પશ્ચિમ ભાગ, તેમાં જેતપુરપાવી જેવાં છૂંદણાં હોય છે. ઉત્તરના ઝોઝ ભાગમાં પંચમહાલ જેવાં છૂંદણાં હોય છે. રંગપુર-સઢલીના પૂર્વ ભાગમાં મધ્યપ્રદેશના અલીરાજપુરના રહેવાસીઓને મળતાં છૂંદણાં પડાવે છે. દક્ષિણના કવાંટ વિભાગમાં રાઠવા ઉપરાંત નાની નાત રાઠવા અને ડુંગરાભીલ રહે છે. તેમનાં છૂંદણાંમાં થોડો થોડો તફાવત હોય છે.

આદિવાસીઓમાં ઘર આગળ છૂંદણાં પાડવાનાં હોય ત્યારે ઉનાળામાં બપોરે ભેગાં થાય. કોઈના આંબા, આંબલી, લીમડા, મહુડા જેવા ઝાડના છાંયે બેસીને છૂંદણાં પાડે. જેને છૂંદણાં પાડવાનાં હોય તેને છૂંદનાર પોતાના બે પગો વચ્ચે રાખે અને દબાવી રાખે.

છૂંદણાં પાડવા માટે મેંશ અગર કોલસાનો ભૂકો વાપરે. રાતે બીયાનું લાકડું અથવા તેની છાલ પાણીમાં પલાળી રાખે. તેનું નીલું-ભૂરું પાણી થાય તેમાં મેંશ બરાબર મેળવી દે. કેટલીક જગાએ વાલોળિયાના પાનનો રસ અથવા મહુડાંનો રસ મેળવે છે.

જે જગ્યાએ છૂંદણું પાડવાનું હોય ત્યાં સોય વડે મેંશનો રંગ મૂકે અને ઝટ ઝટ ટચકા મારે. ટચકા વાગવાથી થોડું દર્દ થાય. તેથી ઘેન જેવું લાગે. એટલે તેનો લાભ લઈને છૂંદણાં પાડનાર ઝટ ઝટ છૂંદણાં પાડે.

હવે હાટ અને મેળામાં છૂંદણાં પાડનાર આવે. તેમની પાસે છૂંદણાં પડાવે છે. આ પ્રદેશમાં આટલાં ગામોએ હાટ ભરાય છે:

રવિવાર: પાનવડ, સોમવાર: કવાંટ, તેજગઢ, મંગળવાર: ચાંદપુર, બુધવાર: રંગપુર સઢલી, ગુરુવાર: દેવહાટ, ભીખાપુરા, શુક્રવાર: ઝોઝ, શનિવાર: છોટાઉદેપુર.

હાટ અથવા મેળામાં છૂંદણાં પાડનાર બેટરી જેવા સાધન વડે છૂંદણાં પાડી આપે છે.

કવાંટ તરફના પુરુષો મોટે ભાગે હાથે નામ, વીંછી અને ઘડિયાળ પડાવે છે. લમણાના ભાગે બે વાંકી લીટીઓ અને એક ટપકાંની હાર પડાવે છે, તેને શિરપોટિયાં કે શિરપૂટિયાં કહે છે.

સ્ત્રીઓ લમણાના ભાગે ટપકાંનો આડો ત્રિકોણ અથવા પુરુષો જેવાં છૂંદણાં પડાવે છે. તેને બેડી કહે છે. ગાલે અને કપાળે રાઠવા સ્ત્રીઓ છૂંદણાં પડાવતી નથી. આંખના ખૂણે ત્રણ ટપકાં પડાવે છે તેને પણ બેડી કહે છે. હાથ ઉપર મોર, ફૂલ, નામ વગેરે પડાવે છે. આંગળીએ ટપકા જેવાં છૂંદણાં પડાવે છે. તેને મંકોડી કહે છે. પગની પીંડી ઉપર આંબા ઉપર મોર પડાવે છે.

નાની નાત રાઠવા અને ડુંગરાભીલની સ્ત્રીઓ કપાળે બીજચંદ્ર અને ત્રિશૂળની રેખા પડાવે છે. નાક ઉપર બે આડી લીટીઓ પડાવે છે. પગ અને હાથનાં છૂંદણાં એકસરખાં હોય છે.

રંગપુર સઢલી તરફ પુરુષો લમણાના ભાગે બે વાંકી લીટીઓ પડાવે છે તેને કાનચાવણિયાં કહે છે. સ્ત્રીઓ કપાળે એક છૂંદણું પડાવે છે. આંખના ખૂણે એક અથવા ત્રણ ટપકાં પડાવે છે. પંજા ઉપર ટપકાંનાં છૂંદણાંની ભાત પડાવે છે. પગે આંબા ઉપર બેઠેલા મોર પડાવે છે.

જેતપુરપાવી, છોટાઉદેપુર વિસ્તારની બધી સ્ત્રીઓ હડપચીએ ટપકાંની ભાતનો ત્રિકોણ પડાવે છે. તેને 'દોઢી' અથવા 'અળખી' કહે છે. આદિવાસીઓમાં છૂંદણાંનાં જુદાં જુદાં નામ ઘણાં ઓછાં મળે છે. મોટે ભાગે તેઓ છૂંદણાંને 'ગૂંદવાનું' અથવા 'ગોડાવ્યાનું' કહે છે.



આકૃતિ ૧

૧. પહેલાં ચાર : રંગપુર સઢલી તરફનાં કાનચાવણિયાં-લમણાનાં છૂંદણાં
૨. બીજાં ત્રણ : કવાંટ વિભાગનાં કાનચાવણિયાં-લમણાનાં છૂંદણાં
૩. હડપચીનાં છૂંદણાં : સ્ત્રીનાં

આકૃતિ ૨

૧. ૧ થી ૪ : કપાળનાં છૂંદણાં : કવાંટ વિભાગ
૨. આંખના ખૂણાનું છૂંદણું
૩. ગાલ ઉપરનાં છૂંદણાં

# THE GAEKWAD'S ORIENTAL SERIES

*GOS. Nos.*

30 TATTVASANGRAHA—Vol. I ( Sanskrit Text )—Edited by Pandit Embar Krishnamacharya ( Reprinted; 1984 ) Rs 165.00

156 GAṄGADĀSA-PRATĀPAVILĀSA-NĀṬAKAM—by Gaṅgādhara—Edited by B. J. Sandesara and Pandit Amritlal M. Bhojak ( 1973 ) Rs. 12.00

157 ZAFAR UL WĀLIH BI MUZAFFAR WA ĀLIHI—An Arabic History of Gujarat Vol. II—by Abdullāh Muhammad Al-Makki Al-Āṣafi Al-Ulughkhāni Ḥajji Ad-Dabir, Translated into English by M. F. Lokhandwala ( 1974 ) Rs. 50.00

158 A DESCRIPTIVE BIBLIOGRAPHY OF THE PRINTED TEXTS OF THE PĀÑCARĀTRĀGAMA, Vol. I—by Daniel Smith ( 1975 ) Rs. 50.00

159 SATYASIDDHIŚĀSTRA—of Harivarman, Vol. I—Sanskrit Text from Chinese translation by N. A. Sastri ( 1976 ) Rs. 65.00

160 ĀGAMAPRĀMĀṆYA—of Yāmunācārya—Edited by M. Narasimhachary ( 1976 ) Rs. 18.00

161 SMṚTICINTĀMAṆI—of Gaṅgāditya—Edited by Ludo Rocher ( 1976 ) Rs. 26.00

162 VṚDDHAYAVANAJĀTAKA—of Mīnarāja, Vol. I—Edited by David Pingree ( 1976 ) Rs. 94.00

163 VṚDDHAYAVANAJĀTAKA—of Mīnarāja, Vol. II—Edited by David Pingree ( 1977 ) Rs. 64.00

164 SOḌHALA-NIGHAṆṬU ( Nāmasaṅgraha and Guṇasaṅgraha ) of Vaidyācārya Soḍhala—Edited by Priya Vrat Sharma ( 1978 ) Rs. 53.00

165 SATYASIDDHI ŚĀSTRA—of Harivarman—Vol. II ( English translation )—by N. A. Sastri ( 1978 ) Rs. 92.00

166 ŚAKTISAṄGAMA TANTRA—Vol. IV : CHINNAMASTĀ KHAṆḌA—Edited by Late B. Bhattacharyya & Pandit Vrajavallabha Dvivedi ( 1978 ) Rs. 49.00

167 KṚTYAKALPATARU—of Bhaṭṭa Laxmīdhara : PRATIṢṬHĀKĀṆḌA Vol. IX—Edited by Late K. V. Rangaswami Aiyangar ( 1979 ) Rs. 53.00

168 A DESCRIPTIVE BIBLIOGRAPHY OF THE PRINTED TEXTS OF THE PĀÑCARĀTRĀGAMA—Vol. II—AN ANNOTATED INDEX TO SELECTED TOPICS by H. Daniel Smith ( 1980 ) Rs. 41.00

169 NYĀYĀLAṄKĀRA—of Abhayatilaka Upādhyāya Edited by A. L. Thakur & Late J. S. Jetly ( 1981 ) Rs. 143 00

170 TṚCABHĀSKARA by Bhāskararāya Edited by R. G. Sathe ( 1982 ) Rs. 53.00

171 ŚRĪ GAṆEŚAVIJAYAKĀVYAM Edited by B. N. Bhatt Rs. 46.00

*Can be had of :*

MANAGER, UNIVERSITY PUBLICATIONS SALES UNIT, University Press Premises, Near Palace Gate, Palace Road, Baroda-390 001, Gujarat, India.

# 'સૌગન્ધિકાહરણમ્'નું સ્વરૂપ

આર. પી. મહેતા

આન્ધ્રપ્રદેશના પાટનગર વારંગલમાં કાકતીય વંશના રાજા પ્રતાપરુદ્રાદિત્ય (ઈ. ૧૨૯૫–૧૩૨૬)[૧] હતા. તેના રાજ્યાશ્રયમાં કવિવર વિશ્વનાથે લગભગ ઈ. ૧૩૧૬માં[૨] એકાંકીનાટ્ય 'સૌગન્ધિકાહરણમ્'ની[૩] રચના કરી છે.

કથાસંક્ષેપ આ રીતે છે: ભીમસેન દ્રૌપદીની ઈચ્છા સંતોષવા સુગન્ધી પુષ્પ લેવા ગન્ધમાદન બાજુ જાય છે. આકસ્મિકપણે જ માર્ગમાં હનુમાન સાથે મેળાપ થાય છે. ત્યાંથી તે પુષ્પના આશયથી દિવ્યસરોવરમાં પ્રવેશે છે. તે નિમિત્તે યક્ષો સાથે સંઘર્ષ થાય છે. તેમાં તે જીતે છે. ઘટોત્કચની સહાયથી કુબેરના આવાસમાં તેને યુધિષ્ઠિર, માદ્રીપુત્રો અને દ્રૌપદી સાથે મેળાપ થાય છે. કુબેર ભીમને સુગન્ધી પુષ્પની ભેટ આપે છે.

'સૌ.'ના સ્વરૂપ અંગે મતભેદ છે-તે પ્રેક્ષણક (પ્રેંખણ) છે કે વ્યાયોગ? પ્રેક્ષણકનાં લક્ષણો વિશ્વનાથ કવિરાજ[૪] આ પ્રમાણે આપે છે.[૫]

(૧) તેમાં ગર્ભ અને વિમર્શ સન્ધિ હોતી નથી. (૨) હીન નાયક હોય છે. (૩) સૂત્રધાર હોતો નથી. (૪) એક અંક હોય છે. (૫) વિષ્કંભક–પ્રવેશક હોતા નથી. (૬) દ્વન્દ્વયુદ્ધ અને રોષપૂર્ણ ઉક્તિઓ હોય છે. (૭) કૌશિકી, આરભટી, ભારતી અને સાત્ત્વતી–ચારેય વૃત્તિઓ હોય છે.

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે–ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૨૨૭–૨૩૦.

1 Sastri Nilakant K. A; A History of South India; Oxford University Press, London E. C. 4; 1958; Second edition, p. 212

2 Keith A. Berriedale; The Sanskrit Drama; Oxford University Press, London: 1924; p. 266

૩ श्री कपिलदेवगिरि (प्रं); सौगन्धिकाहरणम्; चौखम्बा विद्याभवन, वाराणसी–१; १९६३; प्रथम संस्करण–આધારસ્થાન.

૪ આ વિશ્વનાથ 'સૌ.'ના કર્તાથી જુદા છે.

૫ साहित्यदर्पण, ६/२८६–७; चौखम्बा संस्कृत सीरीज आफिस, बनारससीटी; १९४७

ડૉ. દશરથ ઓઝાની[6] માન્યતા છે: નાટકની અંતર્ગત બીજું નાટક હોય, તેને માટે પણ પ્રેંખણ શબ્દ છે. આ રીતે સંસ્કૃતનાં બૃહદ્ નાટકો દરમિયાન વચ્ચે આનો અભિનય થતો હતો. રાજશેખરના 'બાલરામાયણ'માં આવું પ્રેક્ષણક છે. આ પ્રેક્ષણક આ રીતે સંસ્કૃતનાં 'કર્ટેન રેઝર' છે.

Curtain Raiser ને J. A. Cuddon આ રીતે સમજાવે છે: An entertainment, often of one act, which preceds the main part of the programme. They are rare now, but in the late 19th and early 20th c. were often used to divert audiences while late-comers arrived. In this way, the main programme would not be interupted.[7]

'સૌ.માં, પ્રસ્તાવનામાં સૂત્રધારની ઉક્તિમાં અને અંતે પુષ્પિકામાં છે: **सौगन्धिकाहरणं नाम प्रेक्षणकम्।** નિર્ણયસાગર પ્રેસ, મુંબઈની કાવ્યમાલા શ્રેણીમાં શિવદત્ત અને કે. પી. પરબ દ્વારા ઈ. ૧૯૦૨માં આનું પ્રથમ પ્રકાશન થયું છે. ડી. આર. માંકડ[8] જણાવે છે, કે નિર્ણયસાગર પ્રેસથી પ્રકાશિત 'સૌ.' પ્રેક્ષણક છે, વ્યાયોગ નહિ. ડૉ. દશરથ ઓઝાનો[9] પણ અભિપ્રાય છે, કે વિશ્વનાથનું 'સૌ.' પ્રેક્ષણક છે. કૃષ્ણમાચારિયર આના સ્વરૂપની સ્પષ્ટતા કર્યા સિવાય લખે છે, 'Occupying but a short interval, the dramatic piece has only one continued scene.' 'સૌ. વિષેનું આ વિધાન ડૉ. દશરથ ઓઝાના પ્રેંખણ વિચાર સાથે સંગત છે. 'સૌ.'માં એક અંક છે. ભીમ-હનુમાન અને ભીમ-યક્ષગણ વચ્ચે રોષપૂર્ણ ઉક્તિઓ છે. આમ પ્રેક્ષણકનાં આ લક્ષણ આમાં ઘટિત થાય છે.

આમ હોવા છતાં પણ, 'સૌ.' પ્રેક્ષણક નથી. કારણ કે તેમાં મોટાભાગનાં અને જરૂરી ગણાય તેવાં લક્ષણો ઘટિત થતાં નથી. આમાં ગર્ભ અને વિમર્શ, બંને સંધિ છે. નાયકને ફળપ્રાપ્તિમાં વિઘ્ન આવે છે, તેનો સુખપૂર્ણ ઉકેલ આવે છે અને ફલોન્મુખતા પ્રગટે છે. ભીમ સુગન્ધી પુષ્પની પ્રાપ્તિ માટે જતો હોય છે. તેનો માર્ગ હનુમાનને કારણે રૂંધાય છે. ત્યાંથી આગળ જતાં, યક્ષસંઘર્ષ થાય છે તેમાં તે જીતે છે. નાયક ભીમની કક્ષા હીન નથી, ઉત્તમ છે.

---

६ **आज्ञा (डॉ.) दशरथ; हिन्दी नाटक; राजपाल एण्ड सन्स, दिल्ली; १९७० पंचम संस्करण; पृ ३१५–६**

7 Cuddon J. A,; A Dictionary of Literary terms; Penguin Books ltd., England, U.S.A., Australia, Canada, New Zealand; 1985; Revised edition; p. 170

8 Mankad D. R.; The Type of Sanskrit Drama; Urmi Prakashan Mandir, Karachi; 1936; p. 61.

९ **ओझा; हिन्दी नाटक; पृ. ३१५**

સૂત્રધારની હાજરી છે. પ્રેમ, રતિ, હાસ વગેરે કોમળ ભાવોને પ્રકટ કરનારી કૈશિકીવૃત્તિ નથી. કરુણ-અદ્ભુતમાં ભારતી વૃત્તિપ્રયોજાય છે. પણ અહીં શૃંગાર, હાસ્ય અને કરુણરસનો વિનિયોગ નથી. સરસ્વતીનો નાન્દીશ્લોક નેપથ્યમાં નથી. પ્રરોચના-પ્રેક્ષકોને નાટ્ય તરફ અભિમુખ કરવા માટે થતી પ્રશંસ નેપથ્યમાંથી નથી, તે સૂત્રધાર દ્વારા જ થાય છે. દ્વન્દ્વયુદ્ધ નથી. ભીમ-યક્ષગણયુદ્ધ છે, તે રંગમંચ પર પ્રદર્શિત નથી. એક દીર્ઘ નાટકની અંતર્ગત બીજું લઘુ નાટક રજૂ થતું હોય, તેને પ્રેક્ષણક કહેવાય-આ વિચાર સંસ્કૃત નાટ્યશાસ્ત્રમાં કયાંય જોવામાં આવ્યો નથી. બાલરામાયણના ત્રીજા અંકમાં[૧૦] ભવભૂતિ અને શ્રીહર્ષના અનુકરણમાં રજૂ થયેલું ગર્ભાંક છે. તેમાં રાવણસમક્ષ સીતાવિવાહનો પ્રસંગ ભજવાય છે. ગર્ભાંક 'દીર્ઘનાટકની અંતર્ગત સ્થાન લેતું બીજું લઘુ-નાટક' નથી. વામન શિવરામ આપ્ટે[૧૧] 'પ્રેક્ષણક'નો અર્થ 'દૃશ્ય' આપે છે, તેની જેમ 'સામાન્ય દૃશ્ય પ્રયોગ'ના અર્થમાં નાટ્યકાર વિશ્વનાથે 'પ્રેક્ષણક' શબ્દ પ્રયોજ્યો હોય; તે સંભવિત છે. ધનંજય-ધનિક[૧૨] જણાવે છે, કે નાટ્યમાં દૃશ્યમાનતા છે, તેથી તે 'રૂપ' કહેવાય છે.

વિશ્વનાથ કવિરાજ વ્યાયોગનાં લક્ષણો આ પ્રમાણે ગણાવે છે[૧૩]—(૧) તેમાં પુરાણ-ઇતિહાસ વગેરેથી ખ્યાત વસ્તુ હોય છે. (૨) સ્ત્રીપાત્રો અલ્પ હોય છે, (૩) ગર્ભ અને વિમર્શ સન્ધિ હોતી નથી. (૪) પુરુષપાત્રો ઘણાં હોય છે. (૫) એક અંક હોય છે. (૬) જેમાં કારણરૂપે સ્ત્રી ન હોય, તેવું યુદ્ધ હોય છે. (૭) કૈશિકીવૃત્તિનો અભાવ હોય છે. (૮) ઉચ્ચવંશનો ક્ષત્રિય અથવા દિવ્ય પુરુષ નાયક હોવો જોઈએ. તે પ્રખ્યાત અને ધીરોદ્ધત હોવો જોઈએ. (૯) હાસ્ય, શૃંગાર અને શાન્ત સિવાયનો રસ મુખ્ય હોવો જોઈએ.

આમાંનું એક લક્ષણ 'સૌ.'માં નથી—ગર્ભ અને વિમર્શ સન્ધિનો અભાવ બાકીનાં બધાં લક્ષણો છે. આનું ઇતિવૃત્ત ખ્યાત છે. મહાભારત (આરણ્યક પર્વ, અધ્યાય ૧૪૬–૧૫૩)-માંથી[૧૪] લેવામાં આવ્યું છે. સૂત્રધાર–નટીને બાદ કરતાં, પાત્રો આઠ છે. તેમાં સ્ત્રીપાત્ર એક જ છે-દ્રૌપદી. બાકીનાં સાત પુરુષપાત્રો છે—ભીમ, હનુમાન, કુબેરનો કંચુકી, કુબેર, યુધિષ્ઠિર, નકુળ અને સહદેવ. અંક એક જ છે. યુદ્ધ છે, પણ તેમાં કારણમાં પ્રત્યક્ષપણે સ્ત્રી નથી. સુગન્ધી પુષ્પ દિવ્યસરોવરમાં ઊગે છે. તે યક્ષો દ્વારા રક્ષાયેલું છે. ભીમ પરવાનગી વગર તેમાં ઊતરવાનો પ્રયાસ કરીને યુદ્ધને નિમંત્રી લે છે. કૈશિકી વૃત્તિનો અભાવ છે. નાયક ભીમ ઉચ્ચ વંશનો ક્ષત્રિય છે. મહાભારતનો કથાનાયક હોવાથી ખ્યાત છે. તેનામાં અહંકાર, ચંચળતા,

---

10 Keith; Sanskrit Drama p. 303

११ आप्टे वामन शिवराम, संस्कृत हिन्दी कोश; मोतीलाल बनारसीदास, दिल्ली–७, १९७७ पुनर्मुद्रण, पृ. ६७५

१२ हिन्दी दशरूपक, १/७, चौखम्बा विद्याभवन–१. १९६७.

१३ साहित्यदर्पण ६/२३१–३

१४ आरण्यकपर्व. १४६–१५३, Bhandarkar Oriental Research Institute, Poona, 1941.

શૌર્ય, ક્રૂરકર્મ અને ઉગ્રતા છે. આમ પ્રકૃતિથી ધીરોદ્ધત છે. મુખ્ય રસ વીર છે. ભીમ હનુમાન સાથે કે નેપથ્યમાં રહેલા યક્ષો સાથે વાક્કલહ કરે છે તેમાં અને કુબેર–કંચુકીના ભીમ–યક્ષ–યુદ્ધને વર્ણવતા સંવાદમાં તે પ્રકટ થાય છે. આ રીતે 'સૌ.'માં વ્યાયોગનાં લગભગ બધાં લક્ષણો ઘટિત થાય છે, તેથી તે વ્યાયોગ છે.

વિશ્વનાથ કવિરાજ વ્યાયોગનાં લક્ષણ આપીને, તેના દૃષ્ટાન્ત તરીકે આ 'સૌ.'નું નામ જ આપે છે. એ. બેરિદલે કીથ, એસ. કે. દે, ડૉ. સૂર્યકાન્ત, વાચસ્પતિ ગૈરોલા, ડૉ. જયકિશન પ્રસાદ ખંડેલવાલ અને ડૉ. તપસ્વી નાન્દી[૧૫] આને વ્યાયોગની શ્રેણીમાં જ મૂકે છે. ડૉ. દશરથ ઓઝા[૧૬] પણ વિશ્વનાથના આ એકાંકીને વ્યાયોગમાં તો મૂકે છે જ.

આ રીતે, વિશ્વનાથનું 'સૌગન્ધિકાહરણમ્' પ્રેક્ષણક નથી, પરંતુ વ્યાયોગ છે; તેમાં શંકા નથી.

---

15 Keith; Sanskrit Drama, p. 266

De S. K., A history of Sanskrit Literature, Vol. I; University of Calcutta, Calcutta, 1962, Second edition, p. 467

सूर्यकान्त (डॉ.), संस्कृत वाङमयका आलोचनात्मक इतिहास, ओरिएण्ट लॉंगमैन लि., नई दिल्ली १, पृ. २४३

गैरोला वाचस्पति, संस्कृत साहित्यका इतिहास; चौखम्बा विद्याभवन, वाराणसी, १९६० प्रथम संस्करण, पृ. ८२४

खण्डेलवाल (डॉ.) जयकिशन प्रसाद, संस्कृत साहित्यकी प्रवृत्तियां, विनोद पुस्तक मन्दिर, आगरा, १९६९ प्रथम संस्करण, पृ. २११

નાન્દી (ડૉ.) તપસ્વી, સંસ્કૃત નાટકોનો પરિચય, યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ, અમદાવાદ પ્રથમ આવૃત્તિ, પૃ. ૪૦૪

१६ ओझा, हिन्दी नाटक, पृ. ३१४-५

# "श्री कोट्यर्कमाहात्म्यम्"–એક સમીક્ષા

ગોવિંદલાલ શં. શાહ

'શ્રી કોટ્યર્કમાહાત્મ્યમ્' યાને 'કોટ્યર્કપુરાણ'ના પ્રકાશકશ્રીએ[1] નિવેદનમાં જણાવ્યું છે. 'હસ્તલિખિત ગ્રંથ જૂના પુજારી મહુડી નિવાસી શ્રી નટવરલાલ પંડ્યા પાસેથી આજથી ચાર વર્ષ પૂર્વે મળેલ'.[2] મહુડી (તા. વિજાપુર, જિ. મહેસાણા) જેમ પ્રસિદ્ધ જૈન તીર્થધામ છે તેમ ખડાયતા બ્રાહ્મણ અને ખડાયતા વૈષ્ણવ વણિકોના ઈષ્ટદેવ શ્રી કોટ્યર્ક પ્રભુનું મંદિર ત્યાં હોવાથી તે વૈષ્ણવ તીર્થધામ પણ છે. હાલ જે સ્થાને કોટ્યર્ક મંદિર છે તે નવું મંદિર અને સમગ્ર સંકુલ છેલ્લાં સો એક વર્ષમાં વિકસાવવામાં આવેલ છે. નજીકમાં સાબરમતીની ઊંચી ભેખડ પર પ્રકૃતિનું રમણીય દર્શન કરાવતું પ્રાચીન મંદિર મૂળ તીર્થસ્થાન છે, જેના માહાત્મ્યનું નિરૂપણ કરતું પુરાણ શૈલીમાં સંસ્કૃતમાં લખાયેલ ઉપર્યુક્ત પુસ્તક ખડાયતા જ્ઞાતિનાં ગોત્રદેવી, વિવાહવિધિ વગેરેની માહિતી આપતું હોવાથી તે જ્ઞાતિપુરાણ છે.

'શ્રી કોટ્યર્કમાહાત્મ્યમ્'માં કુલ ૨૫ અધ્યાય છે અને ૮૦૨ શ્લોકો છે.

**વિષયવસ્તુ**–ગ્રંથનો આરંભ મહાભારતના આરંભમાં આવતા જાણીતા શ્લોકમાં થોડા ફેરફાર સાથે થયો છે.[3] કોટ્યર્ક શબ્દ વિષ્ણુના વિશેષણ તરીકે અને ઘણાં સ્થળે પર્યાય તરીકે છે.

**અધ્યાય-૧**—ઋષિઓ સૂતને પ્રશ્ન કરે છે કે જે પ્રસિદ્ધ છે, જેને સાંભળ્યા બાદ મનુષ્યો ભગવાન કોટ્યર્કના સાન્નિધ્યમાં જઈ પહોંચે છે, જે સાંભળતાં ભગવાન કોટ્યર્ક મનુષ્યને મુક્તિ આપી દે છે એવી પાપનો નાશ કરનારી કથા અમને કહો. કોટ્યર્ક કયા દેવ છે? તેમનું માહાત્મ્ય અમને કહો. તેમની ભક્તિનો મહિમા અપરંપાર છે, મોટા પાપનો નાશ કરનાર છે. કોટ્યર્કની ભક્તિ કોણે કરી હતી? પ્રસન્ન થયેલ ભગવાન કોટ્યર્કે કોનું કોનું કલ્યાણ કર્યું તે કહો.[4]

---

**'સ્વાધ્યાય'**, પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે–ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૨૩૧–૨૪૧.

સરકારી વિનયન-વિજ્ઞાન કૉલેજ, ગાંધીનગર.

૧ 'શ્રી પદ્મપુરાણાન્તર્ગત શ્રી કોટ્યર્કમાહાત્મ્યમ્' પ્રકાશકશ્રી વલ્લભદાસ દલસુખદાસ મહેતા તલોદ જિ. સાબરકાંઠા, અનુવાદક શ્રી મણિશંકર શાસ્ત્રી, શ્રી ગિરીશભાઈ ઓઝા, વડોદરા. (૧૯૮૩)

૨ નમ્રનિવેદન પૃ. ૧૦

३ नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत् ॥ १/१

૪ શ્રી કોટ્યર્ક માહાત્મ્યમ્ ૧/૪ થી ૭

કોટ્યર્કના પ્રાદુર્ભાવની કથા અગાઉ બ્રહ્માએ મનુરાજાને કહી હતી. તેજ કથા સૂત શૌનક આદિ ઋષિઓને કહે છે. સૂત કહે છે 'કોટ્યર્કનો મહિમા વર્ણવવો તે રજકણોને ગણવા બરાબર, મેઘની વરસતી જલધારા ગણવા બરાબર, આકાશના તારા ગણવા બરાબર છે.[5] શ્રી કોટ્યર્કભગવાનની નાભિમાંથી આ વિશ્વરૂપી કમળ નીકળ્યું. એ કમળમાંથી બ્રહ્માનો જન્મ થયો. પછી તેમાંથી મધુ અને કૈટભ નામના બે રાક્ષસો જન્મ્યા. બ્રહ્મા વિષ્ણુ પાસે દોડી ગયા અને વિષ્ણુની–નારાયણની–સ્તુતિ કરી.[6] વિષ્ણુએ બ્રહ્માને કહ્યું, 'હું રાક્ષસોનો નાશ કરીશ.' એમ કહીને તેમણે કોટ્યર્કનું રૂપ લીધું.[7] જેમ સૂર્યને જોતાં અંધકાર નાશ પામે તેમ કોટ્યર્કના તેજ:પુંજના પ્રભાવથી જ અંજાઈ ને મધુ અને કૈટભ મૃત્યુ પામ્યા.[8] પછી બ્રહ્માએ કોટ્યર્કની વારંવાર સ્તુતિ કરી. કોટ્યર્કે પોતે સાબરમતીને કિનારે રહેવાનું નક્કી કર્યું છે તેમ કહ્યું તથા તેમની શ્વેત મૂર્તિનું સ્થાપન કરવાનું કહ્યું. કાર્તિક શુકલ એકાદશીના દિવસે એ પ્રગટ થયા. બારસે મધુ અને કૈટભને માર્યા, માટે કાર્તિક દ્વાદશી વૈષ્ણવ તિથિ કહેવાય છે.[9] તે દિવસે કોટ્યર્કે કહ્યું તે મુજબ તેમના ભક્તોએ મહોત્સવ કરવો. તેમનું ધૂપ, ગંધ વગેરેથી પૂજન કરવું. તેમને પ્રસન્ન કરવા બ્રહ્મભોજન કરાવવું, નીરાજન કરવું, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા. પછી ભક્તોએ પ્રાસાદિક ભોજન કરવું. બ્રહ્મદેવે સાબરમતી નદીના પુણ્યશાળી કિનારા પર ભવ્ય મંદિર બંધાવ્યું. તેમાં કોટ્યર્ક ભગવાનની સ્થાપના કરી.

**અધ્યાય–૨**—સૂત અને ભક્તોના સંવાદ દ્વારા કોટ્યર્ક તીર્થમાં દર્શનાર્થે આવતા ઘણા ભક્તોની રાક્ષસોથી રક્ષા કરવા માટે ગણપતિના આગમન–સ્થાપનનું વર્ણન છે. ભક્તોએ કરેલ ગણપતિની સ્તુતિ[10] તથા ભાદરવા સુદ–૧૪ના રોજ તેમની પૂજા કરવાનું સૂચન છે.

---

૫ એજન ૧/૧૪-૧૫

૬ એજન ૧/૨૦ થી ૨૨

७ इत्युक्त्वा भगवान् विष्णुः कोट्यर्कं रूपमास्थितः। १/२५

૮ એજન ૧/૨૮, ૨૯

९ साभ्रमत्यास्तटेऽत्रैव सन्निधानं मया कृतम्। १/३५–२
कोट्यर्क इति नाम्ना त्वं मन्मूर्ति स्थापयादरात्।
श्वेताननां श्वेतभुजां श्वेतमाल्यानुलेपनाम्॥ १/३६
कार्तिके शुक्लपक्षे वा चैकादश्यां शुभे दिने।
सूर्यवारे सुनक्षत्रे चाहं जागृतवाँस्तदा॥ १/३८
द्वादश्यां तावुभौ दैत्यौ मत्तौ निधनमापतुः।
अतः सा द्वादशी श्रेष्ठा वैष्णवी तिथिरुच्यते॥ १/३९

१० गणेशं सर्वज्ञं पशुपतिसुतं देवमजरं
महाभक्तैः पूज्यं सततमृषिसंघैश्च नमितम्।
विरंच्याद्यैः सेव्यं सकलनिगमान्तैः स्तुतिकृतं
महादेवं वन्दे सकलजनतापालनपरम्॥ २/११

**અધ્યાય-૩**—આ અધ્યાયમાં કોટ્યર્કના મહોત્સવ વખતે પૂજાવિધિની રીત વર્ણવવામાં આવી છે. જગ્યા શુદ્ધ કરવી, સર્વતોભદ્ર મંડળ કાઢવું, કળશપર ફળ મૂકવું. કળશપર ભગવાન કોટ્યર્કની સ્થાપના કરવી. લક્ષ્મીજી સાથે કોટ્યર્કની સુવર્ણ પ્રતિમા બનાવવી તેમજ ષોડશોપચાર વિધિથી, ભક્તિભાવથી પૂજા કરવાનું જણાવવામાં આવેલ છે. પૂજામાં આઠ બ્રાહ્મણોને બેસાડવા. તેમની પૂજા કરી આશીર્વાદ લેવા. તેમને ઉત્તમ ભોજન કરાવવું. પોતે પણ બાંધવો સાથે પ્રસાદ લેવો.[11]

**અધ્યાય-૪**—સરસ્વતીતીર્થમાં રહેતા વૃદ્ધ વેદશર્મા બ્રાહ્મણે કાલીમાતા પાસેથી કોટ્યર્ક તીર્થ વિષે સાંભળ્યું. દુર્ગામાતાની કૃપા થતાં તેમના સૂચન પ્રમાણે હનુમાનજી વેદશર્માને ખભે બેસાડી કોટ્યર્ક લઈ જાય છે. આમ આ તીર્થમાં હનુમાનજીની સ્થાપના થઈ.

**અધ્યાય-૫, ૬, ૭**—કપાલેશ્વર શિવની કથા વર્ણવતા આ અધ્યાયોમાં વિષ્ણુ અને શિવની નિન્દા કરતા (વ્યાજસ્તુતિ) બ્રહ્માના પાંચમા મુખને છેદી નાખનાર શિવને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યાનો ઉદ્વેગ થયો. લાકડીની ટોચે ખોપરી રાખીને અનેક સ્થાનોએ તેમણે પરિભ્રમણ કર્યું. છેવટે કોટ્યર્કતીર્થમાં તેમને શાંતિ મળી. લાકડી પરનું ખપ્પર ત્યાં પડી ગયું. તે ત્યાં રહ્યા. આ પ્રસંગનિરૂપણમાં કાલિદાસના કુમારસંભવ ૩-૭૨ની છાયાવાળો એક શ્લોક[12] તથા શ્રીમદ્ ભગવદ્ગીતાનો એક શ્લોક[13] (૩-૨૧) પ્રયોજાયેલ છે. વૃષભ અને ગાયનો સંવાદ, કપાલેશ્વરનું સુંદર સ્તોત્ર,[14] વિષ્ણુશર્મા અને દીક્ષિત બ્રાહ્મણનું વૃત્તાન્ત રોચક છે.

**અધ્યાય-૮**—ધીર નામના વસિષ્ઠગોત્રના બ્રાહ્મણનું વૃત્તાન્ત, હાટકેશ્વરની સ્તુતિ, તેમની પ્રસન્નતા, તેમણે ખડાયતાઓ પર કરેલ અનુગ્રહનું વર્ણન આ અધ્યાયમાં છે. ખડાયતાઓનો વિવાહ પૌરાણિક વિધિથી થાય છે તેમ કહેવામાં આવ્યું છે.

**અધ્યાય-૯, ૧૦, ૧૧, ૧૨**—વિંધ્યની તળેટીમાં આવેલ એક નગરનો વિષ્ણુદત્ત નામનો વૈષ્ણવ બ્રાહ્મણ કારતક સુદ-૧૧ થી ૧૪ સુધી કરવામાં આવતું કાર્તિકવ્રત કરે છે. દ્વાદશાક્ષર

---

૧૧ खडायता द्विजैः कार्यं वैष्णवैश्च महारम्भिः
दवाति विविधान् कामान् कोट्यर्केशो महेश्वरः ॥ ३/२८

१२ क्रोधं प्रभो संहर संहरेति यावद् गिरः खे मरुतां भवन्ति ।
तावच्छिवः पञ्चमवक्त्रपद्मं, चिच्छेद धातुर्निमिषान्तरेण ॥ ५/१९

१३ यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ ६/५

१४ એક ઉદાહરણ—स्मरस्य हर्त्ता त्रिदिवस्य भर्ता
सनातनस्त्वं पुरुषो मतोऽसि ।
त्वां ये भजन्तः पुरुषं पुराणं
ते मुक्तिमार्गस्य सतां प्रदर्शकः ॥ ७/२७

મંત્રનો જપ, વિષ્ણુની પૂજા, કોટ્યર્કતીર્થમાં આવી સાબરમતીમાં સ્નાન, શાલિગ્રામ વિષ્ણુની ષોડશોપચારથી પૂજા, જાગરણ વગેરે કરે છે પૂર્વજન્મની પતિને સંતાપ આપનારી કલહા નામની સ્ત્રી, ત્રણ જન્મોથી કનિષ્ઠ યોનિમાં–છેલ્લે રાક્ષસી તરીકે રહેતી હતી. તેનો, વિષ્ણુદત્ત, કાર્તિકવ્રતના અર્ધા પુણ્યથી તુલસીવાળું જળ છાંટીને ઉદ્ધાર કરે છે. ઉપરાંત વિષ્ણુદાસ જેવા ગરીબ અને ભાવવાળા ભક્તની ભક્તિ તથા ચોલ નામના ચક્રવર્તી રાજાની રાજવીભક્તિ વર્ણવવામાં આવેલ છે. વિષ્ણુ ભગવાન ચાંડાળનું રૂપ લઈને વિષ્ણુદાસની પરીક્ષા કરે છે. છેવટે બન્નેનો વૈકુંઠવાસ થાય છે. વિષ્ણુ ભગવાન ભક્તિથીજ પ્રસન્ન થાય છે એમ ચોલરાજા કહે છે.[૧૫]

**અધ્યાય-૧૩, ૧૪**—અધ્યાય-૧૩નું નામ નીલકંઠનો મહિમા છે. શરૂઆતમાં, વિષ્ણુ, ભક્તિથી જ મેળવી શકાય છે એમ કહેવાયું છે.[૧૬] સમુદ્રમંથન દરમ્યાન નીકળેલ વિષ શિવજી પી ગયા તેને કંઠમાં રાખ્યું તે નીલકંઠ કહેવાયા. શિવની દેવોએ સ્તુતિ કરી.[૧૭] તે એક સારું સ્તોત્ર છે. નીલકંઠ મહાદેવે પણ કોટ્યર્ક તીર્થમાં વાસ કર્યો[૧૮] ત્યારથી એ તીર્થ નીલકંઠ તીર્થ તરીકે પણ ઓળખાય છે.

**અધ્યાય-૧૫**—પ્રસ્તુત પુસ્તક જ્ઞાતિ પુરાણ છે એ આ અધ્યાય સિદ્ધ કરે છે. કોટ્યર્ક દેવે તથા કપાલનાથ શિવે ખડાયતા દ્વિજનાં સાત ગોત્ર[૧૯] કહ્યાં અને અનુક્રમે તેની સાથે સંકળાયેલી સાત દેવીઓ[૨૦] વિષે કહ્યું. ખડાયતા વણિકોનાં બાર ગોત્રો[૨૧] અને બાર ગોત્રદેવીઓ[૨૨] છે. ગોત્રોનાં નામ (વણિકોનાં) 'ઉ'કારાન્ત છે તે સંસ્કૃત શબ્દો પરથી બનેલ તત્સમ શબ્દો નથી. ખડાયતા દ્વિજો અને ખડાયતા વણિકોએ કોટ્યર્કતીર્થમાં નિવાસ કર્યો.

---

૧૫ तस्माद् दानैश्च यज्ञैश्च नैव विष्णुः प्रसीदति ।
भक्तिरेव परं तस्य निदानं दर्शनस्य हि ॥ १२/२१

૧૬ तस्मादत्र प्रकर्तव्या कोट्यर्के भक्तिरुत्तमा ।
भक्त्यैव विष्णुः सम्प्राप्यो नान्यथा धनराशिभिः ॥ १३/१

૧૭ गिरिसुताप्रियं विष्णुवल्लभं, गिरिनिकेतनं गीतकारणम् ।
गणपतेः प्रियं भक्तवत्सलं, भवनिवारणं भूतिदायकम् ॥ १४/१८

૧૮ ततो जगाम देवेशः कोट्यर्कं तीर्थमुत्तमम् ।
कोट्यर्के वसतिं चक्रे नीलकण्ठो ह्युमापतिः ॥ १४/३१

૧૯ જનક, કૃષ્ણ, કૌશિક, વસિષ્ઠ, ભારદ્વાજ, ગાર્ગ્ય અને વત્સ = ૭

૨૦ ક્રમાનુસાર દેવીઓ—વારાહી, ખરાનના, ચામુંડા, બાલગૌરી, બંધુદેવી, સુરભીદેવી અને આત્મચ્છંદાદિની = ૭

૨૧ ગુંદાણુ, નાંદોલુ, નિદિયાણુ, નાંણુ, નરસાંણુ, વસીયાણુ, મેરુઆણુ, ભટસાણુ, સાવલણુ, સાલસ્યાણુ, અને કાંગરાણુ તથા કલ્યાણુ = ૧૨

૨૨ દેવી, ગુણમથી, નરેશ્વરી, નિત્યાનંદિની, નારસિંહી, વિશ્વેશ્વરી, મહિપાલિની, ભંડારી. શંકરી, સુરેશ્વરી, વામાક્ષદેવી અને કલ્યાણિની = ૧૨,

કોટ્યર્ક, કપાલેશ શિવ અને નીલકંઠ ખડાયતાઓને મુક્તિ આપનાર છે.[૨૩] ત્યાર પછીના અધ્યાયોમાં ચર્મક્ષેત્ર, સૂર્યક્ષેત્ર, ગલિતેશ્વરતીર્થ, શાંકલેશતીર્થનું વર્ણન છે. આ સ્થાનો કોટ્યર્કતીર્થની નજીકમાં આવેલ હશે. જ્યાં પહેલાં રામે સીતાનો ત્યાગ કર્યો હતો તેવો વાલ્મીકિનો આશ્રમ પણ અહીં છે[૨૪] એમ આ અધ્યાયમાં કહ્યું છે.

**અધ્યાય-૧૬**—સૂર્યે બ્રાહ્મણનું રૂપ લઈ ઋતુ પ્રમાણે બદલાતું કઠિન તપ કર્યું. તેમને કપાલેશે દર્શન આપ્યાં હતાં. તપનું કારણ પૂછવામાં આવતા સૂર્યે કહ્યું મને રાહુથી ભયંકર પીડા અને ભય છે. તેવું ન થાય તેમ કરવાનું કપાલેશ્વરને સ્તુતિપૂર્વક સૂર્યે કહ્યું. કપાલેશે કહ્યું 'તું મારા નેત્રમાં નિવાસ કર'. સૂર્યદેવ ત્યાં રહ્યા તેથી તે સૂર્યક્ષેત્ર કહેવાય છે.

**અધ્યાય-૧૭**—ત્યારે ગજાસુર કોટ્યર્કતીર્થમાં રહેતો હતો. શિવે યુદ્ધ કરીને ગજાસુરનો વધ કર્યો અને ચર્મ ધારણ કરી નૃત્ય કર્યું. સાબરમતી અને હાથમતીના સંગમનો ઉલ્લેખ તથા દેવોએ કરેલી શિવસ્તુતિ અહીં વર્ણવાઈ છે. કોટ્યર્કતીર્થ ચર્મક્ષેત્ર પણ કહેવાયું. તેમણે લોહી ગળતું ગજચર્મ પહેર્યું હોઈ શિવ ગલિતેશ્વર કહેવાયા.

**અધ્યાય-૧૮ થી ૨૪**—અહીં આવેલ વાલ્મીકિઆશ્રમમાં રામદ્વારા ત્યજાયેલી સીતા રહી. ૧૮–૨૨ થી ૩૧ સુધી વિષ્ણુના નવ અવતારોનું વર્ણન છે. શ્રીકૃષ્ણવતાર ગણાવેલ નથી. પુષ્પક વિમાનમાં બેસીને રામ લંકાથી અયોધ્યા આવ્યા તે પ્રસંગ ૧૯–૨ થી ૬માં વર્ણવાયો છે તેમાં રઘુવંશના સર્ગ–૧૩નું નબળું અનુકરણ છે. એક શ્લોક શાર્દૂલવિક્રીડિત છંદમાં છે.[૨૫] જે કાવ્યાત્મક છે અને કોઈક નાટકનો શ્લોક હોય તેમ લાગે છે. અ–૨૦માં રામરાજ્યાભિષેક, સીતાગર્ભધારણ, સીતાત્યાગનું વર્ણન છે. અ–૨૧માં સીતાના પુત્રોના જન્મનું વૃત્તાન્ત છે. એ ઘટના પણ કોટ્યર્કતીર્થમાં બની.[૨૬] રામના અશ્વમેધનો અશ્વ ત્યાં આવ્યો પછી અશ્વનિમિત્તે શત્રુઘ્ન, કાલજીત, પુષ્કલ, હનુમાન સાથે લવ–કુશનું યુદ્ધ વર્ણવવામાં આવ્યું છે.

---

૨૩ खडायतानां सर्वेषां कोट्यर्को मुक्तिदायकः ।
कपालेशो महादेवो नीलकण्ठस्तथैव च ॥ १५/१४

૨૪ कोट्यर्कतीर्थं परमद्‌भुतं तन्नृणां महापापविनाशनं च ।
यस्मिन् हि तीर्थे किल रामदेवो, दृष्ट्वा सुतौ तौ मुदमाजगाम ॥ १५/२०

૨૫ सीते पश्यसि सागरं जलभृतं यादोगणैः सेवितं
पूर्वं येन हनूमतो सुविपुलं साहाय्यमेकं कृतम् ।
मैनाकं समुवाच भूभृतवरं रामस्य दूतोह्ययं
विश्रामं त्वयि चाप्य गच्छतु पुनर्लंकां महाभीषणाम् ॥ १९/२

૨૬ कोट्यर्कतीर्थे वाल्मीकेराश्रमे सुमनोहरे ।
कुशलवौ महावीरौ विहारं चक्रतुर्मुदा ॥ २१/१०

**અધ્યાય-૨૫**—કોટ્યર્કતીર્થમાં દધીચિમુનિનો આશ્રમ છે, ત્યાં દધીશ્વર અને શ્રૌતેશ્વર મહાદેવ છે. ત્યાં બગદાલભ્ય ઋષિ, શંભુનાથ મહાદેવ, ભદ્રકાલી, મહાદેવી રુદ્રાણી તથા બ્રહ્માણી છે. ત્યાં એકલ નામના ઋષિ અને મશ્રીતિ નામના મહેશ્વર પણ છે. કોટ્યર્ક ખડાયતા બ્રાહ્મણ અને વૈશ્ય માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ મેળવવાનું શ્રેષ્ઠ કારણ છે. તે પુણ્ય, ધાન્ય, પુત્ર આપનાર અને પાપનાશક છે. ખડાયતા બ્રાહ્મણોને ખડાયતા વૈશ્ય સિવાય બીજા કોઈનું દાન સ્વીકારવાનો હક્ક નથી. આ તીર્થમાં રહેતા શૂદ્રો માટે કોટ્યર્ક પ્રભુ આશ્રયસ્થાન છે. છેવટે સૂત કહે છે, 'હું પણ કોટ્યર્ક પ્રભુનાં દર્શનાર્થે ત્યાં જાઉં છું. તમે બધાં મહર્ષિઓ પણ ત્યાં આવો તો સારું ' આ વિચાર થતાંની સાથે બધા ઋષિઓ કોટ્યર્ક ભગવાનના સાન્નિધ્યમાં જઈ પહોંચ્યા.[૨૭]

**સમીક્ષા:—**

( ૧ ) **पद्मपुराणान्तर्गतम्** । 'શ્રી કોટ્યર્ક માહાત્મ્યમ્'ના પ્રથમ અધ્યાયની પુષ્પિકામાં "**इति पद्मपुराण आदिखण्डे ब्रह्ममनुसंवादे...**" તથા અન્ય અધ્યાયોની પુષ્પિકાઓમાં "**इतिश्री पद्मपुराणे कोट्यर्कमाहात्म्ये...**" લખાયેલ હોઈ આ કૃતિ પદ્મપુરાણનો ભાગ છે એમ જણાવવામાં આવ્યું છે. મત્સ્યપુરાણમાં પુરાણોનું ત્રિવિધ વિભાજન કરવામાં આવ્યું છે,[૨૮] સાત્ત્વિક, રાજસ અને તામસ. એમ. કૃષ્ણમાચારીઅર મુજબ વિષ્ણુ, ભાગવત, નારદીય, ગરુડ, પદ્મ અને વરાહ એમ છ પુરાણો સાત્ત્વિક પુરાણો છે.[૨૯] પદ્મપુરાણ પરિમાણમાં સ્કન્દપુરાણને બાદ કરતાં અદ્વિતીય છે. તેના શ્લોકોની સંખ્યા પચાસ હજાર બતાવાઈ છે. તેનાં બે સંસ્કરણ ઉપલબ્ધ છે (૧) બંગાલી સંસ્કરણ (૨) દેવનાગરી સંસ્કરણ. બંગાલી સંસ્કરણ હજુ અપ્રકાશિત હસ્તલિખિત પ્રતોમાં પડ્યું છે. દેવનાગરી સંસ્કરણ આનંદાશ્રમ સંસ્કૃત ગ્રંથાવલીમાં બી. એન. માંડલિક દ્વારા ચાર ભાગમાં પ્રકાશિત થયું છે. આનંદાશ્રમ સંસ્કરણમાં છ ખંડ છે. (૧) આદિ (૨) ભૂમિ (૩) બ્રહ્મા (૪) પાતાલ (૫) સૃષ્ટિ, (૬) ઉત્તરખંડ. પણ ભૂમિખંડ (અ-૧૨૫/૪૮-૪૯) થી આપણને ખબર પડે છે કે છ ખંડોની કલ્પના પાછળની છે. મૂળમાં પાંચ ખંડ હતા જે બંગાળી સંસ્કરણમાં આજ પણ ઉપલબ્ધ છે.[૩૦] પદ્મપુરાણ વિષ્ણુ-ભક્તિનો પ્રધાન ગ્રંથ છે.[૩૧]

---

૨૭ શ્રીકોટ્યર્કમાહાત્મ્યમ્ ૨૫/૧૧

૨૮ મત્સ્યપુરાણ ૫૩/૭-૧૮

29 M. Krishnamachariyar, History of Classical Sanskrit Literature Page 75 ( 1970 Motilal Banarasidas )

३० आचार्य बलदेव उपाध्याय पुराण विमर्श पृ. १४९ ( 1965 चौखम्बा ) તથા M. Winternitze–Ancient Indian Literature, Vol. II. 1st part, पृ. १४९, હિન્દી અનુવાદ ડૉ. રામચંદ્ર પાંડેય ( ૧૯૬૧ મો. બ. )

३१ आचार्य बलदेव उपाध्याय—पुराणविमर्श, पृ. १४२

પુરાણોમાં તીર્થોના મહિમાનું વિપુલ વર્ણન મળે છે. કોઈ સ્થાન પર કોઈ વિશિષ્ટ વ્યક્તિ-દ્વારા કરવામાં આવેલ તપશ્ચર્યાથી પરિપૂત સ્થલવિશેષનું નામ જ તીર્થ છે. તીર્થ મૂલતઃ નદીથી સમ્બદ્ધ છે. પછી અન્ય પવિત્ર સ્થળ જે પર્વતો ઉપર પણ રહેલ હોય તેને તીર્થ સંજ્ઞા આપવામાં આવેલ છે. તીર્થ ભારતવાસીઓને એકતાના સૂત્રમાં બાંધનાર સાધનોમાં અન્યતમ છે. એવાં કોઈ દિવ્ય, સુંદરતામંડિત નદી–તીર, પર્વત–શિખર, જળાશય યા જલપ્રપાત નથી જ્યાં ભારતીયતાના પ્રસારક ન પહોંચ્યા હોય અને પહોંચીને જેમણે તીર્થના રૂપમાં દિવ્યરૂપ પ્રદાન ન કર્યું હોય. પુરાણોએ મહાભારતની શૈલી અપનાવીને તીર્થોના માહાત્મ્ય વર્ણનના અવસર પર પ્રાચીન આખ્યાનોનો પણ વિશદ ઉલ્લેખ કર્યો છે.[૩૨]

પુરાણોમાં વિવિધ સ્થાનો પર વિવૃત તીર્થમાહાત્મ્યને એકત્ર કરીને મહામહોપાધ્યાય પી. વી. કાણે (ભારતરત્ન) એ બહુ સુન્દર રીતે એક યાદી પ્રદર્શિત કરી છે, જ્યાં પ્રાચીન તથા નવીન ઇતિહાસને આધારે પ્રધાનતીર્થોનું મહત્ત્વપૂર્ણ વિવરણ પણ છે.[૩૩] એ તીર્થસૂચિમાં કોટ્યર્કતીર્થનો ઉલ્લેખ નથી. કોટરાતીર્થ,[૩૪] કોટિકેશ્વર,[૩૫] કોટીશ્વર,[૩૬] કપાલેશ્વર,[૩૭] અને નીલકંઠતીર્થના[૩૮] ઉલ્લેખો છે. તેમણે સાભ્રમતી અંગે લખ્યું છે કે 'આધુનિક સાબરમતી નદી જે મેવાડની પહાડીઓથી નીકળીને ખંભાતની ખાડીમાં પડે છે. સાબરમતીનું મૂળ નામ 'શ્વભ્રમતી' છે. પદ્મપુરાણ ૬–૧૩૧ થી ૧૭૦ (ઉત્તરખંડ) અધ્યાય સુધીમાં આ નદીનાં ઉપતીર્થોનું સવિસ્તર વર્ણન છે. અધ્યાય ૧૩૩ના ૭–૬ સુધી શ્લોકોમાં તેની સાત ધારાઓનો ઉલ્લેખ છે, જેમ કે સાભ્રમતી, સેટીકા (શ્વેતકા), બકુલા હિરણ્મયી, હસ્તિમતી

---

૩૨ એજન પૃ. ૩૦૫, ૩૦૬.

૩૩ P. V. Kane History of Dharmaśāstra. हिन्दी अनुवाद–धर्मशास्त्रका इतिहास–तृतीय भाग–अनुवादक–अर्जून चौबे काश्यप प्र. हिन्दी समिति, सूचना विभाग, लखनऊ, उत्तरप्रदेश (1966)

३४ कोटरातीर्थ–साभ्रमती के अन्तर्गत। पद्मपुराण १/१५२/२–१३ अनिरुद्धसे सम्बन्धित, जिसके लिये बाणासुरसे युद्ध किया था। पी. वी. काणे–धर्मशास्त्रका इतिहास पृ. १४२४ (p. 1424) (तृतीय भाग)

३५ कोटिकेश्वर–नर्मदाके अन्तर्गत। पद्मपुराण १/१८/३६ काणे–धर्मशास्त्रका इतिहास तृतीय भाग p. 1425

३६ कोटीश्वर–बाराणसीके अन्तर्गत, श्री पर्वतके अन्तर्गत, पंचनदके अन्तर्गत, सिन्धुके पास कच्छके पश्चिमतटका कोटीश्वर है, जो तीर्थयात्राका प्रसिद्ध स्थल है।

३७ कपालेश्वर–वाराणसी के अन्तर्गत (लिंग. पु. ती. क. पृ. ५८) काणे–धर्मशास्त्रका इतिहास (p. 1414)

३८ नीलकंठ तीर्थ–साभ्रमतीके अन्तर्गत पद्म. पु. ६/१६८ काणे–धर्मशास्त्रका इतिहास (p. 1450)

(હાથમતી), વેત્રવતી (વાત્રક) અને ભદ્રમુખી[૩૯] પદ્મપુરાણના આદિખંડ અધ્યાય–૨માં જૈમિનિ–વ્યાસ સંવાદમાં યોગનિદ્રામાં રહેલ વિષ્ણુવડે બ્રહ્માની પ્રાર્થનાથી જાગીને મધુ-કૈટભવધનું વર્ણન તથા બ્રહ્માએ કરેલી વિષ્ણુની સ્તુતિ વગેરે છે. શ્રી કોટ્યર્ક માહાત્મ્યમ્‌ના પ્રથમ અધ્યાયનું તેની સાથે સામ્ય છે. બાકીના અધ્યાયોનો સંબંધ આદિ ખંડ સાથે નહીં પણ ઉત્તરખંડ સાથે છે. પદ્મપુરાણના ઉત્તરખંડનાં[૪૦] તીર્થોના વર્ણનવાળા અધ્યાયોનું અવલોકન કરતાં તેમાં કાર્તિક શુક્લ એકાદશીમાં દીપવ્રતવિધાનનું વર્ણન અને દીપદાનફલવર્ણન (પૃ. ૧૦૫) છે. કાર્તિક શુક્લ પક્ષ પ્રબોધિનીએકાદશીમાહાત્મ્યવર્ણનમ્ (પૃ. ૨૧૨), કાર્તિક વ્રતધારીઓના નિયમોનું વર્ણન (પૃ. ૩૨૦), કાર્તિક સ્નાનાર્ધ્યાદિવર્ણન (પૃ. ૩૨૩), કાર્તિક માસમાં કરવાના નિયમોનું વર્ણન (પૃ. ૩૨૫), કાર્તિકવ્રતના ઉદ્યાપનના વિધાનનું વર્ણન (પૃ. ૩૨૭), તુલસી-માહાત્મ્યપ્રસંગ, જાલંધરઉત્પત્તિ અને જાલંધરઆખ્યાન (પૃ. ૩૨૯ થી ૩૩૬) છે. વિષ્ણુદાસ વિપ્ર અને ચૌલરાજની ભગવાન પરની નિરતિશય ભક્તિથી વૈકુંઠપ્રાપ્તિનું વર્ણન પણ છે.

પદ્મપુરાણના ઉત્તરખંડમાં[૪૧] સાબરમતી પરનાં તીર્થોમાં અધ્યાય–૧૫૨માં બાલાપેન્દ્ર તીર્થ, અ ૧૫૯માં કોટરાતીર્થમાહાત્મ્યવર્ણન, (અનિરુદ્ધ–બાણાસુરની કથા સાથે સંબંધિત;–કોટરા–વૈષ્ણવી શક્તિ છે), અ–૧૭૨માં નીલકંઠતીર્થમાહાત્મ્યવર્ણન (ચાર શ્લોકોજ છે), અ. ૧૭૩માં સાભ્રમતીનું માહાત્મ્ય, અ. ૨૪૨માં રામાવતારનું વર્ણન છે. આ સર્વના નિરીક્ષણને આધારે કહું તો 'શ્રી કોટ્યર્ક માહાત્મ્યમ્' ગ્રંથ પદ્મપુરાણમાં અંતર્ગત નથી પણ તેને આધારે લખાયેલ સ્વતંત્ર કૃતિ છે.

૨ **રચનાકાળ:**—અઢાર મુખ્ય પુરાણોનો રચનાકાળ એક નથી. અથર્વવેદમાં ચાર વેદો ઉપરાંત પુરાણની ગણના કરવામાં આવી ત્યારે નિશ્ચિત ગ્રંથોના તરફ સંકેત રહ્યો હશે. ગૌતમ ધર્મસૂત્રમાં 'ન્યાયપૂર્વક શાસન કરનાર રાજા વેદો, ધર્મસૂત્રો, વેદાંગો તથા પુરાણોને પોતાનું પ્રમાણ માને' તેમ કહેવામાં આવ્યું છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં કહ્યું છે, 'કુમાર્ગ પર ચાલનાર રાજકુમારોને પુરાણોના માધ્યમથી શિક્ષા આપવી જોઈએ.[૪૨] આ સંદર્ભો પરથી પુરાણોનું અસ્તિત્વ ઈ. સ. પૂર્વે ચોથી સદીમાં હતું એમ સિદ્ધ થાય છે. અપેક્ષાકૃત પ્રાચીન પુરાણ ઈ સ. ૭મી સદીની પહેલાં અવશ્ય અસ્તિત્વમાં આવી ગયાં હશે કેમકે તેની પછીના રાજવંશોનો યા હર્ષ

---

૩૯ P. V. Kane–Hist. of Dharm. हिन्दी–धर्मशास्त्रका इतिहास. तृतीय भाग (p. 1498)

४० मनसुखलाल मोर—पद्मपुराण उत्तरखंड पूर्वार्ध, गुरुमंडल सीरीझ, भाग, ४ कलकत्ता–१

४१ मनसुखलाल मोर—पद्मपुराण उत्तरखंड उत्तरार्ध, गुरुमंडल सीरीझ भाग, ५ कलकत्ता–१

४२ M. Winternitze—Ancient Indian Literature, Vol. II, हिन्दी अनुवाद: डॉ. रामचन्द्र पाण्डेय, पृ १८६, १८७

જેવા પ્રસિદ્ધ રાજાઓનો ઉલ્લેખ મળતો નથી.[૪૩] "પણ આ વાત પણ એટલી જ નિઃસંદેહ છે કે 'પુરાણ' શીર્ષકની અંતર્ગત જે રચનાઓ આપણી સામે વર્તમાન છે તે પરવર્તીકાળની છે અને આજ સુધી પણ એવી રચનાઓ કરવામાં આવે છે તેને પુરાણનું નામ આપી દેવામાં આવે છે અથવા તેને પ્રાચીન પુરાણોના અંશ કહી દેવામાં આવે છે...આ સાહિત્યની અધુનાતન કૃતિઓ સુધીનો બાહ્ય આકાર તથા આદિકાલિક બંધાન પ્રાચીનતમ પુરાણો જેવું છે."[૪૪] પદ્મપુરાણ પણ એક જ કાળની રચના નથી. પદ્મપુરાણના ઉત્તરખંડની રચના ઈ સ. ૧૬મી સદીની પછીની છે એમ શ્રી અશોક ચેટર્જી જણાવે છે.[૪૫]

'શ્રી કોટ્યર્ક માહાત્મ્યમ્'નો રચનાકાળ કોઈપણ સંજોગોમાં ઈ. સ. ૧૬મી સદીની પહેલાંનો માની શકાય તેમ નથી. હાલ શ્રી કોટ્યર્કની પૂજા તથા ઉત્સવ વિધિ પુષ્ટિસંપ્રદાયને અનુરૂપ છે. કોટ્યર્ક જેમના ઇષ્ટદેવ છે તે ખડાયતા વૈશ્યો પુષ્ટિસંપ્રદાય, રાધાવલ્લભ સંપ્રદાય કે અન્ય વૈષ્ણવ મતને માનનારા છે. મહાપ્રભુશ્રી વલ્લભાચાર્યનો પુષ્ટિસંપ્રદાય ગુજરાતમાં સ્વીકારાયો તે અરસાની કે તે પછીની આ રચના લાગે છે. 'શ્રી કોટ્યર્ક માહાત્મ્યમ્'માં વિષ્ણુના કૃષ્ણાવતારનો ઉલ્લેખ નથી. જ્યાં વિષ્ણુના દશાવતારો ગણાવ્યા છે તે સ્થળે રામ પછી બુદ્ધ અને કલ્કી અવતારોનું વર્ણન છે પણ કૃષ્ણનો ઉલ્લેખ નથી. લેખકે નવ અવતારો વર્ણવીને દશાવતાર શબ્દ પ્રયોજ્યો છે. એમ લાગે છે કે લેખક કૃષ્ણના ઉલ્લેખને કદાચ ઇરાદાપૂર્વક ટાળવા માંગે છે. પોતાની કૃતિ વધારે પ્રાચીન છે એમ દર્શાવવાનો કદાચ તેમનો ઇરાદો હોય!

ખડાયતા વિપ્ર અને ખડાયતા વણિક બન્નેના ઈષ્ટદેવ કોટ્યર્ક હોઈ એ મંદિરના સંકુલમાં કોટ્યર્ક વિષ્ણુના મુખ્ય મંદિર ઉપરાંત, ગોત્રદેવીઓ, શિવાલય, ગણપતિ–હનુમાન વગેરે છે, તે યોગ્ય અને યથાર્થ ઠરે છે. અલબત્ત તે પુષ્ટિસંપ્રદાયની અનન્ય ભક્તિને અનુરૂપ નથી, મર્યાદા ભક્તિને અનુરૂપ કહી શકાય.

એમ. વિન્ટરનિત્ઝનો આ મુદ્દો પણ વિચારણીય છે. "આપણને ખબર નથી કે સૂત કવિતાની આ પરંપરા ક્યારે સમાપ્ત થઈ પણ ત્યારે ય આ સાહિત્ય વેદજ્ઞ વિદ્વાન બ્રાહ્મણોના હાથમાં ન જતાં નિમ્ન શ્રેણીના તે પુરોહિતોના હાથમાં ગયું જે મંદિરો અને તીર્થોમાં રહ્યા કરતા હતા. આ અપેક્ષાકૃત અશિક્ષિત, મંદિરના પુજારીઓએ પોતાના મંદિરમાં પૂજાતા દેવતાઓની સ્તુતિના ઉદ્દેશ્યથી આ સાહિત્યનો ઉપયોગ કર્યો અને પછી તે મંદિરો અને તીર્થોની પ્રશંસાના નિમિત્તે પણ આનો તેમણે ઉપયોગ કર્યો, જેની તેઓ દેખભાળ કરી રહ્યા હતા અને પ્રાયઃ તેના દ્વારા ધન કમાતા હતા.[૪૬] આ બાબતનો વિચાર કરતાં જૂના કોટ્યર્ક મંદિરની પૂજારીપરંપરાના

---

४३ M. Winternitze—Ancient Indian Literature. Vol. II, हिन्दी अनुवाद, डॉ. रामचन्द्र पाण्डेय पृ. १९२,

૪૪ એજન પૃ. ૧૮૯.

૪૫ બલદેવ ઉપાધ્યાય—પુરાણ વિમર્શ પૃ. ૫૪૧માં ઉલ્લેખેલ અશોક ચેટર્જીના મત પ્રમાણે.

४६ M. Winternitze—Ancient Indian Liteurature Vol. II, 1st part. हिन्दी अनुवाद–डॉ. रामचन्द्र पाण्डेय, पृ. १९५ (१९६६ मो. ब.)

કોઈક પૂજારીએ યા તેમની પ્રેરણાથી કોઈ વિદ્વાન ખડાયતા બ્રાહ્મણે આ ગ્રંથની રચના છેલ્લાં બસો, ત્રણસો વર્ષમાં કરી હોય તેવું મારું અનુમાન છે.

(૩) કોટ્યર્કક્ષેત્રમાં અન્યક્ષેત્રો બાબત—'શ્રી કોટ્યર્ક માહાત્મ્યમ્'માં કોટ્યર્કતીર્થમાં વાલ્મીકિના આશ્રમનો ઉલ્લેખ તથા રામદ્વારા ત્યજાયેલ સીતાનો નિવાસ, લવ-કુશ જન્મ, અશ્વમેધના અશ્વને બાંધવો, યુદ્ધ વગેરે કોટ્યર્કતીર્થ સાથે જોડવામાં આવેલ છે તે બરાબર લાગતું નથી. વાલ્મીકિનો આશ્રમ ગંગા કિનારે હતો તેવા ઉલ્લેખો મળે છે.[૪૭] અંબાજીમાં કોટેશ્વર પાસે ગોમુખ ગંગાવાળું સ્થાન છે ત્યાં વાલ્મીકિનો આશ્રમ હતો એવી પણ એક પરંપરા છે.

ગલિતેશ્વર–ગળતેશ્વર સાબરકાંઠા જિલ્લામાં અન્ય સ્થળે આવેલ સ્થાન છે. કોટ્યર્ક તીર્થ પાસે નહી. મહી–ગળતેશ્વર બીજું સ્થાન પણ છે, તેનો અહીં સંદર્ભ નથી.

દધીચિનો આશ્રમ અહીં હતો એમ આ પુસ્તકમાં કહ્યું છે. એ સ્થાન અમદાવાદમાં સાબરમતી તટે છે જે દધીચેશ્વર–દૂધેશ્વર તરીકે ઓળખાય છે.

એકાદ કિલોમિટરના અંતરે જૈનોનું મહત્ત્વનું ઘંટાકર્ણવીરનું પવિત્ર તીર્થસ્થાન છે તેનો આ ગ્રંથમાં નિર્દેશ નથી

જૂના કે નવા કોટ્યર્કમંદિરનું સ્થાપત્ય શામળાજી, દ્વારકા કે ડાકોરનાં વિષ્ણુમંદિરોની જેમ પ્રાચીન કે અનુપમ નથી. જોકે ભગવાનની વિભૂતિનું દર્શન કરી શકાય તેવો પ્રકૃતિનો નયનરમ્ય પરિવેષ તેને પ્રાપ્ત થયો છે જ,

(૪) શ્રી રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતમાં વૈષ્ણવમતમાં કહેલ છે તેવી વિષ્ણુની પ્રપત્તિથી ભક્તને મળતું સાલોક્ય[૪૮] અને સારુપ્ય[૪૯] અહીં દર્શાવવામાં આવ્યું છે.

(૫) સાહિત્યિક દૃષ્ટિએ 'શ્રી કોટ્યર્ક માહાત્મ્યમ્' ગ્રંથ સામાન્ય કક્ષાનો છે. છાપેલ પુસ્તકમાં મુદ્રણદોષો અને ભાષાકીય અશુદ્ધિઓ છે, જે દોષરૂપ છે. ઉપમા વગેરે અલંકારો કેટલેક સ્થળે પ્રયોજવામાં આવ્યા છે. આ પુસ્તકમાં સ્તોત્ર, સ્તુતિમાં કવિનો ઉત્કટ ભક્તિભાવ પ્રતિબિંબિત થયેલ છે. મોટે ભાગે અનુષ્ટુભ છંદ છે પણ ઉપજાતિ, શાર્દૂલવિક્રીડિત વગેરે પ્રકારના છંદોનો કવિએ ઉપયોગ કર્યો છે. કવિની કથાનિરૂપણશૈલીથી વાર્તારસ જળવાઈ રહે છે. ગૌર અંગવાળા નારાયણ-વિષ્ણુ સ્વરૂપ શ્રીકોટ્યર્કદેવનું અને તેમના સ્થાનનું ગૌરવ વધારવાનો કવિનો આશય સફળતાપૂર્વક પાર પડયો છે.

---

૪૭ वाल्मीकेराश्रमे पुण्ये गङ्गातीरे महावने ।
विससर्ज महातेजा गर्भिणी मुनिसंसदि ॥ पद्मपुराण–उत्तरखंड

मनसुखलाल मोर—अध्याय ૨૪૪/૪ તથા કાલિદાસ રઘુવંશ ૧૪/૨૮ અને ૧૪/૫૨

૪૮ શ્રી કોટ્યર્કમાહાત્મ્યમ્ ૧૦/૨૮

૪૯ એજન ૧૨/૨૮

ઋગ્વેદ પ્રમાણે વિષ્ણુ સૂર્યદેવતા છે, સૂર્યનુંજ અન્યતમ રૂપ છે. વિષ્ણુની સાથે ત્રિવિક્રમ (ત્રણ ડગ રાખનાર)નો અનિવાર્ય સમ્બન્ધ છે. વિષ્ણુએ પોતાનાં ત્રણ ડગલાં દ્વારા સમસ્ત વિશ્વને માપી રાખ્યું છે. વિષ્ણુનું તૃતીયક્રમ–ત્રીજુ પગલું–સૌથી ઊંચું સ્થાન બતાવવામાં આવે છે. જ્યાંથી તે નીચેના લોકની ઉપર ચમકતો રહે છે. તે પરમ પદ છે.[50] રુદ્ર અગ્નિનું રૂપ છે. વિષ્ણુ સોમનું-ચંદ્રનું રૂપ છે. સોમતત્ત્વના પ્રતીકભૂત વિષ્ણુને સૌર દેવતાના રૂપમાં ગ્રહણ કરવો કોઈ વિશેષ આશ્ચર્યની વાત નથી. પુરાણોએ આ જગતના મૂળમાં વર્તમાન, નિત્ય, અજન્મા, અક્ષય, અવ્યય, એકરસ તથા હેયના અભાવથી નિર્મળ પરબ્રહ્મની જ વિષ્ણુસંજ્ઞા આપી છે. તે પ્રકૃતિથી પણ શ્રેષ્ઠ, પરમશ્રેષ્ઠ અન્તરાત્મામાં સ્થિત પરમાત્મા, રૂપ, વર્ણ, નામ આદિ વિશેષણોથી વિરહિત તથા છ વિકારો-જન્મ, વૃદ્ધિ, સ્થિતિ, પરિણામ, ક્ષય તથા વિનાશ-થી સર્વથા શૂન્ય રહે છે.'[51] આવા પરમેશ્વરના પાવનતીર્થનું માહાત્મ્ય વર્ણવતું આ પુસ્તક શ્રી કોટ્યર્કપ્રભુના અનુયાયીઓ માટે અને અન્ય ભક્તો માટે શ્રદ્ધેય અને ઉપાદેય છે.

---

५० बलदेव उपाध्याय पुराणविमर्श पृ. ४५९

५१ बलदेव उपाध्याय पुराणविमर्श पृ. ४६५

## Journal of the M. S. University of Baroda

The Journal is published every year in three parts. These parts are devoted respectively to topics relating to (1) Humanities, (2) Social Sciences and (3) Science.

Advertisement tariff will be sent on request.

Communications pertaining to the Journal should be addressed to:

The Editor (Humanities/Social Sciences/Science)
Journal of the M. S. University of Baroda
Faculty of Arts Compound
Baroda-390 002 (India)

# દારૂબંધી અને જૂનું ભાવનગર રાજ્ય

ઈજ્જતકુમાર આર. ત્રિવેદી*

૧ દારૂબંધી વિષેનો ખ્યાલ : કોઈ પણ રાજ્યમાં જ્યારે દારૂબંધીનો અમલ ચાલુ કરવામાં આવે છે ત્યારે ઘણાને કશુંક ખોટું થઈ રહ્યું હોય તેવો વહેમ પડવા માંડે છે. સામાન્ય રીતે આવો વહેમ ઉત્પન્ન કરવામાં જે વિચારો વહેતા થાય છે તેમાં મુખ્યત્વે આ પ્રમાણેની વાત મૂકવામાં આવે છે.

૧ દારૂબંધીમાં એક પ્રકારની જબરજસ્તી રહેલી છે: ૨ કાયદાને જોરે આપણે લોકોને નીતિના માર્ગે દોરી શકતા નથી : ૩ વ્યક્તિના અંગત જીવનમાં કાયદો કેટલે અંશે ફળદાયક બનશે ? ૪ દારૂબંધી માટે વહિવટીતંત્ર યોગ્ય હોતું નથી વગેરે.

દારૂબંધીની વિરૂદ્ધમાં જે પ્રથમ વહેમ છે કે તેમાં જબરજસ્તી રહેલી છે. કેવળ તાત્ત્વિક રીતે જોતાં કહી શકાય કે લોકોને સાચું કહેવાની ફરજ પાડવી એ પણ ખોટું છે. તલવારની અણીથી કોઈનો હૃદયપલટો કરવા નીકળવામાં ઘાતકીપણું રહેલું છે. તેથી દારૂબંધીની સામે ઘણા પ્રમાણિક લોકોને આ જે વાંધો છે તેમાં રહેલું તથ્ય તાબડતોબ સ્વીકારી શકાય એવું છે, છતાં અનુભવે આપણે શીખ્યા છીએ કે માણુસ માણુસ વચ્ચે ચાલતા વહેવારોમાં કેવળ તાત્ત્વિક હક્કો કે અધિકારોને આધારે આપણે ચાલી શકતા નથી.[૧] આપણે જાણીએ છીએ કે માણસો તરીકે આપણી જાતે વિચારવાનો અને તે પ્રમાણે વર્તન કરવાનો તાત્ત્વિક રીતે જોતાં આપણને કુલ હક્ક અથવા અસલ અધિકાર છે અને છતાં બધી બાજુથી એ હક્ક પર પણ આપણે જાતજાતની મર્યાદા નથી મૂકતા ? સમાજમાં રહેતાં આપણાં ભાઈ–બહેનોની આકાંક્ષા કે અધિકારો આપણી સામે આવીને ઊભા રહે છે ત્યારે આપણી આકાંક્ષા અને હક્કોનો આપણે જેટલો સ્વીકાર કરીએ છીએ તેટલો જ તેમનો પણ સ્વીકાર કરવાની આપણી ફરજ આપણે સમજીએ છીએ. આ ફરજને લીધે આપણી જાતે વિચારવાની કે વર્તન કરવાની આપણી સ્વતંત્રતા પર આપોઆપ કાપ પડે છે અથવા કહો કે મર્યાદા આવે છે અને ત્યારે જ જીવનવ્યવહારમાં સુચારુતા આવે છે. તાત્ત્વિક દૃષ્ટિથી જે સ્વતંત્રતા આપણી કહી શકાય તેના પર પ્રત્યક્ષ જીવનના વહેવારોમાં બધી બાજુથી કાપ મૂકાય છે. અમુક એક રીતે વર્તવાની મારી સ્વતંત્રતાથી મારા પાડોશીને નુકસાન

---

'**સ્વાધ્યાય**', પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે–ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૨૪૩–૨૫૪.

* ૧૦૬૪, આંબાવાડી, ભાવનગર.

૧ ભારતન કુમારપ્પા કૃત 'દારૂબંધી શા માટે ?' નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૭.

થતું હોય તો તેના પર મારે મર્યાદા મૂકવી જોઈએ એ સિદ્ધાંત મુજબ આપણે આપણી સ્વતંત્રતા પર અજાણે પણ કાપ મૂકતા હોઈએ છીએ. આ સહેજે સમજાય તેવો સિદ્ધાંત કેફી પીણાંઓની બાબતમાં પણ લાગુ કરીએ તો એવાં પીણાં પીવાનો હક્ક તાત્ત્વિક રીતે ભલે આપણે માન્ય રાખીએ પણ તમારી આસપાસના લોકોને એથી નુકસાન થતું હોય તો તે માન્ય ન રાખી શકાય. હિન્દમાં દારૂબંધીનો ખ્યાલ મૂળ ગરીબ વસ્તીના કલ્યાણની ભાવનામાંથી નિર્માણ થયો છે. ગરીબ માણસને માંડ પોતાને અને પોતાના કુટુંબને ખવરાવવા પૂરતી રોજી મળતી હોય ત્યારે જો તેના પીવાના પેલા તાત્ત્વિક અધિકારને માન્ય રાખવામાં આવે તો તે તેમના પર આધાર રાખનારા તરફની ફરજ જ ભૂલી જશે. કોઈ વ્યક્તિ પોતાની સ્વતંત્રતાનો ઉપયોગ જે લોકો નિરાધાર હોય અને જેમને રક્ષણની જરૂર હોય તેમના હિતની વિરૂદ્ધ સમાજવિરોધી ઢબે કરે તો બેશક રાજ્યે વચ્ચે પડી તેની સ્વતંત્રતા પર અંકુશ મૂકવો પડે.[૨]

કાયદાને જોરે આપણે લોકોને નીતિના માર્ગે દોરી શકતા નથી એ દલીલ પણ એક વહેમ છે કારણ કે કેફી પીણાંઓ સામેના કાયદાઓની નેમ લોકોને નીતિને રસ્તે ચડાવવાની હરગિજ નથી. એ કાયદાઓ મારફત જે આશય પાર પાડવાની નેમ છે તે એટલો જ છે કે જે લોકો એ ચીજોની લતમાં ફસાયા નથી તેમની સામેથી તેમને એ ચીજોની લતમાં ખેંચે એવા લાલચના સંજોગો દૂર કરવા. રાજ્ય વિષેનો આધુનિક ખ્યાલ એવો છે કે પોતાના અમલ નીચે રહેતા પ્રજાજનોની વધુમાં વધુ આબાદી વધે એવા સંજોગોનું નિર્માણ કરવું અને વ્યક્તિને લાચાર બનાવી દેનાર ટેવની ગુલામીમાંથી મુક્ત કરવા. જે રાજ્યમાં આવી બંધી નથી ત્યાં દારૂ વેચનારા ઊગતી પેઢીની કેવી ખરાબ દશા કરે છે તેનો આપણને મિસિસ કોલવિને પોતાના પુસ્તકમાં યોગ્ય અંગુલિનિર્દેશ કર્યો છે.[૩] ટૂંકમાં દારૂબંધીનો કાયદો દારૂ પીવાની લતમાં ફસાયેલા લોકોની ચિન્તા કરતો નથી, ન પીનારા નિર્દોષ સામાન્ય પ્રજાજનની તેને ખાસ ફિકર છે. દારૂબંધીનો કાયદો આવા લોકો માટે કોઈ જબરજસ્તી નથી જ અને જે પીએ છે તેને તે કાયદો ફરજ પાડે તો તેમાં કશું ખોટું નથી.

માણસના અંગત જીવનમાં આધુનિક માપબંધીના જમાનામાં તેણે કેટલું ખાવું કે પીવું જોઈએ તેનો હવે પહેલાં જેટલો અંગત સવાલ રહ્યો નથી. અનાજ અને બીજી ખોરાકની બાબતમાં ચીજોની માપબંધીના દિવસો પહેલાં કદાચ આ રીતે દલીલ કરવાનું બની શકે તેવું હતું પણ આજે રાજ્ય બહુ મોટો ભાગ ભજવતું હોવાથી વધુમાં વધુ માણસોનું વધુમાં વધુ કલ્યાણ કેમ થાય તે નક્કી કરવાનું કામ રાજ્યનું થયું છે. વહીવટતંત્રની કાર્યદક્ષતાની દલીલ માત્ર દારૂબંધીના કાયદામાં જ આવતી નથી. દરેક ક્ષેત્રમાં તે લાગુ પડે છે. જે કંઈ કરવા જેવું અને જરૂરી કામ હોય તે આપણી પાસે જે જાતનું વહીવટીતંત્ર હોય તેની મારફત ચાલુ કરવું જોઈએ અને તે

---

૨ એજન, પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૫૭, પૃષ્ઠ ૭.

૩ મિસિસ કોલવિન કૃત પુસ્તક Wake up America પૃષ્ઠ ૨૩ જેમાં લશ્કરી છાવણીમાં મુકામ કરીને પડેલા અથવા લડાઈના મોરચે લડતા જુવાનિયાઓને મફત વહેંચવા માટે યુનાઈટેડ સ્ટેટસના દારૂ ગાળનારાઓએ વહાણનાં વહાણ ભરીને બીયરની બાટલીઓની હજારો પેટીઓ મોરચા રવાના કરી હતી જેથી નાની ઉંમરની પેઢીમાં તેની ટેવ પડી જાય અને પોતાનો ધંધો ચાલુ રહે.

સુધારવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. કારણ કે દારૂની બદી વ્યક્તિના શરીરશાસ્ત્રના ક્ષેત્ર પર જે અસર કરે છે તે કરતાં તેના સામાજિક વર્તન પર તે વધુ ખરાબ અસર કરે છે અને ત્યારે રાજ્ય ચૂપ રહી શકે નહીં. તેથી જ અબ્રાહમ લિંકને કહ્યું હતુ કે ' Liquor Traffic has defenders but No defence '.

૨ દારૂબંધીનો ઇતિહાસ : પ્રાચીન સમયથી હાલ સુધીના તેના આવર્તિત ખ્યાલો :

મદ્યાર્ક સામેનું માનવયુદ્ધ સુર અને અસુર જેટલું જ પુરાણું છે. નશાખોરીથી સર્જાતી માનવખુવારી અને સમાજમાં સર્જાતાં વિઘાતક તત્ત્વોનો વિચાર કરતાં યુદ્ધ પછી બીજું સ્થાન નશાખોરીનું જ આવે છે, એવા વિશ્વ–અનુભવના કારણે મદ્યાંકની સામે માનવી યુદ્ધ ખેલતો આવ્યો છે.

મદ્યાર્ક ક્યારે પેદા થયો, કેમ કરતાં પેદા થયો એને વિષે અનેક રસમય કથાઓ જગતના પૌરાણિક અને લોકસાહિત્યમાં છે પણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારતાં આપણા દેશમાં આ મદ્યાર્ક ઔષધ–વિજ્ઞાનને કારણે ઉત્પન્ન કરવામાં આવેલો એમ કહી શકાય.

જે કાળે આજની વૈજ્ઞાનિક બનાવટોની કલ્પના જ ન હતી તે કાળે ઔષધોના ઉકાળા ફૂગાઈ ન જાય તે માટે સાકર અને મદ્ય ભેળવી તેમાંથી મિશ્ર પદાર્થોનું–મદ્યાર્કનું રૂપાંતર થવા દેતા. આ રૂપાંતર કવાથમાં ભેળવવાથી કવાથને ઉકાળીને લાંબા સમય સુધી જાળવી રાખી શકાતો. આ મદ્યાર્કની માદક અસર નિવારીને તેની રક્ષણશક્તિનો ઉપયોગ કરવામાં આવતો. પરન્તુ બધા જ લોકો આયુર્વેદાચાર્ય જેવા કલ્યાણલક્ષી ન હતા. એવા માણસોએ આથો આવેલા મિષ્ટ પદાર્થનું બાષ્પીભવન કરીને મદ્યાર્કને તેમાંથી જુદો તારવ્યો જેનું સેવન કરવાથી તાજગી લાગવા લાગી અને દિલ બહેલવા માંડયુ અને દિલ વધુ બહેલાવવા જતાં આ મદ્યાર્ક રક્ષક મટીને ભક્ષક બન્યો–માનવ-જાતના કલ્યાણ માટે કરવામાં આવેલી અણુશક્તિની શોધમાંથી જેમ અણુબોમ્બ બનાવવામાં આવ્યો તેમ. જે અણુબોમ્બ ઉત્પન્ન કરી શકયા છે તે અને જે ઉત્પન્ન કરી શકયા નથી તે બન્ને પક્ષ જેમ ભયભીત છે તેવી જ રીતે જ્યાં નિષેધ નથી ત્યાં પીનારા અને ન પીનારા બન્ને ભયભીત રહે છે. તેથી માનવજાતનું સદાય કલ્યાણ વાંચ્છતા ઋષિમુનિઓએ તેના નિષેધની શરૂઆત કરી હતી.

મદ્યાર્કના મૂળ સર્જકનું નામ આપણે જાણતા નથી પરન્તુ સૌ પ્રથમ વેદકાળમાં સોમના નામે તે દેખા દે છે. સોમ એ મદ્યાર્ક હતો કે નહિ એ વિષે અસંખ્ય મતમતાંતરો છે પણ ઇન્દ્ર સોમના અતિપ્રાશનથી ગાંડો બનતો તેથી સોમના અતિસેવનની ઇન્દ્રને મનાઈ કરેલી એ પણ વેદમાં છે. નિષેધ ત્યારથી જ શરૂ થયો. એ કાળ અરણ્યકાળ હતો. દેવો અને દાનવોએ ઉદધિમંથન કરી જે રત્નો મેળવ્યાં તેમાં એક મદા–મધુ પણ હતો. એ મદાને દેવોનો–સુરનો સ્પર્શ થયો એટલે તે સુરા કહેવાણી. વિષ્ણુએ મનાઈ ફરમાવી છતાં સુરાપાન સુર અને અસુરોમાં પ્રચલિત થયું હતું. સુરાપાનનાં અનિષ્ટો જેમ જેમ દેખાવા લાગ્યાં તેમ તેમ તેની સામે ચેતવણી, નિષેધ, નિયંત્રણો અને પ્રતિબંધો પણ મૂકાતાં ગયાં. મદ્યાર્કને વૈયક્તિક અને સામાજિક દુશ્મન માનીને વેદકાળથી જ એની સામેના જંગનાં મંડાણ થયેલાં.

વેદ પછી શ્રુતિઓએ સુરાપાનને સમાજના શત્રુ તરીકે ગણાવ્યો છે મદ્યપાનનાં અનિષ્ટોનાં વધુમાં વધુ દૃષ્ટાંતો ઉપનિષદોમાં છે. શુક્રાચાર્યે મદ્યપાનની સામે પ્રચાર શરૂ કર્યો હતો. શુક્રાચાર્ય દાનવોના ગુરુ હોવા છતાં મદ્યનિષેધના પ્રથમ પ્રણેતા હતા. સુરાપાનથી સંજ્ઞા ભ્રષ્ટ થાય છે તેનું શુક્રાચાર્યને ભાન થયું હતું.[૪] મહાભારતના કાળમાં સુરાપાનને સમાજમાં કોઈ વર્ગમાં કયારેય પ્રતિષ્ઠા આપવામાં આવી નથી ઊલ્ટાનું તે વિષે ઉલ્લેખ કરીને બહિષ્કાર કે મશ્કરી કરી શકાતાં હતાં.[૫] આર્યાવર્તના ઇતિહાસમાં દ્વારકામાં દારૂબંધી દાખલ કરવામાં આવી હતી તે વાત કરતાં જ્યાં દારૂબંધી ન હતી તે પ્રભાસના સાગરકાંઠે યાદવોએ દારૂ પીધો અને યાદવાસ્થળી રચી તે બનાવ હજુ માનવજાત ભૂલી શકી નથી. જૈન ધર્મ અને બૌદ્ધધર્મમાં પણ મદ્યપાનના નિષેધનો આદેશ આપવામાં આવેલો છે. પંચશીલમાં એમણે મદ્યપાન ન કરવાનું એક શીલ ગણાવ્યું અને રાજાઓને મદ્યનિષેધ દાખલ કરવા પ્રેરણા આપી છે. ચાણક્યની પ્રેરણાથી ચન્દ્રગુપ્તે મદ્યપાનને અપરાધ તરીકે જાહેર કર્યો અને દારૂ પર પહેલવહેલી આબકારી જકાત નાખી. સમ્રાટ અશોકે પોતાના સામ્રાજ્યમાં સખ્ત નશાબંધી ફરમાવી તેમાં પ્રથમ વખત પ્રજાકલ્યાણની ભાવના દેખાઈ આવે છે. અશોકથી હર્ષના સમય સુધી આ બદી કાબૂમાં રહી તેમ જણાય છે તેથી જ ફાહિયાનને ખૂબ શોધ કરી છતાં દારૂની એકેય દુકાન નહોતી જડી. હ્યુ-એન-સંગ ભારત આવ્યો ત્યારે પણ આવી સારી જ હાલત હતી. પણ હર્ષના અવસાન પછી મદ્યપાને ફરી માથું કાઢયું છતાં અંગ્રેજો આવ્યા ત્યાં સુધી તેને પ્રતિષ્ઠા ન જ મળી તે ન જ મળી.

હર્ષના મૃત્યુ પછી ભારત ભાંગ્યું છતાં કોઈ કોઈ ઠેકાણે આ બદીની સામે જાગૃતિ દેખાતી રહી છે. રાજા કુમારપાળ ગુજરાતમાં દારૂબંધી દાખલ કરે છે તેમાં શુદ્ધ અહિંસાનો ભાવ હતો તો અલ્લાઉદ્દીન ખીલજી સખ્ત નીતિથી ફરમાન કરે છે તેમાં તેની સત્તા અકબંધ રાખવાની ભાવના દેખાઈ આવે છે. વિજયની આકાંક્ષાની અપેક્ષાથી મોગલ સમ્રાટ બાબર એક આદર્શ શરાબી તરીકે વર્તન કરે છે પણ મહાન અકબર સમાજસુધારકની હેસિયતથી દારૂબંધી ફરમાવે છે. ઔરંગઝેબ સામ્રાજ્યવાદી માનસ ધરાવતો હોવાથી તથા ધર્મચુસ્ત હોવાથી દારૂબંધી ફરમાવે છે.

દારૂ અને અફીણનો લાભ અંગ્રેજોએ લીધો ત્યારે સર્વપ્રથમ કેશવચન્દ્ર સેને બંગાળમાંથી દારૂ સામે વિરોધ જગાવ્યો. તિલક મહારાજ દારૂબંધી સિવાયના સ્વરાજ્યને અધૂરું ગણતા હતા એ જેહાદનો દોર ગાંધીજીએ પકડી લીધો અને દારૂબંધીનો રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ આપ્યો.

આમ ઇતિહાસે માનવજાતને પાઠ આપ્યો છે કે લડાઈ જીતવી હશે તો શરાબ સામેનું યુદ્ધ જીતવું જ પડશે. આપણે ત્યાં મદ્યપાન કરનારને કદી પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ નથી. બહુમતી પ્રજા મદ્યપાન કરતી નથી. મદ્યપાન કરતી લઘુમતી ઓગળતી ઓગળતી જ્યારે સંપૂર્ણ અદૃશ્ય થઈ જશે ત્યાં સુધી મદ્યપાન સામેનું આ માનવયુદ્ધ ચાલ્યા જ કરશે...

---

૪ દાનવોના ગુરુ શુક્રાચાર્ય હતા. દાનવોએ બૃહસ્પતિપુત્ર કચના માંસની સાથે શુક્રાચાર્યને દારૂ પાયો. શુક્રાચાર્યની સંજ્ઞા નષ્ટ થઈ અને જે વિદ્યા દેવોને નહોતી શીખવી તે વિદ્યા, કચને શીખવવી પડી તેની કથા મત્સ્યપુરાણ અને મહાભારતના આદિ પર્વમાં આવે છે.

૫ મહાભારતના યુદ્ધ વખતે કર્ણ શલ્યને મહેણાં મારતાં કહે છે કે તારા દેશમાં સ્ત્રીઓ દારૂ પીને છાકટી થઈને ગધેડાં-ઊંટની જેમ ગાંગરે–તે વાત આપી છે.

૩ દારૂબંધી અંગે ભાવનગર રાજ્યે રચેલી પૂર્વભૂમિકા : ભાવનગરના જૂના રાજ્યમાં દારૂબંધીનો ઉદ્ભવ કયાં અને કયારે થયો તે ખૂબ જ પ્રેરણાદાયક બાબત છે. ઈ.સ. ૧૯૧૯માં તે વખતના ભાવનગરના મહારાજાસાહેબ ભાવસિંહજી રાઓલના હુકમથી દારૂબંધીનો અમલ શરૂ થયો. આવકની પરવા કર્યા વગર દારૂબંધી અંગેનો રાજનો કૉલ નિર્ધારિત સમયમાં પૂરો કરી બતાવ્યો તે બીના ભાવનગરના ઇતિહાસમાં સોનાને અક્ષરે લખાશે. જૂના ભાવનગર રાજ્યે કરેલાં બીજાં બધાં કાર્યોને બાજુએ રાખીને આ દારૂબંધીની જ વાત વિચારીએ તો ભાવનગરની વર્તમાન સંસ્કારિતાનો પાયો જેણે મજબૂત બનાવ્યો છે તે કદી ભૂલાશે નહીં.

મહારાજા ભાવસિંહજીને વ્યભિચારી અને શરાબીઓ પ્રત્યે અત્યંત ધૃણા હતી તે વાત સર્વવિદિત છે. આ ધૃણાને પ્રજાહિતના કામમાં રૂપાંતરિત કરીને ઈ. સ. ૧૯૧૯માં તેમણે આ હુકમ ફરમાવ્યો હતો. ૧૯૧૯માં દારૂબંધીનો કાયદો પસાર કરવામાં આવ્યો તેમાં કોઈ આદર્શ-વાદની ઘેલછા ન હતી કે કોઈ પ્રજાકીય ટેકો મેળવવાની નેમ પણ ન હતી પરન્તુ લોકશિક્ષણના ક્રમિક વિકાસક્ષેત્રનો એક તબક્કો હતો. ઈ. સ. ૧૯૧૯માં જે દારૂબંધી ફરમાવવામાં આવી તે પહેલાં તે માટેનું યોગ્ય વાતાવરણ ઊભું કરવાનો સભાન પ્રયત્ન કરવામાં આવ્યો હતો, એટલે સાવ અંધારામાં કૂદકો મારવાનો આમાં પ્રશ્ન ન હતો. નીચેના બે મુદ્દા પરથી આ વાત સ્પષ્ટ બને છે.

૧ લોકમત કેળવવા માટે મહારાજા ભાવસિંહજીએ લીધેલાં પગલાંઃ ભાવસિંહજી મહારાજને વ્યભિચારી અને શરાબી માણસો તરફ તિરસ્કાર હતો તેથી તે અવારનવાર આવા માણસોની ભાળ મેળવીને તેને ચેતવણી આપતા અને સાચા માર્ગે ચડી જીવન જીવવાની સૂચના આપતા. ભાવનગરના અનેક જૂના માણસો આ વાતની સાક્ષી પૂરે છે ઉપરાંત રાજ્યનું બંધારણ અને રાજનીતિ હંમેશા પ્રસંશાયાં છે. મરહૂમ મહારાજસાહેબ અને પ્રજાની વચ્ચે પ્રશંસનીય પ્રેમ હતો. આ સ્થિતિનો લાભ લઈને મહારાજ લોકો સુધી પહોંચી શકતા હતા. તેના મનમાં એક વાત સ્પષ્ટ હતી કે જયાં સુધી પ્રજામત આ પ્રશ્ન પર જાગૃત અને પ્રબળ ન થાય ત્યાં સુધી કાયદો કશું કરી શકવાનો નથી તેથી તેઓશ્રીએ મહાન સાહિત્યકાર કવિ કાન્તને એવાં નાટકો લખવાની સૂચના આપી કે જેમાં સમાજના દુષ્ટ, વ્યભિચારી અને શરાબીઓની ઠેકડી ઉડાવવામાં આવતી હોય અને સાદા, સંયમી અને સંસ્કારી માણસોની પ્રશંસા કરવામાં આવતી હોય. આ એક ખૂબ જ સ્તુત્ય પગલું હતું જેનાથીલોક શિક્ષણદ્વારા સમાજ સુધારાને વેગ મળતો. કવિ કાન્તનાં નાટકોમાં મહારાજા રાઓલશ્રી ભાવસિંહજી પોતે વસ્તુ, પાત્રો, પ્રવેશો અને સંગીતક્ષેત્રની યોજના કરવામાં સહાય કરતા અને તેમની સૂચના મુજબ એક પ્રવેશ એકથી વધારે વાર આદિથી અંત સુધી સુધારવામાં કે ફેરવવામાં આવતો હતો.[૬] દારૂબંધીની શરૂઆત થઈ તે પહેલાં ઠેઠ ૧૯૧૫માં " દુઃખી સંસાર " નામનું નાટક જે કવિ કાન્તનું હતું તે મહારાજાસાહેબની પ્રેરણાથી જ લખાયેલું હતું, જેના આરંભમાં જ જણાવવામાં આવ્યું છે કે આ નાટક આપની આજ્ઞા અને સૂચના

---

૬ જાની કનુભાઈ કૃત 'શબ્દનિમિત્ત' પ્રકાશક: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, આવૃત્તિ ૧લી, ૧૯૭૯, પૃષ્ઠ ૩૩

પ્રમાણે લખાયેલું છે. મહારાજાસાહેબની સૂચના મુજબ લખાયેલાં બે નાટકો ૧ 'જાલિમ' ટુલિયા' અને ૨. 'દુઃખી સંસાર'. બન્નેએ લોકશિક્ષણમાં અને લોકમત કેળવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ગાંધીજીના આગમન પછી આપણી રાષ્ટ્રીય એષણા સામાજિક સુધારાનું એક મોટું પ્રેરક બળ બનેલી તે ૧૯૧૫ પહેલાંના સમાજસુધારાનો અને તે પછીના સમાજસુધારાનો ઇતિહાસ જોતાં સ્પષ્ટ બને છે. કાન્તનાં નાટકોમાં પણ આ બન્ને બાબતો જોડાઈને આવે છે તે નોંધપાત્ર છે.[૭]

ઈ. સ. ૧૯૧૫માં પ્રસિદ્ધ થયેલું કવિ કાન્તનું નાટક 'દુઃખી સંસાર: ગાંધીજીના ભારતમાંના આગમન પહેલાં એમના કાર્ય પ્રત્યે સમસ્ત પ્રજાનું ધ્યાન દોરતું અને એમને સહાય કરવાનો સીધો ઉપદેશ આપતું કદાચ ભારતનું આ પહેલું જ નાટક હશે, ગુજરાતનું તો છે જ.[૮] ભાવસિંહજી મહારાજે કાયદો કરતા પહેલાં શિષ્ટ અને સંસ્કારી જનસમૂહ તૈયાર કરવામાં જે મહેનત કરી હતી તે જ સાચી સિદ્ધિ માનવી પડે તેમ છે. તેમની પ્રેરણાથી લખાયેલા નાટક "દુખી સંસાર"ના અર્પણપત્રમાં સ્પષ્ટ બતાવવામાં આવ્યું છે. ચાલતા ઘોર કલિયુગમાં કેવા કેવા નિમકહરામ અને દુષ્ટ માણસો થાય છે અને કેવી રીતે તેઓ સુખી થવા નિર્માયેલા સંસારને દુઃખી બનાવે છે એ કલ્પિત પાત્રો દ્વારા બતાવવાનો અને સાથોસાથ થોડા શુદ્ધ, પવિત્ર અને ઉમદા સ્વભાવોને પણ કલ્પિત પાત્રો દ્વારા પ્રગટ કરવાનો આ નાટકમાં પ્રયત્ન થયો છે.[૯] કેળવણીના યોગ્ય વિકાસ વગર કોઈ સુધારો જનસમૂહ સુધી પહોંચી શકે નહીં. સારાં નાટકો પ્રજાની કેળવણીમાં ખૂબ જ ઉપયોગી થઈ શકે છે. કેળવણી પાછળ આમેય રાજ્યે સારું ધ્યાન આપ્યું હતું.[૧૦] આમ પૂર્વભૂમિકા રચીને ઈ. સ. ૧૯૧૯માં દારૂબંધી ફરમાવવાનું યોગ્ય ધાર્યું હતું.

૨ દારૂબંધી અગાઉ તે અંગે ભાવનગર રાજે લીધેલાં રાજકીય પગલાંઓ:

ભાવનગરના મહારાજાશ્રી ભાવસિંહજીની તીવ્ર ઉત્કંઠા હતી કે રાજ્યમાં સંપૂર્ણ દારૂબંધી થાય. તેઓશ્રીના આદેશ મુજબ રાજના દીવાનશ્રી એમ. એ. તન્નાએ સોનગઢ બ્રિટિશ પોલીટીકલ એજન્ટ શ્રી ઓવનસાહેબ તથા અમદાવાદના જિલ્લા કલેકટર શ્રી ચેટફિલ્ડસાહેબને તા. ૨૨ ઓકટોબર ૧૯૧૮ના પત્રોથી ભાવનગર રાજ્યમાં તા. ૧ જાન્યુઆરી ૧૯૧૯થી અમલમાં મૂકવાની દારૂબંધીની નીતિ સંબંધે વાકેફ કરી, પાડોશી રાજ્યો અને એજન્સી નીચેના ભાવનગર રાજની

---

૭ એજન-પ્રકાશક ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, આવૃત્તિ ૧લી, પૃષ્ઠ ૩૫

૮ એજન-પ્રકાશક ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, આવૃતિ ૧લી, પૃષ્ઠ ૩૬

૯ બ્રહ્મભટ્ટ અનિરુદ્ધકૃત મણિશંકર ભટ્ટ 'કાન્ત', નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ-૧, આવૃત્તિ ૧લી, ૧૯૭૧, પૃષ્ઠ ૧૪૭

૧૦ મહેતા મનસુખલાલ રવજીકૃત 'દેશી રાજ્યોના પ્રશ્નો'ના પૃષ્ઠ ૧૫૮ પર દર્શાવવામાં આવ્યું છે કે ઈ. સ. ૧૯૨૦માં રાજ્ય પોતાની ઊપજનો ૪૬મો ભાગ કેળવણી માટે વાપરતું હતું.

મધ્યમાં આવેલાં ગામોમાં નશાબંધીનું કડક પાલન થાય એ માટે તે સૌના સાથ અને સહકારની અપેક્ષા સાથે વિનંતી કરી હતી.[૧૧]

પંદર દિવસ પછીના તા. ૮ નવેમ્બર ઈ. સ. ૧૯૧૮ના બીજા પત્રમાં દીવાનશ્રી તન્નાએ શ્રી ઓવનસાહેબને લાઠી તથા વળાનાં પડોશી રાજ્યોના પોતે પ્રાપ્ત કરેલા પ્રત્યુત્તરોથી વાકેફ કર્યા હતા. લાઠી રાજ્ય લખતું હતું કે ત્યાં મેનેજમેન્ટ એવું છે તેથી તેઓ કંઈ કરી શકે તેમ નથી. વળાએ લખ્યું હતું કે રાજ્યમાં માત્ર વળામાં જ દારૂની એક દુકાન હતી અને ભાવનગરની ડિસ્ટિલરી પર તેનો નિભાવ થતો હતો તેથી ભાવનગરની ડિસ્ટિલરી બંધ થઈ જતાં વળાની દુકાન આપોઆપ બંધ થઈ જશે. આમાં સહકારની ભાવના ઓછી જણાય છે.

વળા ભાવનગર રાજના ઉમરાળા તાલુકાથી પાંચ માઈલના અંતરે આવેલું હતું અને વળાના રાજનાં કેટલાંક ગામો તો ભાવનગરનાં ગામડાંઓની લગોલગ આવેલાં હતાં તેથી અગમચેતી વાપરીને જ ભાવનગરના રાજે આ વિનંતી કરી હતી. ભાવનગરદીવાનના બન્ને પત્રોના પ્રત્યુત્તરમાં શ્રી ઓવનસાહેબે લખેલું કે બીજા દેશી રાજ અને એજન્સી હકુમત નીચેના પ્રાન્તના તાલુકાઓમાં એમને જે પ્રતિભાવો મલ્યા હતા, તેના ઉપરથી એમનો અભિપ્રાય બંધાતો હતો કે ત્યાં દારૂની દુકાનો બંધ કરવા સમજાવવાનું વ્યવહારમાં ન મૂકી શકાય તેવું હતું. તેથી સદરહુ બાબતમાં કાંઈ પણ પગલાં લેવાની પોતાની અશક્તિ માટે તેણે ખેદ દર્શાવ્યો હતો. અલબત્ત, ઓવનસાહેબે ઉમેર્યું હતું કે ભાવનગરના દારૂબંધીના પગલા તરફ તેમને સહાનુભૂતિ છે.

ભાવનગર રાજની લગોલગ અમદાવાદ નીચેનાં ઘોઘા તાલુકો અને તેનાં ગામો હતાં, બીજી બાજુ નજીકની સરહદે લાઠી અને વળાનાં રાજ હતાં ઉપરાંત ભાવનગર રાજ્યની ઉત્તર દિશામાં બોટાદ-ગઢડા મહાલો નજીકના અમદાવાદ જિલ્લા નીચેનાં ધંધુકા તાલુકાનાં ગામો હતાં ત્યાં સર્વત્ર દારૂની બદી ફેલાયેલી હતી. ટૂંકમાં, આ બધી સ્થિતિથી વાકેફ રહીને તેઓને સભાન બનાવીને, તેઓનો સહકાર માગીને ભાવનગરના મહારાજા આ ઉમદા પગલું વ્યવહારમાં મૂકવા માંગતા હતા.

૪ દારૂબંધી અંગે ભાવનગર રાજ્યે લીધેલાં પગલાંઓ: ભાવનગરના મહારાજાશ્રી ભાવસિંહજીએ પોતાના રાજ્યમાં જાન્યુઆરી ઈ. સ. ૧૯૧૯થી સંપૂર્ણ દારૂબંધી થાય એવી મહત્ત્વાકાંક્ષા સેવી હતી અને તે માટે વહીવટી રીતે બ્રિટીશ પોલીટીકલ એજન્ટ અને સરહદી રાજ્યોનો સાથ અને સહકાર માગ્યો હતો. પરન્તુ તેઓશ્રીના આ કલ્યાણકારી કાર્યક્રમને પૂરતો સહકાર પડોશી રાજ્યો તરફથી મળ્યો ન હતો. તેઓશ્રી દારૂના દૈત્યને પિછાનતા હતા અને કલ્યાણરાજમાં માનતા હતા. રાજને દારૂની આબકારી જકાતની આવક રૂપિયા ૧૮ હજારની હતી.

નામદાર મહારાજા ભાવસિંહજીએ તા. ૨૫ જાન્યુઆરી ઈ. સ. ૧૯૧૯ના રોજ એક ઠરાવ કરીને સંવત ૧૯૭૫ ચૈત્ર વદી ૫ તા. ૨૦ એપ્રિલ ૧૯૧૯ના રોજ આવી રહેલ તેઓશ્રીના

---

૧૧ જુઓ દીવાનશ્રી તન્નાના પત્રો નં. 237 of 1918 પાના નં. ૨૯૦-૨૯૧ અને નં. 234 of 1914 પાના નં. ૨૭૯/૮૦/૮૧. પુસ્તક 'ગાંધીજી-પટ્ટણી પત્ર વ્યવહાર' ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, આવૃત્તિ ૧લી, ૧૯૮૦

જન્મદિવસથી દારૂબંધી રફતે રફતે અમલમાં મૂકવાની યોજના ઘડી, તેઓશ્રી સમક્ષ મૂકવાનું દીવાનઓફિસને જણાવ્યું.[૧૨] (જુઓ ઠરાવ વ. ર. નં. ૪૩૬)

નામદાર મહારાજાએ તા. ૨૫ ફેબ્રુઆરી ૧૯૧૯ના હજૂરઠરાવના અનુસંધાને દીવાન-ઓફિસની દારૂબંધી અંગેની ક્રમશ: અમલમાં મૂકવાની યોજનાને પોતાના જન્મદિવસે સંવત ૧૯૭૫ ચૈત્ર વદી ૫ને રવિવાર: તા. ૨૦ એપ્રિલ ઈ. સ. ૧૯૧૯થી બહાલી આપી અને દારૂબંધીને અમલમાં મૂકી દીધી[૧૩] (જુઓ ઠરાવ વ. ર નં. ૫૪૮) શરૂઆતમાં કેટલાંક બંદર અને સરહદ ઉપરનાં એવાં ૮ ગામો–૧. ભાવનગર. ૨. મહુવા. ૩. નાના કોટડા. ૪. હાથબ. ૫. ચાંચ. ૬. સરતાનપર. ૭ ઉમરાળા અને ૮. લિખાળા–સિવાય બાકીની ૩૪ દારૂની દુકાનો બંધ કરી દેવાનું ફરમાન કર્યું અને દારૂબંધીના ચુસ્ત અમલ માટે માર્ગદર્શક નિયમો અને કેદ–દંડની સજાની જોગવાઈ કરી.

આમ પહેલા પગલાનો અમલ ૨૦ એપ્રિલ ઈ. સ. ૧૯૧૯થી શરૂ થયો. સંવત ૧૯૭૫ની બાકીની અડધી સાલ માટે છૂટ મૂકાયેલાં આઠ ગામોમાં એકંદર ૧૫૦૦ મણ દારૂ વેચવાનો હતો. સંવત ૧૯૭૬ માટે (ઈ. સ. ૧૯૨૦) ૨૦૦૦ મણ અને સંવત ૧૯૭૭માં ૧૦૦૦ મણ દારૂ વેચવાનો હતો. સંવત ૧૯૭૮થી સંપૂર્ણ દારૂબંધી અમલમાં લાવવી એમ રાજનો હુકમ જારી થયો હતો.

આ આઠ દુકાનોમાં પણ નક્કી કરેલ કોટા મુજબ જ દારૂ વેચવાની છૂટ હતી. ઈજારાની મુદત અઢી વર્ષ સુધી પહોંચતી હતી એટલે રફતે રફતે દારૂ ઓછો કરી ઈજારાની મુદત પૂરી થાય એટલે સંવત ૧૯૭૮થી દારૂ તદ્દન બંધ કરવાનો હતો.

ઈજારાની રકમ બંધ કરી દર મણે અમુક ફી લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આમ દેશી દારૂની દુકાનો પર કંટ્રોલ મૂકી દેવાયો. વિલાયતી દારૂ આયાત કરનાર ઉપર બાટલીદીઠ રૂા. ૨ અને રૂા. ૧ એમ આબકારી જકાત નક્કી કરવામાં આવી. તાડી બાબત ઈજારદાર સાથે કરાર હતો તે જેમનો તેમ રાખવામાં આવ્યો, છતાં એપ્રિલ સંવત ૧૯૭૯થી ત્રણ વર્ષમાં સંપૂર્ણપણે અમલમાં મૂકવાની દારૂબંધી માટે ભાવનગર રાજ્યે સર્વશાહી કાયદાકાનૂન ઘડી રાખ્યા.

મરહૂમ મહારાજા ભાવસિંહજી પછીના સગીરવયના વારસદાર નામદાર શ્રી કૃષ્ણકુમાર-સિંહજી પુખ્ત વયે પહોંચે ત્યાં સુધી પેરેમાઉન્ટ પાવર તરફથી કાઉન્સિલ રાજ્યનો વહીવટ કરતી હતી.

કાઉન્સિલના કારભારમાં તા: ૨૪ જૂન ૨૫ના ઠરાવથી વિલાયતી દારૂની આયાત–નિકાસના ખરીદ–વેચાણ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો. ૭ વર્ષના સમયગાળામાં દેશી–વિલાયતી બન્ને પ્રકારના દારૂની સંપૂર્ણ કાયદેસરની બંધી ભાવનગર રાજ્યમાં થઈ ગઈ.

---

૧૨ જુઓ ઠરાવ નં. વ. ર. નં. ૪૩૬ ભાવનગર દરબારી ગેઝેટ વધારો ૧૩ માર્ચ ૧૯૧૯ પાના નં. ૨૩૧/૨૩૨

૧૩ જુઓ ઠરાવ નં. વ. ર. નં. ૫૪૮ પરિશિષ્ટ ૧ [અ]. પાના નં. ૨૬૦/૬૧/૬૨. પુસ્તક 'ગાંધીજી–પટ્ટણી પત્રવ્યવહાર' ગુજરાત વિદ્યાપીઠ, આવૃત્તિ ૧લી

તા: ૧–૮–૨૫ના કાઉન્સિલના ઠરાવથી હોસ્પિટલના વૈદક ખાતાના તાબામાં વિલાયતી દારૂનો એક નાનો સ્ટોર રાખી શકાશે એમ ઠરાવવામાં આવ્યું. માંદા અને જરૂરિયાતવાળા બીમારોને માટે આ નાનકડો સ્ટોર રાખવાનો હતો.

તા: ૧–૧૦–૨૫થી ઠરાવ મુજબ મહુડાને રાજ્યની હદમાં લાવવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. કાઉન્સિલે વળી તા: ૩–૮–૨૮થી ઠરાવથી હોસ્પિટલમાં વૈદક ખાતાના તાબામાં રહેતા વિલાયતી દારૂના નાનકડા સ્ટૉક ઉપર પણ પ્રતિબંધ મૂક્યો, ઉપરાંત રાજ્યના મહેમાનો માટે વિદેશી દારૂનો સ્ટોર રાજ્યખર્ચખાતામાં રહેતો હતો તે પણ બંધ કરી દીધો. હોસ્પિટલ અને રાજ્યખર્ચ ખાતાના વિલાયતી દારૂના સ્ટોર રાજ્ય બહાર વેચી નાખવામાં આવ્યા.

કાઉન્સિલે (તા. ૨૯–૪–૨૯) ઠરાવ કરી કોલન વોટર, ટિંકચર અને સ્પિરિટ ઉપરનો પ્રતિબંધ તા. ૧–૬–૨૯થી અમલમાં મૂકવાનો હુકમ જારી કર્યો, કેમ કે કોલનવોટર, ટિંકચર જ્યાં ત્યાં દારૂની અવેજીમાં પીવાતાં હતાં.

આમ જૂન ઈ. સ. ૧૯૨૯ થી સારાયે ભાવનગર રાજ્યમાં સંપૂર્ણપણે દારૂબંધી અમલમાં આવી ગઈ.

દારૂબંધીની થયેલી અસરો:—ઈ. સ. ૧૯૧૯માં અમલમાં મૂકાયેલી ભાવનગર રાજ્યની દારૂબંધીની નીતિની સૌ પ્રથમ અસર રાજ્યની આવક પર થઈ. જૂના ભાવનગર રાજ્યની દારૂની આવક દારૂબંધી જાહેર કરાઈ તે અગાઉ રૂા. ૧૮ હજારની હતી. કદાચ હાલના સંજોગોમાં આ રકમ બહુ મોટી ન લાગે પણ તે વખતની સોંઘવારીને જો લક્ષમાં રાખવામાં આવે તો જરૂર કહી શકાય કે તે એક હેન્ડસમ એમાઉન્ટ હતી. દારૂબંધીની રાજની નીતિ આગળ જોયું તે મુજબ રફતે રફતે દાખલ થવાની હતી અને ઈ. સ. ૧૯૨૨માં તે સંપૂર્ણ થવાની હતી. તે હકીકતને લક્ષમાં રાખીને જો તપાસીએ તો સંવત ૧૯૭૫ માં રાજની આવક જે રૂા. ૧૮ હજારની હતી તે સંવત ૧૯૭૬માં રૂા. ૩૪૪૮ની થઈ ગઈ, તે રફતે રફતે ઘટતાં સંવત ૧૯૭૭માં રૂા. ૨૧૨૩ ની થઈને સંવત ૧૯૭૮માં શૂન્ય પર આવી ગઈ હતી. આમ પ્રજાકલ્યાણના આદર્શને વરેલા ભાવનગરના રાજ્યે પોતાની આવક આ ક્ષેત્રની સદંતર જતી કરી હતી.

(રાજ્યની સંવત ૧૯૭૫, ૧૯૭૬, ૧૯૭૭, ૧૯૭૮ની આવક માટે જુઓ તે સાલના એડમીનીસ્ટ્રેશનના રીપોર્ટના કોઠા પાછળ આપેલા છે).

રાજ્યમાં દારૂબંધી દાખલ થઈ તે પછી શરૂઆતનાં વર્ષોમાં તેના અમલમાં રાજ્યને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો કારણ કે તે વખતના કાઠિયાવાડમાં પાલીતાણા અને જસદણ સિવાય બધે પીવાની છૂટ હતી. પરિણામે ત્યાંથી દારૂ દાણચોરીથી ભાવનગરની હદમાં ઘુસાડવામાં આવતો હતો. આ દૂષણને ડામવામાં તે વખતના વહીવટીતંત્રને ખૂબ જહેમત લેવી પડી હતી. આનો સાચો ઉપાય તો એ જ હતો કે આખું કાઠિયાવાડ સૂકું થઈ જાય પણ તે

બાબત ભાવનગરના રાજ્યના કાબુમાં ન હતી. ભાવનગરના દીવાન પટ્ટણીસાહેબે આ બારામાં એક પત્ર લખીને વિનંતી કરી હતી કે તેઓશ્રી આ બાબતમાં–અન્ય દેશી રાજ્યોને પણ દારૂબંધી અપનાવવા માટે પોતાની વગ વાપરીને ભાવનગરની આ ઉમદા નીતિને સફળ બનાવવામાં ઉપયોગી થાય.[૧૪] દારૂબંધી જાહેર થઈ એટલે દારૂની દાણચોરી થવા લાગી હતી તેથી રાજ્યના વહીવટીતંત્રમાં મહારાજાએ ચાંપતી નજર રાખવી જોઈએ તેવી લોકલાગણી પણ અવારનવાર સમાચારપત્રમાં ચમકવા લાગી[૧૫] છતાં રાજ્યની આ ઉમદા નીતિની પ્રશંસા પણ કર્યા વગર તેજ સમાચારપત્ર રહી શકતું નથી. ભાવનગર સાચા અર્થમાં ભાવસિંહજી મહારાજના સમયમાં જ આદર્શ બની શક્યું હતું. ભાવસિંહજી મહારાજની પ્રેરણા અને આદર્શને લીધે પાલીતાણામાં આ પ્રકારની દારૂબંધી ઠાકોરસાહેબના વખતમાં ચાલુ થઈ તે આની સૌથી મોટી સાબિતી અને સિદ્ધિ છે. આ વાત પરથી જ "સૌરાષ્ટ્ર"—ઉપર્યુક્ત અંકમાં મનસુખલાલ રવજી મહેતાએ જૂનાગઢના નવાબને પણ પ્રેરણા લેવાની સલાહ આપી હતી.

આ રાજ્યમાં મહુડાનાં ઝાડ નહોતાં એટલે ગેરકાયદે દારૂ કોઈથી ગાળી શકાય તેમ નહતો ને તેથી એ જાતના ગુના ઘણા વખતથી, ઘણાં વરસથી થયા નહોતા એ પણ તેની ફલશ્રુતિ ગણાય.

દારૂબંધી ફરમાવ્યા પછી તેની શું અસરો થઈ તે માટે પુછાયેલા સરકારી જવાબમાં જણાવવામાં આવ્યું હતું. "દારૂ પીવાને લીધે થતા તોફાનના અને મારામારીના ગુના લગભગ અલોપ જ થઈ ગયા છે અને નીચલા વર્ગના જે લોકો પોતાની બધી કમાણી દારૂમાં બરબાદ કરતા તેમની નૈતિક અને આર્થિક સ્થિતિમાં દેખીતો સુધારો થયો છે. આ લાભ જ કંઈ નાનોસૂનો નથી; પણ આશા એવી છે કે આ નીતિનો પૂરેપૂરો લાભ આવતી પેઢીમાં જ જણાઈ આવશે કેમ કે એ પૈકી હવેની પેઢી દારૂ પીવાની લત વિના જ ઉછરશે."[૧૬] (જુઓ તા. ૨૯ ઑગષ્ટ ૧૯૩૭માં લખાયેલો ડી.ઓ. લેટર નં. ૪૨૭–પાછળ આપેલો છે).

'હરિજનબંધુ'ના અંકમાં મહાદેવભાઈએ લખ્યું હતું કે ૧૯૨૯–૩૦–૩૧માં ભાવનગરમાં દારૂ-દાણચોરીથી ઘૂસાડવાના ગુના પણ મર્યાદિત બનવા લાગ્યા હતા અને અન્ય રાજ્યોએ પણ દારૂબંધી જાહેર કરીને ભાવનગરના આ ઉમદા કાર્યને ટેકો આપવો જોઈએ.[૧૭]

ભાવનગરની હાલની સંસ્કારિતાના પાયામાં જે મજબૂત ઇંટો ધરબાયેલી છે તેમાંની એક જનું દર્શન કરવાનો આ નમ્ર પ્રયાસ છે. દારૂબંધીની નીતિ વિષે ભાવનગરના જે મહાશયસાહેબે વિચાર કર્યો, આદર્શ સેવ્યો, અપનાવ્યો અને તેનું પાલન કર્યું અને કરાવ્યું તે આપણને યાદ દેવડાવે છે કે :—**जानेवाली पीढीको आनेवाली पीढीके लिअे कुछ करते जाना चाहिअे ।**

---

૧૪ 'ગાંધીજી–પટ્ટણી પત્રવ્યવહાર', ગૂજરાત વિદ્યાપીઠ, આવૃત્તિ ૧લી, પૃ. ૨૨૫

૧૫ જુઓ 'સૌરાષ્ટ્ર'નો અંક, એપ્રિલ ૧૯૩૧, 'ભાવનગરના નવરાજવીને' નામનો લેખ, પૃ.૧૮

૧૬ જુઓ તા. ૨૯ ઑગષ્ટ ૧૯૩૭માં લખાયેલો ડી. ઓ. લેટર નં. ૪૨૭, પૃ. નં. ૨૭૯, પુસ્તક, ગાંધીજી-પટ્ટણી પત્રવ્યવહાર', ગૂજરાત વિદ્યાપીઠ, આવૃત્તિ ૧લી.

૧૭ 'હરિજનબંધુ' તા. ૩૦ જાન્યુઆરી ૧૯૩૮ 'ભાવનગરમાં દારૂબંધી' એ શ્રી મહાદેવભાઈ દેસાઈનો લેખ, પૃ. ૩૭૭

## APPENDIX XXVI

### BHAVNAGAR STATE

**Comparative Statement of Revenue Recovery and Arrears for the years 1919-20 and 1920-21.**

| District | Samvat 1975. | | | Samvat 1976. | | |
|---|---|---|---|---|---|---|
| | Demand | Recovery | Arrears | Demand | Recovery | Arrears |
| | Rs. | Rs. | Rs. | Rs. | Rs. | Rs |
| Mahuva .. .. | 3,42,151 | 1,87,041 | 1,55,110 | 4,52,761 | 4,48,879 | 3,882 |
| Victor .. .. | 1,86,899 | 50,751 | 1,36,148 | 1,76,346 | 1,67,959 | 3,387 |
| Kundla .. .. | 5,71,567 | 1,43,863 | 4,27,704 | 7,22,214 | 3,81,128 | 3,41,086 |
| Lilia .. .. | 2,36,684 | 2,36,680 | 4 | 3,46,880 | 3,46,880 | .. |
| Umrala .. .. | 2,51,049 | 82,410 | 1,68,639 | 3,16,020 | 1,65,184 | 1,50,886 |
| Botad .. .. | 2,70,446 | 1,06,169 | 1,64,277 | 2,55,501 | 2,34,508 | 20,993 |
| Daskroi .. .. | 1,93,716 | 1,01,925 | 91,791 | 1,97,497 | 1,89,015 | 8,482 |
| Sihor .. .. | 1,10,420 | 71,908 | 38,512 | 1,34,666 | 1,13,143 | 21,523 |
| Gadhada .. .. | 1,75,602 | 40,912 | 1,34,690 | 1,75,366 | 1,52,461 | 22,905 |
| Talaja .. .. | 1,62,277 | 1,22,277 | 40,000 | 1,51,457 | 1,44,516 | 6,941 |
| Customs .. .. | 4,75,847 | 4,73,396 | 2,451 | 5,86,932 | 5,62,870 | 24,062 |
| Forest .. .. | 41,210 | 41,210 | .. | 39,124 | 39,124 | .. |
| Liquor .. .. | 18,000 | 18,000 | .. | 3,448 | 3,448 | .. |
| Printing Press .. .. | 31,249 | 31,249 | .. | 33,870 | 33,870 | .. |
| Medical .. .. | 543 | 543 | .. | 3,351 | 3,351 | .. |
| Pension Contribution | .. | .. | .. | 1,560 | 1,560 | .. |
| Abkari, Law, Education, Interest, and Miscellaneous .. | 6,47,118 | 6,25,752 | 21,366 | 8,50,267 | 8,27,464 | 22 803 |
| **Total** .. .. | **37,14,778** | **23,34,086** | **13,80,692** | **44,47,260** | **38,15,360** | **6,31,900** |
| Railway .. .. | 24,61,612 | 24,61,612 | .. | 24,56,764 | 24,56,764 | .. |
| **Grand Total** — | **61,76,390** | **47,95,698** | **13,80,692** | **69,04,024** | **62,72,124** | **6,31,900** |

## APPENDIX XXVI

### BHAVNAGAR STATE

**Comparative Statement of Revenue Recovery and Arrears for the years 1920-21 and 1921-22.**

| District | Samvat 1977 | | | Samvat 1978 | | |
|---|---|---|---|---|---|---|
| | Demand | Recovery | Arrears | Demand | Recovery | Arrears |
| | Rs. | Rs. | Rs. | Rs. | Rs. | Rs. |
| Mahuva .. .. | 4,07,346 | 3,88,315 | 19,531 | 4,31,779 | 4,18,261 | 13,518 |
| Victor .. .. | 1,76,730 | 1,75,745 | 985 | 1,87,978 | 1,73,375 | 14,003 |
| Kundla .. .. | 6,48,531 | 6,09,087 | 39,444 | 6,45,747 | 6,35,551 | 10,196 |
| Lilia .. .. | 3,85,019 | 3,85,019 | .. | 3,42,667 | 3,40,012 | 2,665 |
| Umrala .. .. | 3,11,121 | 2,84,179 | 26,942 | 3,13,631 | 3,11,175 | 2,454 |
| Botad .. .. | 2,72,111 | 2,08,655 | 63,456 | 2,59,292 | 2,54,131 | 5,161 |
| Daskroi .. .. | 1,77,261 | 1,40,678 | 36,583 | 2,01,390 | 2,01,649 | 241 |
| Gadhada .. .. | 1,72,645 | 1,44,806 | 27,839 | 1,69,710 | 1,69,698 | 12 |
| Talaja .. .. | 1,87,373 | 1,85,912 | 1,461 | 1,95,756 | 1,95,732 | 24 |
| Sihor .. .. | 1,30,197 | 1,17,444 | 12,753 | 1,28,526 | 1,24,352 | 4,174 |
| Customs .. .. | 7,99,485 | 7,84,640 | 14,845 | 14,55,915 | 14,44,852 | 11,063 |
| Forest .. .. | 44,182 | 44,182 | .. | 66,253 | 66,253 | .. |
| Liquor .. .. | 2,123 | 2,123 | .. | .. | .. | .. |
| Printing Press .. .. | 26,799 | 26,799 | .. | 21,871 | 21,871 | .. |
| Medical .. .. | 3,531 | 3,531 | | 3,635 | 3,635 | .. |
| Pension Contribution | 1,231 | 1,231 | .. | 1,781 | 1,781 | .. |
| Municipality .. .. | 35,062 | 35,062 | .. | 86,375 | 86,375 | .. |
| Abkari, Law, Court fee Stamps, Education, Salt, Interest Stud, Refund, Miscellaneous etc. .. | 9,27,970 | 9,18,502 | 9,468 | 11,12,568 | 11,66,838 | 5,730 |
| Agriculture .. .. | .. | .. | .. | 5,918 | 5,918 | .. |
| Public Works .. | .. | .. | .. | 63,130 | 63,130 | .. |
| Riyasat .. .. | .. | .. | .. | 2,459 | 2,459 | .. |
| **Total .. ..** | **47,09,217** | **44,55,910** | **2,53,307** | **56,96,881** | **56,27,048** | **69,833** |
| Railway .. | 23,22,837 | 23,22,337 | .. | 25,08,885 | 25,08,885 | .. |
| **Grand Total ..** | **70,31,551** | **67,78,217** | **2,53,307** | **82,05,766** | **81,35,933** | **69,833** |

# નાગપૂજાનું લોકગીત

પુષ્કર ચંદરવાકર*

જગતના ચાર ખંડોમાં પ્રાચીનકાળથી નાગદેવ પૂજાતા આવ્યા છે. યુરોપ, આફ્રિકા, એશિયા ને અમેરિકા જેવા ખંડોના ઘણા દેશોમાં આજે ય નાગ પૂજાય છે, જુદાં જુદાં નામોથી. નાગપૂજાને વિશ્વવિદ્યા–Cosmology, સાથે સંબંધ છે. ઋગ્વેદમાં અગીઆર વરુણો વર્ણવ્યા છે. તેમાનાં એક વરુણ નાગ છે. વૃત્રને નાગવંશી મનાય છે. વૃત્ર અનાર્ય હતો, ઈન્દ્ર આર્યોના દેવ હતા. વૃત્રને અંધિયાર જળરૂપ મનાય છે, તેને મુક્ત કરનાર ઈન્દ્ર–આકાશના દેવ, મરુત, અગ્નિ ને તેજ–દેવ છે. મેઘને જળરૂપે વરસાવનાર ઈન્દ્ર છે, જેની સાથે મરુતો, અગ્નિ ને તેજ હોય છે, સહભાગી તરીકે. આ છે પ્રકૃતિની ક્રિયા. આ બધું વૈજ્ઞાનિક છે, તેને આર્ય ઋષિઓએ કાવ્યરૂપ આપ્યું, તેમને આરાધ્યા, સંબોધ્યા ને માનવદેહે કલ્પીને ઋચાઓ ગાઈ. મેઘના વરસાવનારને ઈંદ્રરૂપે ગાયો, વરસાદને રોકી રાખનારને વૃત્રરૂપે ગાયો. બેઉ વચ્ચે ઘમસાણ યુદ્ધ થયું. દ્વંદ્વયુદ્ધ થયું. ઈન્દ્રે વૃત્રના જડબા પર ગદા ઝીકી, તેનું જડબું લોહીલોહાણ થયું અને વાદળાંનાં જળ મુક્ત બન્યાં. આ કથા ઋગ્વેદના પ્રારંભમાં કાવ્યદેહે મળે છે.

આ–પુરાણકથાને, આમ, ઘટાવી શકાય કે આર્યોના વીર અને પરાક્રમી પુરુષો મિત્રોની સહાયથી અવરુદ્ધ પાત્રને મુક્ત કર્યો. ઋગ્વેદમાં વૃત્રને ઈન્દ્રે હણી નાખ્યો, જેથી ઇન્દ્ર વૃત્રઘ્ન તરીકે જાણીતા થયા, પણ લોકમાનસમાં તેમના પરાક્રમની કથા સંઘરાઈ રહી. આ પૂર્વની કથા સારી ય દુનિયામાં ઘૂમી રહી છે, નામફેરે ને થોડાંઘણાં પ્રસંગોનું ઉમેરણતિરસ્કરણ થઈને, પણ તત્ત્વતઃ તે જ કથા બધે મળે છે.

નાગનાં અનેક નામો સંસ્કૃતમાં મળે છે. પેટે ચાલે છે માટે ઉરગ, અલંકાર જેમ શોભે છે માટે પન્નગ, સરી જાય છે માટે સર્પ. સર્પને કેટલાંક નામો તેના સ્વભાવના કારણે મળ્યાં છે, જેમ કે સર્પ, ઉરગ ઇત્યાદિ. નગ પરનો વાસી માટે નાગ. તો કેટલાંક નામો તેને સ્થાનીય વીરપુરુષોએ આપ્યાં છે. ઘોઘો નામ સ્થાનીય વીરપુરુષનું નામ દીસે છે. આખા ય સૌરાષ્ટ્રમાં નાગને ઘોઘાબાપજી વા ઘોઘોના નામથી સંબોધાય છે. રાજસ્થાનમાં ઘોઘા ચોહાણ નામે મધ્ય યુગમાં વીરપુરુષ થઈ ગયા, તેઓ મહમદ ગઝનવીને સોમનાથ ભગવાનને લૂંટવા જતી વખતે આડખીલી ને વિઘ્નરૂપ બન્યા ને મહમદ ગઝનવી સામે બાખડો બાંધી યુદ્ધમાં વીરગતિને પામ્યા. તેમની સ્મૃતિ આજે ય આખી ય મારવાડમાં છે.

---

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે–ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૨૫૫–૨૫૮.

* 'લોકાયતન', મુ. ચંદરવા, ૩૮૨૨૫૫, વાયા–જાળીલા, તા. ધંધુકા, જિ. અમદાવાદ.

આ ઘોઘા ચૌહાણની વીરતાએ નાગને નામ આપ્યું ઘોઘાનું, તેમ તારવી શકાય. વા નાગજાતિમાં ઘોઘા નામનો કોઈ વીરપુરુષ પાકયો વા ઘોઘા ચૌહાણ નાગજાતિના પણ હોવાની શકયતા છે, કેમકે પીપલનગર સાથે નાગકથા સંકળાયેલ છે. નાગૌર નગર નાગજાતિએ વસાવ્યાની કથા જાણીતી છે. ઘોઘા ચૌહાણ પણ મહમદ ગઝનવીનો માર્ગ તે જ પરગણામાં રોકી રહ્યા હતા. આથી નાગજાતિના વીર પુરુષની સ્મૃતિમાં ગુજરાત–સૌરાષ્ટ્રમાં નવરાત્રીના તહેવારની નાગપૂજા આવી હોય !

નવરાત્રીના પહેલા દિવસની સાંજે પાંચ વાગ્યાં પછી બારપંદર વરસના છોકરાઓની ઘેર્ય નાગદેવતાની માટીમાંથી બનાવેલ પ્રતિમા થાળીમાં લઈ ગામડાંમાં ઘેરઘેર નાગનું ગીત ગાતાં ગાતાં ફરે છે. તે થાળીમાં ઘીનો દીવો, ધૂપ અને દીવાસળી હોય છે. ભાલકનેરનાં ગામડાંમાં ફૂલછોડની છત નથી, માટે ઘોઘાબાપને શણગારતા નથી. હા, કોઈ કલાશોખીન અને ઉત્સાહી કિશોર જુવારના દાણાની, ચણોઠીની કે નાની કોડીઓની આંખો ચોડે છે. ઘોઘાબાપાને દાણાની ઢગલી વચ્ચે બેસાડી નવ નોરતાંમાં તેઓ દરરોજ સાંજે ફરે છે, તેમનું ગીત ગાતાં, લલકારતાં.

ઘોઘાબાપા, નાગબાપા પૂજા યોગ્ય છે માટે તેમના મોં આગળ ધૂપદીપ કરે છે. નાગબાપાની પૂજામાં ઘણી વખતે નાગલા–રૂની જાડી વાટને કંકુ છાંટી બનાવતો હાર–હોય છે, જે વરમાળની જેમ તેમના કંઠે ઘાલે છે. પ્રસાદીમાં કુલેર હોય છે પણ ઘોઘો માગતી વખતે આવી કોઈ વિધિ થતી હોય તેવું જાણમાં નથી.

ઘોઘો લઈ છોકરા આવે, ને ઘોઘાનું જોડકણાં જેવું ગીત ગાય, ત્યારે ઘરધણી કે ધણિયાણી તેની થાળીમાં મૂઠી ધાન્ય–જુવાર, બાજરો, ઘઉં કે ચોખા, નાખે છે. આમ, નવ દિવસ સુધી ઘોઘો માગીને છોકરા દાણા ભેગા કરી દશેરાના દિવસે ઘોઘાનું વિસર્જન કરી, દાણા વેચી ભાંગ લઈ જયાફત ઉજવે છે.

આજે ઘોઘાનું માહાત્મ્ય વિસરાઈ ગયું છે. શહેરોમાં નહિવત્ છે, પણ ગ્રામસમાજમાં છે. તેનાં કારણો છે. ગામડાંના કૃષિસમાજને સીમશેઢા સાથે ઘનીષ્ટ વહેવાર હોય છે. તેમનાં ઘરો માટીનાં છે, ખેતરોમાં દર કરી ઉંદરો વસવાટ કરી, પાકને નુકસાન કરે છે. ઉંદર નાગનો ખોરાક છે, તેથી તેને રિઝવીને પાકના રક્ષણ માટે તેની સ્તુતિ કરે છે. ગાન ગાય છે, તો ઘર માટીનાં હોવાથી ઘરમાં પણ ઉંદરો દર કરી ઘરનાં ગોદડાં, અનાજનાં કોઠલાં, કોથળાં વગેરેને નુકસાન પહોંચાડે છે. તેનાથી રક્ષવા માટે નાગપૂજા કરવામાં આવે છે. શ્રાવણ મહિનાના સોમવારે નાગદેવને ઘરના ખૂણે તલવટ ધરવામાં આવે છે, જેથી ઉંદરનો ઉપદ્રવ ન થાય, અને ભૂલેચૂકે નાગને ઘરનાં કોઈ સ્હેજ પણ ઈજા પહોંચાડે તો આ આશુતોષ દેવ ક્રોધિત થઈ ને ડંખે નહીં, તેવી નાગપૂજા પાછળ લોકશ્રદ્ધા પણ છે.

નવરાત્રીની નાગપૂજાને લોકશાસ્ત્રના ઈકોલોજીસિદ્ધાંત વડે પણ તપાસવી જોઈએ. સામાન્યતઃ ભાદરવો ઉતરતાં હસ્તનક્ષત્ર–હાથિયો બેસી જાય છે. હસ્તનક્ષત્ર મેઘ–વર્ષાવિદાયનું નક્ષત્ર છે. તે નક્ષત્રમાં મેઘ વૃદ્ધ બન્યો હોય છે, તેવી લોકમાન્યતા છે. આથી મેઘ એક ખોરડે

વરસે, પડોશના બીજા ખોરડે ન પણ વરસે. હસ્ત નક્ષત્રનો મેઘ ઘણીવાર ગાંડોતુર થઈને વરસે છે, ધરતીને ત્રાસ થાય તેવો ધોધમાર વરસે. તે તેના બધા ય જોર સાથે વરસીને જતો રહે છે. આ જ અરસામાં નવરાત્રીનો તહેવાર આવે છે. નવરાત્રીનો તહેવાર, એક દૃષ્ટિએ, મેઘવિદાયના તહેવાર તરીકે માની શકાય, ખરો ! માનવસમાજે અતિથિની વિદાયનું પણ ગૌરવ કર્યું છે. તો જે અન્નદાતા છે, જે જીવોની વૃદ્ધિનો દેવ છે, પાણીનો પણ દેવ છે જેના વગર ચેતનાશક્તિ હિજરાઈ જાય, કરમાઈ જાય, સૂકાઈ જાય, નાશ પામે તેવા દેવના આગમનને હળોતરાના ઉત્સવથી આવકાર્યું તો જે ઠાઠથી આવકાર આપ્યો તે જ ઠાઠથી વિદાય આપવી જોઈએ ને ! વૃત્રને હણી જળને મુક્ત કર્યું તે જળના આગમનને માનવે હોંશભેર આવકાર્યું તો તે જળ વિદાય લે, તેને પણ ઠાઠદાર વિદાય આપવી રહે ને ! તે માટે આ ઘોઘાનો ઉત્સવ તો નહીં હોય ને ! પ્રકૃતિની લીલાને મૂળ સ્વરૂપે ન જોતાં તેમાં માનવકલ્પનાને ઉમેરી, તેમાંની આંતરપ્રક્રિયાને વિસરી, સામાજિક ઉત્સવનું રૂપ આપીએ ત્યારે જ તેનો ઠાઠ વધે છે. સૂર્ય ઉત્તરમાં ગમન કરે જે દિવસે, તે દિવસને ઉત્તરાયણરૂપે ઉજવનાર માનવ મેઘની વિદાયને ઠાઠદાર રીતે ઉજવવામાં પાછો પડે કે ? જેમ ઉત્તરાયણ ફોકલોર ઈકોલોજીના સિદ્ધાંતને પ્રતિપાદિત કરવા માટે ઉદાહરણરૂપ બને છે તેમ નવરાત્રીનો ઘોઘાનો ઉત્સવ પણ બની શકે તેમ છે.

સામાન્ય ગ્રામજનોને ને બાળકોને મનોરંજન આપતો આ ઉત્સવ જોડકણાંગીત સાથે ઉજવાય છે. તેટલું જ લોક તો જાણે છે. તત્ત્વનું ટૂંપણું તો વિદ્વાનો, પંડિતો અને સંશોધકો કરવા બેસે છે. તેની સાથે સામાન્ય જનને હોય છે ખરી નિસ્બત ? માટે હવે નાગના સ્તુતિ-ગીતને લલકારીએ તો ?

આ ગીત લલકારનું છે અને નથી. તેને કોઈ વિશિષ્ટ પ્રકારનું લોકસંગીત કે લોકઢાળ નથી. તે માત્ર લલકારનું, Recitation નું લોકગીત છે. લોકગીતના વર્ગીકરણની દૃષ્ટિએ તેને નિહાળીએ તો તે છે જોડકણાં પ્રકારનું બાળગીત–Nursery Rhyme. કદાચ તેમાં પંથકભેદે ને બોલીભેદે શબ્દફેર સાંપડવાની શક્યતા ખરી. લલકારમાં ક્યાંક તફાવત જડે. ખરેખર તો, આવાં લોકગીતો સંગીતલિપિબદ્ધ–Notation–થવાં જોઈએ, જેથી કરીને ગાનભેદ સ્પષ્ટપણે તરી આવે. શબ્દભેદ ને પાઠભેદ પણ તેના એકત્રિત કરવા જોઈએ. તે માટેના કોઠા તૈયાર કરીને શાસ્ત્રીય ઢબે તેનું સંપાદન કરવું જરૂરી લેખાય. આટલું કરીએ પછી જ તેની શુદ્ધ વાચના તૈયાર થઈ શકે !

અહીંનું આ પ્રસ્તુત ગીત ચંદરવામાંથી મને જુદા જુદા છોકરાઓના મોંએથી પ્રાપ્ત થયું છે. આ જોડકણું રજપૂત, કણબી પટેલ ને કોળી નાતના બાળકોના મોંએથી સાંભળી લખી લીધું છે, જેથી તેના ઉચ્ચારના લહેકાઓ, ધ્વનિઓ, કાકુઓ ઇત્યાદિ લાવી શક્યો નથી, પણ તે જેમ લલકારાતું તેમ માંડી લેતો. એક જ ગામમાંથી જુદી જુદી જીભેથી સાંભળ્યું હોવા છતાં તેમાં પાઠભેદ સાંપડ્યા નથી. શક્ય પણ ન બને, કેમ કે જ્યાં બધી નાતો ભેળિયારાથી જીવતી હોય, ત્યાં જીવનનું એક જ વર્તુ જોવા મળે !

આ પાઠમાં પણ અશુદ્ધિઓ દીસે છે, પણ જેવું મળ્યું તેવું જ અત્રે ઉતારું છું.

આ જોડકણાના ઉતરાવનાર છે કાળુ નાગજી પરમાર, વય બાર વર્ષનું. ગુજરાતી ત્રીજા ધોરણમાં ભણે છે. સુરેશ નાથુભાઈ પટેલ ને બળવંત સામંત ડોડિયાના મોંએથી પુનઃ આ ગીતને સાંભળ્યું ત્યારે મૂળ પાઠ હાથમાં રાખી મેળવણી કરી, પણ તેમાં સ્હેજે ય ફેર જડયો નથી.

## ઘોઘાનું પૂજાગીત

ઘોઘો ઘોઘો ઘોઘ સલામ,[1]
નાથીબાઈનાં વીસ લામ[2]
તાંબિયામાં તેલ બળે,[3]
તાંબિયો ખોટો[4]

ઘોઘો રાણો મોટો !
મોટો મોટો થાવા દૂયો[5]
હેલે પાણી ભરવા દૂયો,
હાય્ય હાય્ય હાડકાં[6]

હાથીઘોડા લાડકયાં.
તેલ દૂયો, ધૂપ દૂયો,[7]
બાબાને બદામ દૂયો.
કાળિયો કૂતરો કાબરડો[8]

ગળે સોનાનો દોરો[9]
ઓંક લ્યો[10] ગોંખ લ્યો[11]
માણું દાણા કીધાના,
ચપટી દાણા દીધાના ![12]

———

૧ ચૌહાણ  ૨ વીર લાભ, વા વીર રામ,  ૩ તાંબાના પૈસાનું તેલ લાવી દીવામાં પૂરે  ૪ ઘીનો દીવો છે માટે તેલનો નકાર ભણવા માટેની વ્યંજનાભરી ઉક્તિ  ૫ આ ઉક્તિઓ પ્રાસ માટેની છે.

૬ હાર્ય હાર્ય હાડકાં જેવો પાઠ હોઈ શકે. નાગના દેહની અંદરના મકોડા.

૭ ઘોઘો લઈને આવનાર તે બાવો હશે ? કે બાબાને... ?. કે બાપાને બદામ દૂયો. ઘોઘાને ઘોઘા બાપાના સંબોધને બોલાવવાનો ચાલ આજે ગામડાંમાં છે.

૮ કાળિયો કૂતરો કાબરડો...આ પાઠ તૂટતો લાગે છે. પ્રાસ મળતો નથી, માટે કોઈ વેણ તૂટતું લાગે છે.

૯ કોના ગળે સોનાનો દોરો ? ઘોઘાબાપાના શણગારની ઉક્તિ હોઈ શકે.

૧૦ ઓંક લ્યો, ઓંક શું છે ? આશીષ લ્યો ? આરતી લ્યો ?

૧૧ ગોંખ લ્યો = ગોખલો. તેનું સ્થાનક સૂચવે છે.

૧૨ પંક્તિ સુસ્પષ્ટ છે.

# "મરણોત્તર"*–એક અર્થઘટન

હરસિદ્ધ મ. જોશી*

(સ્વ.) શ્રી સુરેશભાઈ જોશી દ્વારા લિખિત "મરણોત્તર" લઘુનવલ ૪૫ નાના પરિચ્છેદોમાં મરણના વિષયને ભાવવાહી રીતે રજૂ કરે છે. સામાન્ય રીતે મૃત્યુને જીવનનો અંત સમજવામાં આવે છે. પરંતુ આ પરિચ્છેદોમાં મૃત્યુને જ નક્કર માનીને તેની સાથે 'વ્યક્તિ' તરીકે વહેવાર કરવામાં આવે છે. જીવનવહેવારમાં ઉચ્ચતમ વ્યાપાર તરીકે આપણે જોઈએ તો આપણું ચૈતન્ય વરિષ્ઠ દરજ્જો ભોગવે છે ત્યારે મૃત્યુ નૈસર્ગિક ઘટના તરીકે ઓળખાય છે. આ 'નિસર્ગ'ને થોડો વખત ભૂલી જવામાં આવે છે. તેનું જ 'સંસ્કરણ' ( Reduction ) કરીને તેને ચેતનાનો ઢાળ આપવામાં આવે છે અને પ્રત્યેક સાંસ્કારિક ક્ષેત્રમાં અને કાર્યમાં આ મૃત્યુનું કાર્ય તેને નવો ઝોક આપતું હોય એમ લાગે છે.

લેખક મૃત્યુંથી ગભરાતા નથી. એ મૃત્યુના નૈસર્ગિક કાર્યનો પડકાર ઝીલી લે છે અને જીવનને મૃત્યુ જ પ્રોત્સાહન આપતું હોય એમ માનીને વહેવાર કરે છે. જીવનની ઉત્તરોત્તર પ્રગતિમાં મૃત્યુ જીવનને ક્ષીણ કરી નાખે છે એવું સામાન્ય રીતે માનવામાં આવે છે. તેથી મૃત્યુનો ભાર વધે છે. મૃત્યુનો ભાર વધવાથી જે જીવન ગુણાત્મક છે એ આખરે જડાત્મક થઈ જાય છે. મૃત્યુ દ્વારા જીવન સ્વયં ભૌતિક તત્ત્વ જેવું ભાસે છે. આવો વિરોધ વાસ્તવિક નથી. પરંતુ યથાર્થલક્ષી પદ્ધતિથી ગણતરી કરીને જે નજરે દેખાતું નથી તેને દેખાતું કરવામાં આવે છે.

પ્રથમ પરિચ્છેદમાં જ લેખક કહે છે કે "મરણમાંથી એક વિચિત્ર પ્રકારની વાસ પ્રસરવા માંડે છે, એનું મને ઘેન ચડે છે. એ ઘેનમાં છતાં જોતો, જાગતો, વેદનાનો સુસવાટો સાંભળતો હું ઊભો હતો." આમ મૃત્યુ અણગમાપ્રેરક છે એ બાબત વ્યક્ત કરવામાં આવી છે. છતાં વ્યક્તિ એ "વાસ"ને આત્મસાત્ કરી લે છે અને આ બાબતની યાદ દેનાર "મૃણાલ" હોય એ વ્યક્તિની એ સોબત બાંધી લે છે.

આભાસવાદી પદ્ધત્તિ ( Phenomenology ) અનુસાર વાસ્તવિક હકીકતને તેના નૈસર્ગિક વાતાવરણમાંથી તત્કાળ પૂરતું દૂર કરીને તેને સ્વલક્ષી ચેતનતત્ત્વમાં સંસ્કારિત કરવાનું છે. જે "છે" તેને હંગામી અળગું કરવાનું છે. તેને નૈસર્ગિક જગ્યાએથી દૂર કરીને પ્રતિમામાં પ્રતીક

---

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે–ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૨૫૯–૨૬૪.

* તત્ત્વજ્ઞાન વિભાગ, મ. સ. યુનિવર્સિટી ઑફ બરોડા

* મરણોત્તર : સુરેશ હ. જોશી, બુટાલા પ્રકાશન, વડોદરા, ૧૯૭૩.

તરીકે જગ્યા આપવાની છે. સંજ્ઞા અને પ્રતીક વચ્ચે ભેદ છે. સંજ્ઞા મુજબ કાર્ય થાય છે. જેમ કે લાલ બત્તી જોઈને વાહન થંભી જાય છે. પરંતુ પ્રતીકની આજુબાજુ સંકલ્પના અને વિભાવનાનું કુંડાળું સર્જાતું હોય છે. લેખક વાસ્તવિક મૃત્યુની હકીકતને માનવચેતના અને જીવંત ગુણોમાં ઉતારે છે. તેરમા પરિચ્છેદમાં મૃત્યુને વાઘ સાથે સરખાવવામાં આવ્યું છે. જેમ વાઘ માણસને ડરાવે છે તેમ મૃત્યુ પણ માણસને ડરાવે છે. પરંતુ સમયના બાષ્પીભવનમાં સઘળું ઓગળી જશે એવો એને વિશ્વાસ છે. મનુષ્ય પોતે આ સમયમાં એક ક્ષણ જેવો છે. તેથી સમયની ઉષ્ણતામાં તે ઓગળી જશે. આભાસવાદ સમયના પ્રત્યયને અન્ય પ્રત્યયો કરતાં વધુ સત્તત્ત્વ તરીકે લેખે છે. અલબત્ત આ સમય એ ઇતિહાસનો સમય નથી. પરંતુ એ આંતરિક ચેતન-તત્ત્વનો સમય છે. તેથી ચેતનતત્ત્વ મનુષ્યના ભય અને તેની વિહ્વળતાને દૂર કરવા શક્તિમાન છે.

જેમ મનુષ્યમાં પ્રેમ અને ઈર્ષ્યા, સુખ અને દુઃખ, ભય અને આસક્તિ, શાંતિ અને વ્યગ્રતા જેવા વિરોધો રહ્યા છે, તેમ મૃત્યુ પણ આ વિરોધોનું સ્વરૂપ ધારણ કરી શકે છે. મૃત્યુ ઇચ્છે છે કે મનુષ્યનું જીવન સ્વચ્છ અને સંવાદિત રહે પરંતુ મૃત્યુ સ્વયં અલગ વ્યક્તિત્વ છે તેથી તેમાં પણ વિધાયકની વિરુદ્ધ નિષેધક, સમની વિરુદ્ધ વિષમ આવેગો રહ્યા છે. તેથી લેખક મરણને "બંધુ" કહે છે. એ મોઢું ફેરવીને બેસે છે. મૃત્યુ એટલું બધું વિકાસશીલ છે કે તેમાં ગતિ અને અવરોધ, પ્રગતિ અને અધોગતિ એવા વિરોધો સમાઈ જાય છે. વાસ્તવમાં આ બાબત મનુષ્યની ચેતનશક્તિનો વ્યાપ દર્શાવે છે. આભાસવાદ મનુષ્યના આશયને 'વિષય–અભિમુખ' લેખે છે. તેથી જડ કે ચેતન વિષય બંને મનુષ્યની આશયલક્ષિતાના અનિવાર્ય ભાગ બની જાય છે.

આમ આત્મલક્ષી અને વસ્તુલક્ષી બાબતો પરસ્પર સંકળાયલી છે એમ માનવામાં આવે છે. મનુષ્યના ચૈતન્યના ગુણ દ્વારા બાહ્ય જડતત્ત્વનું પરિમાણ ભૂંસાઈ જાય છે એવો લેખકને વિશ્વાસ છે. પંદરમા પરિચ્છેદમાં લેખક કહે છે કે "મારામાં રહેલું મરણ સંકોચાઈને એક બિંદુ જેવું થઈ જાય છે. મારા અસ્થિના મર્મમાંથી એક ચિત્કાર નીકળે છે. એના પડઘા સામે મરણ દાંતિયા કરે છે. હવાના જ તાંતણાથી ગુંથાયલી જાળમાં ઝીલાઈને જાણે હું બચી જઈ શકયો છું." મૃત્યુ એટલું પ્રબળ અને જોરાવર થઈ શકે છે કે એ માણસના સામર્થ્યને હચમચાવી દે છે તેથી જ માણસ ગમે તેટલો ચેતનવંત હોય છે છતાં એ એક વખત તો મૃત્યુથી ડરી જાય છે. વાસ્તવમાં મૃત્યુ એ શૂન્ય છે અને છતાં "એ શૂન્યોનું ટોળું" માથા ઉપર ઝઝૂમતું હોય એમ લાગે છે.

પરંતુ આ ભય અવાસ્તવિક છે અને મૃત્યુનો મલ્લ પોકળ હોય એવું લાગ્યા વિના રહેતું નથી. અલબત્ત, અહીં માણસે ડરવું ન જોઈએ એમ કહેવાનો ભાવાર્થ છે. આભાસવાદી ચિંતક માર્ટિન હાઈડેગર (૧૮૮૯–૧૯૭૬) વિચારે છે તેમ અનેક હકીકતોની સાથે મૃત્યુ પણ એક હકીકત છે એ સામનો કરવા જેવી હકીકત છે. સામાન્ય રીતે હકીકત શિક્ષણ આપતું નથી. એ કેવળ માહિતી આપે છે, ત્યારે મૃત્યુ એવી હકીકત છે જે મનુષ્યને શિક્ષણ આપે છે. એ ચેતનાને ઓપ આપે છે. આ દૃષ્ટિએ જોતાં જેટલું શિક્ષણ જીવનની હકીકત દ્વારા મળવું આવશ્યક છે તેટલું અથવા તેથી વધુ મૃત્યુ દ્વારા મળવું જોઈએ એ અપેક્ષિત છે.

જ્યારે મૃત્યુને માનવજિજીવિષા સાથે સરખાવવામાં આવે છે ત્યારે આ જિજીવિષા ચિરંજીવી નથીએ બાબત મૃત્યુના સ્વરૂપમાં જણાય છે. લેખક એને પીળા દાંત સાથે સરખાવે છે. તેનું વજન તેને પોતાને જ ભારે પડે છે. તેથી માણસમાં અમરતાની મહત્ત્વાકાંક્ષા છે. પણ મૃત્યુમાં આવી કોઈ આકાંક્ષા નથી. અલબત્ત મૃત્યુની હકીકત માણસને વાસ્તવમય બનાવે છે. એ દૃષ્ટિએ મૃત્યુનો માણસ પર વિજય પુરવાર થાય છે. મૃત્યુને કેવળ નૈસર્ગિક ઘટના તરીકે આવકારવામાં આવી નથી, પરંતુ તેને ચૈતસિક ઘટના તરીકે લેખવામાં આવી છે. ચૈતસિક ઘટનાનું લક્ષણ એ છે કે તેને મનોવૈજ્ઞાનિક પરિભાષામાં વર્ણવવામાં આવે છે. જાણે કે એ જીવન–તથ્ય હોય એમ સમજાય છે. મૃત્યુ જાણે કે મિત્ર–સમાન છે. તેને સ્નેહથી આવકારવાનું છે એમ સૂચવાય છે. જેમ આત્મતત્ત્વને કોઈ ચોક્કસ દેહ કે પરિમાણ દ્વારા નિર્દેશી શકાતો નથી તેમ મૃત્યુને નિર્દેશવું અશક્ય જણાય છે. પરંતુ કવિ કાલિદાસ મેઘને સંદેશવાહકને રૂપે સમજે છે. પવન એ માણસને ઉઘાડો કરી નાખે છે અને મૃત્યુ તેની હાજરી લઈ લે છે.

સત્તરમા પરિચ્છેદમાં લેખક મૃત્યુને વ્યક્તિનો દેહ આપવા પ્રયત્ન કરે છે. એ લખે છે કે "નમિતા નિસાસો નાખે છે. મરણની જીભ લપકે છે. નમિતાની આંખોમાં પાંખ ફફડાવીને ઉડી જવા ઈચ્છતા પંખીની અધીરતા છે. પવન રેશમ સાથે છાની વાતો કરે છે. એની એ ગુસપુસ મારે કાને પડે છે. મધદરિયે જતાં કોઈ વહાણના સઢમાંથી કોઈક પ્રલાપ આ પવન સાંભળતો આવ્યો છે. નમિતાની કાયા પર રેશમની ઝાંય જાણે મોહકતાનું આછું આસ્તરણ બની રહે છે. રેશમ વધુ વાચાળ બને છે. પણ નમિતા જાણે એ કશું સાંભળતી નથી. દૂરથી કોઈને સંકેત કરીને બોલાવતી હોય એમ નમિતા હાથ ઉંચો કરે છે. સહેજ ઝરૂખામાં કઠેરા પર જૂએ છે. એના પગ સહેજ ડગી જાય છે. એનું સમતોલપણું જતું રહે છે. કઠેરાની બીજી બાજુ ઢળી ન પડે એ માટે એ મારી તરફ ઝૂકે છે. બીજી જ ક્ષણે એનો ભાર મારા પર આવી પડે છે. હું જાણું છું કે એ નમિતા જ છે. છતાં મારાથી પૂછી દેવાય છે, "કોણ મૃણાલ?" મૃત્યુ જ્યારે વ્યક્તિનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે એ સંઘર્ષ, નિર્બળતા, અને અનિર્ણયિકતા બની જાય છે. અને એ સ્વયં વ્યક્તિને આઘાત પહોંચાડતા હોય એવું લાગે છે. અહીં અસ્તિત્વવાદની છાયા જણાય છે. વ્યક્તિ અન્ય વ્યક્તિના સ્વરૂપે મૃત્યુને વરે છે તેનું આ વર્ણન છે. પોતે ન ઈચ્છે તો પણ અન્યની વ્યગ્રતાનો હુમલો પોતાના પર થાય છે. એ વિષે મનુષ્યે તૈયાર રહેવાનું છે. અમુક જગ્યાએ મૃત્યુને "ઠુંઠું" કહેવામાં આવ્યું છે. આમ છતાં મૃત્યુને ઠુંઠું કહેવું એ તેનું અવમૂલ્યન કરવા જેવું છે. તેના 'અધિકૃત' વર્તનમાં તો તેના હાથ લાંબા રહે છે. તેનું ખંધુ હાસ્ય મૃત્યુ પાસે વિષમ શક્તિ છે તેનું પ્રદર્શન કરે છે.

જે રીતે કોઈ કલાના વિષયને મૂલવવા માટે તે વિષયના સમય અને સ્થાનને અલગ કરવા પડે છે તેમ મૃત્યુને મૂલવવા માટે તેનું સ્થાન અને સમયનું અસ્તિત્વ દૂર કાઢી નાખવાં પડે છે. વિષયને 'વિષય' તરીકે અવલોકવાનો આ આગવો પ્રયાસ છે. આભાસવાદી પદ્ધતિમાં આ ક્રિયાને "અસ્તિત્વમાંથી દૂર કરવાની' (Bracketing) પદ્ધતિ કહેવાય છે. લેખક આ પદ્ધતિને વારંવાર પ્રયોજિત કરે છે. બાવીસમા પરિચ્છેદમાં લેખક કહે છે કે "હું શૂન્યતાને મારાથી અળગી કરીને જોઉં છું. તે જ એની ને મારી વચ્ચેના અંતરને પ્રગટ કરે છે. શૂન્યતાની અને

મારી વચ્ચે કદાચ હજી મારે અનેક જન્મો મૂકવાના રહેશે". ઈશ્વરને પણ માણસ બનવું છે. પરંતુ માણસ બનવામાં દુઃખને સહન કરતાં શીખવું જોઈએ. મરણ સ્વયં આ પ્રશ્ન પૂછે છે. ઈશ્વર કેટલી કલુષિતતા સહી શકશે? સાથે સાથે લેખક એક માર્મિક વાકય લખે છે કે કલંકને ભૂષણ બનાવ્યા વગર ધારણ કરવાનું સૌથી અઘરું છે.

આ ઉપરાંત બાહ્ય વિષયનું આકલન 'અહમ્' (Ego) તત્ત્વ વિના શકય નથી. આ આંતરવિષયક સંબંધ મૃત્યુની બાબતમાં પણ પ્રતીત થાય છે. મૃત્યુની બાબતમાં વાસના અને કામનાઓ તેનું મુખ્ય વાહન બની જાય છે. 'મરણની લાતાલાત મને જંપવા દેતી નથી. બધું તંગ છે. એની તાણ હું અનુભવું છું. ભંગુર કહેવાતા દેહનાં બંધનો કેવાં હઠીલાં હોય છે! પણ હું કશીક આશાનું તરણું ચાવતો બેસી રહું છું. એનો કશો સ્વાદ નથી. પણ કેવળ પશુની જેમ જડબાં હલાવે રાખવાનું જાણે અનિવાર્ય થઈ પડયું છે.' વળી આગળ જતાં કહે છે કે 'આસ્ફાલ્ટના રસ્તાની નિષ્પ્રાણતા મારા પગનાં તળિયાંને પછડાયા કરે છે. મુલાયમ રેશમી ધૂળને ખોળે પગ પડતો નથી જીભ કાઢીને હાંફતા રસ્તાઓની આંધળી દોટને હું વિવશ બનીને જોયા કરું છું. રસ્તાના વળાંક મારા મનમાં પ્રલોભન જગાડે છે. ત્યારે રખેને હું છટકી જાઉં એવી ભીતિથી મરણ સાવધાન બનીને મને જોયા કરે છે.

અહમ્ અને વિષય કેવી રીતે ઓતપ્રોત છે એ બાબત પોપટ અને ગણિકાના સંબંધથી રજૂ કરવામાં આવી છે. ગોપી કહે છે કે તારા આગલા જન્મોની વાત મને ખબર છે. તું ગણિકાના ઘરનો પોપટ હતો. જે ગણિકાના ઘરમાં આવે તેને તું કર્કશ અવાજે આવકારતો. અધીં આંખ બંધ કરીને તું નાચ-મુજરો જોતો. ઉશ્કેરાઈને પીંજરાના સળિયાને ચાંચ મારતો. ગણિકાએ પોપટને કહ્યું "મારી આંખો ફોડી નાંખ, તારી ચાંચ શું એટલું નહી કરી શકે? પોપટે દયા લાવીને ગણિકાની આંખો ફોડી નાખી. પછી બીજો અવતાર થયો. ગણિકા બની· રૂપરૂપના અવતાર જેવી કન્યા અને જેણે પોપટની ડોક મરડી નાંખી હતી એ બન્યો બ્રાહ્મણનો પુત્ર. બન્ને દૂર છતાં બન્ને એકબીજાના સપનામાં દેખાય—બન્ને ઉન્મના થઇને જીવે છે. એક દિવસ બન્ને ભેગાં થઇ ગયાં. તાર સંધાયા. પણ આ તો કળિજુગ. સંસારની જંજાળ. ખૂબ રહેંસાયાં. અકાળે મરણશરણ થયાં. વળી પાછો નવો જન્મ.

અહમ્ એ સાક્ષીભાવ છે અને આ સાક્ષીભાવમાં મૃત્યુ તેનાથી અલગ પડી જાય છે. "રાત્રે બધું સૂમસામ થઈ ગયું હોય છે ત્યારે દૂરના બીજા ખંડિયેરમાં વસતા પ્રેતનો હૂહૂકાર મારામાં વસતા થોડાક પડઘાઓને ઢંઢોળે છે. ઉનાળાની બપોરે મૃગ-જળની છોળ છલકાવા માંડે છે ત્યારે હું મૃગજળ પર ઝૂલવા લાગું છું. પરંતુ મૃગ-જળ મને ડૂબાડી દઇ શકતું નથી. અંધકારમાં પણ મારી રેખાઓ ભૂંસાતી નથી. હું નિમિત્ત છું, લક્ષ્ય નથી, સાક્ષી છું. સહભાગી નથી. જ્યારે મૃત્યુ શરીરમાં પ્રવેશી જાય છે ત્યારે પણ શરીર વિષય તરીકે રહે છે કારણકે મૃત્યુ 'શરીરને' ઓગાળવા પ્રયત્નશીલ છે. પરંતુ જ્યાંસુધી અહમ્ છે ત્યાં સુધી તેને ઓગાળી શકતું નથી. મારામાં રહેલું સૂકું મરણ ડોલવાથી ખખડે છે. મારા શ્વાસમાં હું એનો આ ફફડાટ સાંભળું છું. હું ગભરાઈને ચીસ પાડવા જાઉં છું." અહમ્ ચેતનવંત છે. તેથી મૃત્યુને પણ તેનો ઓપ આપવાનો પ્રયાસ કરે છે. 'મારી અંદર બેઠેલું' મરણ એના ઠૂંઠા હાથથી તાળી પાડવા

મથે છે. જેને મારો ભોગ ધરવાનો છે તે દેવની કે અસૂરની પ્રતીક્ષામાં સૌ કોઈ છે. હું મારી ચેતનાને સંજ્ઞાહીનતાના સીમાડા સુધી ખેંચી ખેંચીને લઈ જાઉં છું. ત્યાં કોઈકનો વિરાટકાય પડછાયો બધું ઢાંકી દે છે. મારી આંખ પૃથ્વીના પેટાળમાં દટાયલાઓના અસંખ્ય અસ્થિ-પિંજરોમાં અડાબીડ અરણ્યોમાં અટવાઈ જાય છે. મારી પાછળ એક આછો નિશ્વાસ છે. જાણે કોઈ મારી વિદાય લઈ રહ્યું છે. નિદ્રાનો ધોળો અપારદર્શક રંગ મને ઘેરી વળે છે. પણ એ વાદળના અભ્યંતરમાં સૂર્યનો અંગુલિસ્પર્શ છે. ક્યાંક તેજાબના ભડકા જેવો અગ્નિ દેખાય છે. એમાં થઈને હું કોઈ ખરતા તારાની જેમ સર્યે જાઉં છુ. અવકાશમાં ક્યાંક કણસવાનો નિઃશ્વાસ છે. સૃષ્ટિના આરંભ પહેલાંની કોઈ વેદના હજી ત્યાં મોક્ષ પામ્યા વિના ભમ્યા કરે છે. મરણ ક્યાંક રજકણની જેમ મારાથી કેંકાઈ ગયું છે." લેખક રહસ્યમય પ્રશ્ન કરે છે, આને મારે શું કહેવું ? ઈશ્વર ? કે શૂન્યનું બુદ્દબુદ્દ ?

આ લઘુ નવલમાં જીવન અને જગતનાં તથ્યોને મૃત્યુ જેવી પ્રસરતી ઘટનામાં વણી લેવામાં આવ્યાં છે. જે પ્રસરતી ઘટનાને મૃત્યુ કહેવામાં આવે છે, તે વાસ્તવમાં સમય કે જીવનનો અંત નથી. મનુષ્ય મૃત્યુથી ડરે છે એ તથ્ય જ દર્શાવે છે કે મૃત્યુ એની ચેતનાનો એક ભાગ છે. જો બૌદ્ધિક બાબતો, નૈસર્ગિક બનાવો અને મનોવૈજ્ઞાનિક પ્રતિમાઓ આવકારદાયક તથ્ય હોય તો મૃત્યુ પણ વૈશ્વિક અનુભવનું એક તથ્ય છે. અલબત્ત, ક્ષણિક રીતે તે મનુષ્યને ભારે ધક્કો પહોંચાડે છે અને તે આઘાતજનક બની જાય છે. પરંતુ ઐતિહાસિક રીતે તે સ્મૃતિનો એક ભાગ છે. એ અર્થમાં મૃત્યુ એ લુપ્તપ્રાયપણાની નિશાની નથી. પરંતુ ચિરંતન ચેતનાના સ્મૃતિપટનો અંશ છે. આ વિચારધારાને પશ્ચાત્ ભૂમિકામાં રાખીને લેખકે આભાસવાદની પદ્ધતિ આલેખી છે. એ નૈસર્ગિક તથ્યથી પર ગયા છે અને પારગામી ચેતન તત્ત્વને અનુભવિક જીવનની માનસિક પ્રવાહિતામાં વ્યક્ત કર્યું છે. તેથી આપણા સામાન્ય વિધાનથી આ ચૈતસિક વિધાન ભિન્ન કોટિનું જણાય છે. આ બધાની પાછળ મનુષ્યનું અહમ્ તત્ત્વ કેન્દ્રમાં છે. એ વિના અનુભવ અશક્ય છે એ ભૂલવાનું નથી. મૃત્યુ જેવી આઘાતજનક બાબતને સહજ ચૈતન્યમાં ઉતારીને તેને ચિરંજીવી કરી છે એ આ પદ્ધતિની અમૂલ્ય ભેટ છે.

# વિવેકાનન્દ, ગોવર્ધનરામ, ગાંધીજી અને વિનોબાજી–વિચારવિકાસની દૃષ્ટિએ

હરીશ વ્યાસ

કેટલાક લોકો આક્ષેપો કરે છે કે દુનિયા તો જ્યાંની ત્યાં જ છે. હજી યે મનુષ્ય આટઆટલી ખોજો અને સંશોધનો, શાળાઓ અને પુસ્તકાલયો, તેમ જ વિજ્ઞાન અને ટેકનોલૉજીના આવિષ્કારો પછી યે 'જૈસે–થે' ( Status–quo ) દશામાં છે. આવું બોલનારાઓ જરાક ખુલ્લા દિલ અને દિમાગથી જોશે, તો તેમને દેખાશે કે વ્યક્તિ, સમાજ અને સમષ્ટિમાં ભારે પરિવર્તન ચાલી રહ્યું છે, જેણે માનવવિકાસનાં અનેક ભવ્ય શિખરોને સર કર્યાં છે.

જર્મનીના મહાન મનોવૈજ્ઞાનિક સિગમન્ડ ફ્રોઈડનો વિખ્યાત ગ્રન્થ છે, 'Psycho Analysis'–માનસપૃથક્કરણ, જેમાં તેણે એક મહત્ત્વપૂર્ણ વાત કહી છે, જે તરફ આપણું ધ્યાન આકર્ષિત થાય એ ખૂબ જરૂરી છે. "Man changes at every moment."[1] અર્થાત્ મનુષ્ય ક્ષણે ક્ષણે પલટાય છે. એ હકીકત છે કે આપણી આજુબાજુમાં સતત ઋતુપરિવર્તન, વાતાવરણપરિવર્તન, આબોહવાપરિવર્તન અને પરિસ્થિતિપરિવર્તન ચાલ્યા જ કરે છે. પશુ, પંખી, ફળ, ફૂલ, વનરાજિ, જીવજન્તુ અને કીટકસૃષ્ટિમાં યે સતત પરિવર્તન થતું રહે છે. એ રીતે જન્મ, વ્યાધિ, જરા અને મૃત્યુ દ્વારા યે પરિવર્તન ચાલ્યા જ કરે છે. વૈજ્ઞાનિકો કહે છે કે બાર વર્ષ દરમ્યાન મનુષ્યના કોષો, નાડીઓ, જ્ઞાનતન્તુઓ અને લોહીમાં યે જબરદસ્ત પરિવર્તન થતું હોય છે.[2]

એટલું જ નહિ, પણ મેકાઈવર નામે મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્રનો વિદ્વાન તેના ગ્રન્થ 'Modern Sociology'માં કહે છે, "Man is a social animal, at the same time a rational animal...His brain–cells and mind are continuously changing, by

---

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે–ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૨૬૫–૨૮૨

* ડૉ. હરીશ વ્યાસ, બી/૧, રાજલક્ષ્મી એપાર્ટમેન્ટ, રાજહંસ સોસાયટી, બસસ્ટેન્ડ સામે, સેંટ ઝેવિયર્સ કૉલેજ કૉર્નર પાસે, એલિસબ્રીજ, અમદાવાદ–૩૮૦૦૦૬

૧ વ્યાસ હરીશ, 'ક્રાન્તિ અને સાધના, ભાગ–૩' વ્યાસહરીશ, ૧૦૨/સી, સ્વસ્તિક સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ–૯, ૧૯૬૯, આવૃત્તિ–૧ પૃ. ૬૦–૭૦

૨ ભાવે વિનોબાજી (આચાર્ય), 'વિજ્ઞાન ઔર આત્મજ્ઞાન', સર્વસેવા સંઘ, રાજઘાટ, બનારસ, ૧૯૬૦, આ. ૧, પૃ. ૨૫–૩૦

various incidents, accidents, actions and reactions "[3] અર્થાત્ મનુષ્ય એ સામાજિક પ્રાણી તો છે જ, પણ સાથોસાથ વિચારશીલ પ્રાણી યે છે...તેના મસ્તિષ્ક-કોષો અને મન વિવિધ ઘટનાઓ, અકસ્માતો, ક્રિયાઓ અને પ્રતિક્રિયાઓથી અવિરત બદલાતાં જ રહે છે. પ્રસિદ્ધ મનોવૈજ્ઞાનિક કેરેન હોર્ની તો એટલે સુધી કહી દે છે 'you will not find a man to day, which was yesterday and a man, at this moment, which was at past last moment "[૪] અર્થાત્ તમે એવો મનુષ્ય જોઈ શકશો નહિ, જે ગઈકાલે હતો તે આજે હોય, અને જે ગત છેલ્લી ક્ષણે હતો તે આ ક્ષણે હોય. શ્રી જે. કૃષ્ણમૂર્તિ જેવા મહાન ફિલસૂફ તો કહે છે, "If a man changes, changes at this very moment or never "[૫] અર્થાત્ મનુષ્ય જો બદલાય છે, તો આ જ ક્ષણે બદલાય છે, નહિ તો કદી યે નહિ. એટલા માટે જ તેઓ કહે છે, "Every moment is a moment of change, if the human being is conscious, aware and continuously observing the self dettachedly[૬] અર્થાત્ દરેક ક્ષણ એ પરિવર્તનની ક્ષણ છે, જો મનુષ્ય સજ્ઞ, સભાન અને પોતાની જાત ('સ્વ')નું અલિપ્તતાથી નિરીક્ષણ કરતો હોય.

કેટલાક લોકો માને છે કે માણસને સમયના વહેણમાં વહેવા દો. સમય જ તેને બદલશે. કેટલાક કહે છે કે સ્થળોને બદલી નાખો, એટલે મનુષ્ય બદલાશે. વળી કેટલાક કહે છે કે પરિસ્થિતિઓને બદલી નાખો, એટલે મનુષ્ય બદલાશે. આમ સ્થળ, કાળ અને પરિસ્થિતિઓથી મનુષ્ય બદલાશે એવી માન્યતાઓ યે છે. વળી કેટલાક લોકો દૂરતા (Distance), અલગતા (Separateness), પ્રવાસ (Journey) અને પ્રતિક્રિયાઓ (Reactions)ને પરિવર્તન માટે કારણભૂત ગણે છે. પરન્તુ આ બધું યે વ્યર્થ અને નિરર્થક છે એમ જણાવીને, વિશ્વચિન્તક શ્રી જે. કૃષ્ણમૂર્તિ આ પરિવર્તનની સમસ્યાના મૂળમાં જઈ ને કહે છે, "Although, all these extra and outward sources are futile and superfluous. Only the right and deep understanding changes the man, only in a moment.[૭] અર્થાત્ જોકે, તમામ વધારાનાં અને બાહરી સાધનો નિરર્થક અને ઉપલકિયાં છે. માત્ર ખરી (સાચી, યોગ્ય) સમજણ જ, મનુષ્યને માત્ર ક્ષણમાં જ બદલે છે.

આ રીતે જોઈશું તો મનુષ્યમાં શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આંતરિક વિકાસ આદિમકાળથી માંડીને આજ સુધી સતત થતો જ રહ્યો છે. વિચારવિકાસની દૃષ્ટિએ સ્વામી વિવેકાનંદ, ગોવર્ધનરામ ત્રિપાઠી, મહાત્મા ગાંધીજી અને સંત વિનોબાજીનું પ્રદાન આપણે હવે જોઈશું.

3 Maciver and Page 'Modern Sociology', Oxford University Press, London, 1950, Ed. I, Page 5-10.

૪ ત્રિવેદી હરભાઈ, 'શું ?', ઘરશાળા, ભાવનગર, ૧૯૫૦, આ. ૧, પૃ. ૨૦-૩૦

5 Krishnamurti J., Freedom First and Last, Krishnamurati Foundation, Adyar, Madras, India, 1948, Ed. I, Page 19-30

૬ એજન

૭ એજન

## સ્વામી વિવેકાનંદ

દોઢસો વર્ષની બ્રિટિશ ગુલામીમાં સબડતા આ દેશની મૂછિત, સુષુપ્ત અને કુંઠિત ચેતનાને સૌ પ્રથમ જોરદાર રીતે ઢંઢોળનાર, સારા યે દેશમાં ઘૂમીને શિક્ષિતવર્ગ, બૌદ્ધિકો અને અગ્રણીઓમાં ભારતીય સંસ્કૃતિ, ભારતીય ધર્મ અને ભારતીય તત્ત્વજ્ઞાન માટે, વૈજ્ઞાનિક ઢબે પશ્ચિમના સંદર્ભ અને તુલનામાં, જાગૃતિની જ્યોતિ પ્રગટાવનાર, અસ્મિતા સ્વમાન અને આત્મગૌરવનો નેજો ફરકાવનાર, પ્રથમ પ્રજ્ઞાપુરુષ હતા સ્વામી વિવેકાનન્દ, જે બંગાળમાં હૂગલી જિલ્લાના કામારપુકુરના મહાન યોગી, સાધક અને સન્તપુરુષ શ્રી રામકૃષ્ણ પરમહંસના પટ્ટશિષ્ય હતા.

જેમણે ઈતિહાસમાં પહેલીવાર સ્વદેશપ્રેમ, સ્વદેશભક્તિ, રાષ્ટ્રીય, અસ્મિતા, રાષ્ટ્રગૌરવ અને સ્વદેશાભિમાનનો નન્દાદીપ, રાષ્ટ્રના ચારે ય ખૂણે ઘૂમીને પ્રગટાવ્યો. એટલું જ નહિ, આ મહાન રાષ્ટ્રના ગૌરવ, સમ્માન અને વિકાસ માટે, પોતાની જાતને પ્રથમ સમર્પિત કરીને, હજારો શિક્ષિતો, સ્નાતકો અને અનુસ્નાતકોને એ દિશામાં વાળ્યા.

'રામકૃષ્ણ મિશન' સ્થાપીને તેમણે સેંકડો યુનિવર્સિટી સ્નાતકો-અનુસ્નાતકોને રાષ્ટ્રસેવા, રાષ્ટ્રઉન્નતિ અને રાષ્ટ્રવિકાસ માટે સંન્યાસની દીક્ષા આપી. એટલું જ નહિ, સ્ત્રીઓને માટે ય તેમણે સંન્યાસનો માર્ગ ખુલ્લો કર્યો.

જાતિ, જ્ઞાતિ, કોમ, સંપ્રદાય વગેરેની સંકીર્ણતાઓમાંથી વિચારશીલ વર્ગને બહાર લાવીને, માનવ, માનવતા અને માનવધર્મ માટે સમર્પિત થવા માટે પડકાર ફેંક્યો, "It is man–making religion, that we want. It is man–making society, that we want, and it is man–making education, that we want."[૮] અર્થાત્ આપણે એવો ધર્મ જોઈએ છે, જે મનુષ્યને સાચો માનવ બનાવે; આપણે એવો સમાજ જોઈએ છે, જે મનુષ્યને સાચો માનવ બનાવે. અને આપણે એવું શિક્ષણ જોઈએ છે, જે મનુષ્યને સાચો માનવ બનાવે. આમ તેમણે જ્ઞાતિ, જાતિ, કોમ, સંપ્રદાય વગેરે સંકુચિતતાઓથી પર જઈને, વિશ્વમાનવ, વિશ્વમાનવતા અને માનવધર્મનું આવાહન કર્યું. ઊંચનીચભેદો, સ્પૃશ્યાસ્પૃશ્ય અને છૂતાછૂતના ખ્યાલોને દૂર કરીને, માનવતા અને માનવીય મૂલ્યો પ્રગટાવવા માટે દેશના વિચારશીલો, બૌદ્ધિકો અને શિક્ષિતવર્ગને જોરદાર રીતે અપીલ કરી.

કીડી, મંકોડી, જીવજન્તુ, કબૂતર–હોલા અને પશુપંખીની સેવામાં જ ધાર્મિક્તા જોતા અને જીવતા જાગતા મનુષ્યની ઉપેક્ષા કરતા, ધાર્મિક લોકોને, તેમણે સંભળાવી દીધું, "I do not know any other God, rather than 'Daridra–Narayan'...God resides at every place, but specially in illiterate, backward, depressed, suppressed and diseased masses"[૯] અર્થાત્ 'દરિદ્ર–નારાયણ' સિવાય, બીજા કોઈ ઈશ્વરને હું ઓળખતો નથી...

---

૮ વ્યાસ હરીશ, 'ક્રાન્તિ અને સાધના ભાગ-૨', પૂર્વોક્ત, પૃ. ૩૨

૯ એજન, પૃ. ૩૭

ઈશ્વર સર્વત્ર રહેલો છે, પરન્તુ વિશેષતઃ નિરક્ષર, પછાત, પતિત, કુંઠિત અને બીમાર લોકોમાં એ રહેલો છે. એટલા માટે, તેમણે એ દરિદ્રમાં રહેલા નારાયણની સેવા માટે નિર્દેશ કર્યો, ' Service to a man, is a service to God "[૧૦] અર્થાત્ મનુષ્યની સેવા એ જ પ્રભુની સેવા છે.

અમેરિકામાં સ્વામી વિવેકાનન્દે અનેક મુશ્કેલીઓ સહીને, ચિકાગોની 'વિશ્વધર્મ પરિષદ'માં હિંદુ ધર્મના પ્રતિનિધિ તરીકે હાજરી આપી અને એમના માત્ર પાંચેક મિનિટના પ્રવચનમાં, " sisters and brothers of America "[૧૧] અમેરિકાનાં મારાં બહેનો અને ભાઈઓ જેવા આત્મીયતા, મમતા અને વહાલભર્યા સંબોધનથી તેમણે સૌને આત્મસ્પર્શથી રસી લીધાં. વળી, " અમારો ધર્મ કોઈના ઉપર આક્રમણ કરવા ચાહતો નથી, સંખ્યાવિસ્તારમાં યે માનતો નથી, કે ધર્માન્તરો કરાવવા યે ઈચ્છતો નથી. પણ દરેક ધાર્મિક મનુષ્ય, સાચો ધાર્મિક બને–બલ્કે દરેક ખ્રિસ્તી, સાચો ખ્રિસ્તી બને, દરેક મુસ્લિમ, સાચો મુસ્લિમ બને અને દરેક હિન્દુ, સાચો હિન્દુ બને, એમ ઇચ્છે છે. " આમ કહીને ધર્મોમાં ચાલતી ખેંચાતાણી, મારામારી અને સંખ્યાવૃદ્ધિ તથા ધર્માન્તરની હિલચાલોને પડકારી. વળી, "ધર્મની તમામ ધારાઓ, છેવટે નદીની જેમ વહેતી વહેતી, સાગર પ્રત્યે–એક ઈશ્વર પ્રત્યે લઈ જાય છે "[૧૨] એ વાત સમજાવતાં તેમણે નીચેનો શ્લોક રજૂ કરેલો :

"आकाशात् पतितं तोयं, यथा गच्छति सागरम् ।
सर्वदेवनमस्कारः, केशवं प्रति गच्छति ॥"[१३]

અર્થાત્ જેમ આકાશમાંથી પડેલું પાણી, નદીઓ–ઝરણાંઓ રૂપે સાગર પ્રત્યે જાય છે, તેમ જ તમામ દેવોને કરેલા નમસ્કાર, છેવટે (સર્વશકિતમાન) પરમાત્મા (ઈશ્વર) પ્રત્યે જાય છે. આમ કહીને, સર્વ ધર્મો પ્રત્યે આદર, સન્માન અને સહિષ્ણુતા તેમણે પ્રગટ કર્યાં. આ રીતે Tolerance for all religions–સર્વ ધર્મો પ્રત્યે સહિષ્ણુતા પ્રગટ કરતાં, તેમણે સર્વ-ધર્મઅભ્યાસ, સર્વધર્મપ્રેમ અને સર્વધર્મસમાદરની સૌને પ્રેરણા આપી.

ઈશુ ખ્રિસ્તના મહાન સૂત્ર, " Work is Worship " અર્થાત્ કર્મ એ જ ઉપાસના, આરાધના, અને ભકિત છે. એમ સમજાવીને એકેએક કામ[૧૪] ઈશ્વરપ્રીત્યર્થે, સમર્પિત ભાવે અને દિલ રેડીને કરવાની પ્રેરણા યે આપી.

આપણે સૌ ચૈતન્યશકિતના અંશો છીએ, એમ જણાવીને, તુચ્છતા–અલ્પતા અને ક્ષુદ્રતાને દૂર કરીને, તેમણે જુવાન પેઢીમાં, મહાન કાર્યો કરવા માટેની ઉચ્ચ ઇચ્છાશકિત અભીપ્સા

---

૧૦ એજન, પૃ. ૩૯

૧૧ એજન, પૃ. ૨૯

૧૨ એજન, પૃ. ૩૦–૩૧

૧૩ એજન, પૃ. ૩૧

૧૪ એજન, પૃ. ૧૮૨

( Aspiration ) જાગૃત કરી, " Have faith that you are, all my brave lads, born to do great things in this world. No, the barks of Puppies, nor the thanderbolts of heaven, can frighten you .. Be bold, stand up and work. "[૧૫] અર્થાત તમે બધાં મારાં વહાલાં બાળકો, હંમેશાં એવો વિશ્વાસ રાખો કે તમે આ દુનિયામાં, મહાન કાર્યો કરવા માટે આવ્યા છો. ના, કૂરકૂરિયાનું ભસવું અથવા આકાશી (સ્વર્ગીય) વજ્રગર્જનાઓ યે તમને ડરાવી શકશે નહિ. બહાદુર બનો, ઊભા થાઓ ( આત્મનિર્ભર બનો ) અને કામ કરો. આ શબ્દોએ, હજારો યુવક–યુવતીઓને, દેશ અને દુનિયાની ભલાઈ માટે, મરી ફીટવાની, કામ કરવાની જબરદસ્ત તાકાત આપી.

સ્ત્રીજાગૃતિ, સ્ત્રીકેળવણી, સ્ત્રીદાક્ષિણ્ય, સ્ત્રીસ્વાતંત્ર્ય અને સ્ત્રી–પુરુષ સમાનતાની ભાવનાઓ યે તેમણે જાગૃત કરી. તેમ જ સ્ત્રીને એક શક્તિ–માતા તરીકે જોવાની દૃષ્ટિ આપી.

સાધુ–સંન્યાસીઓને ' ઈશાવાસ્ય ઉપનિષદ 'માંથી, " न कर्म लिप्यते नरे । "[૧૬] એ મંત્ર શીખવીને, કર્મ માણસને વળગતું–ચોંટતું–લેપતું નથી, બલ્કે વૃત્તિઓ મનુષ્યને આસક્ત કરે છે. માટે જ્ઞાનપૂર્વક, નિરીક્ષણપૂર્વક વૃત્તિઓમાંથી છૂટવું જોઈએ, કર્મને લવલેશ છોડી દેવાની જરૂર નથી. એમ કહીને સાધુઓને આળસ, નિષ્ક્રિયતા અને પરાશ્રય છોડીને શાળાઓ, કોલેજો, હૉસ્પિટલો, છાત્રાલયો, પ્રેસ, બાગબાની, શાકભાજી–ફળફૂલ ઉગાડવાં વગેરે કાર્યો કરવા માટે પ્રેરણા, ઉત્તેજન અને પ્રોત્સાહન આપ્યાં. એટલું જ નહિ, પણ દુષ્કાળ, રેલસંકટ, આંધી, ધરતીકંપ જેવા સંકટના પ્રસંગોએ રાહતકાર્યો દ્વારા પ્રજાની સેવા કરવા માટે, તેમણે સંન્યાસીઓ અને સાધુઓને ય વાળ્યા.

આ ઉપરાંત આળસુ, લોકોને, " Idleness is death and diligence is life "[૧૭] અર્થાત્ આળસ એ મૃત્યુ છે અને ઉદ્યમીપણું એ જીવન છે, એમ કહીને પ્રારબ્ધવાદી અને બેઠાડુ લોકોને પુરુષાર્થ, ઉદ્યમ અને જાતમહેનત કરવા માટે જબરદસ્ત પ્રેરણા આપી.

એટલું જ નહિ, પણ સ્વતંત્રતા, સમાનતા અને વિશ્વબન્ધુતાની ઉદાત્ત ભાવનાઓ પ્રગટાવવા માટે, સમસ્ત પ્રજાને, ઉદ્યુક્ત કરી.

## ગોવર્ધનરામ ત્રિપાઠી

સાક્ષરભૂમિ નડિયાદ ( જિલ્લો–ખેડા )માં જન્મેલા મહાન વિદ્વાન અનેક વિષયોના પંડિત, આર્ષદ્રષ્ટા તેમ જ પંડિતયુગના તેજસ્વી સાક્ષરવર્ય તથા નૂતન જાગરણયુગના સ્વપ્નદ્રષ્ટા એવા

---

૧૫ એજન, પૃ. ૨૩

૧૬ ભાવે વિનોબાજી ( આચાર્ય ), 'ઈશાવાસ્યવૃત્તિ', નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૦, આ. ૧, પૃ. ૨૦–૨૫

17 Swami Vivekanand, ' Thus spake Swami Vivekanand ', Ramkrishna Mission, Mylapore, Madras, 1948, Ed. 10, page 15-20

સાક્ષરશ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીએ 'સરસ્વતીચંદ્ર' (ભાગ ૧થી ૪) નામે મહાનવલ તથા 'સ્નેહમુદ્રા' નામે કરુણપ્રશસ્તિ દીર્ઘકાવ્ય લખીને, ગુજરાત, દેશ અને દુનિયામાં એક મહાન ચિન્તક, તત્ત્વમીમાંસક, સારસ્વત તથા કવિમનીષી તરીકે નામ રોશન કર્યું જેમના વિશે કહેવાયું છે કે–" कुलं पवित्रं, जननी कृतार्था, वसुन्धरा पुण्यवती च यन। "[૧૮] અર્થાત્ જેના જન્મથી કુટુંબ પવિત્ર થયું, માતા કૃતાર્થ બની અને વસુન્ધરા (ધરતીમાતા) પુણ્યશાળી થઈ. તેમણે જ 'સરસ્વતીચંદ્ર'ની 'પ્રસ્તાવના'માં લખ્યું છે કે-મારી પાસે જીવનનું એક આર્ષદર્શન અને સ્વપ્નું છે, જેને નિબંધ સ્વરૂપે આલેખું, તો થોડાક જ લોકો વાંચશે, પરન્તુ વાર્તા (નવલકથા) રૂપે આલેખું, તો હજારો લોકો વાંચશે, અને કૃતાર્થતા (ધન્યતા) અનુભવશે.[૧૯] આ ભાવનાથી તેમણે આ મહાન કલાકૃત પ્રશિષ્ટ કૃતિ (Artistic classic) આલેખી છે જેમાં જીવનનું અખંડ, અદ્વિતીય અને અદ્ભુત દર્શન છે, જે ભવ્ય અને ઉદાત્ત, શ્રીમદ્ અને ઊર્જિત તેમ જ 'સત્યં શિવં સુન્દરમ્'ની ભાવનાથી આલોકિત થયેલું છે, જે જીવનનાં તમામ પાસાંઓ, વ્યક્તિ અને સમાજ સાથે સમ્બન્ધિત તમામ વિષયોને સ્પર્શે છે, જેમાં સ્વામી વિવેકાનન્દ, આંગ્લકવિ ટેનિસન, જર્મનકવિ ગોએથ (ગૅટે), શેલી, વર્ડ્ઝવર્થ, બાયરન વગેરેનો પ્રભાવ જોઈ શકાય છે. સ્વામી વિવેકાનન્દે સારાયે દેશની પ્રવાસયાત્રા કરી હતી, જેમાં તે મુંબઈ, અમદાવાદ, વડોદરા, પોરબન્દર, રાજકોટ વગેરે સ્થળોએ ગયા હતા અને લોકોને સંબોધ્યા હતા, જેની પ્રત્યક્ષ અને પરોક્ષ અસરો ગોવર્ધનરામ પર પણ થાય એ સ્વાભાવિક હતું. બીજી બાજુએ લાલ, પાલ અને બાલ (લાલા લજપતરાય, બિપિનચંદ્ર પાલ અને બાલ ગંગાધર તિલક) તેમ જ ડૉ. એની બેસન્ટની 'હોમરૂલ લીગ'ની ચળવળ પણ જરૂર તેમના માટે પ્રભાવકારી બની હતી.

ગોવર્ધનરામે તો ખરેખરી રીતે 'ભારતીય સંસ્કૃતિનું મહિમ્નઃ સ્તોત્ર' એમની 'સરસ્વતીચંદ્ર' મહાનવલ દ્વારા પ્રગટ કર્યું છે. વળી આપણા તત્ત્વજ્ઞાનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો ગણાયા છે. ગોવર્ધનરામે ધર્મ દ્વારા અર્થ અને કામને સમ્યક્ રીતે સાધીને, મોક્ષ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે દર્શાવ્યું છે. એમણે રાજકારણ, સમાજકારણ, અર્થકારણ, શિક્ષણ અને સાહિત્યકલામાં ધર્મને કેન્દ્રસ્થાને મૂકયો છે. આમ વ્યક્તિ અને સમાજના જીવનને ધર્મકેન્દ્રી, માનવતાપરાયણ અને કલ્યાણકેન્દ્રી તથા સત્ય-અહિંસાકેન્દ્રી બનાવવા પર તેમણે ભાર મૂકયો છે.

યજ્ઞ, દાન, તપ, ત્યાગ, સેવા, સમર્પણ જેવી ભાવનાઓને જીવન અને સંસ્કૃતિનાં મૂળભૂત આધાર તરીકે પ્રસ્તુત કરી છે, જેની સૂક્ષ્મ મીમાંસા તેમણે સરસ રીતે કરી છે.

તેમણે 'श्रीमद्' (સૌન્દર્ય), 'उर्जित' (માંગલ્ય) અને 'सत्य-प्रेम'ને વ્યક્તિ અને સમાજના મૂળભૂત પાયા (બુનિયાદ-Basis) તરીકે રજૂ કર્યાં છે.

---

૧૮ ત્રિપાઠી ગોવર્ધનરામ માધવરામ, 'સરસ્વતીચંદ્ર ભાગ-૪', એન. એમ. ત્રિપાઠીની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૧૯૧૮, આ. ૯, પૃ. ૧ (ગો. મા. ત્રિપાઠીના ચિત્ર ઉપર)

૧૯ ત્રિપાઠી ગોવર્ધનરામ માધવરામ, 'સરસ્વતીચંદ્ર ભાગ-૧', એન. એમ. ત્રિપાઠીની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૧૮૮૭, આ. ૧, પૃ. ૩-૫ ('પ્રસ્તાવના')

'સત્યનારાયણ' યા સત્ય એ જ નારાયણ-ઈશ્વરસ્વરૂપ છે, એ ભાવનાને પ્રગટ કરી છે અને મન, વચન તથા કર્મમાં એ સત્યને પ્રગટાવવા પર ભાર મૂકયો છે.

બ્રિટિશ સામ્રાજ્યના પ્રતિનિધિ (વૉઇસરોય)ની છત્રછાયામાં દેશનાં સાતસો દેશી રાજ્યો અને બ્રિટિશ એજન્સીના મુલકનું સમવાયતંત્ર (Confideration) રચવાની વાત રજૂ કરી છે, જેમાં રાજ્યવાર ધારાસભાઓ, દેશની એક વડી ધારાસભા (પાર્લામેન્ટ-લોકસભા) એક લાખ યા બે લાખે એક પ્રતિનિધિ હોય તેવી, 'પંચ બોલે તે પરમેશ્વર' વાળી પદ્ધતિથી રચાય, જેમાં દેશના વિદ્વાનો, ઉદ્યોગકારો, કલાકારો, કારીગરો, સાહિત્યકારો વગેરેનું યે યોગ્ય પ્રતિનિધિત્વ હોય. દેશનો વહીવટ કરવા માટે કાર્યકારિણી (Cabinet-પ્રધાનમંડળ) પાર્લામેન્ટમાં જેમની બહુમતી હોય તેના નેતૃત્વમાં રચાય. વળી દેશમાં સૌને ન્યાય મળે તે માટે ગ્રામ, તાલુકા, જિલ્લા, રાજ્ય અને કેન્દ્રસ્તરે કોર્ટો (-અદાલતો) હોય, જે સૌને કાયદાનુસાર સમાનભાવે ન્યાય આપે.

દેશનાં દેશી રાજ્યોમાં જે તે રાજા પ્રમુખસ્થાને રહે, પણ તેની સાથે ધારાસભા, પ્રધાનમંડળ અને ન્યાયતંત્ર પણ હોય, જે તેમણે રત્નનગરીના મહારાજા શ્રી મલ્લરાજ-મણિરાજની આદર્શ રાજ્યવ્યવસ્થા, 'મલ્લમહાભવન' દ્વારા દાખવી છે. પાંચ પાંડવોનાં 'પંચભવન' દ્વારા સારી યે વ્યવસ્થાને સરસ રીતે વ્યક્ત કરી છે. ધર્મ, અર્થ, સંરક્ષણ, ન્યાય, શિક્ષણ-સાહિત્ય-કલા-કારીગરી વગેરે વિભાગો પાંચ પાંડવભવનરૂપે રજૂ કર્યાં છે.

ઔદ્યોગિક ક્રાન્તિ સાથે આવી રહેલા ઉદ્યોગીકરણ, યંત્રીકરણ અને વિજ્ઞાનના પ્રવાહોને તેમણે દેશના વિકાસ માટે, વિવેકપૂર્ણ ઢબે આવકાર્યા છે, જેમાં અનિવાર્ય એવા Key Industries ચાવીરૂપ મોટા ઉદ્યોગો યા મોટાં કારખાનાં હોય. કાચા માલમાંથી પાકો માલ બનાવવા માટે, ગ્રામોદ્યોગ, હસ્તોદ્યોગ, કુટિરોદ્યોગ અને વિકેન્દ્રિત ઉદ્યોગો સારા યે દેશનાં તમામ ગામડાંને આવરી લે એવી અપેક્ષા પ્રગટ કરી છે.

સાહિત્ય, શિક્ષણ, કલા, ન્યાય વગેરે રાજ્યાશ્રિત નહિ, પણ સ્વતંત્ર અને સ્વાયત્ત રીતે જે તે વિષયના નિષ્ણાતોનાં મંડળો દ્વારા તટસ્થ રીતે ચલાવાય.

જ્ઞાતિ, જાતિ, કોમ, સંપ્રદાયનાં કીડિયારાં અને ઈર્ષાના રાફડાઓ સંકીર્ણતા પ્રત્યે લઈ જનારાં છે. માટે માત્ર માનવતામૂલક સમાજરચના થાય, જેમાં જ્ઞાતિ-જાતિ-કોમ-સંપ્રદાયથી મુક્ત એવી માનવતાનો વિકાસ થાય.

દરેક ગામ એક 'કલ્યાણગ્રામ'નો નમૂનો બને, જે 'ગ્રામરાજ્ય' સ્થાપવા માટે, કલ્યાણકારી સમાજ અને રાષ્ટ્ર રચવા માટે, એક અંગરૂપ બનીને, પ્રજાસત્તાક લોકતંત્રને વિકસાવે, જ્યાં સ્વચ્છતા, પ્રકાશ, રસ્તા, ખેતીવાડી, ઉદ્યોગો, સંરક્ષણ વગેરે વ્યવસ્થા, ગ્રામ, એકમેકના સહકારથી 'ગ્રામપંચાયતો' અને 'ગ્રામસભાઓ' દ્વારા, 'પંચ બોલે એ પરમેશ્વર' ઢબે ચલાવે. આ ગ્રામપ્રજાસત્તાકો (Village-Republics) માંથી ગ્રામપંચાયત, તાલુકા-પંચાયત, જિલ્લા અને રાજ્યની (પ્રાન્તની) પંચાયતો અને, જે સમગ્ર રાષ્ટ્રનો વહીવટ લોક-

તંત્રાત્મક ઢબે ચલાવે. આમ 'કલ્યાણગ્રામ' 'કલ્યાણકારી સમાજ' અને 'કલ્યાણકારી રાષ્ટ્ર-માંથી 'કલ્યાણકારી વિશ્વ' રચાય, જેમાં રચનાઓ નીચેથી ઉપર જતી હોય. રાજ્યના હાથમાં સંરક્ષણ, આયોજન, નાણાં (કરન્સી), પરદેશ સાથેનો વ્યવહાર જેવા કેટલાક મહત્ત્વના વિષયો હોય. બાકીના વિષયો નીચેના સ્તરે લોકોના હાથમાં (ગ્રામપંચાયતો પાસે) હોય. બલ્કે વહીવટ, વ્યવસ્થા વગેરેનું વિકેન્દ્રીકરણ થાય. આમ ઉપર સત્તા ઓછામાં ઓછી અને ગ્રામસ્તરે-નીચેની સત્તા, જવાબદારીઓ વગેરે વધુમાં વધુ હોય.

'સુન્દરગિરિનો સાધુ-સાધ્વી લોક', જેમાં સ્વામી વિષ્ણુદાસ, ભગિની ચંદ્રાવલીગૈયા વગેરે 'રામકૃષ્ણમિશન' અને 'સ્વામી વિવેકાનંદ'ની માનવધર્મ, લોકસેવા અને સમાજ-કલ્યાણ માટે સદા યે કાર્યરત એવાં સાધુ-સાધ્વીઓ છે, જે સર્વધર્મ અભ્યાસ, સર્વધર્મ પ્રત્યે સહિષ્ણુતા અને સર્વ ધર્મ પ્રત્યે સમાદાર દાખવે છે. સમાજવિમુખ નહિ, બલ્કે સમાજાભિમુખ અને સમાજકલ્યાણ માટે સદા યે તત્પર એવી સાધુતાને તેમણે આમાં પ્રસ્તુત કરી છે, જે 'પંચરાત્રપ્રયોગ' કરીને સરસ્વતીચંદ્ર-કુમુદ જેવાં સમાજે હડધૂત કરેલાં, ઉપેક્ષિત માનવોની સાથે, એમના પ્રશ્નો હલ કરવા, બૌદ્ધિક-આધ્યાત્મિક સંબલ દ્વારા, સપ્રેમ તમામ તાકાતથી મથે છે.

'જનસેવા એ જ પ્રભુસેવા'ની ભાવના, જે આ નવલમાં અન્ત સુધી સતત પ્રવર્તે છે. વળી 'વિદ્યાર્થી'માંથી 'અનુભવાર્થી' થવું-એ ભાવના વિદ્યાને સમાજસેવા, રાષ્ટ્રસેવા સાથે પ્રત્યક્ષ કાર્ય દ્વારા જોડે છે, જે શિક્ષણમાં એક નવું પરિમાણ (Dimension) દાખલ કરે છે.

એમાં લગ્નસ્નેહ, સ્નેહલગ્ન અને આત્મલગ્નની ભાવના છે. લગ્નસ્નેહ ને સ્નેહલગ્નમાં અને આત્મલગ્ન સુધી વિસ્તારવા માટે તેમણે પ્રયાસ કર્યો છે. વળી લગ્નમાં છોકરા-છોકરીની પુખ્તવય, તેમનો પારસ્પરિક પરિચય (વિવાહ થતાં પહેલાં સરસ્વતીચંદ્ર, કુમુદને ઘેર ત્રણ દિવસ રહે છે અને સૌ પરસ્પરને સમજવા પ્રયત્ન કરે છે.) અહીં સંમતિવયની આવશ્યકતા, માતાપિતા અને વડીલોની સંમતિ વગેરેને તેમણે આજથી સવા સો વર્ષ પહેલાંના સમાજ સામે મૂકી છે. વળી લગ્ન પહેલાં વરકન્યાને પૂરતું શિક્ષણ, કલાકારીગીરીનું જ્ઞાન, સ્વાશ્રયી જીવન, આત્મનિર્ભયતા વગેરેને તેમણે અનિવાર્ય આવશ્યકતાઓ માન્યાં છે. લગ્ન માત્ર સ્વ-વિકાસ, પારસ્પરિક વિકાસ માટે નથી, બલ્કે વિશાળ સમાજના શ્રેયને કાજે છે. એ વાત પણ તેમણે સરસ્વતીચંદ્ર, કુમુદ, કુસુમ વગેરે પાત્રો દ્વારા પ્રગટ કરી છે. લગ્ન-દામ્પત્યમાં માલમિલકતો, ધનસંપત્તિ, સાધનસગવડોને બદલે પારસ્પરિક પ્રેમને મૂળભૂત આધાર તરીકે તેમણે જોયો છે. Platonic Love પ્રથમ દૃષ્ટિએ પ્રેમને, તપશ્ચર્યા દ્વારા પરિપક્વ પ્રેમસ્વરૂપે પ્રગટ થતો તેમણે પ્રસ્તુત કર્યો છે. બેમાંથી એક થઈને, અનન્ત થવામાં તેમણે લગ્નની સાર્થકતા જોઈ છે, જે એમની આર્ષદૃષ્ટિ દાખવે છે.

જીવન એક, અખંડ અને અનન્ત છે, જેને પામવા માટે પ્રબુદ્ધતા, તટસ્થ સાક્ષિત્વ અને સતત સજ્ઞતા (Awareness) પર ભાર મૂકયો છે

કુટુંબકલ્યાણ (પ્રેય) એવી રીતે કરવું જોઈએ કે સાથોસાથ સમાજકલ્યાણ પણ થાય. અને સમાજકલ્યાણને એવી રીતે પ્રયોજવું જોઈએ કે તેની સાથોસાથ કુટુંબકલ્યાણ પણ થાય. આમ પ્રેમ અને શ્રેય, કુટુંબહિત અને સમાજહિતનો તેમણે મધુર સમન્વય સાધ્યો છે.

## મહાત્મા ગાંધીજી

ભારતની પશ્ચિમ દિશામાં, અરબી સમુદ્રતટે, સૌરાષ્ટ્રમાં, પોરબંદર ( જિલ્લો જૂનાગઢ )માં આ પ્રખર ક્રાન્તિકારી ચિન્તક, શિક્ષક, સેવક અને સાધક એવા મહામાનવનો જન્મ થયો; જે છે મોહનદાસ કરમચંદ ગાંધી, જે પાછળથી 'મહાત્મા ગાંધી' તરીકે, દેશ અને દુનિયામાં પ્રસિદ્ધ થયા. બૅરિસ્ટર થયેલા આ મહાનુભાવે, દક્ષિણ આફ્રિકામાં વકીલાત માટે નસીબ અજમાવવા જતાં, કાળી એશિયન પ્રજાઓ તરફ થઈ રહેલા અન્યાયો, રંગદ્વેષ વગેરે સામે તેમણે વીસ વર્ષ સુધી, સત્ય–અહિંસામાર્ગે સત્યાગ્રહ લડત ચલાવી, અને બ્રિટિશરો પાસેથી સમાન હક્કો પ્રાપ્ત કર્યા. ત્યાંથી ભારતમાં આવીને, તેમણે બત્રીસ વર્ષ સુધી, જેનો સૂરજ કદીયે આથમતો ન હતો. એવી દોઢસો વર્ષથી, ભારત વર્ષમાં જમાવટ કરીને બેઠેલી, બ્રિટિશ સલ્તનત સામે અસહકાર, સવિનય કાનૂનભંગ, પિકેટિંગ, હડતાળ, ઉપવાસ તેમજ 'હિન્દ છોડો' લડત વગેરે દ્વારા સત્યાગ્રહમાર્ગે લડત આપીને, ભારતને રાજકીય આઝાદી અપાવી.

દુનિયાની ક્રાન્તિના ઇતિહાસમાં, તેમણે પ્રથમવાર એ વાત સિદ્ધ કરી બતાવી કે સત્ય-અહિંસા આધ્યાત્મિક ઉન્નતિ માટે ચોક્કસ ઉપયોગી થાય છે, પરંતુ તેમના દ્વારા રાજકીય ક્રાન્તિ પે થઈ શકે છે. એ બાબત ભારત જેવા વિરાટ રાષ્ટ્રના સ્તર પર તેમણે પુરવાર કરી બતાવી. અન્યાય, અનીતિ અને અનિષ્ટનો પ્રતિકાર, આજ સુધી હિંસા, અસ્ત્ર–શસ્ત્રો અને કાયદાકાનૂનથી જ થઈ શકતો હતો, તેને સ્થાને સત્ય–અહિંસા દ્વારા સત્યાગ્રહમાર્ગે અન્યાય, અનિષ્ટ અને દુરાચારનો પ્રતિકાર થઈ શકે છે એ તેમણે સામુદાયિક સ્તર પર સાબિત કરી બતાવ્યું. ચંપારણ્ય, બારડોલી, ખેડા, બોરસદ, રાજકોટ, વાયકોમ વગેરેમાં થયેલા સામૂહિક સત્યાગ્રહોએ દુનિયાને નવો માર્ગ ચીંધ્યો છે, જેણે ક્રાન્તિમાં એક નવું અહિંસાનું યા સત્યાગ્રહનું પરિમાણ–**dimension** પ્રસ્તુત કર્યું છે.

'સત્ય એ જ ઈશ્વર છે અને ઈશ્વર એ જ સત્ય છે."[૨૦] એમ કહીને તેમણે ઈશ્વરપ્રાપ્તિ માટે વાણી, વિચાર અને વર્તનમાં સત્યને પ્રગટાવવા માટે નિર્દેશ કર્યો છે.

રાજકારણ, અર્થકારણ, સમાજકારણ, શિક્ષણ, સાહિત્ય વગેરેમાં તેમણે ધર્મને કેન્દ્રસ્થાને મૂકયો છે. એમને મન 'ધર્મ એટલે સત્ય અને અહિંસા...ધર્મ એટલે નીતિ, સદાચાર..ધર્મ એટલે માનવતા."[૨૧] આ ભાવનાઓ તેમણે વિશદ રીતે રજૂ કરી છે.

"જનસેવા એ જ પ્રભુસેવા "નો[૨૨] મંત્ર રજૂ કરીને, સેવાધર્મ–બલ્કે સેવા એ જ ધર્મ છે, જેના દ્વારા મુક્તિ, આત્મદર્શન અને પરમાત્મદર્શન પણ થઈ શકે છે, તે બાબતને તેમણે પ્રગટ કરી છે.

---

૨૦ ગાંધી મોહનદાસ કરમચંદ, 'મંગલપ્રભાત' નવજીવન પ્રકાશન મન્દિર, અમદાવાદ, ૧૯૬૦, આ. ૮, પા–૧

૨૧ ગાંધી મોહનદાસ કરમચંદ, 'સત્યના પ્રયોગો', ( આત્મકથા ) નવજીવન પ્રકાશન મન્દિર, અમદાવાદ, ૧૯૬૨, આ. ૧૧, પૃ. ૫, ૩૨

૨૨ વ્યાસ હરીશ, 'ક્રાન્તિ અને સાધના ભાગ-૨', પૂર્વોક્ત, પૃ. ૩૯

" જીવનની, જીવનને માટે, જીવન દ્વારા કેળવણી એ છે નઈતાલીમ "[23] એમ કહીને, તેમણે શિક્ષણમાં રાષ્ટ્રસેવા, પીડિતોની સેવા, સમાજશિક્ષણ, ગ્રામાભિમુખતા, ગ્રામસંપર્ક, આશ્રમી-જીવન વગેરે બાબતોને પ્રવેશ કરાવવા પ્રયાસ કર્યો છે. ખેતી, ઉદ્યોગો અને પશુપાલન દ્વારા અનુબંધાત્મક કેળવણી માટે તેમણે ' વર્ધા શિક્ષણ યોજના ' પ્રસ્તુત કરી છે, જેણે કેળવણીને એક નવી ક્રાન્તિકારી દિશા આપી છે.

" રચનાત્મક કાર્યક્રમનો અમલ એ જ છે, સર્વોદય–ગ્રામસ્વરાજ્યનો માર્ગ "[24] એમ જણાવીને અઢારવિધ રચનાત્મક કાર્યક્રમોના અમલ પ્રત્યે તેમણે નિર્દેશ કર્યો છે.

દેશમાં ચાવીરૂપ મુખ્ય ઉદ્યોગોમાં ટ્રસ્ટીશિપ ( સમાજીકરણ યા સાર્વજનિકીકરણ ) અને બાકીના વિકેન્દ્રિત ઉદ્યોગો, ગ્રામોદ્યોગો, ખાદી, હસ્તોદ્યોગો અને કુટિરોદ્યોગોને ગામેગામ પ્રસરાવવા પર તેમણે ભાર મૂક્યો છે.

અનિવાર્યરૂપે કેટલાંક યંત્રો અને ઉદ્યોગો મોટા સ્વરૂપનાં હોય, પરન્તુ સમયસાધક, યંત્રો, સેવકયંત્રો અને માનવતાપોષક યંત્રો યા નાનાં અને મધ્યમકદનાં યંત્રોનો તેમણે પક્ષ કર્યો છે. યંત્રોમાં ઘેલછા નહિ, પણ યંત્રવિવેક અને યંત્રમર્યાદા ઉપર તેમણે ભાર મૂક્યો છે.

સત્તા, સંપત્તિ અને વહીવટ–વ્યવસ્થાના વિકેન્દ્રીકરણ પર ભાર મૂકીને, તેમણે સર્વોદય-સમાજ રચવા માટે, હિન્દસ્વરાજ્ય પ્રાપ્ત કર્યા બાદ, ગ્રામસ્વરાજ્ય, પંચાયતીરાજ્ય વગેરે પ્રત્યે નિર્દેશ કર્યો છે. લોકશાહીની સફળતા માટે દંડશક્તિ–રાજ્યશક્તિ ઉપર લોકશક્તિનો પ્રભાવ તેમણે ખૂબ જરૂરી ગણ્યો છે. એટલા માટે ઉપર સત્તા ઓછામાં ઓછી હોય અને ગ્રામસ્તરે સત્તા વધુમાં વધુ હોય, તેવી તેમણે અપેક્ષા રાખી છે.

અણુશસ્ત્રો, અણુબોમ્બ, વગેરેનો વિરોધ કરીને, નિઃશસ્ત્રીકરણનો પક્ષ કર્યો છે. ગામથી માંડીને દેશના રક્ષણ માટે, તેમણે હિંસક સેનાના વિકલ્પે, ' શાન્તિસેના 'ની રચના માટે, પુરુષાર્થ કર્યો છે.

વ્યાજખોરી, વ્યસનો, ઝઘડા અને બીમારીઓ ઉપર નભનારા અનુત્પાદક વ્યવસાયોના નિરાકરણ માટે તેમણે સંકેત કર્યો છે.

પરદેશી એલોપેથિક ( વિલાયતી ) દવાઓને બદલે નિસર્ગોપચાર, આયુર્વેદ અને દેશી દવાઓનું, તેમણે મહત્ત્વ કર્યું છે. દવાઓ આપવા કરતાં, દરદીને રોગનાં મૂળ સમજાવીને,

---

૨૩ વ્યાસ હરીશ, (ડૉ.) ' મહાત્મા ગાંધીનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ ', ડૉ. હરીશ વ્યાસ, બી/૧, રાજલક્ષ્મી એપાર્ટમેન્ટ, રાજહંસ સોસાયટી સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૬, ૧૯૭૯, આ. ૧, પૃ. ૨૩૮–૨૪૧

૨૪ એજન, પૃ. ૧૬૨–૧૬૩

રોગોને ઊભા જ ન થવા દેવા અને થાય તો પોતે જ પોતાના વૈદ્ય બનવા માટે, તેમણે નિર્દેશ કર્યો છે. અંગ્રેજી કહેવત પ્રમાણે, 'Prevention is better than cure'—અર્થાત્ બાહ્ય મલમપટ્ટા–ઉપચારો કરવા કરતાં રોગને મૂળમાંથી જ અટકાવવો વધુ સારી બાબત છે એમ સમજીને, તેમણે 'આરોગ્ય વિશે સામાન્ય જ્ઞાન', 'આરોગ્યની ચાવી', 'નિસર્ગોપચાર' વગેરે પુસ્તકો લખીને, આરોગ્યશિક્ષણ ઉપર પણ ભાર મૂક્યો છે.

સર્વોદયભાવના અને સર્વોદયસમાજ પ્રગટાવવા માટે, તેમણે અન્ત્યોદય–( unto the Last ')થી આરંભ કરવા ઉપર ભાર મૂક્યો છે

બંગાળના મહાકવિ ચંડીદાસે કહ્યું છે તેમ, "**सबार ऊपरे मानुष सत्य, ताहार ऊपरे नाहीं।**"[૨૫] અર્થાત્ સૌથી ઉપર છે મનુષ્ય, તેથી ઉપર કોઈ નથી. સંસ્કૃતિનું પરમ પુષ્પ છે માનવ. તેની માનવતા, માનવધર્મ અને માનવીય મૂલ્યોનો વિકાસ થવો જોઈએ. ગાંધી-ભાવનાને આપણા મૂર્ધન્ય કવિશ્રી સુન્દરમે આ રીતે કાવ્યમાં પ્રગટ કરી છે, "વસુન્ધરાનું વસુ થાઉં સાચું, હું માનવી માનવ થાઉં તો ઘણું."[૨૬]

જાતિ, જ્ઞાતિ, કોમ, સંપ્રદાય, દેશ, વેશ વગેરે સંકીર્ણતાઓથી મુક્ત એવો વિશ્વમાનવ, જેના વિશે આપણા વિખ્યાત કવિશ્રી ડૉ. ઉમાશંકર જોશીએ સરસ રીતે ગાયું છે, "વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી, માથે ધરું ધૂળ વસુન્ધરાની."[૨૭] આજના યુગની આકાંક્ષા છે વિશ્વમાનવ, જેના દ્વારા વિશ્વશાન્તિ, વિશ્વૈક્ય, વિશ્વકલ્યાણ, વિશ્વપરિવાર અને વિશ્વરાજ્ય શકય બની શકશે, જે ગાંધીજીને અભિપ્રેત છે.

હિન્દુસ્વરાજ્યનું ધ્યેય પૂરું થયું હોવાથી, 'હિન્દી રાષ્ટ્રીય મહાસભા' ( Indian National Congress )નું વિસર્જન કરવામાં આવે. ગ્રામસ્વરાજ્યનું નવું ધ્યેય સિદ્ધ કરવા માટે, ગ્રામસ્તરેથી માંડીને ઉપર સુધી લોકસેવકોમાંથી 'લોકસેવક સંઘ' રચાય, જે ગ્રામ-સ્વરાજ્ય–સર્વોદયસમાજ સિદ્ધ કરવા મથે. આ હતી ગાંધીજીની અભીપ્સા ( Aspiration ). આ 'લોકસેવક સંઘ' ગામથી માંડીને તાલુકા, જિલ્લા, પ્રાન્ત ( રાજ્ય ) અને કેન્દ્ર કક્ષા સુધી રચાય, જે રાજ્યશક્તિને બદલે લોકશક્તિને પ્રભાવશાળી, કાર્યક્ષમ અને તાકાતવાન બનાવવા પ્રયત્ન કરે. લોકશાહી તો જ સફળ થાય, જો "Ascendency of civil over military power"[૨૮] અર્થાત્ જો દંડશક્તિ–હિંસાશક્તિ ઉપર લોકશક્તિ–નાગરિકશક્તિ પ્રભાવશાળી બને. આ હતી ગાંધીજીની નિર્મળ, વિશદ અને ગહરાઈભરી આર્ષદૃષ્ટિ.

---

૨૫ વ્યાસ હરીશ (ડૉ), 'વિપશ્યના', ડૉ. હરીશ વ્યાસ, બી/૧ રાજલક્ષ્મી એપાર્ટમેન્ટ, રાજહંસ સોસાયટી સામે, એલિસબ્રીજ અમદાવાદ, ૧૯૮૧, આ. ૧, પૃ. ૫૦

૨૬ સુન્દરમ્ (લુહાર ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ ), આર. આર. શેઠની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨, ૧૯૮૦, આ. ૧૦, પૃ. ૮૬

૨૭ જોશી ઉમાશંકર જેઠાલાલ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ–૧, ૧૯૬૯, આ. ૮, પૃ. ૪૩.

૨૮ વ્યાસ હરીશ (ડૉ), 'પરિપશ્યના', ડૉ. હરીશ વ્યાસ, બી/૧, રાજલક્ષ્મી એપાર્ટમેન્ટ, રાજહંસ સોસાયટી સામે, એલિસબ્રીજ, અમદાવાદ–૬, ૧૯૮૭, આ. ૧, પૃ. ૧૪૮.

ભેદાભેદ, છૂતાછૂત અને સંકીર્ણતાઓ દૂર કરવા માટે આંતરજાતીય-જ્ઞાતીય-પ્રાન્તીય-રાષ્ટ્રીય લગ્નોને ઉત્તેજન આપવામાં આવે. હરિજનો, આદિવાસીઓ, પછાતજાતિઓ તથા તમામ ધર્મના લોકોને તમામ મન્દિરોમાં પ્રવેશ અપાય. સહભોજન, સહપ્રાર્થના, સહકાર્ય, શ્રમયજ્ઞ, સમૂહજીવન સમૂહકાંતણુ વગેરેને પ્રોત્સાહન આપવામાં આવે.

આ છે વિચારવિકાસ, આચારવિકાસ તથા દષ્ટિવિકાસની દષ્ટિએ ગાંધીજીનું પ્રદાન.

## આચાર્ય વિનોબાજી

જેમને ગાંધીજીએ પોતાના આધ્યાત્મિક વારસદાર ગણેલા હતા, તે સર્વોદયસાધનાના પ્રખર સાધક, ચિન્તક, પન્દર મુખ્ય ધર્મો અને પચીસેક ભાષાઓ તથા તેમના મુખ્ય ગ્રન્થોના અભ્યાસી તેમ જ અનેક વિષયોના મહાન વિદ્વાન ક્રાન્તિકાર અને સામ્યયોગી વિનોબાજી ઉર્ફે આચાર્ય વિનોબા ભાવે ( વિનાયક નરહરિ ભાવે ) મહારાષ્ટ્રમાં, કોલાબા જિલ્લાના, પેણુ તાલુકાના ગાગોદે નામના ગામડામાં જન્મ્યા હતા. એમના પિતા વડોદરામાં 'કલાભવન' (હાલની ઇજનેરી કોલેજ)માં રંગ અને રસાયણખાતામાં કાર્ય કરતા હોવાથી, શાળા-કૉલેજનો અભ્યાસ તેમણે વડોદરામાં કરેલો. બરોડા કૉલેજમાં ઇન્ટર આર્ટ્સ કરીને, પરીક્ષા આપવા મુંબઈ જતા હતા. પણ વચ્ચે સૂરતથી જ બનારસ તરફ, પરીક્ષા આપવાને બદલે દેશસેવા અને પરમાત્મદર્શન માટે ફંટાઈ ગયા. મહાત્મા ગાંધીના બનારસ યુનિવર્સિટીમાં થયેલા, વ્યાખ્યાનના ઊંડા પ્રભાવ નીચે, તેઓ સાબરમતી આશ્રમ, અમદાવાદમાં ગયા અને 'ગૂજરાત વિદ્યાપીઠ'માં અધ્યાપનકાર્ય કરતાં, રાષ્ટ્રના મુક્તિયજ્ઞમાં 'સત્યાગ્રહલડત'માં જોડાયા. ૧૯૪૦-૪૨માં 'હિન્દ છોડો' લડત વખતે ગાંધીજીએ એમની પ્રથમ સત્યાગ્રહી તરીકે વરણી કરી તેમ જ તેમને પોતાના 'આધ્યાત્મિક વારસદાર' તરીકે દેશ અને દુનિયા સામે જાહેર કર્યા. જવાહરલાલ નહેરુને બીજા સત્યાગ્રહી તરીકે પસંદ કરીને તેમને પોતાના 'રાજકીય વારસદાર' તરીકે ગાંધીજીએ જાહેર કરેલા. પરન્તુ વિનોબાજીએ ગાંધીજીની સમગ્ર વિરાસતને સ્વીકારી લઈને, ગાંધીદર્શનને ઉજ્જવળ કરવા સમગ્ર તાકાતથી મથ્યા. અનેકવાર જેલવાસ સ્વીકાર્યો. મહત્ત્વના પ્રશ્નો પરત્વે ગાંધીજી બે તત્ત્વચિન્તકો અને તટસ્થ મનીષીઓ તરીકે, વિનોબાજી અને કિશોરલાલ મશરુવાળાના અભિપ્રાયો લેતા, જેમને તેઓ ખૂબ સન્માન, આદર અને ગાંભીર્યથી લેતા. દેશના ભાગલા પડતાં, ઠેરઠેર હિંસા, આગ, લૂંટફાટ, અત્યાચારો અને કોમી રમખાણો ફાટી નીકળતાં, ગાંધીજીના આદેશ પ્રમાણે, તેઓ ઉત્તર-મધ્ય ભારતમાં 'શાન્તિસેના' ના કાર્યમાં પ્રવૃત્ત થયા. તેમ જ હિન્દુ-મુસ્લિમએકતા સાધતાં, નિર્વાસિતોની સેવાનાં કાર્યો યે તેમણે દિલ રેડીને કર્યાં.

દક્ષિણ ભારતમાં સને ૧૯૫૧માં, આન્ધ્રપ્રદેશના તેલંગાણા-વારંગલ વિસ્તારમાં ભૂમિમાલિકો અને ભૂમિહીનો વચ્ચે આર્થિક પ્રશ્ને સંઘર્ષ થતાં, હિંસક તોફાનો ફાટી નીકળ્યાં, જેને શમાવવા માટે પોલીસ અને લશ્કર નિષ્ફળ ગયાં. પાંચેક હજાર મનુષ્યોનાં ખૂન થયેલાં. આ વિષમ સ્થિતિમાં, તે સમયના વડાપ્રધાન અને ગાંધીજીના રાજકીય વારસદાર' શ્રી જવાહરલાલ નહેરુએ, સંત વિનોબાજીને આ હિંસાને શમાવવા માટે અપીલ કરતાં, રાજઘાટ-દિલ્હીમાં ગાંધીજીની સમાધી આગળ પ્રાર્થના કરીને, વિનોબાજી 'શાન્ત સૈનિક' તરીકે, પદયાત્રા

કરતા ચાલી નીકળ્યા. ગામેગામ શ્રમયજ્ઞો કરતા અને કહેતા, "બહાર જોઉં છું, તો કોદાળી દેખાય છે. અન્દર જોઉં છું, તો 'રામ' દેખાય છે"[૨૯] આમ કહેતા, પ્રેમ, શાન્તિ અને સર્વોદયનો મંત્ર ગજાવતા, તેઓ 'અખિલ ભારત સર્વોદય સંમેલન' માં શિવરામપલ્લી પહોંચ્યા, જ્યાં સપ્તાહ માટે "अन्तरशुद्धिः बहिर्शुद्धिः, श्रमः शान्तिः समर्पणम् ।"[૩૦] અર્થાત્ વ્યક્તિ અને સમષ્ટિના વિકાસ માટે અન્તરશુદ્ધિ, બાહ્યશુદ્ધિ, ઉત્પાદક પરિશ્રમ, શાન્તિ અને સમર્પણ અત્યંત આવશ્યક છે. એ મંત્ર સમજાવીને, તોફાનના મુખ્યસ્થળે- પોચમપલ્લીમાં પહોંચ્યા. લોકોની વિષમ પરિસ્થિતિનો, ગામમાં ઘૂમીને તાગ મેળવ્યો. સાંજે પ્રાર્થનાસભા પૂરી થયા પછી, ગામનાં ચાલીસ હરિજનકુટુંબો, બેકાર-ભૂમિહીન હોવાથી, તેમણે લોકો પાસે જમીન માગી. ગામના જમીનદાર શ્રી રામચંદ્ર રેડ્ડીએ, તેમણે કુટુંબદીઠ બે એકર જમીન લેખે એંસી એકર જમીન માગતાં, સામેથી સો એકર જમીન આપી, સાધનસગવડો અને બિયારણ માટે અનાજ વગેરે આપ્યાં. આમ તેમણે ચાલીસ કુટુંબોને બેઠાં કરવાની જવાબદારી સપ્રેમ સ્વીકારી લીધી, જેમાંથી ભૂમિદાનયજ્ઞની ગંગોત્રી પ્રગટી. ભૂમિદાનમાં મળેલી જમીન અને સાધનોનું વિતરણ કરીને, વિનોબાજી પોતાની ઝૂંપડીએ–મુકામે આવ્યા. રાત્રે ગાઢ નિદ્રા લેનાર આ સંતને જાણે કોઈકે જગાડયા અને કહ્યું, "ઊઠ! ચાલવા માંડ. ચોક્કસ તને જમીન મળશે."[૩૧] આમ ત્રણ ત્રણ વાર તેઓ ઊંઘમાંથી જાગ્યા અને ત્રણ ત્રણ વાર આ અવાજ સાંભળ્યો. ભગવાનની આજ્ઞા છે એમ સમજીને એમણે પદયાત્રા જારી રાખી, જેમાંથી ભૂમિદાન, સંપત્તિદાન, સાધનદાન, સમયદાન, જીવનદાન અને છેલ્લે, જોરદાર રીતે ગ્રામદાનયજ્ઞની ગંગા યે વહેવા લાગી, જેણે દેશમાં નૂતન આર્થિક ક્રાન્તિની લહરીને પ્રગટાવી દીધી. આમ અહિંસાથી રાજકીય ક્રાન્તિ થઇ શકે છે તે ગાંધીજીએ સિદ્ધ કર્યું હતું, વિનોબાજીએ અહિંસાથી આર્થિક ક્રાન્તિ અને સમગ્ર ક્રાન્તિ Total Revolution-થઇ શકે છે એ વાત ગાજતી કરી દીધી. બારેક વર્ષ પદયાત્રા કરીને તેમણે દેશની લોકચેતનાને 'સર્વોદયી ક્રાન્તિ' માટે ઢંઢોળીને 'ગ્રામસ્વરાજ્ય' સાધવા માટે દશ હજાર કાર્યકર્તાઓને ઉદ્યુક્ત કર્યા.

આ દિશામાં વિનોબાજીએ, મહાકવિશ્રી તુલસીદાસના બે મંત્રો હવામાં ગૂંજતા કરી મૂકયા, "सबै भूमि गोपाल की । सब संपत्ति रघुपति की आहे ।"[૩૨] બધી ભૂમિ ભગવાને પેદા કરેલી છે, માટે તેનો માલિક મનુષ્ય નહિ, પણ ભગવાન છે. ભગવાન વતીથી જમીન સારા યે ગામની યા સમાજની છે. એ જ રીતે સંપત્તિ પણ ઈશ્વરે પેદા કરેલી છે, માટે તે જ તેનો માલિક છે અને તેના વતીથી ગામ યા સમાજ સંપત્તિનાં માલિક છે એ સમાજના પ્રતિનિધિ બનીને વિનોબાજીએ ઠેરઠેર ઘૂમીને જમીનનો છઠ્ઠો ભાગ અને સંપત્તિનો વીસમો ભાગ માંગ્યો. વળી જમીનને ખાનગી માલિકીની મટાડીને, ગામની યા સમાજની માલિકી કરવાનો પ્રયોગ આરંભ્યો. 'કાર્લ માર્ક્સના મહાન અભ્યાસી એવા વિનોબાજીએ, ક્રાન્તિકારી

---

૨૯ વ્યાસ હરીશ, 'ક્રાન્તિ અને સાધના, ભાગ-૧', પૂર્વોક્ત, પૃ. ૨૦૦-૨૨૫

૩૦ એજન

૩૧ એજન

૩૨ વ્યાસ હરીશ, 'ક્રાન્તિ અને સાધના, ભાગ-૨', પૂર્વોક્ત, પૃ. ૮૭

પરિભાષાને, ધાર્મિક સ્વરૂપે, દેશના સ્વભાવને સમજીને, મૂકી. ઉત્પાદનનાં સાધનો બે છે: ભૂમિ અને ઉદ્યોગ. ખાનગી માલિકી હોવાથી તેમને ખરીદી શકાય, વેચી શકાય, ગીરો મૂકી શકાય અને પડતર પણ રાખી શકાય છે. એટલું જ નહિ, પણ એમાંથી પોષકને બદલે વિઘાતક–Destructive–પાકો યે લઈ શકાય છે તેમ જ જમીન વેચનારો ગરીબ બનતો જાય છે અને જમીન ખરીદનારો અમીર બનતો જાય છે, જેથી તેની પાસે કાયમના નિર્વાહનું સાધન રહેતું નથી તથા સમાજમાં–ગામમાં વિષમતા, અસમાનતા અને અસન્તુલન (Imbalance) પેદા થાય છે. એટલા માટે જમીન ખાનગી માલિકીની મિટાવીને, ગામની યા સામાજિક માલિકીની કરવી જોઈએ. સામાજિક માલિકી થતાં જમીન ખરીદવા–વેચવાનો–ગીરો મૂકવાનો, કે, જમીન પડતર રાખવાનો, કે વિઘાતક-નશીલા પાકો લેવાનો અધિકાર સમાપ્ત થઈ જાય છે, જેથી ગરીબી-અમીરી પણ સમાપ્ત થઈ જાય છે. આમ 'Das Capital' નામના ગ્રન્થ દ્વારા જર્મનીના મહાન ક્રાન્તિકારી કાર્લ માર્ક્સે વિશ્વમાં વહેતી મૂકેલી 'વૈજ્ઞાનિક સમાજવાદ' (Scientific Socialism)ને માટે જમીન અને ઉદ્યોગોની ખાનગી માલિકી મિટાવવાની તથા રાજ્યની માલિકી કરવાની વાતને, વિનોબાજીએ, રાજ્યશક્તિ પ્રબળ ન બને અને લોકશક્તિ તાકાતવાન બને, એટલા માટે ખાનગી માલિકી મિટાવીને, ગામ યા સમાજની માલિકી (Villagization or Socialization of Land) કરવા માટે, ભારતના લાખો-કરોડો લોકોને, ધાર્મિક પરિભાષામાં, નૂતન ક્રાન્તિ સાધવા માટે જબરજસ્ત પ્રેરણા આપી, જેના પ્રભાવથી પ્રેરાઈને એતત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ સરકાર તરફથી, વિનોબાજીને વિવિધ 'સર્વોદયસંમેલનો' અને 'યેલવાલ પરિષદ'માં આવીને પૂરા ઉત્સાહથી ટેકો આપ્યો તેમ જ તદનુકૂળ 'ભૂમિદાન એક્ટ' અને 'ગ્રામદાન એક્ટ' દેશના વિવિધ પ્રાન્તો યા રાજ્યોની જે તે સરકારોને આદર–સપ્રેમ સાદેશ આપ્યો. આમ રાજ્યશક્તિ–દંડશક્તિ પણ વિનોબાજીએ પેદા કરેલી લોકશક્તિ–નાગરિકશક્તિને કાયદાઓ દ્વારા અનુમોદન માટે વહારે આવી પહોંચી.

કાર્લ માર્ક્સે કહ્યું છે, "The means of production must belong to a producer"[33] અર્થાત્ ઉત્પાદનનાં સાધનો ઉત્પાદકને મળવાં જોઈએ અને વ્યસનો, કજિયા, બીમારી, દલાલી, કજિયાખોરી વગેરે પર ચાલતા અનુત્પાદક વ્યવસાયો ખતમ થવા જોઈએ, જે વાતને વિનોબાજીએ નવા સંદર્ભમાં વ્યાપક કરી.

કાર્લ માર્ક્સે કહ્યું છે, "From each according to his capacity, to each according to his necessity"[34] અર્થાત્ શક્તિ અનુસાર કામ અને જરૂરત અનુસાર દામ. મતલબ કે દરેક વ્યક્તિ પોતાની શક્તિ મુજબ કામ કરે અને તેની જરૂરત મુજબ દામ મળે જેમાંથી તે ગૌરવથી જીવી શકે. આ બાબતની વિનોબાજીએ ઈજ્જત કરી છે.

---

૩૩ ધર્માધિકારી દાદા (આચાર્ય), 'વિચારક્રાંતિ' (?), યજ્ઞ પ્રકાશન સમિતિ, હુજરાતપાગા, વડોદરા, ૧૯૫૭, આ. ૧, પૃ. ૧–૨૫

૩૪ એજન, પૃ. ૨૦–૩૫

એકોદય, ઘણા લોકોનો (બહુમતીનો) ઉદય અથવા થોડા લોકોનો (અલ્પમતીનો) ઉદય નહિ, બલ્કે સર્વનો ઉદય (સર્વોદય) થવો જોઈએ. વિશ્વમાં માત્ર એકલો મનુષ્ય નથી, બલ્કે પશુ, પંખી, જીવજન્તુ, ફળફૂલ, વનસ્પતિ વગેરેના કલ્યાણનો વિચાર થવો જોઈએ. આપણા પ્રખ્યાત કવિશ્રી ઉમાશંકર જોશીએ 'વિશ્વશાન્તિ' નામે કાવ્યમાં, 'સર્વોદય' ભાવનાને વ્યક્ત કરતાં ગાયું છે: "વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી, પશુ છે પંખી છે પુષ્પો, વનોની છે વનસ્પતિ."[૩૫] અન્ત્યોદયથી સર્વોદયનો આરંભ કરવો જોઈએ અને સર્વના ઉદય સુધી પહોંચવા મથવું જોઈએ, એવી છે સન્ત વિનોબાજીની ભાવના.

સર્વોદય સમાજનું ધ્યેય છે: ગ્રામદાનયજ્ઞમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસાત્મક સમાજરચના. "**ग्रामाय दानम् इति ग्रामदानम्** ।"[૩૬] અર્થાત્ ગામને માટે દાન-ત્યાગ એ છે ગ્રામદાન. ગીતા ઉપરના '**शांकरभाष्य**'માંથી આદ્ય શંકરાચાર્યના શબ્દોમાં, "**दानम् संविभागः** ।"[૩૭] અર્થાત્ દાન એટલે સરખે ભાગે વહેંચીને જીવવું, સમધારણ વિતરણ કરવું તે. ગામદાનમાં ગામ એક પરિવાર બનીને જીવે, જેમાં ગામના ભૂમિહીનો માટે દરેક ભૂમિવાળો, જમીનનો છઠ્ઠો ભાગ (પાછળથી 'સરલ ગ્રામદાન'માં વીસમો ભાગ) તેમ જ નોકરીધંધો કે અન્ય કમાણી કરનાર દરેક જણ આવકનો ચાલીસમો ભાગ, ગ્રામમૂડીનિર્માણ (capital formation) માટે આપે, જેમાંથી ગામનાં સેવાકાર્યો–બેકારી, બીમારી, નિરક્ષરતા, ગંદકી, ઝઘડા, અપંગ–અનાથ–વિકલાંગ વગેરેના પ્રશ્નો સુલઝાવી શકાય. ગ્રામદાન દ્વારા ગ્રામસભા, ગ્રામસમિતિની રચના થાય, જે ગામડામાં લોકસભા તથા પ્રધાનમંડળ તરીકે કાર્ય કરે, જેમાં પ્રશ્નકર્તૃત્વ અને ઉત્તરદાયિત્વ ખીલતાં જાય. લોકશક્તિ પ્રબળ બને આપણી સામે પ્રથમ લક્ષ્ય હતું-આપણા દેશમાં આપણું રાજ્ય, હિન્દસ્વરાજ્ય. હવે આપણી સામે બીજું ધ્યેય છે–આપણા ગામમાં આપણું રાજ્ય, ગ્રામસ્વરાજ્ય. ભારતમાં સાડા પાંચ લાખમાંથી દોઢ લાખ ગામોએ ગ્રામદાનનો વિચાર સ્વીકારીને, ગ્રામસ્વરાજ્ય તરફ કદમ માંડવાનો, સંકલ્પ જાહેર કર્યો છે.

રાજનીતિ એટલે રાજ્યની, રાજ્ય માટે, રાજ્ય દ્વારા ચાલતી નીતિ. તેને સ્થાને વિનોબાજી ચાહે છે, લોકનીતિ. લોકનીતિ એટલે લોકોની, લોકો માટે, લોકો દ્વારા ચાલતી નીતિ. રાજનીતિને ખત્મ કરીને લોકનીતિની સ્થાપના કરવાની છે. એટલા માટે કાર્લ માર્ક્સે વર્ષો પહેલાં કહેલું છે, "**The State must wither away**" અર્થાત્ રાજ્ય ચીમળાઈને ક્ષીણ થવું જોઈએ. એ તો જ બની શકે, જો રાજ્યશક્તિને બદલે લોકશક્તિ,[૩૮] રાજ્યસત્તાને બદલે લોકસત્તા અને રાજ્યસ્વામિત્વને બદલે લોકસ્વામિત્વ જોરદાર બને. ઉપર કેન્દ્રિત સત્તા માત્ર જેટલી અનિવાર્ય હોય તેટલી જ રહે. બાકી નીચે ગામડામાં વધુમાં વધુ સત્તા હોય. આમ સત્તા, સંપત્તિ, વહીવટ-વ્યવસ્થાનું વિકેન્દ્રીકરણ થાય.

---

૩૫ જોશી ઉમાશંકર જેઠાલાલ, 'વિશ્વશાન્તિ', નવજીવન પ્રકાશન મન્દિર, અમદાવાદ, ૧૯૪૮ આ. ૫, પૃ. ૧–૧૦

૩૬ વ્યાસ હરીશ, 'ક્રાન્તિ અને સાધના ભાગ-૧', પૂર્વોક્ત, પૃ. ૨૦૦–૨૫૦

૩૭ ઠકાર વિમલા, 'યજ્ઞદીપિકા', યજ્ઞ પ્રકાશન સમિતિ, હુજરાતપાગા, વડોદરા, ૧૯૫૬, આ. ૧, પૃ. ૫–૧૫

૩૮ વ્યાસ હરીશ (ડૉ). 'પરિપશ્યના', પૂર્વોક્ત, પૃ. ૧૬

"જો પોષણ, શિક્ષણ અને સંરક્ષણના પ્રશ્નો હિંસાથી ઉકલશે, તો હિંસાનું રાજ્ય થશે; અને જો આ પ્રશ્નો અહિંસાથી ઉકલશે, તો વિશ્વમાં અહિંસાનું રાજ્ય થશે."[૩૯] એમ કહીને વિનોબાજીએ પોષણને માટે ગ્રામદાન દ્વારા ગ્રામસ્વરાજ્ય, ઉદ્યોગદાન (ઉદ્યોગનું સાર્વજનિકીકરણ) દ્વારા ઉદ્યોગોનું ટ્રસ્ટીકરણ, સમાજીકરણ યા સર્વજનીકરણ કરવા પ્રત્યે નિર્દેશ કર્યો છે. શિક્ષણ માટે નઈ તાલીમ અને ગ્રામવિદ્યાપીઠના પ્રયોગો, સંરક્ષણ માટે, દેશમાં દશલાખની શાન્તિસેના ઉપર ભાર મૂકયો છે અને આ શાન્તિકાર્યની સંમતિ માટે, ઘેરેઘેર 'સર્વોદયપાત્ર મુકાય. જે નવી પેઢીમાં સત્ય-પ્રેમ-કરુણાના, ત્યાગ-સેવા અને સમર્પણના સંસ્કારો જનતામાં સહજ ભાવે પ્રકટ કરે, જેમાંથી શાન્તિસૈનિકોનો નિર્વાહખર્ચ પણ પ્રાપ્ત થાય. શાન્તિસેના રાજ્યાધારિત નહિ પણ લોકાધારિત હોય. દેશમાં 'ભારતીય શાન્તિસેના' અને બહાર માટે 'વિશ્વ શાન્તિસેના'નો ઉપક્રમ દુનિયાના સત્તાવીસ જેટલા દેશોમાં આરંભાયો છે.

કેન્દ્રના હાથમાં સંરક્ષણ, નાણાં (કરન્સી), આયોજનનું સંકલન, પરદેશનીતિ જેવા કેટલાક અનિવાર્ય વિષયો રહે. બાકીની તમામ સત્તા નીચેના સ્તરે, ગામોમાં હોય.

ABC ત્રિકોણમાં આવતા દેશો—અફઘાનિસ્તાન, બર્મા, સિલોન, પાકિસ્તાન અને ભારત-એ ત્રિકોણ (Triangle) વચ્ચેના દેશોનું એક સમવાયતંત્ર (Confideration) રચવામાં આવે, જે સાથે મળીને, સપ્રેમ પારસ્પરિક વિકાસ માટે પારસ્પરને પૂરક, પોષક અને સંરક્ષક બને.

ગાંધીજીએ દાખવેલા અઢારવિધ, વિનોબાજીએ દાખવેલા પંચવિધ અને જે.પી.એ દાખવેલા ત્રિવિધ-રચનાત્મક કાર્યક્રમોનો અમલ થઈ શકે, તો સર્વોદય સમાજ ચોક્કસ સંભાવિત થઈ શકે.

સર્વોદયનું લક્ષ્ય છે વર્ગવિહીન, શોષણમુક્ત અને શાસનનિરપેક્ષ (શાસનમુક્ત) સમાજ-રચના. તેને સિદ્ધ કરવા માટે દશ હજારે એક, એ રીતે તાલુકામાં દશ, જિલ્લામાં સો અને દેશના ત્રણસો જિલ્લાઓમાં મળીને ૩૦૦ × ૧૦૦ = ૩૦,૦૦૦ ત્રીસ હજાર લોકસેવકો હોય, જેમાંથી 'લોકસેવકસંઘ' યા 'સર્વસેવાસંઘ' રચાય, જે લોકશક્તિ ખીલવવા માટે જનતાને માર્ગદર્શક બને.

વિશ્વનાં સંરક્ષણ, સલામતી અને શાન્તિ માટે 'વિશ્વશાન્તિ સેના' (World Peace Brigade)ની રચના થાય, જે વિશ્વના સંરક્ષણપ્રશ્નો, અહિંસક ઢબે ઉકેલવા માટે મથે. વિનોબાજીને તેના સરસેનાપતિપદે નીમીને, તેમના સાથી સેનાપતિઓ તરીકે સર્વશ્રી જયપ્રકાશ નારાયણ, આબે પિયર અને ડેનિલો ડોલચીની વરણી કરીને દુનિયાના સત્તાવીસ દેશોના સહકારથી 'વિશ્વશાન્તિ સેના'નો આરંભ થયો છે.

દરેક ગામમાં 'ઉદ્યોગમન્દિર' કામ માટે, અને 'ધ્યાનમન્દિર' આધ્યાત્મિક ઉપાસના માટે હોય. દરેક મન્દિર 'વિશ્વમન્દિર' બને, જેમાં સર્વ ધર્મ, જાતિ, કોમ, સંપ્રદાય અને પક્ષના લોકોને પ્રાર્થના જપ, તપ, ધ્યાન આદિ માટે પ્રવેશ મળે.

---

૩૯ વ્યાસ હરીશ, 'ક્રાન્તિ અને સાધના ભાગ-૨', પૂર્વોક્ત, પ્રસ્તાવના, પૃ. ૧૩

જાતિવાદ-જ્ઞાતિવાદ, કોમવાદ અને સંપ્રદાયવાદ જેવી સંકીર્ણતાઓને દૂર કરવા આંતરજાતીય-જ્ઞાતીય, આંતરકોમીય, આંતરસાંપ્રદાયિક, આન્તરપ્રાન્તીય અને આંતરરાષ્ટ્રીય લગ્નોને પુરસ્કાર અને પ્રોત્સાહન આપવામાં આવે.

આજની ચૂંટણીપ્રથા, પક્ષપ્રથાથી સંઘર્ષો, ભેદભાવો અને સંકીર્ણતાઓને ઉત્તેજન મળે છે. એટલા માટે પક્ષમુક્ત સમાજરચના અને લોકશાહી થાય. નીચેના સ્તરે ગ્રામપંચાયતથી માંડીને તાલુકા–જિલ્લા–રાજ્ય પંચાયતો, ધારાસભા અને લોકસભા માટે, જનતા પોતે જ પોતાના 'લોક ઉમેદવાર' ઊભા રાખે, જે અપ્રત્યક્ષ ચૂંટણીથી ચૂંટાય, જેમાંથી ગ્રામ, તાલુકા, જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રસ્તરે વહીવટ-વ્યવસ્થાઓ થાય, જેમાં પક્ષાપક્ષીને સ્થાન જ ન રહે. આપણા આદિ કવિશ્રી નરસિંહ મહેતાએ ગાયું છે, "પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમદૃષ્ટિ ને સર્વસમાન"[૪૦] આ ભાવનાનો ઉદય અને અમલ સક્રિય રીતે થાય. આ રીતે Power Politics–સત્તાનું રાજકારણ તથા Party Politics-પક્ષીય રાજકારણ દૂર થાય અને તેને સ્થાને Cosmo-Politics–યા People's Politics–લોકકારણ દૃઢ, કારગત અને પ્રભાવક બને.

વિનોબાજીના શબ્દોમાં "સાંપ્રદાયિકતા અને પક્ષીય તથા સત્તાનું રાજકારણ, આ અણુવિજ્ઞાન યુગમાં out-of-date; કાલગ્રસ્ત બની ગયાં છે અને હવે બિનસાંપ્રદાયિકતા-Secularism અને લોકનીતિ–People's Polityના દિવસો આવી લાગ્યા છે."[૪૧] આ ઉપરાંત, "વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય વિશ્વશાન્તિ, વિશ્વૈક્ય, વિશ્વપરિવાર અને સર્વોદય પ્રત્યે લઈ જશે."[૪૨] વળી વિજ્ઞાન–અધ્યાત્મ=વિશ્વવિનાશ અને વિજ્ઞાન+અધ્યાત્મ=વિશ્વશાન્તિ."[૪૩]

આવી જ ભાવના વિનોબાજીએ રચેલા સંસ્કૃત શ્લોકમાં સરસ રીતે પ્રગટ થઈ છે:

"वेदान्तः विज्ञानः विश्वासः, त्रयः शक्तयः सुकीर्तितः ।
समन्वयेन भवति विश्वे, सर्वोदयः शान्तिः एकता ॥"[४४]

અર્થાત્ વેદાન્ત (અદ્વૈત), વિજ્ઞાન અને વિશ્વાસ–એ ત્રણ કીર્તિમાન (મહા) શક્તિઓ છે, જેના સમન્વયથી (આ અણુવિજ્ઞાન યુગમાં) વિશ્વમાં સર્વોદય, શાન્તિ અને એકતા થશે.

આ રીતે જોઈ શકાય છે કે સ્વામી વિવેકાનન્દ, ગોવર્ધનરામ ત્રિપાઠી, મહાત્મા ગાંધીજી અને સંત વિનોબાજી જેવા ચાર મહામનીષીઓએ વિચારવિકાસની દૃષ્ટિએ,

---

૪૦ દેસાઈ ઇચ્છારામ સૂર્યરામ, 'કાવ્યદોહન, ભાગ–૧', ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ, મુંબઈ–૨, ૧૯૧૦, આ. ૧, પૃ. ૧૦-૩૦

૪૧ ભાવે વિનોબાજી (આચાર્ય), 'વિજ્ઞાન ઔર આત્મજ્ઞાન', પૂર્વોક્ત, પૃ. ૨૦–૩૫

૪૨ એજન

૪૩ એજન

44 Pyarelalji, 'Towards New Horizons', Navajivan Publishing House, Ahmedabad, 380 014, 1955, Ed. I, Preface, Page 3–7

દેશ અને દુનિયાનાં સર્વાંગી, સાર્વજનીન અને સાર્વત્રિક વિકાસ, ઉન્નતિ અને પ્રગતિ માટે જબરદસ્ત પ્રદાન કર્યું છે, જે સૌને ઉજ્જવળ, ઉદાત્ત અને વિશાળ બનાવી શકે તેવી ક્ષમતાવાળું છે. એ વાત નિશ્ચિત છે કે લોકશિક્ષણ દ્વારા લોકજાગૃતિ અને લોકક્રાન્તિ સંભવિત બનીને જ રહેશે. કલ્યાણકામી ચિન્તન, મનન અને નિદિધ્યાસન કદી યે નિષ્ફળ જતું નથી. બલ્કે તે મનુષ્ય અને સમાજને સમુન્નત બનાવીને જ છોડે છે. આ ચાર મહાન ઋષિઓ, વિચારકો યા તત્ત્વચિન્તકો તરફથી ઊર્ધ્વ આરોહણ માટે મળેલો આ વૈચારિક, સાંસ્કૃતિક અને તાત્ત્વિક વારસો કદી યે નિષ્ફળ નહિ જાય.

આ દિશામાં, ખરેખર ઉપનિષદનો ઋષિ જોરદાર રીતે પ્રેરણા આપે છે :

"उत्तिष्ठ, जाग्रत, प्राप्य वरान् निबोधत ।"[૪૫]

બરાબર આ જ વાતને સ્વામી વિવેકાનન્દના શબ્દો પ્રભાવક ઢબે કહે છે—

"Arise, awake and stop not, till the goal is reached."[૪૬] અર્થાત્ ઊઠો, જાગો અને સંપૂર્ણ ધ્યેય (લક્ષ્ય)ને પ્રાપ્ત કર્યા સિવાય લેશ રોકાશો મા !

અન્તમાં, આ ચારે ય મહાનુભાવોને વન્દના કરીને વિરમીએ :

"હે વિશ્વના વૈભવ શા મહાત્મા !
આશિષ દો કે થઈએ કૃતાત્મા;
સત્-પ્રેમ જલથી કરજો સુઆર્દ્ર;
અમ જિન્દગી હો સર્વોદય-પાત્ર !"[૪૭]

---

૪૫ વ્યાસ હરીશ, 'ક્રાન્તિ અને સાધના, ભાગ-૨', પૂર્વોક્ત, પૃ. ૨૩

૪૬ એજન

૪૭ વ્યાસ હરીશ, 'જીવનસંગીત', વ્યાસ હરીશ, ૧૦૨/સી, સ્વસ્તિક સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯, ૧૯૬૯, આ. ૧, પૃ. ૫૮

# વિશ્વનાથસિંહરચિત 'सर्वसिद्धान्त' એક અપ્રકટ દાર્શનિક ગ્રંથ

હંસાબેન એન. હિંડોચા*

મધ્યપ્રદેશીય રીવા–રાજ્યની અઢારમી-ઓગણીસમી સદી સાહિત્ય-સર્જનનો સુવર્ણયુગ છે. આવા યુગનું નિર્માણ કરવામાં યશોભાગી છે પિતા-પુત્ર-પૌત્રની ત્રિપુટી-રીવાનરેશ મહારાજ જયસિંહ, વિશ્વનાથસિંહ અને રઘુરાજસિંહ. આ ત્રણેયમાં રીવાનરેશ વિશ્વનાથસિંહ (ઈ. સ. ૧૭૮૬–૧૮૫૪) સાહિત્યિક ગુણવત્તાની દૃષ્ટિએ અગ્રણી છે. સત્ત્વશીલ સર્જન દ્વારા સંસ્કૃત અને હિંદી સાહિત્યની શ્રીવૃદ્ધિ કરવામાં તેમ જ કવિ-કલાકારોને આશ્રય આપી તેમના દ્વારા વિપુલ પરિમાણમાં સાહિત્ય-સર્જન કરાવવામાં તેમનું પ્રદાન પ્રશંસનીય અને મૂલ્યવાન ગણાયું છે. આખો પરિવાર સાહિત્યના સંરક્ષણ, સંપોષણ અને સંવર્ધનમાં નિત્ય સંલગ્ન રહ્યો છે તે પ્રશસ્ય અને નોંધપાત્ર છે.

ગંભીર અધ્યયન, શાસ્ત્ર-પરામર્શ, વિદ્વદ્‌ગોષ્ઠી, કાવ્યરસજ્ઞતા અને વ્યાપક અનુભવના પ્રતાપે લગભગ ૨૦ જેટલી સંસ્કૃત અને ૨૮ જેટલી હિંદી કૃતિઓ સર્જીને કવિ વિશ્વનાથસિંહ સંસ્કૃત અને હિંદી સાહિત્યમાં ઉચ્ચસ્તરીય સ્થાન પ્રાપ્ત કરવાને અધિકારી બન્યા છે. તેમના ગ્રંથોની ઘણી હસ્તપ્રતો ભારતનાં જુદાં જુદાં સ્થળોએ ઉપલબ્ધ છે તે તેમની ગુણવત્તા અને લોકપ્રિયતાનું પ્રમાણ છે.

વિશ્વનાથસિંહ કવિ હોવા ઉપરાંત ભક્ત દાર્શનિક પણ છે. તેઓ રાધાવલ્લભ-મત-પ્રવર્તક સ્વામી હિતહરિવંશની ગુરુ-શિષ્ય-પરંપરા સાથે સંકળાયેલા છે. રાધાવલ્લભીય સંપ્રદાયના એક આચાર્ય પ્રિયાદાસ કવિ વિશ્વનાથસિંહના દીક્ષાગુરુ છે. કવિ સ્વયં પોતાની દાર્શનિક કૃતિઓના આદિઅંતમાં ગુરુ પ્રિયાદાસની વંદના કરે છે.[1] મૂલતઃ વિશ્વનાથસિંહ રામના ઉપાસક હતા અને પ્રિયાદાસ કૃષ્ણોપાસક હતા. વિશ્વનાથસિંહની પ્રેમલક્ષણાપ્રધાન રામભક્તિ પ્રત્યે અપાર નિષ્ઠા જોઈને ગુરુ પ્રિયાદાસે તેમને 'ઉભયમંત્ર' (રાધાવલ્લભ-મંત્ર અને ષડક્ષર

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે–ઓગષ્ટ ૧૯૮૯, પૃ. ૨૮૩–૨૮૮

१ श्रीमत्सानस्वरूपं सरसमतिगुरुं श्रीप्रियादासमीशम् । व्याख्यातुं रामशब्दं निजमति-सदृशं बन्दते विश्वनाथः ॥

—विश्वनाथसिंह राममन्त्रार्थनिर्णय (हस्तप्रत) पृ. १, सरस्वतीकोषभण्डार, रीवाँ (मध्यप्रदेश)

* સંસ્કૃત ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–૩૬૦૦૦૫

રામમંત્ર )નો ઉપદેશ આપેલો. રામભક્તિનું સાંપ્રદાયિક રૂપ ' રામરસિક સંપ્રદાય'રૂપે અસ્તિત્વમાં આવ્યું. કવિ વિશ્વનાથસિંહ આ સંપ્રદાયમાં પણ દીક્ષિત થયા હતા. રામરસિક-સંપ્રદાય સંબંધી ગ્રંથોના પરિશીલનથી, પ્રભાવથી કવિ વિશ્વનાથસિંહે દાર્શનિક રૂપ પ્રગટ કર્યું. વિશ્વનાથસિંહની સંસ્કૃતમાં રચાયેલી છ જેટલી દાર્શનિક કૃતિઓ હસ્તપ્રત સ્વરૂપે પ્રાપ્ત થાય છે. (૧) રાધાવલ્લભીય-મતપ્રવર્તક-બ્રહ્મસૂત્રભાષ્ય, (૨) સર્વસિદ્ધાન્ત, (૩) રામમંત્રાર્થ-નિર્ણય, (૪) રામરહસ્યત્રયાર્થ, (૫) રામપરત્વ અને (૬) તત્ત્વમસ્યાર્થ-સિદ્ધાન્ત. પ્રસ્તુત લેખમાં ' સર્વસિદ્ધાન્ત ' ગ્રંથની, તેની એક હસ્તપ્રત ( સરસ્વતી કોષ ભંડાર, રીવા )ના આધારે, સંક્ષિપ્ત વિવેચના કરવામાં આવી છે.

ઑફ્રેટ અને રાજેન્દ્રલાલ મિત્રની હસ્તલિખિત ગ્રંથોની સૂચિઓમાં આ ગ્રંથની સાત પ્રતોની નોંધ લેવાઈ છે.[2] આમાંની ત્રણ હસ્તપ્રતોનું વિવરણ આ પ્રમાણે છે :

(૧) નં. ૨૩૨૯, **सर्वसिद्धान्तः**[3] પદાર્થ : દેશીકાગળ, આકાર : ૧૩" × ૬", ફોલિયો-૮૫, પ્રતિપૃષ્ઠપંક્તિ : ૧૨-૧૩-૧૬, વિસ્તાર : ૩૩૦૦ શ્લોક, લિપિ : નાગરી, સમય : ?, સ્થળ : કાકીનીયા ( જિલ્લો રંગપુર ), માલિક : મહિમારંજન રાય ચૌધરી, દેખાવ : નવીન, ગદ્યપદ્યાત્મક, **અશુદ્ધ.**

(૨) **सर्वसिद्धान्तः**[4] કર્તા-વિશ્વનાથસિંહ, પાનસંખ્યા-૧૩૨, પ્રતિપૃષ્ઠપંક્તિ : ૧૨, વિસ્તાર : ૩૧૬૮ શ્લોક, લિપિ : નાગરી, પદાર્થ : દેશી કાગળ, સમય : ઈ. સ. ૧૮૬૯, સ્થળ : સીતાપુર, માલિક : પંડિત અયોધ્યાપ્રસાદ.

(૩) **सर्वसिद्धान्तः**[5] રીવાના રાજા વિશ્વનાથસિંહ અને ભિક્ષુકાચાર્યનો સંવાદ, પાનસંખ્યા : ૮૦, પ્રતિપૃષ્ઠપંક્તિ : ૧૧, વિસ્તાર : ૧૫૦૦, લિપિ : નાગરી, પદાર્થ : દેશી કાગળ, સમય : અનિર્દિષ્ટ, સ્થળ : ફૈઝાબાદ, માલિક : પંડિત જાનકીવર શરણ.

---

2 Aufrecht, Catalogues Catalogorum, Part I, P. 702–703.

Mitra Rajendralal, Catalogue of Sanskrit Manuscripts, existing in Oudh, part 3/20, 5/24, 13/98, calcutta.

Mitra, Rajendralal, Notices of Sanskrit Manuscripts, Calcutta, 1884, VolI, No 2329, P. 99–100.

3 Mitra, Rajendralal, Notices of Sanskrit Mss., Vol. VII, calcutta-1884, P. 99.

4 Colin Browing, Catalogue of Sanskrit Mss., existing in oudh, Calcutta, 1873, P. 20–21.

5 Colin Browing, Catalogue of Sanskrit Mss, existing in oudh for the year 1880, Vol. III, P. 118–119.

મધ્યપ્રદેશીય રીવામાં 'સર્વસિદ્ધાન્ત'ની બે હસ્તપ્રતો છે. એમાંની એક શિક્ષાસાગર પુસ્તકાલયની ૭૦ પાન ધરાવતી પ્રત અપૂર્ણ છે, જ્યારે બીજી સરસ્વતી કોષ ભંડારની પ્રતમાં ૮૬ પાન છે, જે પૂર્ણ છે. કાગળ ઉપર સુવાચ્ય અક્ષરે લખાયેલ આ પ્રત છે. આ પ્રતની પુષ્પિકામાં[૬] કર્તા તરીકે 'મહારાજકુમાર શ્રી બાબુસાહેબ વિશ્વનાથસિંહ', શબ્દો મૂકાયા હોઈ, આ ગ્રંથ કવિએ યુવરાજ અવસ્થામાં લખ્યો છે. પુષ્પિકામાં પ્રતિ–લિપિકારે દર્શાવેલ લેખન-સમય વિ. સં. ૧૮૮૯થી સૂચવાય છે કે કવિએ ગ્રંથ–રચના લિખિત સમયથી કેટલાંક વર્ષ પૂર્વે કરી હશે.

'सर्वसिद्धान्त' ભિક્ષુકાચાર્ય અને મહારાજ વિશ્વનાથસિંહના સંવાદરૂપે છે. દ્વૈતમતના ઉપાસક ભિક્ષુકાચાર્ય અવારનવાર વિશ્વનાથસિંહ પાસે આવતા અને વિવિધ શાસ્ત્રોની ચર્ચા–વિચારણા કરતા. એકવાર ભિક્ષુકાચાર્યને મિથિલાથી વેદાન્તમાં શાસ્ત્રાર્થ કરવા નિમંત્રણ મળ્યું. મિથિલાગમન પૂર્વે આ વિષયને વધુ પુષ્ટ કરવા તેઓએ વિશ્વનાથસિંહ સાથે શાસ્ત્રાર્થ કર્યો. આમ, ભિક્ષુકાચાર્ય અને વિશ્વનાથસિંહ વચ્ચેના શાસ્ત્રાર્થનું ફળ તે પ્રસ્તુત ગ્રંથ. વિશ્વનાથસિંહનું જીવનચરિત્ર લખનાર યુગલેશે આ ઘટનાનો નિર્દેશ કર્યો છે.[૭] વિશ્વનાથસિંહ સ્વકૃતિ 'सङ्गीतरघुनन्दनम्'ની સ્વોપજ્ઞ ટીકામાં પણ પોતે રચેલ 'સર્વસિદ્ધાન્ત'નો ઉલ્લેખ કરે છે.[૮]

ગ્રંથારંભે રામચંદ્ર, સરસ્વતી અને ગણપતિની વંદના છે. ગુરુ પ્રિયાદાસની પ્રેરણાથી આ ગ્રંથ રચાયો હોઈ, કવિ ગ્રંથ–રચનાનું શ્રેય જાણે ગુરુ–ચરણે સમર્પિત કરે છે.[૯] આમાં કવિની ગુરુભક્તિ અને નમ્રતાની અભિવ્યક્તિ અનુભવાય છે.

---

૬ इति श्रीसर्वसिद्धान्ते श्रीमहाराजकुमार–श्रीबाबूसाहेब–विश्वनाथसिंहविरचिते भिक्षुकाचार्यसंवादे पञ्चमः सिद्धान्तः समाप्तः ॥

संवत् १८८९ के साल मिति मार्ग सुदि १४ का लिखा ।

—विश्वनाथसिंह सर्वसिद्धान्त (हस्तप्रत) पृ. ८६, सरस्वतीकोष भण्डार, रीवाँ (मध्यप्रदेश)

૭ भिक्षुकाचार्य ओझा जान मिथिला को कहे,
तहां वाद होइगी वेदान्त ही में सुमहान ।
द्वैत मत कीजै सुनि तिनहिं लगाइ दीजै,
सुनि सुनि अर्थ कीन्हौं सुनि तेउ हरखान ॥
सरवसिद्धान्त पुनि ग्रंथ हि बनाइ दीन्हो ।

—युगलेश, विश्वनाथसिंहचरित्र, लाइट प्रेस, बनारस, प्रथम संस्करण, ई. १८६६

૮ अथ च मत्कृत रामायणादि–भाषाग्रन्थेषु सर्वसिद्धान्तादि संस्कृतग्रन्थेषु च... ।

—विश्वनाथसिंह सङ्गीतरघुनन्दनम् (हस्तप्रत) प्राच्यविद्या संशोधनमन्दिर, म. स. विश्वविद्यालय, वडोदरा, न. १३११६, पृ. २

९ पतितोद्धृतिमहिमानः सदयहृदयप्रियादासगुरुचरणाः । विश्वनाथहृदयस्थमतसिद्धान्तं तन्यते स्वयमेव ॥

—विश्वनाथसिंह, सर्वसिद्धान्त (हस्तप्रत), पृ. १, सरस्वतीकोष भण्डार, रीवाँ (मध्यप्रदेश).

ગ્રંથની શૈલી પ્રશ્નોત્તરીની છે. ભિક્ષુકાચાર્ય પ્રશ્નો પૂછે છે, વિશ્વનાથસિંહ ઉત્તર આપે છે. પ્રત્યેક ઉત્તર વિષયની વિસ્તૃત છણાવટ કરે છે. પોતાના મતને પુષ્ટ કરવા લેખક વિવિધ શાસ્ત્ર-ગ્રંથોમાંથી ઉદાહરણો–પ્રમાણો પણ આપે છે.

ગ્રંથમાં રાધાવલ્લભ-મત અને રામરસિક-સંપ્રદાય-મત બન્નેનો સમુચિત સમન્વય કરવામાં આવ્યો છે. ભિક્ષુકાચાર્યના એક પ્રશ્નના ઉત્તરમાં વિશ્વનાથસિંહે પોતાના સર્વ દાર્શનિક સિદ્ધાન્તોનું મૂળ દર્શાવી દીધું છે.[10] વિશ્વનાથસિંહનો મત છે કે 'શ્રીરામચંદ્ર સર્વ-પર-પદાર્થ છે. તેમનાં નામ, રૂપ, લીલા, ધામ અને ગુણ નિત્ય છે. પ્રિયાદાસનો દ્વૈતમત સર્વપ્રતિપાદિત સર્વાવિરુદ્ધ મત છે, રામની ભક્તિ કરણીય છે.

પ્રસ્તુત દાર્શનિક ગ્રંથમાં નીચેના વિષયોનું તાત્ત્વિક નિરૂપણ થયું છેઃ

(૧) શ્રુતિ-સ્મૃતિ-પુરાણ-દર્શનાદિ ગ્રંથોમાં ભગવાન રામચંદ્ર જ પરમ પદાર્થરૂપે નિરુપાયા છે એવું સયુક્તિક પ્રતિપાદન, (૨) રામમૂર્તિનું નિત્યત્વ અને તે દ્વારા બ્રહ્મની સાકારતાની સ્થાપના, (૩) રામચંદ્રની ઉપાસનાની સર્વશ્રેષ્ઠતા, (૪) રામચંદ્ર દ્વારા જ મુક્તિની પ્રાપ્તિનું નિરૂપણ, (૫) ભક્તિ અને વૈરાગ્યના સ્વરૂપનું નિરૂપણ, (૬) ભગવાનનાં નામ, રૂપ, લીલા, ધામ અને ગુણોના નિત્યત્વનો નિર્ણય, (૭) ભગવાનની ભક્તિ-અધીનતા (૮) અદ્વૈત-વાદના ખંડનપૂર્વક વિશિષ્ટાદ્વૈતવાદની સ્થાપના, (૯) પ્રતિબિંબવાદનું ખંડન, (૧૦) મોક્ષ-સ્વરૂપ, (૧૧) જીવની ઉત્ક્રાંતિનું વિવેચન, (૧૨) જીવાત્મા, ઉપાસના અને ભક્તિયોગના સ્વરૂપનું નિરૂપણ, (૧૩) ચક્રાદિચિહ્ન અને ઊર્ધ્વપુંડ્રાદિધારણવિધિ, (૧૪) ભગવાનના મંત્રાદિનું નિરૂપણ, (૧૫) અર્ચન, વંદન ઇત્યાદિ ભક્તિનાં અંગોનું નિરૂપણ (૧૬) અતિથિ-સત્કારવિધિકથન, (૧૭) ૭ પ્રકારની નૈષ્ઠિકી ભજનક્રિયા અને (૧૮) ભક્તિની રસવત્તાનું નિરૂપણ.

ગ્રંથકારે આ અઢારેય વિષયોનું વિશ્લેષણ પાંચ પ્રમુખ સિદ્ધાન્તો દ્વારા કર્યું છે. યુગલેશ પણ નોંધે છે કે '**सर्वसिद्धान्त**' માં સીતારામવિષયક પાંચ સિદ્ધાન્તો રજૂ થયા છે.[11]

---

१० (प्रश्नः) भो राजकुमार विश्वनाथसिंह, सर्वतः परः पदार्थः कोऽथ च जीवसेयाः के पदार्थाः सर्वप्रतिपादितं सर्वाविरुद्धं मतं किं कर्तव्यं च किमिति ।

(उत्तरः) भो भिक्षुकाचार्य, शृणु । सर्वतः परः पदार्थः श्रीरामचन्द्रः, तन्नाम-रुपलीलाधामगुणाः नित्यत्वेन जीवसेयाः सर्वप्रतिपादितं सर्वाविरुद्धं मदाचार्य–द्वैतमतं कर्तव्या तद्भक्तिरिति ।

—विश्वनाथसिंह सर्वसिद्धान्त (हस्तप्रत) सरस्वतीकोष भण्डार, रीवाँ.

११ जामें सीताराम हि पर पांच हि सिद्धान्त जान ।

—युगलेश, विश्वनाथसिंहचरित्र, पृ. १०, लाइट प्रेस, बनारस, प्रथम संस्करण, ई. १८६६

ગ્રંથારંભે લેખકે પ્રિયાદાસાચાર્યના દ્વૈતમત (ચિદચિદ્ વિગ્રહ ભગવાન)નું નિરૂપણ કર્યું છે.[૧૨] પ્રથમ સિદ્ધાન્તમાં રામપરત્વની સ્થાપના કરવામાં આવી છે. દ્વિતીય સિદ્ધાન્તમાં રામના નામ, રૂપ, લીલા, ધામ અને ગુણના નિત્યત્વનું નિરૂપણ છે. તૃતીય સિદ્ધાન્ત મહત્ત્વપૂર્ણ છે. એમાં પ્રતિબિમ્બાદિ વાદ તથા શ્રુતિ–સ્મૃતિ–સૂત્રવિચાર છે. ચતુર્થ સિદ્ધાન્તમાં સંપ્રદાયપ્રવર્તક આચાર્યોની પરંપરા અને મત–સમન્વય છે. પંચમ સિદ્ધાન્તમાં વૈષ્ણવમાહાત્મ્ય, લક્ષણ, મુદ્રાધારણ અને નવધા–ભક્તિ તથા દ્વૈધા–ભક્તિનું વર્ણન છે. છેલ્લે ચતુઃસંપ્રદાય–પ્રવર્તક આચાર્યોની ગુરુ–પરંપરા આપવામાં આવી છે.

'सर्वसिद्धान्त'માં અસંખ્ય પ્રમાણગ્રંથો ઉદ્ધૃત કરીને વિશ્વનાથસિંહે પોતાની સર્વ-શાસ્ત્રવિષયક પાંડિત્યની પ્રતીતિ કરાવી છે. પોતાના મતના સમર્થન માટે અનુકૂળ પ્રમાણો આપીને અને વિરોધી મતોનું ખંડન કરીને દાર્શનિક કવિએ પોતાની કુશાગ્ર બુદ્ધિ અને તાર્કિકતાનું દર્શન કરાવ્યું છે. ઉદાહરણ તરીકે દાર્શનિક તત્ત્વની વિચારણામાં વિભિન્ન વિચારસરણિઓના નિર્દેશ-પૂર્વક શંકરાચાર્યના માયાવાદનું જે ખંડન કર્યું છે તે નોંધપાત્ર છે. તેઓ શાંકર–માયાવાદને બૌદ્ધોના વિજ્ઞાનવાદ અને શૂન્યવાદ સાથે સરખાવીને ત્રણેયની એકરૂપતા–સમાનતા પ્રતિપાદિત કરે છે. માયાવાદના ખંડનનો કેટલોક અંશ વિશ્વનાથસિંહની દાર્શનિક વિશ્લેષણપદ્ધતિ અને શૈલીના ઉદાહરણ તરીકે, દર્શનીય છે.[૧૩]

---

१२ अथास्मदाचार्यद्वैतमतम् ।...हरेः श्रीकृष्णस्य भगवतश्चैतन्यविग्रहस्य इदं विश्वं अचिच्छरीरमिति मत्वा प्रणमेदिति तथा चैक एव चिदचिद्विग्रहो भगवान् सेव्यः एक एवाहं सेवक इति फलितम् ।

—विश्वनाथसिंह सर्वसिद्धान्त (हस्तप्रत), पृ. २, सरस्वतीकोष भण्डार, रीवाँ ।

१३ अपि च मायावादिनां दृष्टिः सृष्टिः स्वीकृता यदैव दृष्टिस्तदैव सृष्टिः दृष्ट्यभाव इति सा चैषा क्षणिकविज्ञानपक्षं नातिवर्तते ।

योगाचाराख्येन बुद्धशिष्येण प्रतिपादितेऽपि विज्ञानवादे अर्थानामर्थात्क्षणिकत्वं चिन्मात्राद्वैतवादे क्षणिकविज्ञानमस्तीति स्वीकारात् । अतस्तन्मतस्य तन्मतसमानत्वमिति । किञ्च मायिकमतं शून्यवादान्नातिरिच्यते । अविद्यावच्छिन्नं ज्ञानजगत्सर्वं ज्ञानमिति भावनयाऽविद्याविनाशे ज्ञानमात्रमवशिष्यते इति निर्गुणचिद्द्वैतिनो मतम् । संवृत्यवच्छिन्नं शून्यं जगत् सर्वं शून्यमिति भावनया तद्विनाशे शून्यमात्रामवशिष्यते इति माध्वमिकमतम् । अतस्तस्य समानत्वमिति ।

—ननु नास्तिकमत–शङ्करमतयोरैक्यं चेत्तर्हि शङ्करेण नास्तिकमतखण्डनं कृतमिति कथं संगच्छत इति चेच्छृणु । प्राचीनमतखण्डनेन नवीनमतस्थापनमित्येतावतैव तन्मतखण्डनं कृतं तेनेति । यथा नागेशो व्याकरणे दीक्षितमतखण्डनेन नवीनमतं स्थापितवान् तथेति विशेषः । अतोऽद्वैतमतस्य प्रच्छन्नबौद्धत्वमिति सज्जना वदन्ति ।

—विश्वनाथसिंह, सर्वसिद्धान्त (हस्तप्रत) सरस्वतीकोष भण्डार, रीवाँ (मध्यप्रदेश).

વિશ્વનાથસિંહે જેમાંથી પ્રમાણો ઉદ્ધૃત કર્યાં છે તેવા કેટલાક ગ્રંથ આ પ્રમાણે છે-- અધ્યાત્મ રામાયણ, બ્રહ્મવૈવર્ત, પદ્મપુરાણ, વાયુપુરાણ, હરિવંશ, ભાર્ગવપુરાણ, સ્કન્દપુરાણ, નન્દિપુરાણ, વારાહપુરાણ, મહાભારત, ભગવદ્ગીતા, ગોપાલતાપિની ઉપનિષદ, શ્વેતાશ્વતર ઉપનિષદ, છાંદોગ્ય ઉપનિષદ, કૈવલ્યોપનિષદ, બૃહદ્ વામનોપનિષદ, ઋગ્વેદ, સામવેદ, અથર્વવેદ, યાજ્ઞવલ્કીય-બ્રહ્મસંહિતા, પુલસ્ત્ય-સંહિતા, વસિષ્ઠ-સંહિતા, હનુમત્-સંહિતા, બ્રહ્મસૂત્ર, સાંખ્ય-શાસ્ત્ર, ગૌતમ (ન્યાય) સૂત્ર, પંચરાત્ર, રુદ્રયામલ, અમરકોષ. આમ, અનેક શ્રુતિ-સ્મૃતિ ગ્રંથોમાંથી અવતરણો આપીને લેખકે પોતાના આ ગ્રંથનું 'सर्वसिद्धान्त' એવું નામ જાણે સાર્થક કર્યું છે. આમાં મુખ્યત્વે વિરોધી મતોનું ખંડન કરીને દ્વૈતમતનું પ્રતિપાદન હોવા છતાં આ ગ્રંથ જાણે સર્વશાસ્ત્રોના સિદ્ધાન્તોનો સંચય કરે છે.

# "કવિપ્રતિભા અને કવિની વૈચારિક સૃષ્ટિ"

અરુણા કે. પટેલ*

આપણા કાવ્યાચાર્યો જેને કવિત્વબીજ કે કાવ્યહેતુ તરીકે ઓળખાવે છે, તે કાવ્યનું જનકીભૂત તત્ત્વ કવિપ્રતિભા છે અને આ પ્રતિભા વિના કાવ્યનિર્માણ થતું નથી, અને જો થાય છે, તો તે હાસ્યાસ્પદ નીવડે છે તેવું પણ આચાર્યોનું કથન છે. આચાર્યોએ મહદંશે કવિપ્રતિભાને કલ્પનાલીલા ( a world of imagination )ના પર્યાયરૂપ માની છે. પરંતુ કવિ જો કેવળ કલ્પનાતરંગોમાં જ રાચે, તો કાવ્યનું આયુષ્ય કેટલું, તેવો સાહજિક પ્રશ્ન આલોચકને ઉઠવાનો જ. ખરેખર તો જેમાં વિચારસૌષ્ઠવ અને કલ્પનાવૈભવ પરસ્પર સુસંગત હોય, ઊર્મિલતાની સાથે બૌધ્ધિકતા ઓતપ્રોત હોય, તેવા કાવ્યને કવિપ્રતિભાજન્ય કાવ્ય કહી શકાય. ગહન વિચારોથી અન્વિત કાવ્ય પ્રજ્ઞાવાન સહૃદયોને આહ્લાદકારી નીવડે છે. કેવળ કલ્પનાનાં ઉડ્ડયનોથી કાવ્ય બાહ્ય ચળકાટવાળું જરૂર લાગે છે પરંતુ સમય જતાં એ ચળકાટ ઝાંખો પડે છે, પરિણામે કાવ્ય અલ્પાયુષી નીવડે છે. આનાથી વિપરીત, ઉત્તમ વિચારોનું ઊંડાણ કાવ્યને સાહિત્યજગતમાં અમર સ્થાન અપાવે છે, તે એક સર્વસ્વીકૃત બાબત છે. આથી જ કલ્પન અને ચિંતન એ બે તત્ત્વો પર નિર્ભર કાવ્યો વિશ્વસાહિત્યમાં યાદગાર સ્થાન પ્રાપ્ત કરી શકયાં છે. જગતનાં ખ્યાતનામ મહાકાવ્યોમાં આપણને આ બંને તત્ત્વોનો સંવાદ દૃષ્ટિગોચર થાય છે જ. પાશ્ચાત્ય વિવેચક T.S. Eliot તેના " On Poetry and Poets " માં જણાવે છે કે—" Poetic inspiration is none too Common, but the true sage is rarer than the true poet; and when the two gifts that of wisdom and that of poetic speech are found in the same man, you have the great poet. "[1]

મહિમ ભટ્ટે તેના 'વ્યક્તિવિવેક'માં ક્ષણમાત્રમાં નવું સ્વરૂપ ધારણ કરતી, રસાનુરૂપ શબ્દોમાં વ્યક્ત થતી કવિની પ્રજ્ઞાને જ પ્રતિભા કહી છે. આવી કવિપ્રતિભા શિવના તૃતીય નેત્ર સમાન છે. કવિ નિજી પ્રતિભાના બળે ત્રણે ય કાળનું સીમોલ્લંઘન કરી, વર્તમાન, ભૂત અને ભવિષ્યનો જ્ઞાતા બને છે. મહિમભટ્ટના શબ્દોમાં—

" रसानुगुणशब्दार्थचिन्तास्तिमितचेतसः ।
क्षणं स्वरूपस्पर्शोत्था प्रज्ञैव प्रतिभा कवेः ॥
सा हि चक्षुभर्गवतस्तृतीयमिति गीयते ।
येन साक्षात्करोत्येष भावांस्त्रैकाल्यवर्तिनः ॥[2]

---

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૩-૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક મે-ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૨૮૯-૨૯૪

૧ બેટાઈ (ડૉ.) આર. એસ., 'એલિયટ-ભારતીય કાવ્યમીમાંસા ; કેટલાક પ્રશ્નો', ઈન્સ્ટિટયુટ ઑફ ઈન્ડોલૉજી, દ્વારકા - પૃ. ૧૩,

२ द्विवेदी (सं.) रेवाप्रसाद, महिम भट्ट—व्यक्तिविवेकः, चौखम्बा संस्कृत सीरीज ऑफिस, वाराणसी, १९६४. २-११७, २-११८.

* ચિત્તલ રોડ, અમરેલી, ૩૬૪૬૦૧

કવિતાને ઊર્મિના અમોઘ ઉછાળા (spontaneous overflow of powerfull feelings) તરીકે ઓળખાવતા કવિ વર્ડ્ઝવર્થને પણ સ્વીકારવું પડ્યું છે કે—" Poetry is the breath and finer spirit of all knowledge."

ભારતીય આચાર્યોએ કવિને ઋષિ કહ્યો છે. તેનું કારણ કાવ્યમાં તેમણે ચિંતનને અનિવાર્ય ગણ્યું છે. ભટ્ટ તૌતે તેમના 'કાવ્યકૌતુક'માં જણાવ્યું છે કે—

"नानृषिः कविरित्युक्तं ऋषिश्च किल दर्शनात् ।
विचित्रभावधर्मांशतत्त्वप्रख्या च दर्शनम् ॥
स तत्त्वदर्शनादेव शास्त्रेषु पठितः कविः ।
दर्शनाद्वर्णनाच्चाथ रूढा लोके कविश्रुतिः ॥"[3]

ભવભૂતિએ પણ 'આદ્ય ઋષિઓની વાણીને અર્થ અનુસરે છે' એમ કહીને કવિના કાન્તદર્શનને, ચિંતનને સમર્થ તત્ત્વ માન્યું છે. પાશ્ચાત્ય વિવેચક કોલરિજ પણ આવું જ કહે છે:

" No man was ever yet a great poet, without being at the same time profound Philosopher. For Poetry is the blossom and fragrance of all human knowledge, human thoughts, human passions, emotions and language."

સંક્ષેપમાં કાવ્ય એટલે પ્રકૃતિનાં સુંદરતમ તત્ત્વોનું મુગ્ધભાવે થયેલું આલેખન માત્ર નથી. તેમાં માનવસ્વભાવ, તેનાં સૂક્ષ્મ સંવેદનોનો અભ્યાસ અને સમગ્ર વિશ્વને વ્યાપી વળેલા પ્રશ્નોના કારણ, નિરાકરણ ઇત્યાદિ અનેક બાબતો સુગ્રથિત હોય છે અને આવું વ્યાપક ચિંતન રજૂ કરતાં આપણાં રામાયણ, મહાભારતસમાં મહાકાવ્યોની અમરતાનું આ જ પરમ રહસ્ય છે.

સૌંદર્યના આસ્વાદ સાથે સત્યબોધની પ્રતીતિ એ જ વિશ્વના મહાકવિઓનું ચરમ લક્ષ્ય રહ્યું છે. એમાં જ તેમના ઉત્કૃષ્ટ સર્જનની ઇતિકર્તવ્યતા છે. કવિમાં રહેલી સંતપ્રતિભા રમણીયતાની સૃષ્ટિની સાથોસાથ ગહન ચિંતનમાં વાચકને નિમજ્જન કરાવે છે અને સહૃદય ભાવક **बालगुड जिह्विकया** (બાળકના કાન વીંધતી વખતે તેનું મુખ ગોળ જેવી મીઠી વસ્તુથી ભરી દેવામાં આવે છે જેથી તે વેદનાનો અનુભવ ઓછો) તેને આસ્વાદે છે. કવિઓ ચિંતન પીરસવા માટે કયારેક અલંકારોનો પણ ઉપયોગ કરે છે. ઉદાહરણ તરીકે 'અર્થાન્તરન્યાસ'માં અભિધા દ્વારા, 'વ્યાજસ્તુતિ'માં વક્તા દ્વારા અને 'અપ્રસ્તુતપ્રશંસા'માં વ્યંજના દ્વારા ચિંતન રજૂ કરવામાં આવે છે. મહાકાવ્યોમાં જ કવિ આમ કરી શકે છે, તેવું નથી. મુક્તકોમાં પણ. વિશેષતઃ સુભાષિતોમાં કવિ રમણીયતાની સાથોસાથ વ્યંગ્યરૂપે ચિંતન પ્રસ્તુત કરે છે. ખાસ કરીને અહીં અપ્રસ્તુતપ્રશંસા કે અન્યોક્તિનો આશ્રય લેવામાં આવે છે. પંડિતરાજ જગન્નાથનું એક પદ્ય લઈએ:

---

3 Parikh Rasiklal, भट्ट तौत Kāvyānuśāsana by Hemachandra, Shree Mahavir Jain Vidyalay, Bombay, 1938, P. 432

"सौरभ्यं भुवनत्रयेऽपि विदितं शैत्यं तु लोकोत्तरम्
कीर्तिः किं च दिगङ्गनाङ्गणगता किन्त्वेतदेकं शृणु ।
सर्वानेव गुणानियं निगिरति श्रीखण्ड ते सुन्दरा
नुज्झन्ती खलु कोटरेषु गरलज्वालां द्विजिह्वावली ॥ "૪

અહીં લોકોત્તર શૈત્ય અને સૌરભ પ્રસરાવનાર ચંદન વૃક્ષને ઉદ્દેશીને કવિ કહે છે કે ભલે, તેની કીર્તિ દિગંતો સુધી વ્યાપ્ત હોય, પરંતુ ગરલ વિષનું વમન કરતાં સર્પો તેને વીંટળાઈને રહે છે. તે તેનો દોષ છે. અને તે દોષ સર્વગુણોનો સંહારક છે. કવિને ઉદ્દિષ્ટ અહીં જુદું જ છે. કોઈ ગુણવાન વ્યક્તિ દુષ્ટ મનુષ્યને આશ્રય આપે, તો પરિણામ શું આવે, તેનો નિર્દેશ કવિએ કર્યો છે. આમ, પ્રસ્તુત ચંદનના મિષે ગુણોના ભંડાર સમો સજ્જન દુર્જનને આશ્રય આપવાથી શી ગતિ પામે, તે ઉપદેશ્યું છે. આવાં અન્યોક્તિ પ્રકારનાં પદ્યોથી સંસ્કૃત સાહિત્ય સમૃદ્ધ છે, જેમાં કવિ માનવજીવનનાં અનેક પાસાંઓને આવરી લઈ, વ્યંગ્યરૂપે ચિંતન રજૂ કરે છે. કવિ ભર્તૃહરિનું પદ્ય અતિશય પ્રસિદ્ધ છે;

"लांगूलचालनमधश्चरणावपातं
भूमौ निपत्य वदनोदरदर्शनं च ।
श्वा पिण्डदस्य कुरुते गजपुंगवस्तु
धीरं विलोकयति चाटुशतैश्च भुङ्क्ते ॥ "૫

અહીં શ્વાન અને ગજપુંગવની ચેષ્ટાઓના વર્ણન દ્વારા કવિએ ક્ષુદ્ર અને સ્વમાની પુરુષોનું સ્વભાવદર્શન કરાવ્યું છે. રમણીયતાની સાથે ભારોભાર ચિંતન વ્યક્ત કરતા 'અપ્રસ્તુતપ્રશંસા' અલંકારનો વિષય કવિચિત્ સિંહ, કવચિત્ હાથી, ભ્રમર, વૃક્ષ, કમળ, હંસો, મૃગો, શ્વાન, બગલાં, દેડકા, સમુદ્ર, નદી, સરોવર, મત્સ્ય, કોયલ, કાગ, મેઘ, ચાતક વગેરે તત્ત્વો હોય છે. અને આ તત્ત્વોને પ્રતીકરૂપે લઈને કવિ પોતાને ઇષ્ટ એવું ગૂઢ ચિંતન પણ નિરૂપી દે છે.

કવિના વૈચારિક જગતના સંદર્ભમાં આચાર્ય ક્ષેમેન્દ્ર એક નવી જ વાત લાવ્યા છે. તેમણે 'ઔચિત્યવિચારચર્ચા'માં વિચારૌચિત્યનો મુદ્દો પ્રસ્તુત કર્યો છે. તેમના મતે આપણાં પ્રાચીન મહાકાવ્યો પર પુનર્વિચાર કરીને કવિઓ નવીન તથ્યનું ઉન્મીલન કરી શકે છે. આ પ્રકારના નિરૂપણમાં કવિની કારયિત્રી પ્રતિભા અને ભાવયિત્રી પ્રતિભાનો સુભગ સમન્વય દૃષ્ટિગોચર થાય છે. મહાકાવ્યોમાં નિરૂપિત પ્રસંગો કવચિત્ મેધાવી ભાવકને કોયડારૂપ લાગે છે. વિચારૌચિત્ય દ્વારા કવિ આવા કોયડાઓનો પોતાની તર્કશક્તિથી ઉકેલ આપે છે. આ પ્રકારના નિરૂપણમાં કવિને કલ્પના (imagination) અને પ્રજ્ઞા: (intellect) બંને સહાયક બને છે. કલ્પના અને બૌદ્ધિકતાના સમન્વયરૂપ વિચારૌચિત્યને ક્ષેમેન્દ્રે આ પ્રમાણે વર્ણવ્યું છે;

---

૪ નાન્દી એસ. એસ. (સં.). જગન્નાથ-પ્રાસ્તાવિકવિલાસ, મહાજન પબ્લિશિંગ હાઉસ, અમદાવાદ, ૧૯૫૬, શ્લોક નં. ૩૬

૫ नीतिशतकम्, આર. જમનાદાસની કંપની, એજ્યુકેશનલ પબ્લિશર્સ, અમદાવાદ, ૧૯૭૮-૭૯, શ્લોક નં. ૨૪

"उचितेन विचारेण चारुतां यान्ति सूक्तयः ।
वैद्यतत्त्वावबोधेन विद्या इव मनीषिणाम् ॥"[६]

ક્ષેમેન્દ્રનું કહેવું છે કે જેમ કોઇ ચિંતક, ઋષિ આત્મા, પરમાત્મા, બ્રહ્મ, જગત વગેરે જ્ઞાતવ્ય તત્ત્વો પર સ્થિતપ્રજ્ઞ બનીને ચિંતન કરે અને પરિણામે, તેને જે જ્ઞાન લાધે છે, ત્યારે તે જ્ઞાનથી તેની વિદ્યા વધારે શોભાયમાન બને છે, તેમ કવિ પ્રાચીન કાવ્યો પર ચિંતન કરીને માનવસ્વભાવનું જુદું જ પરિશોધન કરે, નવીન સત્ય ખોળી કાઢે, ત્યારે કાવ્ય સવિશેષ ખીલી ઊઠે. પુરાતન કાવ્યમાંથી કોઇ ઘટના, વસ્તુ કે પ્રસંગ લઇને તેના પર પુનર્વિચાર કરીને નવા જ તથ્યનું ઉન્મીલન કરીને કવિ તેને આલેખે, તેમાં જ તેની મહત્તા છે. ક્ષેમેન્દ્રના મતે વિચારનું ઔચિત્ય એટલે પ્રાચીન કાવ્યો પર પુનર્વિચાર ( Rethought ). ક્ષેમેન્દ્રનો આવો નવો જ ખ્યાલ તેની કારિકા પરથી સ્પષ્ટ થતો નથી, પરંતુ તેણે જે ઉદાહરણરૂપ શ્લોક આપ્યો છે, અને તેનું વિવરણ કર્યું છે, તેના પરથી સ્પષ્ટાકાર થાય છે. તેના વિચારગત સૌંદર્યના ખ્યાલને રજૂ કરતું તેનું પદ્ય આ પ્રમાણે છે;

"अश्वत्थामवधाभिधानसमये सत्यव्रतोत्साहिना
मिथ्या धर्मसुतेन जिह्मवचसा हस्तीति यद् व्याहृतम् ।
सा सत्यामृतरश्मिवैरमसमं संसूचयन्त्याः सदा
शङ्के पङ्कजसंश्रयेण मलिनारम्भा विजृम्भा श्रियः ॥"[૭]

મહાભારતના યુદ્ધમાં અશ્વત્થામા હાથી મરાયો, ત્યારે ધર્મના સાક્ષાત અવતાર, સત્યવાદી યુધિષ્ઠિરે હાથી એ શબ્દનું ધીમેથી ઉચ્ચારણ કરીને દ્રોણગુરુની જે પ્રતારણા કરી છે, તે પ્રસંગ વ્યાસમુનિએ સમસ્યારૂપે રજૂ કર્યો છે. ઉપરનું પદ્ય ક્ષેમેન્દ્રના 'મુનિમતમીમાંસા' કાવ્યમાંથી લેવામાં આવ્યું છે અને વ્યાસમુનિએ જે કોયડારૂપ પ્રસંગ આલેખ્યો છે, તેનો કવિપ્રતિભાથી ઉકેલ શોધ્યો છે. કવિ ક્ષેમેન્દ્રનું કહેવું એમ છે કે સત્યવ્રતી યુધિષ્ઠિરના જૂઠાણા પાછળ રહસ્ય છે. યુધિષ્ઠિર અલ્પ સમયમાં રાજ્યલક્ષ્મીનું વરણ કરવાના છે. હવે, લક્ષ્મી કમળ પર નિવાસ કરે છે કમળ કાદવમાં ઊગે છે તેથી લક્ષ્મીને કાદવનો સંપર્ક થવાથી તેનો સ્વભાવ મલિન થયો છે. આથી તે યુધિષ્ઠિરને પણ મલિન કાર્યની પ્રેરણા આપે તે સ્વાભાવિક છે. વળી, અન્ય કારણ એ છે કે લક્ષ્મીનો કમળ પર વાસ અને કમળને ચંદ્ર સાથે નૈસર્ગિક રીતે વેર છે, તે જાણીતી વાત છે. ચંદ્રોદય થતાં જ કમળ બીડાઈ જાય છે. આમ પોતાના નિવાસસ્થાનની સુરક્ષા અર્થે લક્ષ્મીને સાહજિક રીતે ચંદ્ર સાથે વેર બંધાયું. હવે, જ્યારે સત્યરૂપી ચંદ્રમા સમાન યુધિષ્ઠિર

---

૬ व्रजमोहन झा (सं.) क्षेमेन्द्र–औचित्यविचारचर्चा, चौखम्बा विद्याभवन, वाराणसी–૧૯૬૮–કારિકા-૩૭

૭ એજન–પૃ. ૧૯૩

રાજ્યલક્ષ્મીનું વરણ કરવાના છે, ત્યારે લક્ષ્મીને સત્યરૂપી ચન્દ્રમાનો દ્વેષ થવા લાગ્યો છે. આથી યુધિષ્ઠિરનાં સત્યવચનરૂપી કિરણોના વિનાશ માટે લક્ષ્મીએ મલિન પ્રવૃત્તિ શરૂ કરી અને યુધિષ્ઠિરને અસત્ય વચનો બોલવા પ્રેર્યા. આમ, યુધિષ્ઠરના અસત્ય અભિધાન પાછળ રાજ્ય-લક્ષ્મીનો કુટિલ સ્વભાવ જવાબદાર છે. અને રાજ્યલક્ષ્મીના કુટિલ સ્વભાવનું કારણ તેનું નિવાસ-સ્થાન કમળ મલિન કાદવમાં પેદા થયું છે. આવું સત્યશોધન કવિ કરી શક્યા છે અને—મહાભારતના યુધિષ્ઠિરના આ એક સ્ખલનનો સમર્થ બચાવ કવિ કરી શક્યા છે, તેથી વિચારગત ઔચિત્ય છે. ક્ષેમેન્દ્રનું વિચારગત ઔચિત્ય એ વિચારસૌષ્ઠવ કે વિચારગાંભીર્ય પણ છે. પદ્યમાં કવિની અમ્લાન પ્રતિભાનાં દર્શન થાય છે. કલ્પનાલીલાની સાથોસાથ સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રજ્ઞાના બળે તારવેલું સત્યશોધન કવિ કરી શક્યા છે અને તે વાચકને આહ્‌લાદક નીવડે છે. આ પ્રકારનાં પદ્યો બૌદ્ધિક કસરત સમાન પણ નીવડી શકે. પરંતું યમકનિરૂપણમાં કવિ જે બૌદ્ધિકતા દાખવે છે, તેના કરતાં ભિન્ન પ્રકારની આ બૌદ્ધિકતા છે. આપણા પ્રાચીન વિખ્યાત સાહિત્યમાંથી પ્રસંગો લઇને, તેનો મર્મ સમજીને નિજી તર્કશક્તિ વડે સત્યનો આવિષ્કાર કરવો, ઇતિહાસ પર પુનઃ ચિંતન કરવું, તે પણ કવિપ્રતિભાનું ફળ છે. ઇશાવાસ્ય ઉપનિષદમાં કહ્યું છે, તેમ '**कविर्मनीषी परिभूः स्वयंभूः ।** કવિ મનીષી છે, પ્રજ્ઞાવાન છે તેથી આવું સત્યશોધન કરી શકે છે. વળી તે આસપાસની સૃષ્ટિનું અવલોકન કરીને વિશાળ જ્ઞાનરાશિ ધરાવતો હોય છે, તેથી તર્કના બળે પ્રાચીન પ્રસંગોને નૂતન દૃષ્ટિથી અવલોકે છે અને તેનું કાવ્યમાં આલેખન કરે છે. આવાં નૂતન તથ્યનો આવિષ્કાર નિરૂપતાં કાવ્યો પ્રમાણમાં ઓછાં મળે છે. પરંતુ ક્ષેમેન્દ્રનું વિચારૌચિત્ય એ કવિમેધાનું ફળ હોઈને આ પ્રકારનાં પદ્યો રમ્ય અને આવકાર્ય છે. અલબત્ત રામાયણ, મહાભારતના પ્રસંગો પર આધારિત સંખ્યાબંધ નાટકો અને કાવ્યો ઉપલબ્ધ થાય છે અને તે પૈકી કેટલાંકમાં આવો નૂતન તથ્યનો આવિષ્કાર દ્રષ્ટિગોચર થાય છે. વિશેષતઃ આ પ્રકારનાં કાવ્યો, નાટકોમાં કવિ નિજી કલ્પનાના બળે ઇતિહાસમાં નિંદિત પાત્રોનો અદ્દ્ભુત રીતે બચાવ કરે છે અને તે આપણને તર્કસંગત લાગે છે. ઉદાહરણ તરીકે, ભાસના 'પ્રતિમા' નાટકમાં દ્વેષથી પ્રેરાઈને કૈકેયીએ 'રામવનવાસ' નહોતો માગ્યો પરંતુ દશરથને પુત્રવિયોગે મૃત્યુ પામવાનો શ્રાપ હતો. રામના મૃત્યુજન્ય વિયોગથી દશરથનું મૃત્યુ ન થાય, તે હેતુથી રામના જીવનની રક્ષા માટે કૈકેયીએ રામવનવાસ માગ્યો હતો. વળી પુત્રવિયોગની ભાવિવિહ્‌વળતાના કારણે તે વનવાસ ચૌદ દિવસના બદલે ચૌદ વર્ષનો માગી બેઠી. આમ, ભાસે કૈકેયીના પાત્રનું સંશોધન કર્યું છે. એ જ રીતે એ જ નાટકમાં 'સીતાહરણ'ના પ્રસંગને નૂતન ઉત્પ્રેક્ષા દ્વારા વર્ણવીને સીતાના પાત્રનું પણ સંશોધન કર્યું છે. સીતાને સુવર્ણમૃગના ચર્મની ઇચ્છા ન હતી, પરંતુ દશરથનું સાંવત્સરિક શ્રાદ્ધ કરવા માટે રામે કાંચનપાર્શ્વ મૃગનો પીછો કર્યો અને પરિણામે, રામ-લક્ષ્મણની અનુપસ્થિતિમાં સીતાનું હરણ થયું. આમ ખૂબ યુક્તિપૂર્ણ રીતે ભાસે રામવનવાસ અને સીતાહરણના પ્રસંગોનું સત્યશોધન કરીને કૈકેયી તથા સીતાના પાત્રનું ઉદાત્તીકરણ કર્યું છે. માયુરાજનું 'ઉદાત્તરાઘવ' પણ આનો નમૂનો છે. કુન્તકે 'પ્રકરણવક્રતા'માં વિદ્યમાન કથાવસ્તુના સંશોધન દ્વારા નિષ્પન્ન થતા ઉત્પાદ્યલાવણ્ય નામનો એક પ્રભેદ દર્શાવ્યો છે, તે ક્ષેમેન્દ્રના વિચારૌચિત્ય સાથે વિલક્ષણ રીતે સામ્ય ધરાવે છે. ફરક એટલો જ, કે ક્ષેમેન્દ્રે માત્ર પદ્યોમાં જ આ પ્રકારના વિચારોના ગુંફનનો આગ્રહ રાખ્યો છે.

સંક્ષેપમાં કાવ્યમાં કલ્પનાલાલિત્યની સાથે તર્કલાલિત્ય પણ રમણીય લાગે છે. નૂતન ઉત્પ્રેક્ષા વડે કવિ ગહન વિચારોને બુદ્ધિગમ્ય બનાવે છે, ત્યારે તે સ્ફૂર્તિદાયક લાગે છે. કવિપ્રતિભાની અંતર્ગત નવી કલ્પનાઓ, બુદ્ધિગમ્ય તર્ક અને વિચારસૌષ્ઠવ એ ત્રણેય તત્ત્વો છે જ. કવિ કેવળ કલ્પનાની પાંખે ઉડયા કરે, તો કાવ્ય અવિચળ સ્થિરતા પ્રાપ્ત કરી શકે નહિ. સ્થિરતા અને સુદૃઢતા માટે વિચારોની ગહનતા, માનવજીવનનાં શાશ્વત મૂલ્યોનું આલેખન જરૂરી છે. કાવ્ય કે કોઈપણ લલિતકલાનો ચરમ ઉદ્દેશ પણ એ જ છે. શ્રી એમ. હિરિયણ્ણા તેમના 'Art Experience' માં જણાવે છે તેમ—

"Art is a short cut to the ultimate value of life by passing logic "[૮]

---

૮ Hiriyanna M. An Introduction to Indian Poetics—Ed. V. Raghvan and Nagendra—Macmillan and company Limited, Madras, 1970, P. 10

# છાયાસતી અને છાયાસીતા

હંસા બી. ભટ્ટ*

સંસ્કૃત સાહિત્યનાં અનેકવિધ પાસાંઓમાંનું એક વિશિષ્ટ પાસું–તે ઇતિહાસ-પુરાણ સાહિત્ય છે આ સાહિત્ય સંસ્કૃત સાહિત્યનો એક અજોડ પ્રકાર છે. સંસ્કૃત ઉપરાંત તેના જેવી જ પુરાતન ભાષાઓ ગ્રીક કે લેટિનમાં પુરાણકથાઓ તો મળે છે પરંતુ સંસ્કૃત સાહિત્યના ઇતિહાસ-પુરાણ વિભાગ જેવો કોઇ વિશિષ્ટ પ્રકાર બીજી કોઈ ભાષાના સાહિત્યમાં ભાગ્યે જ જોવા મળે.

આ ઈતિહાસ-પુરાણ સાહિત્યનો વિકાસ પૂર્વે થયેલા મહાપુરૂષો, રાજાઓ, વીર પુરૂષો, દેવ-દેવીઓ, મહાત્માઓ વગેરેનાં મહાન કાર્યોની તથા ઐતિહાસિક પ્રસંગોની સ્મૃતિને ચિરંજીવ રાખવા તથા તેમના પ્રેરણાદાયી ચરિત્રોમાંથી ભાવિ પેઢીને તેમના જીવનમાં ચોક્કસ માર્ગદર્શન મળી રહે અને તેમને પોતાના પૂર્વજોએ બક્ષેલા સાંસ્કૃતિક વારસાનું સ્મરણ થાય અને તે વારસાના સંરક્ષણ અને સંવર્ધન માટે તેઓ પ્રવૃત્ત થાય એ મુખ્ય હેતુ હતો. આ હેતુ ઘણે અંશે સિદ્ધ પણ થયો છે. આજના હિંદુઆચારવિચારની આધારશિલા ઇતિહાસ-પુરાણ સાહિત્ય છે.

ઐતિહાસિક બનાવોના સંદર્ભે સતીનો દેહત્યાગ અને દક્ષયજ્ઞવિધ્વંસની ઘટના પ્રથમ ઘટી હશે અને રામાયણની ઘટના ત્યારબાદ. પરંતુ રામાયણની રચના આદિકવિ વાલ્મીકિએ કરી, તે ઘટના પ્રથમ ઘટી અને પુરાણકાર વેદવ્યાસે મહાભારત તથા અઢાર પુરાણોની રચના કરી તે બાદની ચોક્કસ ઘટના છે. ઐતિહાસિક ઘટનાક્રમ અને સાહિત્યિક રચનાક્રમની પૌર્વાપર્યની ઊલટાસૂલટી સમજાયા પછી સંશયને કોઇ સ્થાન રહેતું નથી. ઉપપુરાણોની રચના તો અઢાર મહાપુરાણોની રચના પછી થઈ. ઘણાં ઉપપુરાણોની જેમ શાક્તસંપ્રદાય પ્રવર્તક મહાભાગવત પુરાણ પણ ઈ.સ.ના ૧૧મા સૈકામાં રચાયેલું એક ઉપપુરાણ છે. જેની રચના પૂર્વબંગાળમાં કામરૂપ( આસામ ) ની નજીક થઈ હોવી જોઇ એ એમ ત્યાંથી પ્રાપ્ત હસ્તપ્રતો ઉપરથી સાબિત થાય છે. મહાભાગવતના કર્તા વેદવ્યાસ મનાયા છે.

પ્રસ્તુત લેખમાં છાયાસતીનો પ્રસંગ મહાભાગવત પુરાણમાં જે રીતે વર્ણવાયો છે અને તેના ઉપર બીજાં પુરાણોમાં વર્ણિત છાયાસીતાના પ્રસંગની કેવી અસર પડેલી છે, તે બાબત ચર્ચીશું.

---

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે–ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૨૯૫–૩૦૦.

*૧૦, નાગરભાઈ ચેમ્બર્સ, પ્રગતિ સહકારી બેંક સામે, નીલકમલ સોસાયટી, નિઝામપુરા, વડોદરા–૨

સર્વ પ્રથમ પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે કોની અસર કોના ઉપર થઈ હોવી જોઈએ? ઐતિહાસિક ઘટના ક્રમે જોતાં છાયાસતી પહેલી ઘટના હોઈ શકે અને છાયાસીતા એ પછીની ઘટના હોવી જોઈએ. પરંતુ સાહિત્યિક રચનાક્રમે જોતાં વાલ્મીકિ રામાયણના રચનાર વાલ્મીકિ ઋષિ રામના સમકાલીન હોવાથી તેમજ મહાભારતના તથા અઢારપુરાણોના રચનાર વેદવ્યાસ મુનિ કૌરવ પાણ્ડવોના સમકાલીન હોવાથી પ્રથમ રચના વાલ્મીકિરામાયણની થઈ અને ત્યારપછી ઘણા સમયાન્તરે મહાભારત તથા અઢાર મહાપુરાણોની રચના થઈ એમ માનવું ઉચિત છે.

મહાભાગવત પુરાણ (લગભગ ૧૧મી સદી)માં (અધ્યાય-૯, ૫૫ થી ૫૯) સતીએ છાયાસતીનું સર્જન કર્યું અને તેને દક્ષયજ્ઞનો વિનાશ કરવાની આજ્ઞા કરી તેનો ઉલ્લેખ મળે છે.

एवं विचिन्त्य मनसा सती दाक्षायणी तदा ।
आत्मनस्तुल्यरूपां सा छायां समसृजत्क्षणात् ॥ ५५ ॥
छायासतीं सती प्राह मद्वाक्यमवधारय ।
त्वमेकं कुरु मत्कार्यं यज्ञमेनं विनाशय ॥ ५६ ॥
उक्त्वा बहुविधं वाक्यं पित्रा सह सुलोचने ।
शिवनिन्दाकरं वाक्यं त्वा पितृमुखान्मम ॥ ५७ ॥
विशस्व यज्ञवह्नौ त्वं रुषा ज्वलितविग्रहा ।
अहमस्य सुतेत्यस्माद् गर्वितः शिवनिन्दनम् ॥ ५८ ॥
करोति तेन तं गर्वं त्वमाशु परिचूर्णय ।
त्वयि वह्नौ प्रविष्टायां श्रुत्वा देवो महेश्वरः ॥ ५९ ॥

ઉપર્યુક્ત સૂચના અનુસાર છાયાસતી દક્ષયજ્ઞના વિનાશ માટે યજ્ઞના અગ્નિમાં પ્રવેશ કરી જાય છે. અધ્યાય-૯ ૭૭ cd. થી ૮૨)

एवमुक्ता तु सा देवी छायाकाली रुषान्विता ॥ ७७ ॥
दधौ भयानकां मूर्तिं ज्वलन्नेत्रत्रयोज्ज्वलाम् ।
नक्षत्रलोकसम्प्राप्तमस्तकां विस्तृताननाम् ॥ ७८ ॥
आपादलम्बिसंमुक्तकेशपाशविराजिताम् ।
मध्याह्नार्कसहस्राभां युगान्तजलदप्रभाम् ॥ ७९ ॥
ततः सा क्रोधदीप्ताङ्गी साट्टहासं मुहुर्मुहुः ।
कृत्वा गम्भीरया वाचा दक्षमाह महेश्वरी ॥ ८० ॥
अहं ते चक्षुषोर्बाह्यं भविष्यामि न केवलम् ।
त्वज्जातदेहबाह्यापि भविष्याम्यचिरादिह ॥ ८१ ॥
एवं छायासती देवी क्रोधाद्दीप्तविलोचना ।
पश्यतां सर्वदेवानां यज्ञवह्नौ समाविशत् ॥ ८२ ॥

છાયાસતીની આ કથા ઉપર દેખીતી રીતે છાયાસીતાના પ્રસંગની અસર હોવાનો પૂરેપૂરો સંભવ છે. મૂળ વાલ્મીકિરામાયણમાં ( ૩.૪૯. ૧૪ ed. થી ૧૭ ) સીતાહરણનો પ્રસંગ[૧] જે રીતે વર્ણવાયો છે, તેમાં રાવણ ડાબા હાથથી સીતાના કેશ કલાપને પકડીને જમણા હાથથી તેની જાંઘોને પકડીને રથમાં બેસાડી લઈ જાય છે એવું વર્ણન છે આ વર્ણન વાસ્તવિક હોવા સાથે સાથે સુરુચિ ભંગ કરનારું છે, એમ લાગવાથી તેમજ સીતા સદૃશ મહાન નારી જેની પ્રતિમા વાલ્મીકિ રામાયણથી લોકહૃદયમાં સર્વોચ્ચ સ્થાને બિરાજતી થઇ, તેને હાનિ પહોંચાડશે એમ ધારીને પાછળથી પુરાણકારે તેમજ બીજા કેટલાક લેખકોએ સીતાને બદલે છાયાસીતાની કલ્પના કરી અને એ રીતે સીતાજીની માનવહૃદયોમાં અંકિત થયેલી લોકોત્તર પ્રતિમાને સુરક્ષિત રાખવાનો પ્રયત્ન કર્યો, તદ્અનુસાર કૂર્મપુરાણ, બ્રહ્મવૈવર્ત પુરાણ તથા શ્રીમદ્દેવીભાગવત પુરાણમાં છાયાસીતાનો પ્રસંગ વર્ણવાયો છે.

કૂર્મપુરાણ—( ૭મી શતાબ્દી ઇ.સ. ) પતિવ્રતોપાખ્યાનમાં માયાસીતાહરણ વૃતાન્ત 'ઉત્તર વિભાગ', અધ્યાય-૩૪ શ્લોક નં-૧૧૫ થી ૧૨૪. માયાસીતાહરણનું વૃત્તાન્ત સર્વ પ્રથમ કૂર્મપુરાણના ઉપર જણાવેલ સંદર્ભમાં મળે છે. નિર્જન વનમાં ફરતી સીતાએ રાવણને આવતો જોઇને તથા તેનો અભિપ્રાય સમજીને ઘરના અગ્નિનું શરણ લીધું અને વહ્નયષ્ટક નો જપ કર્યો. એ ઉપરથી આવસથ્યમાંથી પ્રગટ થઇને અગ્નિએ માયામયી સીતાનુ સર્જન કર્યું અને રામપ્રિય સીતાને ગ્રહણ કરીને તેને છુપાવી દીધી[૨] ત્યારબાદ રાવણ માયામયી સીતાને લંકા લઇ ગયો. રાવણવધના પ્રસંગ પછી રામે એ માયામય સીતા પર શંકા કરી. પરિણામે તે અગ્નિમાં પ્રવેશ કરીને બળી ગઇ. ત્યારે અગ્નિએ પ્રગટ થઇને વાસ્તવિક સીતાને બતાવી. આમ અગ્નિએ

---

१ यः स्त्रियो वचनाद् राज्यं विहाय ससुहृज्जनम् ॥ १४ ॥

अस्मिन् व्यालानुचरिते वने वसति दुर्मतिः ।
इत्युक्त्वा मैथिलीं वाक्यं प्रियार्हां प्रियवादिनीम् ॥ १५ ॥

अभिगम्य सुदुष्टात्मा राक्षसः काममोहितः ।
जग्राह रावणः सीतां बुधः खे रोहिणीमिव ॥ १६ ॥

वामेन सीतां पद्माक्षीं मूर्धजेषु करेण सः ।
ऊर्वोस्तु दक्षिणेनैव परिजग्राह पाणिना ॥ १७ ॥

२ अथावसथ्याद्भगवान्हव्यवाहो महेश्वरः ।
आविरासीत्सुदीप्तात्मा तेजसा निर्दहन्निव ॥ १२५ ॥

सृष्ट्वा मायामयीं सीतां स रावणवधेच्छया ।
सीतामादाय रामेष्टां पावकोऽन्तरधीयत ॥ १२६ ॥

तां दृष्ट्वा तादृशीं सीतां रावणो राक्षसेश्वरः ।
समादाय ययौ लङ्कां सागरान्तरसंस्थिताम् ॥ १२७ ॥

માયામયી સીતાનું રહસ્ય બતાવીને રામને નિષ્કલંક સીતા ગ્રહણ કરવાનો અનુરોધ કર્યો તથા તેમને તેમના નારાયણ સ્વરૂપનું સ્મરણ કરાવ્યું [3]

આ વૃત્તાન્ત અનુસાર રામ કેવલ અગ્નિ પરીક્ષાના સમયે જાણી જાય છે કે વાસ્તવિક સીતાનું હરણ થયું ન હતું. બ્રહ્મવૈવર્ત પુરાણ—(૭૦૦ ઈ.સ. પહેલાં) પ્રકૃતિખંડ અધ્યાય-૧૪. છાયાસીતા પ્રસંગની બાબતમાં કુર્મપુરાણમાં તથા બ્રહ્મવૈવર્તપુરાણમાં થોડું પરિવર્તન કરેલ છે. તે મુજબ સીતાહરણની પહેલાં અગ્નિદેવ બ્રાહ્મણના વેશમાં રામની પાસે આવીને કહે છે કે. "સીતાહરણનો સમય આવી ગયો છે સીતાને મને આપીને એની છાયા તમારી પાસે રાખી લો. અગ્નિપરીક્ષાના અવસર ઉપર હું સીતાને પાછી આપી દઈશ. દેવતાઓએ મને મોકલ્યો છે. હું બ્રાહ્મણ નહિ પણ અગ્નિ છું". આ સાંભળી રામ સંમત થયા અને અગ્નિએ એક માયામયી સીતા બનાવીને રામને આપી. [4*]

---

३ गृहाण चैतां विमलां जानकीं वचनान्मम ।
पश्य नारायणं देवं स्वात्मानं प्रभवाप्ययम् ॥ १३९ ॥

४ पितुर्वचःपालनार्थं सत्यसंधो रघूत्तमः ।
जगाम काननं पश्चात्कालेन च बलीयसा ॥ २७ ॥

तस्थौ समुद्रनिकटे सीतया लक्ष्मणेन च ।
ददर्श तत्र वह्निं च विप्ररूपधरं हरिः ॥ २८ ॥

तं रामं दुःखितं दृष्ट्वा स च दुःखी बभूव ह ।
उवाच किञ्चित्सत्येष्टं सत्यं सत्यपरायणः ॥ २९ ॥

वह्निरुवाच—

भगवञ्छ्रुयतां वाक्यं कालेन यदुपस्थितम् ।
सीताहरणकालोऽयं तवैव समुपस्थितः ॥ ३० ॥

दैवं च दुर्निवार्यं वै न च दैवात्परं बलम् ।
मत्प्रसूं मयि संन्यस्य च्छायां रक्षान्तिकेऽधुना ॥ ३१ ॥

दास्यामि सीतां तुभ्यं च परीक्षासमये पुनः ।
देवैः प्रस्थापितोऽहं च न च विप्रो हुताशनः ॥ ३२ ॥

रामस्तद्वचनं श्रुत्वा न प्रकाश्य च लक्ष्मणम् ।
स्वच्छन्दं स्वीचकारासौ हृदयेन विदूयता ॥ ३३ ॥

वह्निर्योगेन सीतावन्मायासीतां चकार ह ।
तत्तुल्यगुणरूपाङ्गीं ददौ रामाय नारद ॥ ३४ ॥

सीतां गृहीत्वा स ययौ गोप्यं वक्तुं निषिध्य च ।
लक्ष्मणो नैव बुबुधे गोप्यमन्यस्य का कथा ॥ ३५ ॥

**શ્રીમદ્દેવીભાગવત પુરાણ—(૧૧ મી થી ૧૨ મી શતાબ્દી)**

દેવીભાગવત પુરાણમાં પણ અગ્નિ રામની પાસે આવીને તેમને એક છાયાસીતા આપે છે, અને વાસ્તવિક સીતાને અગ્નિપરીક્ષાના સમય સુધી પોતાની પાસે રાખે છે (સ્કંધ-૯, અધ્યાય-૧૬, શ્લોક નં.૨૭ થી ૩૪), દેવીભાગવતમાં આવેલ વર્ણન આ પ્રસંગના બ્રહ્મવૈવર્ત્ત પુરાણમાં આવેલ વર્ણનને હૂબહૂ મળતું આવે છે.

જેવી રીતે સીતાની વાલ્મીકિરામાયણથી લોક—હૃદયમાં અંકિત થયેલી પ્રતિમાને અક્ષુણ્ણ રાખવા માટે પુરાણકાર વગેરેએ છાયાસીતાનો પ્રસંગ ઉપજાવી કાઢયો છે, તેવી જ રીતે મહાભાગવત પુરાણના કર્તાના મંતવ્ય મુજબ દાક્ષાયણી સતી જ દક્ષના યજ્ઞનો વિનાશ કરવા અથવા તે યજ્ઞમાં રુદ્ર ને રુદ્ર ભાગ અપાવવો એવો નિશ્ચય કરીને શિવજીની સંમતિની અપેક્ષા રાખ્યા વિના દક્ષયજ્ઞ-સમારંભમાં ભાગ લેવા નીકળે છે. રુદ્રને આમંત્રણ આપ્યા સિવાય બાકીના દેવતાઓને બોલાવીને દક્ષે યજ્ઞનો આરંભ કર્યો ત્યારથીજ રુદ્રનું અપમાન થઈ ચૂકયું હતું. જો તે યજ્ઞ પૂરો થાય તો બાકીના લોકોમાંથી પણ રુદ્રને કોઇ શ્રદ્ધાપૂર્વક આહુતિ આપશે નહિ એવું સતીને લાગવાથી તેમણે ઉપર મુજબનો નિર્ણય કર્યો.

દક્ષે કરેલી શિવનિન્દા સાંભળીને સતી ક્રોધે ભરાઈ અને તેણીએ વિચાર્યું કે દેવતાઓ અને યજ્ઞસહિત મારા પિતાને હું ક્ષણાર્ધમાં ભસ્મ કરવા સમર્થ છું. પરંતુ પિતૃહત્યાના ભયથીહું તેમ કરીશ નહિ. પણ દેવતાઓ સહિત દક્ષને મોહ પમાડીશ. એમ વિચારીને દાક્ષાયણી સતીએ ત્યારે પોતાના સ્વરૂપને તુલ્ય એક છાયા ઉત્પન્ન કરી. છાયાસતીને, સતીએ યજ્ઞનો વિનાશ કરવાનું કાર્ય સોપ્યું, જેમાં પિતાની સાથે બહુ પ્રકારે વાદવિવાદ કરીને પિતાના મુખે શિવનિન્દા કરનારું વાકય સાંભળીને છાયાસતીએ ક્રોધે ભરાઇને યજ્ઞના અગ્નિમાં પ્રવેશ કરવાનો હતો. સતી જણાવે છે કે હું તેમની પુત્રી છું તેથી અભિમાની થઇને તેઓ શિવની નિન્દા કરે છે તેથી તું (છાયાસતી) તેમના ગર્વનો શીઘ્ર નાશ કર. તને અગ્નિમાં પ્રવિષ્ટ થયેલી સાંભળીને ભગવાન મહેશ્વર શોકથી સંતપ્ત થયેલા હૃદય સાથે જરૂરથી આવશે અને દેવો તથા યજ્ઞરક્ષણમાં તત્પર વિષ્ણુને જીતીને યજ્ઞનો નાશ કરશે અને પિતાનો વધ કરશે. આ પ્રમાણે મહાકાલીએ હસતાં હસતાં છાયાકાલીને કહ્યું અને દેવી પોતે અન્તર્ધ્યાન થઇને આકાશમાં સ્થિત થયાં. (મહાભાગવતપુરાણ-૯ પર cd થી ૬૨ ab)

મહાભાગવતપુરાણકારના મત મુજબ સતીએ જાતે પિતૃ હત્યા દોષ ન લાગે તે માટે છાયાસતીનું સર્જન કર્યું. છાયાસતી અને દક્ષના વાદવિવાદને અંતે જ્યારે દક્ષે એમ કહ્યું કે, "તું મારી આંખો આગળથી દૂર થઈ જા. (મહાભાગવત પુરાણ–૯, ૭૬ cd, ૭૭ ab) અને મારી સન્મુખ તારા પતિના ગુણાનુવાદ ગાઇશ નહિ." એ સાંભળીને ક્રોધે ભરાયેલી છાયાસતીએ ભયંકર રૂપ ધારણ કરીને કહ્યું કે, " હું તમારી આંખોથી માત્ર દૂર જ નહિ થાઉં, પરંતુ તમારાથી ઉત્પન્ન થયેલા દેહની પણ બહાર શીઘ્ર જઇશ." એમ કહીને ક્રોધથી ઉદ્દીપ્ત થયેલ આંખોવાળી છાયાસતી બધા દેવતાઓના દેખતાં યજ્ઞના અગ્નિમાં સમાઈ ગઈ. (મહાભાગવતપુરાણ) ૯. ૭૭ cd, ૭૮ ab, ૮૦ cd થી ૮૨ તથા ૧૧. ૧૬, ૩૩)

આમ આપણે જોયું કે ઐતિહાસિક ઘટનાક્રમથી ઊલટી રીતે સાહિત્યિક રચનાક્રમ અનુસાર છાયાસીતાના પ્રસંગની અસર હેઠળ છાયાસતીના પ્રસંગની રચના થઈ છે. છાયાની કલ્પના કરવા પાછળ બંને પ્રસંગોમાં હેતુ એક જ હતો અને તે એ કે બંને દેવીઓ સતી અને સીતાની લોકહૃદયમાં વિરાજતી પ્રતિમાને યશોજ્જવળ બનાવી રાખવી.

# ગ્રન્થાવલોકન

**'વક્રોક્તિવિચાર'** : લેખક : ડૉ. રાજેન્દ્ર નાણાવટી, **પ્રકાશન** : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ–૬, આવૃત્તિ–૧, ૧૯૮૯, પૃ. ૭ + ૧૧૭ કિં. રૂા. ૧૫.

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા, સાહિત્યવિવેચનના ક્ષેત્રે રૂઢ થયેલી વિવેચનાત્મક સંજ્ઞાઓ તથા એના મૂળમાં રહેલી વિભાવનાઓનો પરિચય મળી રહે એ હેતુથી આયોજિત લઘુગ્રંથશ્રેણીમાં સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં 'વક્રોક્તિવિચાર' સાદર આવકારપાત્ર કૃતિ છે. ડૉ. રાજેન્દ્ર નાણાવટીએ સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં 'રીતિવિચારણા'ની લઘુકૃતિ આ અગાઉ પ્રગટ કરેલી ત્યારે જ એમની પાસેથી સંસ્કૃત કાવ્યશાસ્ત્રનાં વિભિન્ન સોપાનોને પ્રગટ કરતી અન્ય વિચારણાઓના વિમર્શાત્મક લઘુપુસ્તકોની અપેક્ષા રહી હતી. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડે, એથી, ડૉ. રાજેન્દ્રને ઉચિત રીતે આ દિશામાં સક્રિય કર્યા છે.

સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં કાવ્યતત્ત્વની વિચારણા દોઢેક હજાર વર્ષના સમયગાળામાં પથરાયેલી છે. એ સુદીર્ઘ સાહિત્યવિચારપરંપરામાં પ્રાપ્ત સ્થિત્યંતરોમાંનું એક તે વક્રોક્તિ-વિચાર. ડૉ. રાજેન્દ્રે આ વક્રોક્તિવિચારની વિભાવનાનો ઉત્ક્રાન્તિમૂલક વિમર્શ રજૂ કર્યો છે. સમગ્ર વિમર્શનો નકશો એમણે પાડેલાં પ્રકરણો સુપેરે આપી શકે છે: 'વક્રોક્તિ અને અન્ય સંપ્રદાયો', 'વક્રોક્તિસંપ્રદાય–ઊડતી નજરે,' 'મૂળિયાં–ભરતનાટ્યશાસ્ત્ર,' અલંકાર અને વક્રોક્તિ : ભામહ,' 'અગ્રામ્યતા, સ્વભાવોક્તિ, વક્રોક્તિ દંડી', 'સાદૃશ્યલક્ષણા વક્રોક્તિ : વામન,' 'શબ્દાલંકાર વક્રોક્તિ : રુદ્રટ', 'વક્રોક્તિ–વૈદગ્ધ્યભંગીભણિતિ : કુન્તક', 'કવિ-પ્રતિભા અને કવિકર્મ : પાશ્ચત્ય કાવ્યવિચાર' અને ઉપસંહાર–પ્રકરણોનાં મથાળાં સ્પષ્ટ સૂચવી શકે છે કે અહીં વક્રોક્તિવિચારણાને સંસ્કૃત કાવ્યશાસ્ત્રની અન્ય વિચારણાઓના પરિપ્રેક્ષ્યમાં મૂકીને અને–પશ્ચિમ સાહિત્યવિચારણાની તુલનામાં મૂલવીને કાવ્યસૌન્દર્યબોધક સંજ્ઞા તરીકે કોણ કેવી રીતે પ્રતિષ્ઠિત કરે છે, એનો અભ્યાસ પ્રસ્તુત કરવાની ધારણા છે.

પ્રકરણ–૧માં અલંકાર, રીતિ, ધ્વનિ, વક્રોક્તિ અને રસ જેવા મહત્ત્વના પાંચ સંપ્રદાયોનો નિર્દેશ કરીને, એ પૈકીના રીતિ, વક્રોક્તિ અને ધ્વનિનું મહત્ત્વ, કાવ્યતત્ત્વને પામવા માટેના આ વિચારણાઓ દ્વારા વસ્તુલક્ષી, કવિમૂલક અને ભાવકલક્ષી ત્રિવિધ અભિગમોના ઊભા થતા સંદર્ભ લેખે, સ્થાપ્યું છે. પ્રકરણ–૨માં વક્રોક્તિસંપ્રદાય ઊડતી નજરે આલેખાયો છે. વક્રોક્તિ સંજ્ઞાના અભિધામૂલક અર્થસંકેતો નોંધી, કાવ્યચર્ચાની પરિભાષારૂપે આ સંજ્ઞા વિસ્તાર–સંકોચની પ્રક્રિયામાંથી પસાર થઈને કુન્તક દ્વારા મૂળભૂત કાવ્યતત્ત્વરૂપે ઓળખાવાઈ, સાહિત્યવિચાર-પરંપરામાં એક કેવું આગવું સ્થિત્યંતર રચે છે, તેની મિતાક્ષરી નોંધ આપવામાં આવી છે. પ્રકરણ ૩, ૪, ૫, ૬, ૭માં ઐતિહાસિક ક્રમને સ્વીકારીને, ભરત, ભામહ, દંડી, વામન, રુદ્રટ, ભોજ અને હેમચંદ્રની કાવ્યચર્ચાઓમાં 'વક્રોક્તિ'ના સંદર્ભો પકડીને મૂળ એ સંજ્ઞા

'સ્વાધ્યાય', પુ. ૨૬, અંક ૩–૪, અક્ષયતૃતીયા અને જન્માષ્ટમી અંક, મે–ઑગષ્ટ ૧૯૮૯, પૃ. ૩૦૧–૩૧૧

કાવ્યતત્ત્વને ઓળખવા/પામવા માટે કેવા કેવા અર્થોમાં પ્રયોજાય છે, તેની સાધાર વિવરણાત્મક ચર્ચા કરી છે. સંસ્કૃત આલંકારિકોની વિચારણાઓમાં સંજ્ઞાભેદે કયાં કેવાં વિચારસામ્યો પણ પ્રવર્તે છે, તેનાં નિરીક્ષણો અને પાશ્ચિમાત્ય કાવ્યમીમાંસામાં 'ફિગર્સ ઑફ સ્પીચ' પૈકીના કેટલાક અલંકારોની સ્વરૂપચર્ચા ભામહ–દંડીની વક્રોક્તિની વિભાવના સાથે કેવો મેળ બતાવે છે, તે તરફ યોગ્ય રીતે ધ્યાન ખેંચ્યું છે.

પ્રકરણ-૮માં કુન્તકની વક્રોક્તિવિભાવના પ્રસ્તુત થઈ છે. 'વક્રોક્તિજીવિતમ્' ગ્રંથની યોજનાને સમજાવી ક્રમશઃ ઉન્મેષવાર વક્રોક્તિવિચારણાને સ્ફુટ કરવાનો ડૉ. નાણાવટીનો ઉદ્યમ રહ્યો છે. ગુણ, માર્ગ, અલંકાર, ધ્વનિ અને રસ જેવી પૂર્વવર્તી વિચારણાઓના પ્રવર્તક આલંકારિકોથી કુન્તક કયાં કેવા જુદા પડે છે, તે 'વક્રોક્તિજીવિતમ્' ગ્રંથનો નિકટ આધાર લઈ લઈ ને, કુન્તકની વાણીને જ વિશદતા અર્પીને સુપેરે સમજાવ્યું છે. કુન્તકનો વિવેચક લેખેનો અભિગમ કવિકેન્દ્રી છે, એ મુદ્દો યોગ્ય રીતે ભારપૂર્વક અહીં ઉપસાવી શકાયો છે. પ્રકરણ-૯ કુન્તકની વિચારણાને લૉન્જાઇનસ, કૉલરિજ અને ક્રોચે જેવા પાશ્ચિમાત્ય વિવેચકોની કાવ્યવિચારણા સાથે તુલનાત્મક ભૂમિકાએ ચકાસે છે. સમગ્ર અભ્યાસના ઉપસંહારરૂપે ડૉ. રાજેન્દ્રને કહેવું છે તે આ: 'કુન્તકની વિચારણામાં પોતાના સમય સુધીના બધા જ મહત્ત્વના કાવ્યસિદ્ધાન્તોનું સૂક્ષ્મ પરીક્ષણ થયેલું દેખાય છે. રીતિ, ધ્વનિ, ઔચિત્ય, ભાવકનું દૃષ્ટિબિન્દુ, રસવિચાર વગેરે કાવ્યનાં તમામ પાસાંનો એ વક્રોક્તિસિદ્ધાન્તને સુસંગત રહીને વિચાર કરે છે, અને પોતાની વિચારણાના દૃષ્ટિબિન્દુ પર સ્થિર રહીને એમનો પુરસ્કાર, પરિષ્કાર, કે અસ્વીકાર કરે છે. ** શુદ્ધ કવિનિષ્ઠ દૃષ્ટિબિન્દુએ કાવ્યતત્ત્વનો આવો સાંગોપાંગ સંપૂર્ણ આલેખ આપનાર કુન્તક એકમાત્ર આચાર્ય છે.'

વિષયની સાધાર અને તુલનાત્મક પદ્ધતિએ રજૂઆત, એમાં વિચારગર્ભ અને તર્કપૂત વાક્યવિન્યાસ, સંસ્કૃત ઉદ્ધરણોનો સુવાચ્ય ગુજરાતી અનુવાદ આ લઘુગ્રંથના લેખક ડૉ. રાજેન્દ્રને ગુજરાતી વિવેચકોની સંમાન્ય પરિપાટીમાં ખસુસ સ્થાન અપાવી શકે તેમ છે.

ગુજરાતી વિભાગ, વિનયન શાખા, સુભાષ દવે
મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા.

* * *

**સિંધુગાન (કાવ્ય):** લેખક: રતુભાઈ દેસાઈ; પ્રકાશક: મૃણાલ દેસાઈ, પરિમલ પ્રકાશન પ્રતિષ્ઠાન, પાર્વતિ હનુમાન રોડ, વિલેપારલે મુંબઈ-૪૦૦૦૫૭, મૂલ્ય: ૧૫ રૂપિયા. પૃ. ૧૬ + ૭૫:

**પરિભ્રમણની મુગ્ધ રમણા:** 'સિંધુગાન' આપણા સુખ્યાત કવિ શ્રી રતુભાઈ દેસાઈની સળંગ કાવ્યકૃતિ છે. સિંધુના દર્શનથી જાગેલી સંવેદનાને શબ્દસ્થ કરવા આ કાવ્યનો આરંભ તો એમણે છેક ૧૯૪૦-૪૧માં કરેલો, પણ કૃતિ પૂરી તો લખાઈ છેક ૧૯૮૩ માં, એટલે કે ખાસ્સાં ચાલીસ-બેંતાલીસ વરસ પછી આ વચગાળામાં થયેલા કવિની શક્તિ-સજ્જતાના વિકાસનો લાભ આ કૃતિને મળ્યો ને એમ એ એક પરિપક્વ કવિના સર્જનની પરિચાયક બની.

સવૈયામાં રચાયેલા કાવ્યના ૧૩૮ ખંડોમાં કવિએ સિંધુગાનનિમિત્તે બાહ્ય અને આંતર જગતની, વ્યક્તિજીવન ને સમષ્ટિજીવનની સ્વાનુભૂતિઓ વ્યક્ત કરી છે. અહીં અનાદિ-અનન્ત સિંધુજલની રમણાના મુગ્ધતાભર્યા ગાન સાથે આંતર સિંધુના, જીવનસિંધુના વિવિધ તરંગોને પણ ઉદ્દગારિત કરવામાં આવ્યા છે. આમ કરનાર વ્યક્તિ કવિ છે; એણે કવિની આંખે ને હૃદયે સિંધુને જોયો-જાણ્યો છે, એટલે એમાં ભાવચિંતન સાથે વિસ્મયનું તત્ત્વ પણ સાદ્યંત ફરકતું જોવા મળે છે.

કવિ કાવ્યસર્જનના પોતાના ઉપક્રમનો કૃતિના રહસ્યાર્થનો કાવ્યની રીતે પરિચય આપતાં કહે છે:

પ્રેમસિંધુના, કાવ્યસિંધુના,
ધરા, વ્યોમના ને કૈં અન્ય,
અગણ્ય સિંધુ બિંદુ બિંદુ સમ,
ફૂટત લય પામંત અનન્ય:
એ બુદ્‌બુદ્‌! રવ! ઓ! રે! સિંધુ!
ઊતારું હું આજ સુધન્ય.
શાશ્વતસિંધુના બિંદુના
લઘુતમ બિંદુ શો હું જન્ય!

(પૃ. ૪)

આ ખંડ એક રીતે તો કાવ્યના પ્રવેશક–પરિચય જેવો છે. એમાં રતુભાઈની કવિતાનો વિષય, એમની ભાવોર્મિની ભૂમિકા, એમનો જીવનવિચાર, એમની મુગ્ધતા (પાંચમી પંક્તિમાં તો કવિએ એનો અતિશય અનેક ઉદ્દગારચિહ્નો પ્રયોજીને વ્યક્ત કર્યો છે.)ને કાવ્યબાની–બધાંનો સુપેરે પરિચય થાય છે. 'સિંધુગાન'માં કવિએ સમસ્ત જીવન ને વિશ્વરચનાને એમની ઊંડળમાં લેવાનો પ્રયાસ કર્યો છે. માનવશિશુની અવસ્થામાં રહીને જાણે અનાદિ–અનન્ત એવા ઈશ્વરના ઐશ્વર્યને સાક્ષાત્ કરવાનો પ્રયાસ કર્યો છે. એમાં 'તું' અને 'હું' આવે છે તે આખરે તો પરમ તત્ત્વના ને તેના અંશરૂપ મનુષ્યના વાચક બની રહે છે. મનુષ્યના અસ્તિત્વની અલ્પતા ને પરમ તત્ત્વની વિરાટતાના અનુભવથી કવિચિત્તમાં ઊપજતાં સંવેદનોમાં આરત છે, આર્જવ છે, બૃહદ્ પ્રતિનો અહોભાવ છે, વિભુનું વિશ્વરૂપદર્શન છે ને દર્શનની સાર્થકતાનો, કૃતાર્થતાનો એકરાર છે.

શ્રી રતુભાઈની આ કૃતિમાં રહેલી ઊંડી આધ્યાત્મિકતાએ એને અરવિંદ ચન્દ્રકને પાત્ર કરી છે એ હકીકત એમની અધ્યાત્માભિમુખતાની ને કાવ્યસર્જનનિપુણતાની દ્યોતક છે. 'સિંધુગાન' જીવન, જગત ને પરમ તત્ત્વના પરસ્પર સંબંધનું એટલે કે આંતર ઐક્યનું મુગ્ધતાસભર ગાન છે.

૨૩, કદમ્બપલ્લી, નાનપુરા,
સૂરત–૩૯૫ ૦૦૧.

જયન્ત પાઠક

* * *

**કેટલાંક કાવ્યો–આન્ના આખ્માતોવા:** અનુવાદકો: સુરેશ દલાલ, જયા મહેતા, જસવંતી દવે; પ્રકાશક: શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, મુંબઈ–૪૦૦ ૦૨૦; મૂલ્ય: વીસ રૂપિયા, પૃ. ૧૨ + ૬૪.

સંગ્રહમાં આન્ના આખ્માતોવાનાં સિત્તેરેક કાવ્યોના અનુવાદ આપવામાં આવ્યા છે. કવિ ('કવયિત્રી' જેવી સંજ્ઞા એમને પસંદ નહોતી, કલાકારમાં સ્ત્રી–પુરુષના ભેદ કરવા એમને ગમતા નહોતા)નો જન્મ ૧૮૮૯માં ને મૃત્યુ ૧૯૬૬માં. રશિયન ક્રાન્તિ પહેલાંના ને પછીના સમયમાં જીવેલાં આન્ના આખ્માતોવાએ ક્રાન્તિ પૂર્વેનું રશિયા ને ક્રાન્તિ પછીનું રશિયા જોયું છે ને એ બન્ને અરસાની હવામાં શ્વાસ લીધા છે. રશિયન ક્રાન્તિ પછીના ત્રણેક દાયકા કવિઓ–કલાકારો માટે કપરા કહેવાય એવા હતા. અનેક નિયંત્રણોમાં તેઓ ગુંગળામણ અનુભવતા હતા; ને છતાં કેટલાક કવિઓ પોતાના અંતરના અવાજને સંભળાવ્યા વગર રહ્યા ન હતા. આન્ના આખ્માતોવા એમાંનાં એક હતાં.

સંગ્રહનાં કાવ્યોમાં કવિનું ભાવજગત સુપેરે પ્રગટ થાય છે. દેશકાલની પરિસ્થિતિનાં વિષમતા–વેદના એમની કૃતિઓમાં છે તો પ્રેમ જેવી સૂક્ષ્મ, વ્યાપક લાગણીનું નિરૂપણ પણ થયું છે. આ કવિને માનવસંબંધોમાં, પ્રેમમાં, મૈત્રી ને સમભાવમાં–એક શબ્દમાં કહીએ તો જીવનમાં ઉત્કટ રસ છે. એમની પ્રાસંગિક લાગતી રચનાઓ પણ ઊંડી અનુભૂતિથી સભર હોઈ વૈશ્વિક સ્પંદ સંભળાવે છે. સંગ્રહમાં ડૉ. સુરેશ દલાલે એમની કવિતાનું દ્યોતક વિવરણ આપ્યું છે. આ કવિના બાહ્ય ને આંતર જીવનને નીચેની પંક્તિઓ સારી રીતે આલોકિત કરે છે:

ના, પરદેશી આકાશના કેદીલા ગુંબજ હેઠળ નહીં,
કે નહીં પરદેશી પાંખોના છાંયડા હેઠળ—
હું તો હતી ત્યારે મારા લોકો સાથે
જ્યાં મારા લોકો હતા દુઃખમાં ડુબેલા.

* * *

હું વનમાં સંતાઉં છું અને ભટકું છું સાગરે,
હું મીનાકારીમાં મઢાયેલી છું, પણ એના વિનાય દેખાઈ શકું.

૨૩, કદમ્બપલ્લી, નાનપુરા, સૂરત–૩૯૫ ૦૦૧. **જયન્ત પાઠક**

* * *

**કર્મયોગી ગુર્જિએફ**–લે. પુષ્કરભાઈ ગોકાણી, પ્ર. ભોગીભાઈ ગાંધી, વિશ્વમાનવ સંસ્કારશિક્ષણ ટ્રસ્ટ, વડોદરા, ૧૯૮૬, આ. ૧, પૃ. ૧થી ૮૬ + ૧થી ૬૬ + ૪, કિં. રૂા. ૨૧.

ગુજરાતમાં જેની ઓળખ ઓછી છે એવા જગતના અદ્યતન વૈશ્વિક ચિંતક સર્જક ભારતના પ્રાચીન ઋષિમુનિનું સ્મરણ કરાવે એવા કર્મયોગી ગુર્જિએફના જીવન અને સાધનાનો પરિચય સરળ ભાષામાં શ્રી ગોકાણીએ આપ્યો છે. ૨ ખંડ ૭ પ્રકરણ અને ૩ પરિશિષ્ટમાં જીવનકલાના આ વિધાયક વિષેનું પુસ્તક પ્રકાશિત કરીને વિશ્વમાનવ ટ્રસ્ટે એક ઉપકારક કાર્ય કર્યું છે.

ઈ. સ. ૧૮૭૭માં ગરીબ શાણા સુથારને ત્યાં એલેક્ઝાન્ડ્રાપોલમાં જન્મેલા ગુર્જિએફના મનમાં દરેક કામ નવી જ રીતે કરવાનું વસી જાય છે. એમાં ગીતાનો યોગ: કર્મસુ કૌશલમ્ જોઈ શકાય. સ્વબોધ માટે સ્વનિરીક્ષણ અને સ્વપહેચાન, ધ્યાન, સજાગતા, સભાન તપ, સમ્યક્ માનવવ્યવહાર જેવી આગવી 'સિસ્ટિમ' બનાવનાર ગુર્જિએફનો જીવનરસ હાલના નિરસ, એકધારા જીવનમાં, હતાશ થઈ ગયેલા કોઈપણ માનવને બળ પૂરું પાડી શકે એમ છે.

ગુહ્યજ્ઞાનમાં રસ પડતાં તેની ખોજમાં જિપ્સીઓની સાથે રખડુ જીવન જીવવા ચાલી નીકળે છે એ ગુર્જિએફના જીવનનો નિર્ણાયક તબક્કો છે. તેમના અનેક દેશોના પ્રવાસની, રઝળપાટની વાતો રોમાંચક છે. દશેક વર્ષ રખડ્યા બાદ સાચા જિજ્ઞાસુઓનું એક મંડળ ગુર્જિએફ બનાવે છે જેને 'સત્યાન્વેષીઓનો સમાજ' એ નામે ઓળખાવે છે. માનવજાતના સર્વાંગી વિકાસની સંસ્થા પણ તેઓ સ્થાપે છે વગેરે વિગતે આલેખાયું છે. પોતાના માર્ગને ચતુર્થ (તુરીય) માર્ગ ગણાવતા ગુર્જિએફને 'સારમૌનબંધુસંઘ' તરફથી ઘણું જ્ઞાન મળેલું. તે સંઘ અવતારકાર્ય માટે માનવને તૈયાર કરવા ઘણીવાર પયગંબર, ફિરસ્તા કે સંતોને મોકલે છે. 'સંભવામિ યુગે યુગે'ની માન્યતાને સમર્થન મળે છે. આ પુસ્તકમાં વ્યક્ત થયેલ ઘણી માન્યતાઓ ભારતીય માન્યતાઓનું સમર્થન કરે છે. ગુર્જિએફને નવું જાણવાનું જેની જેની પાસેથી મળ્યું તેનો આલેખ લેખકે આપ્યો છે.

લેખકે ગુર્જિએફના તત્ત્વજ્ઞાનને સ્પષ્ટ કરતાં ભારતીય દાર્શનિકોના દર્શનના ઉલ્લેખો કરીને તુલનાત્મક અધ્યયનની સારી ભૂમિકા પૂરી પાડી છે. વિવિધ અહંકારો આપણા એક જ વ્યક્તિત્વમાં જે રીતે કાર્ય કરે છે તેની સૂક્ષ્મ ચર્ચા મનોવૈજ્ઞાનિક સત્યોને પ્રતીતિજનક રીતે ખુલ્લાં કરી આપે છે (પૃ. ૨૧). 'ત્રિગુણાત્મક જગત' (ખંડ ૨, પૃ. ૬)માં યાંત્રિક રીતે જીવતા મનુષ્યના ત્રણ ભાગની ચર્ચા કરતાં આપણી રોજબરોજની દૈનંદિન ક્રિયાઓનું વૈજ્ઞાનિક પૃથક્કરણ કર્યું છે.

'અધ્યાત્મપ્રાપ્તિ' (પૃ. ૩૬)ની ચર્ચામાં, ગુર્જિએફની જે માન્યતા પ્રગટ થઈ છે કે "આપણે ધર્મ જીવવાને બદલે 'ધાર્મિક-પરિણામો' (યમનિયમ) જીવીએ છીએ. પરિણામે નથી થતો આચાર ધર્મપક્ષનો કે નથી ધર્મતત્ત્વ જીવાતું." એ બાબતમાં મતભેદને અવકાશ છે. યમનિયમ એ ધર્મ નહિ પણ ધર્મનું પરિણામ હોય તો ધર્મ કોને કહેવો એ પ્રશ્ન થાય.

સંતોના જીવનકાર્યને, સંતોની શક્તિને સમજવાની ચાવી પ્રસ્તુત પુસ્તકમાંથી મળે છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર
મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા

દેવદત્ત જોશી

* * *

**નાગર સર્વસંગ્રહ :** (પ્રશ્નોરા), દર્શન પહેલું, સ્મૃતિ ગ્રંથમાલા નં. ૧, (સંસ્કૃતિ-ઇતિહાસ-સમાજ અને ધર્મ) : લેખક : મુકુન્દરાય હરિદત્ત પાઠક; **પ્રકાશક** : પંકજ અને પરેશ; ૩-તપોવન સોસાયટી, નિઝામપુરા, ન્યુ-હાઈ-વે, વડોદરા-૩૯૦ ૦૦૨; ઈ.સ. છાપી **નથી, પ્રથમ** આવૃત્તિ, પડતર કિંમત રૂા. ૩૦-૦૦ (સિક્કો મારેલો છે,છાપેલ નથી); પૃ. ૨૪+૧૩૫+૧ આર્ટ.

વર્તમાન સમયમાં ખૂબ જ ઓછા જોવા મળતાં ઐતિહાસિક સંશોધનપૂર્ણ અને માહિતી-સભર પ્રકાશનોમાંનું આ એક છે, જેને માટે લેખક ખૂબ જ અભિનંદનીય છે. પ્રસ્તુત પુસ્તકમાં છ પ્રકારના નાગરબ્રાહ્મણોમાંથી પ્રશ્નોરાનાગરબ્રાહ્મણો વિશે "જ્યાંથી જેટલી માહિતી ઉપલબ્ધ છે તેનો સંગ્રહ કરેલો છે. પૌરાણિક વિગતોથી લઈ કિંવદંતીઓ, ગ્રંથસ્થ માહિતીઓ, શિલાલેખો, જ્ઞાતિજનોને ત્યાં મળતી નોંધો અને શકય બનેલ છે ત્યાં જાતમાહિતીઓ મેળવીને શકય રીતે પ્રમાણો નોંધીને, કશું જ ઢાંકયા સિવાય, જે કાંઈ જેવા સ્વરૂપમાં મળ્યું છે તે આમાં સંગ્રહીત કરવામાં આવ્યું છે." (આમુખ, પૃ. ૫) આ વાકયમાં લેખકની ચોકસાઈ, ચીવટ અને નિખાલસતાનાં દર્શન થાય છે. આ પુસ્તકનાં અનેક દર્શનોમાંનું આ પ્રથમ દર્શન છે. લેખકે પ્રચલિત પરંપરા ભાગ-૧ ને બદલે તેનું નામ "દર્શન" આપ્યું છે. તેમાં લેખકની ભાવનાનાં દર્શન થાય છે. પ્રશ્નોરા નાગર બ્રાહ્મણોનો સંપૂર્ણ માહિતીસભર ઈતિહાસ આપવા છતાં તેમણે જ્ઞાતિનું દર્શન કરાવવાની જ ભાવના પ્રગટ કરેલી દેખાય છે.

પ્રસ્તુત પુસ્તકમાં આમુખ, પ્રકાશકના બે બોલ, પ્રાસ્તાવિક, અનુક્રમ, સંદર્ભગ્રંથસૂચિ, શુદ્ધિપત્રક (પૃ. ૫ થી ૨૩) આપ્યાં છે. પછી ૧ થી ૨૩ શ્રવણો (પ્રકરણો) આપ્યાં છે.

"આમુખ"માં વિદ્વાન્-ભાષાશાસ્ત્રી મ. મ. શ્રી કે. કા. શાસ્ત્રી લેખક વિશે સાચું જ જણાવે છે કે 'એઓ કોઈ પણ એવો નિર્ણય લેતા નથી કે જેમાં પૂર્વગ્રહ હોય, સંશોધકનું આ એક ઉમદા લક્ષણ એમણે મૂર્ત કરી આપ્યું છે.' (પૃ. ૫) આગળ લખતાં જણાવે છે કે "શ્રમ માટે એમને જેટલાં અભિનંદન આપિયે તેટલાં થોડાં છે." (પૃ. ૧૦)

નાગરજ્ઞાતિ વિષે આવો ગ્રંથ શ્રી દે. ના. મહેતાના "નાગરમહિમા" (ઇ. સ. ૧૯૫૮) અને એમ. પી. મહેતાના "નાગરોત્પત્તિ" પછી વધુ સચોટ, સ્પષ્ટ સંદર્ભો અને ઐતિહાસિક સંશોધનપૂર્ણ આ પ્રથમ જ ગ્રંથ છે.

લેખક પ્રકરણોને "શ્રવણ" શબ્દથી ઓળખાવે છે. જ્ઞાતિનું દર્શન કરાવનાર આ ગ્રંથ અને તેનાં પ્રકરણોનું "શ્રવણ" અને પછી મનન એ જ શ્રેષ્ઠ ગણાય.

પ્રથમ ૧ થા ૪ શ્રવણોમાં નાગરોના ઈષ્ટદેવ હાટકેશ્વર મહાદેવ વિશે વિસ્તૃત માહિતી આપી છે. હાટકેશ્વર એટલે સોનાના બનાવેલા મહાદેવ. સુવર્ણનિર્મિત મહાદેવનું લિંગ. નાગરજ્ઞાતિના છ પેટા વિભાગો છે:-વિશનગરા, સાઠોદરા, કૃષ્ણોરા, ચિત્રોડા, પ્રશ્નોરા અને

વડનગરા. હાટકેશ્વર મહાદેવની સ્થાપના વડનગરમાં મોડામાં મોડી ઈ. સ. ના ત્રીજા સૈકામાં થયેલી મનાય છે. અને આજે પણ ચૈત્ર સુદ ૧૪ ના દિવસે પાટોત્સવ મનાવવામાં આવે છે. ઉપરાંત ભાગવતપુરાણ (૫.૨૪), સ્કંદપુરાણ (નાગરખંડ અ. ૧) અને વામનપુરાણ (અ. ૬૩-૬૫) માં આવેલી હાટકેશ્વર મહાદેવની ઉત્પત્તિની કથાઓ આપવામાં આવી છે. આ લિંગમાં બ્રહ્મા, વિષ્ણુ અને શંકર ત્રણેનો વાસ માનવામાં આવે છે.

શ્રવણ ૫માં નાગર જ્ઞાતિના હાટકેશ્વર મહાદેવનાં મંદિરો ક્યાં ક્યાં આવેલાં છે તેની વિગતવાર માહિતી, ગામનું નામ, સંવત, તિથિ, તેને લગતો ઇતિહાસ, ગામમાં અન્ય દેવદેવીનાં મંદિરોના ઉલ્લેખ સહિત આપવામાં આવી છે.

શ્રવણ ૬માં ૮૪ પ્રકારના બ્રાહ્મણોની યાદીઓ, પંચગૌડ અને પંચદ્રવિડમાંથી કેવી રીતે વિભાગો પડયા તેની માહિતી તથા નાગરોના ઉલ્લેખોવાળાં જૂનાગઢ, વડનગર અને વલ્લભીમાંથી મળેલાં તામ્રપત્રોની વિગતો આપવામાં આવી છે.

શ્રવણ ૭ અને ૮ માં નાગરોત્પત્તિ ભાગ-૧ અને ૨માં પાર્વતીએ ઉત્પન્ન કરેલી છ બ્રહ્મબાળાઓ અને તેમનાં લગ્ન જેની સાથે થયાં તે જ "ખટ્નાગરા" કહેવાયા તે કથા આપી છે. ઉપરાંત વિશ્વામિત્ર અને ચમત્કાર-રાજાની કથા તથા સ્કંદપુરાણ નાગરખંડની કથા આપવામાં આવી છે. ચમત્કારપુર એ જ હાલનું વડનગર. શેષાદિ નાગોના ત્રાસમાંથી "નગર" નામના મંત્રથી અભિમંત્રિત કરી જળ છાંટતાં હાટકેશ્વર ક્ષેત્રમાં રહેતા શેષનાગના વંશજો જતા રહી દરોમાં ભરાઈ ગયા અને બીજા પાતાળમાં પેઠા. એટલે न गरं न गरं શબ્દ ઉપરથી નાગર શબ્દ બન્યો તેની માહિતી આપવામાં આવી છે.

શ્રવણ ૯ અને ૧૦માં અહિચ્છત્ર નગર અને અહિચ્છત્ર જ્ઞાતિ વિશે ચર્ચા છે. નગરોના નામ ઉપરથી જ્ઞાતિનાં નામો પડેલાં છે. દા.ત. વડનગરના માટે વડનગરા, વિસનગરના માટે વિસનગરા, મોઢેરાના મોઢ, શ્રીમાળના શ્રીમાળી, અહિચ્છત્રના અહિચ્છત્રા. અહિચ્છત્રા નાગરો માટે સમય જતાં અઢારમા સૈકાના અંતમાં "પ્રશ્નોરા નાગરો" શબ્દપ્રયોગ થવા માંડયો. હાલ તે પ્રશ્નોરા તરીકે જ ઓળખાય છે. ડૉ. ડી. આર. ભાંડારકરનો મત જુદો છે તેનો પણ લેખકે નિર્દેશ કર્યો છે. તેઓ ગુજરાતના બ્રાહ્મણો પણ બહારથી જ આવેલા માને છે.

શ્રવણ ૧૧ થી ૧૩ માં લેખકે મહેનતપૂર્વક ભેગી કરેલી માહિતીઓમાં જ્ઞાતિનાં મુખપત્રો, વસ્તીગણતરીનાં પત્રકો, સ્થિતિસંપન્ન વ્યક્તિના મૃત્યુ પાછળ અથવા બીજા કોઈ યાત્રા, પૂજન વગેરે પ્રસંગે આપવામાં આવતા લહાણની વિસ્તૃત માહિતી આપી છે.

શ્રવણ ૧૪ માં મધ્યપ્રદેશના દશોરા અને પ્રશ્નોરાનો પ્રશ્ન, શ્રવણ ૧૫ માં સોરઠી પ્રશ્નોરા અને પ્રશ્નોરા નાગરો નું "શ્રી અહિચ્છત્ર પ્રશ્નોરા નાગર જ્ઞાતિ" નું નામ તેની માહિતી છે. સૌરાષ્ટ્રમાં તેઓ ૪૫૦ વર્ષથી પૂર્વના છે.

શ્રવણ ૧૬માં જ્ઞાતિની વિવિધ અવટંકો, અને તેની ઉત્પત્તિની ચર્ચા છે.

શ્રવણ ૧૭માં જ્ઞાતિમાં પ્રચલિત **સતીપ્રથા** અને કયાં કયાં સતીનાં સ્થાનકો છે તેની માહિતી છે.

શ્રવણ ૧૮ થી ૨૦માં પ્રશ્નોરા નાગરો યજુર્વેદી છે તેથી યજુર્વેદ, તેની શાખાઓ, ધર્મશાસ્રો, સ્મૃતિગ્રંથો, આવસથ્યાગ્નિ, ગોત્ર–પ્રવર–ગણુ વગેરે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.

શ્રવણ ૨૧માં શિલાલેખો, ૨૨માં હાટકેશ્વરસ્તુતિ (ગુજરાતના શીઘ્રકવિ શ્રી જગન્નાથ પંડિતરચિત " નાગર મહોદય "માંથી), તેનું ભાષાંતર (વિવેચન સહિત) અને શ્રવણ ૨૩માં જ્ઞાતમાં પ્રચલિત કેટલીક ગેરસમજ્ને દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે.

અંતે પરિશિષ્ટોમાં સતી માતાઓનાં વંશવર્ણનો, વેદોનાં ગોત્ર ઇત્યાદિ તથા શ્રોતસાહિત્ય, પ્રશ્નોરા નાગર જ્ઞાતિના વેદ–શાખા–ગોત્ર–પ્રવર–અવટંકોનો કોઠો, અને સતીનો ચાર્ટ આપવામાં આવ્યો છે.

આમ પ્રશ્નોરા નાગર જ્ઞાતિના ઇતિહાસના પરિપ્રેક્ષ્યમાં પૂર્વભૂમિકારૂપે સંસ્કૃતિ–ઇતિહાસ સમાજ અને ધર્મ એ મહત્વના ચાર પાસાંઓનું ઝીણવટપૂર્વકનું સચોટ વર્ણન અત્રે મળે છે. નાગર જ્ઞાતિ માટે આ ખૂબ જ ઉપયોગી અને ઘરમાં વસાવવા લાયક માહિતીસભર પુસ્તક સમાજને અર્પવા બદલ લેખક અને પ્રકાશક ખૂબ ખૂબ અભિનંદનીય છે. બાકીનાં દર્શનો જલદીથી બહાર પાડે તેવી શુભેચ્છા.

આ પુસ્તકના મુદ્રણ દરમ્યાન રહેલ દોષોને દૂર કરી બને તેટલા ઓછા દોષો રહે તેવા પ્રયત્ન માટે પણ લેખકને અભિનંદન.

સંસ્કૃત–પાલિ–પ્રાકૃત વિભાગ, ફેકલ્ટી ઓફ આર્ટ્સ, એમ. એસ. યુનિ., વડોદરા. **ભગવત્પ્રસાદ પનાલાલ પંડ્યા**

* * *

**જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી :—વિશ્વદર્શન** ૪ (પુનર્જાગૃતિ–ધર્મસુધારણા યુગ) : લે. રમણુલાલ ક. ધારૈયા, સંયોજકઃ પ્રો. કે. એન. શાહ, મુખ્ય સંપા. ભોગીભાઈ ગાંધી, પ્ર. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, પહેલી આવૃત્તિ, ૧૯૮૫, પૃ. ૨૨ + ૧૨૯ + ૨૧ (ડબલ ક્રાઉન), કિંમત રૂ. ૪૦ = ૦૦.

છેલ્લાં પચાસ વર્ષમાં જ્ઞાનની વિવિધ શાખાઓનો ઘણો વિકાસ થયો છે. અનેક શોધો થઈ છે અને નવી સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે. 'ભગવદ્ગોમંડલ'ને બાદ કરતાં ગુજરાતી ભાષામાં 'વિશ્વકોષ' કે 'સર્વજ્ઞાનસંગ્રહ' (Encyclopaedia)નો અભાવ છે. એટલે વિશ્વમાં જે દિનપ્રતિદિન પ્રગતિ થઈ રહી છે એનો સર્વાંગી ખ્યાલ ગુજરાતી પુસ્તકોમાંથી મળવો મુશ્કેલ છે.

ગુજરાતની સરદાર પટેલ યુનિવર્સિટીએ આ પડકારને ઝીલી લીધો અને 'જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી' અન્વયે માનવવિદ્યા શાખાના ૨૦ અને વિજ્ઞાનવિદ્યા શાખાના ૧૦ ગ્રંથોનું પ્રકાશન કરવાનું નક્કી કર્યું. એ માટે વિવિધ વિષયોના વિદ્વાનોનું તંત્રીમંડળ રચવામાં આવ્યું. આ ગ્રંથશ્રેણીનો હેતુ સ્પષ્ટ કરતાં 'નિવેદન'માં જણાવવામાં આવ્યું છે, "જ્ઞાન એ કેવળ માહિતી નથી. વિજ્ઞાન એ કેવળ ભૌતિક-પ્રાકૃતિક હકીકતોનું સંકલન કે પૃથક્કરણ નથી; અનુભૂતિ કેવળ ઘટનાઓનો બાહ્ય સ્પર્શ નથી. જ્ઞાનાનુભૂતિ આ ઉપરાંત ઘણું વિશેષ છે. આ રહસ્ય અવગત કરાવવાનું આ ગ્રંથશ્રેણીનું લક્ષ્ય છે." (પૃ. ૪).

જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણીના ૩૦ ગ્રંથોમાંનો આ ૨૫મો ગ્રંથ અને માનવવિદ્યા શાખાના ૨૦ ગ્રંથોમાંનો આ ૧૭મો ગ્રંથ છે. આ ગ્રંથમાં વિશ્વઇતિહાસના બે મહત્ત્વના બનાવો પુનર્જાગૃતિ (Renaissance) અને ધર્મસુધારણા (Reformation)ને આવરી લેવામાં આવ્યા છે. આ ગ્રંથના લેખક ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસવિભાગના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. રમણલાલ ધારૈયા છે. ગુજરાતી ભાષામાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના ઇતિહાસને લગતાં પાઠ્યપુસ્તકોના સર્જનમાં એમનું મહત્ત્વનું પ્રદાન છે. ગ્રંથનો 'પ્રવેશક' જાણીતા સાહિત્યકાર અને ઇતિહાસવિદ શ્રી મનુભાઈ પંચોળી 'દર્શકે' લખ્યો છે. પરામર્શકો તરીકે સર્વશ્રી રામપ્રસાદ બક્ષી, અનંતરાય રાવળ, ચંદ્રવદન મહેતા, હંસાબહેન મહેતા, ઉમાશંકર જોષી, શાંતિલાલ મહેતા, ડી. ટી. લાકડાવાલા, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અને એમ. એલ. દાંતવાળા છે.

ઇતિહાસ એક નિરંતર ચાલતી પ્રક્રિયા છે. પરંતુ અભ્યાસની સગવડ ખાતર એને વિવિધ યુગોમાં વહેંચવામાં આવે છે. રોમન સામ્રાજ્યના પતન સાથે જગતના ઇતિહાસનો પ્રાચીન યુગ સમાપ્ત થાય છે અને મધ્યયુગનો આરંભ થાય છે. મધ્યયુગ એ લડાઈ, ઝઘડા, અશાંતિ, અસ્થિરતા અને અંધશ્રદ્ધાનો યુગ હતો એટલે સાંસ્કૃતિક પ્રગતિ માટે ઓછો અવકાશ હતો. પરંતુ પુનર્જાગૃતિ અથવા નવજાગૃતિની શરૂઆતથી અંધકારનાં વાદળો વિખેરાવા લાગ્યાં અને માનવી દરેક ક્ષેત્રમાં નવા જોમ-જુસ્સાથી પ્રગતિ સાધવા તત્પર બન્યો. એની જિજ્ઞાસા જાગૃત બની. સાહિત્ય, શિક્ષણ, કલા, વિજ્ઞાન વગેરેમાં નવું જાણવાની અને શોધવાની વૃત્તિ પ્રબળ બની. પરિણામે પુનર્જાગૃતિથી વિશ્વઇતિહાસમાં અર્વાચીન યુગનો આરંભ થયો.

આ ગ્રંથને બે ખંડમાં વહેંચવામાં આવ્યો છે. પ્રથમ ખંડ 'પુનર્જાગૃતિ'માં સાત પ્રકરણનો સમાવેશ થાય છે. પ્રથમ પ્રકરણ 'ભૂમિકા'માં ૧૧થી ૧૪મી સદી સુધીમાં યુરોપમાં સામાજિક, આર્થિક, ઔદ્યોગિક, રાજકીય તથા ધાર્મિક ક્ષેત્રમાં જે કાંઈ નોંધપાત્ર બન્યું તેનો ખ્યાલ આપવામાં આવ્યો છે. બીજા પ્રકરણમાં ૧૪મી અને ૧૫મી સદીમાં ઈટલીનાં નગર-રાજ્યોમાં શિલ્પ, સ્થાપત્ય, ચિત્રકલા, સાહિત્ય વગેરે ક્ષેત્રોમાં જે વિકાસની પ્રક્રિયા શરૂ થઈ તેનું આલેખન થયું છે જ્યારે ત્રીજા પ્રકરણમાં એ પ્રવૃત્તિને કોણે ચરમ સીમાએ પહોંચાડી તેની વિગતો ચર્ચવામાં આવી છે. ચોથા પ્રકરણમાં પુનર્જાગૃતિનાં રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક પાસાંઓની નોંધ લેવામાં આવી છે, જ્યારે પાંચમા પ્રકરણમાં વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને ભૌગોલિક શોધખોળોના ક્ષેત્રે મેળવાયેલ સિદ્ધિઓનો પરિચય આપવામાં આવ્યો છે. છઠ્ઠા પ્રકરણમાં

પુનરુજ્જાગૃતિનો વિસ્તાર ઈટલીમાંથી યુરોપના અન્ય દેશોમાં કઈ રીતે અને કેવા પ્રકારનો થયો તે દર્શાવવામાં આવ્યું છે. પ્રકરણ ૭ 'સમાપન'માં સમગ્ર રીતે 'પુનરુજ્જાગૃતિ'ની ચળવળનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. આમ ખંડ–૧માં લેખક ડૉ. ધારૈયાએ સમગ્રપણે અને ઊંડાણપૂર્વક 'પુનરુજ્જાગૃતિ'નાં તમામ પાસાંઓ તથા તેની સિદ્ધિઓ અને સંશોધકો વિશે વિસ્તૃત માહિતી વિશ્લેષણ સાથે આપી છે.

બીજા ખંડ 'ધર્મસુધારણા'માં પણ સાત પ્રકરણ છે. પ્રથમ પ્રકરણમાં ધર્મસુધારણા પૂર્વે યુરોપમાં ધીમે ધીમે જે બૌદ્ધિક જાગૃતિ આવી અને નવું વાતાવરણ સર્જાયું તેનો ખ્યાલ આપવામાં આવ્યો છે બીજા પ્રકરણમાં જર્મનીમાં કઈ રીતે ધર્મસુધારણાની પ્રવૃત્તિ શરૂ થઈ અને આગળ ધપી તેનું ક્રમબદ્ધ આલેખન કરવામાં આવ્યું છે. માર્ટિન લ્યુથરના જીવનની વિગતો પણ આપવામાં આવી છે. પ્રકરણ ત્રીજામાં સ્વિટ્ઝરલૅન્ડના ધર્મસુધારક ઝિવન્ગલી અને અનાબેપ્ટિસ્ટ આંદોલનકારો વિશે તથા પ્રકરણ ચોથામાં ફ્રેન્ચ સુધારક કાલ્વિન અને કાલ્વિન-વાદની ચર્ચા કરવામાં આવી છે. પાંચમા પ્રકરણમાં કાલ્વિનવાદનો પ્રસાર યુરોપના નેધરલૅન્ડ, ફ્રાન્સ, ઈંગ્લૅન્ડ વગેરે દેશોમાં કઈ રીતે થયો તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. સ્કૉટલૅન્ડના સુધારક જૉન નૉકસ વિશે પણ માહિતી આપવામાં આવી છે. છઠ્ઠા પ્રકરણમાં ધર્મસુધારણાંની ઝુંબેશ સામે ટકી રહેવા માટે કૅથોલિક ધર્મમાં આંતરિક સુધારણા માટે જે પ્રયાસો થયા તેની વિગતવાર માહિતી આપવામાં આવી છે. એ ઉપરાંત, ટ્રૅન્ટની ધર્મપરિષદમાં લેવાયેલા નિર્ણયોની સમીક્ષા કરવામાં આવી છે.

છેલ્લા અને સાતમા પ્રકરણમાં આ બંને મહાન ઘટનાઓમાં ઈટલી અને જર્મનીના ફાળાની નોંધ લેતાં લેખક જણાવે છે, "ઇટલીએ પ્રાચીન ગ્રીક તેમ જ રોમન સાહિત્ય, તત્ત્વજ્ઞાન તથા કલાનો અભ્યાસ તાજો કરીને 'રેનેસાં'નાં પરિબળોને ઉત્તેજ્યાં; તો જર્મનીએ પ્રાચીન ખ્રિસ્તી ધર્મના મૂળ સિદ્ધાન્તોમાંથી પ્રેરણા મેળવીને, વિકૃત થયેલ પોપ અને દેવળની સંસ્થાની સુધારણા માટે પડકાર ફેંક્યો. રેનેસાંએ દુન્યવી બાબતો તથા ભોગવિલાસને ઉત્તેજન આપ્યું તો ધર્મસુધારણાએ સાદગી તથા શુદ્ધિનો આગ્રહ રાખ્યો." (પૃ. ૧૦૭) આગળ જતાં આ બંને ઘટનાઓનું તુલનાત્મક પરીક્ષણ કરતાં લેખક લખે છે, "આ બંને આંદોલનોએ યુરોપની વર્તમાન બૌદ્ધિકતા તથા નૈતિકતાના પાયાનું ઘડતર કર્યું છે. 'પુનરુજ્જાગૃતિ'એ મુકત વિચારસરણીને ઉત્તેજન આપ્યું છે, તો 'ધર્મસુધારણા'એ ધાર્મિક માન્યતામાં ક્રાંતિ સર્જીને ધર્મ અને નીતિમત્તાનું ધોરણ સુધાર્યું છે. પરસ્પર વિરોધી પ્રવાહોના 'સંઘર્ષ'માંથી 'સમન્વય' નિષ્પન્ન થાય છે તે હકીકત ધર્મસુધારણાના આંદોલને સિદ્ધ કરી છે. આ રીતે રેનેસાંના આંદોલનને ધર્મસુધારણાનો પાયો નાખનાર અને તેને પ્રેરણા તથા માર્ગદર્શન આપનાર આંદોલન કહી શકાય." (પૃ. ૧૦૯)

આમ, બે વિશ્વવ્યાપી ઘટનાઓને યથાયોગ્ય સ્વરૂપમાં અસરકારક રીતે રજૂ કરવામાં લેખક સફળ થયા છે. ઉપરાંત, આ પુસ્તકમાં ઘણાં ચિત્રો, ફોટાઓ, નકશાઓ, વ્યક્તિઓની સૂચિ વગેરે મૂકવામાં આવ્યાં છે, જે પુસ્તકની ઉપયોગિતામાં વધારો કરે છે. વિશ્વઇતિહાસના અભ્યાસીઓ માટે આ એક ઉપયોગી ગ્રંથ છે. સરદાર પટેલ યુનિવર્સિટીએ સદ્‌ગત પૂજ્ય શ્રી મોટા, ભારત સરકારનું શિક્ષણ મંત્રાલય, ગુજરાત સરકાર તથા અન્ય સંસ્થાઓની આર્થિક સહાયથી

અમલમાં મૂકેલી આ જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી આવકાર્ય અને પ્રશંસનીય છે. વિવિધ વિદ્યાશાખાઓનું અદ્યતન જ્ઞાન ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ થાય તે માટે આવી વધુ યોજનાઓ આકાર લે તે જરૂરી છે. તાજેતરમાં ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટે ગુજરાતી ભાષાનો વિશ્વકોષ રચવાનું જે બીડું ઝડપ્યું છે તે પણ ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવશે અને એક મહત્ત્વની જરૂરિયાતને સંતોષશે એમાં શંકા નથી.

૪-૪, શ્રી સાંઇ એપાર્ટમેન્ટ્સ, **મુગટલાલ પો. બાવીસી**
હવાડિયા ચકલા પાછળ, સૂરત-૩૯૫૦૦૩

---

## સાભાર સ્વીકાર

૧ **કેનવાસનો એક ખૂણો :** લે. લવકુમાર દેસાઈ, પ્ર. આરતી થિયેટર્સ, સરસપુર કોલેજ, છાત્રાલયનું મકાન, મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, પૃ. ૮ + ૧૦૪, કિંમત રૂ.: ૩૦ = ૦૦.

૨ **કેનવાસ પર :** લે. અને પ્ર. સતીશ ડણાક, ૧૮, સયાજી સોસાયટી, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮, પૃ. ૧૫૨, કિંમત : રૂ. ૩૩ = ૦૦.

૩ **ગુપ્ત સમયનું ભારત :** ( ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં લલિતકળાઓનો એક અભ્યાસ ): લે. જી. ડી. શુકલ, પ્ર. કાર્યકારી કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, પૃ. ૭૪ + ૧૮૨, કિંમત : રૂ. ૩૮ = ૦૦.

૪ **દયારામની ગરબીઓ :** ( એક સમીક્ષાત્મક અધ્યયન ): લે. મનોજ જોષી, પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી, દફતર ભંડાર ભવન, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭, પૃ. ૧૬ + ૧૧૮, કિંમત : રૂ. ૨૦ = ૦૦.

૫ **નરસિંહ મહેતા :** લે. હસિત બૂચ, પ્ર. ગ્રંથગોષ્ઠિ, વડોદરાવતી કલ્પના મોહન બારોટ, ૨૯, સુનિતા સોસાયટી, અકોટા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૨, પૃ. ૧૬ + ૧૬૮, કિંમત : રૂ. ૫૦ = ૦૦.

૬ **વિવિધ વિદ્યાવિનોદ :** ( લેખસંગ્રહ ): લે. જેઠાલાલ ત્રિવેદી, પ્ર. ઉપર મુજબ, પૃ. ૨૫૪, કિંમત : રૂ. ૬૦ = ૦૦.

૭ **બ્રહ્મસૂત્ર અને વેદાન્ત દર્શન :** ( તુલનાત્મક અધ્યયનની પરંપરા ): લે. અને પ્ર. કોકિલાબેન હ. શાહ, ૭૦, જગાભાઈ પાર્ક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮, પૃ. ૨૮ + ૧૬૪, કિંમત : રૂ. ૫૦ = ૦૦.

૮ **સુમી અને ચાંદ :** ( ગાંધીયુગના એક યુગલની નિજી કથા ): લે. ચન્દ્રકાન્ત મોદી, પ્ર. બાલગોવિંદ પ્રકાશન, બાલા હનુમાન પાસે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, પૃ. ૮ + ૧૬૮, કિંમત : રૂ. ૨૫ = ૦૦.

**આયુ પ્રકાશન, ૨૧૨, સર્વોદય સલાપસ માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧ નાં પ્રકાશનો :**

૯ **આરોગ્ય અને ઔષધ :** (ભાગ ૭ મો): લે. શોભન, પૃ. ૧૨ + ૩૭૨, કિંમત : રૂા. ૪૦ = ૦૦.

૧૦ **ચામડીના રોગો:** (બીજી આવૃત્તિ): લે. શોભન, પૃ. ૧૨ + ૨૬૦, કિંમતઃ રૂા. ૨૫ = ૦૦.

૧૧ **શિવામ્બુ સેવન-૧ :** લે. શોભન, પૃ. ૧૪ + ૮૦, કિંમત : રૂા. ૧૦ = ૦૦.

૧૨ **શિવામ્બુ સેવન-૨:** લે. શોભન, પૃ. ૧૦ + ૧૨૦, કિંમત : રૂા. ૧૫ = ૦૦.

૧૩ **શિવામ્બુ સેવન-૩:** લે. શોભન, પૃ. ૮ + ૫૬, કિંમત રૂા. ૧૦ = ૦૦.

૧૪ **શિવામ્બુ સેવન-૪ :** લે. શોભન, પૃ. ૧૬ + ૮૦, કિંમત : રૂા. ૧૦ = ૦૦.

**શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, ૧, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ-૪૦૦ ૦૨૦ નાં પ્રકાશનો :**

૧૫ **મનવા :** લે. પુ. શિ. રેગે, અનુ. જયા મહેતા અને શકુંતલા મહેતા, પૃ. ૧૬ + ૧૨૦, કિંમત : રૂા. ૫૦ = ૦૦.

૧૬ **કવિતાની વાત :** લે. સુરેશ દલાલ, પૃ. ૧૩ + ૨૩૨, કિંમત : રૂા. ૧૦૦ = ૦૦.

૧૭ **હસ્તપ્રત :** લે. મનોજ ખંડેરિયા, પૃ. ૮ + ૧૦૪, કિંમત : રૂા. ૫૦ = ૦૦.

૧૮ **પદ-ધ્વનિ :** લે. સુરેશ દલાલ, પૃ. ૨૩ + ૧૧૬, કિંમત : રૂા. : ૪૫ = ૦૦.

૧૯ **કાવ્યવિશેષ-નિરંજન ભગત :** સં. સુરેશ દલાલ, પૃ. ૨૪ + ૮૦, કિંમતઃ રૂા. ૫૦ = ૦૦.

૨૦ **કાવ્યવિશેષ-કલાપી :** સં. સુરેશ દલાલ, પૃ. ૮ + ૫૬, કિંમતઃ રૂા. ૨૦ = ૦૦.

૨૧ **કાવ્યવિશેષ-જયા મહેતા :** સં. સુરેશ દલાલ, પૃ. ૨૪ + ૬૪, કિંમતઃ રૂા. ૪૦ = ૦૦

૨૨ **વાર્તાયન-૪; સુન્દરમ-જયંત ખત્રી :** સં. સુરેશ દલાલ અને જયા મહેતા, પૃ. ૨૮ + ૧૫૪, કિંમત : રૂા. ૬૦ = ૦૦.

**Statement about the ownership and other particulars about newspapers**

## SVĀDHYĀYA ( स्वाध्याय )

( To be published in the first issue every year after the last day of February )

FORM IV

( See Rule 8 )

| | | |
|---|---|---|
| 1 | *Place of the Publication* : | Oriental Institute, M. S. University of Baroda, Baroda |
| 2 | *Periodicity of its Publication* : | Three Months-Dīpotsavī, Vasanta-pañcamī, Akṣayatṛtīyā, Janmāṣṭamī |
| 3 | *Printer's Name* : | Dr. R. T. Vyas |
| | *( Whether citizen of India ? )* | Yes |
| | *(If foreigner, state the country of origin)* | |
| | *Address* : | A/4, Vrundavan Estate, Opp. Abhishek Colony, Race course Circle, Baroda-390 015 |
| 4 | *Publisher's Name* : | Dr. R. T. Vyas |
| | *( Whether citizen of India ? )* | Yes |
| | *(If foreigner, state the country of origin)* | |
| | *Address* : | A/4, Vrundavan Estate, Opp. Abhishek Colony, Race course Circle, Baroda-390 015 |
| 5 | *Editor's Name* : | Dr. R. T. Vyas |
| | *( Whether citizen of India ? )* | Yes |
| | *(If foreigner, state the country of origin)* | |
| | *Address* : | A/4, Vrundavan Estate, Opp. Abhishek Colony, Race course Circle, Baroda-390 015 |
| 6 | *Names & addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital* | The M. S. University of Baroda, Baroda |

**I, R. T. Vyas, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.**

**R. T. Vyas**

***Signature of Publisher***



પગનાં છૂંદણાં

૧. પહેલાં બે : કવાંટ વિભાગ

૨. બીજાં બે : રંગપુર સઢલી વિભાગ

( ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શંકરભાઈ સો. તડવીનો લેખ )

રેખાંકન : ધનીબહેન મોહનલાલ દંતાણી

Regd. No. 9219/63

હાથનાં છૂંદણાં

( ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શંકરભાઈ સો. તડવીનો લેખ )

મુદ્રક : શ્રી પ્રહ્લાદ નારાયણ શ્રીવાત્સવ, મૅનેજર, ધી મ. સ. યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; સંપાદક અને પ્રકાશક : મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા વતી ડૉ. રામકૃષ્ણ તુ. વ્યાસ, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા–૩૯૦ ૦૦૨, એપ્રિલ, ૧૯૯૧.